INDIAN FAMINES

MEANS TO PROTECT

MEN & ANIMALS,

And

Pashu Vaidak Shastra.

Published by,

DR. HARAKHCHAND AMULAKH SHAH.

G. B. V. C. & C.

Rajkote.

Late Famine Officer, Colonial Medical Officer

&

Lecturer, Agricultural College, Nagpur.

Edition 2nd. Copies 2000.

1915.

Price rupees 5-0-0.

खामेमि सव्वे जीवा, सव्वे जीवा वि खमन्तु मे;
मितिमे सव्व भूएषु, वैर मझं न केणई.

दया धर्मको मूळ हे, पाप मूळ अभिमान;
तुलसी दया न छांडीए, जब लग घटमें प्राण.

તુલશી જબએ જાણીયો, હે, હે. ગરીબ નીવાજ;
મોતી કણુ મોંઘો કીયો, સોંઘો કીયો અનાજ.

Printed by,
MOTILAL KALIDAS PATEL,
At, Satyanarayan Printing Press.
Near District Court,—**AHMEDABAD**.

PREFACE.

It is a matter of great pleasure that the Government officials & the public gladly appreciated the first edition of the Book entitled Pashu Vaidak Shastra and found it very useful in the last famine of 1911-12.

From the Experience of the last famine I found it very necessary to add new subjects on economic management of Relief works & Cattle Camps. Deportation of cattle to grazing grounds in the Forests, without making necessary arranagements in the times of Famine, was found expensive and dangerous to the lives of the Cattle. It is to be deplored that very little attention is paid for storing up grains & grass for the use of helpless cultivators & their cattle in the time of scarcity & drought. The status of agriculturists in India is not much improved even though bitter experience is observed in the times of Famine.

Giving loans of Tagavi to cultivators just after Famines, clearly shows that the state does not appear to help the depressed cultivators in the very begining of trying times.

The increasing heavy prices of food stuffs in the Indian Empire specially require thorough enquiry. Cattle Breeding should be stimulated & no agricultural cattle may be slaughtered in the times of Famine. Taxes on land Revenue should be moderate & in proportion to crop product of the season every year.

The Famine code provides many things to support the depressed destitutes & cattle and liberal treatment may be given at such a critical juncture.

It is the sacred duty of all to help the poor destitutes & dumb cattle because their daily labour helps a great deal to the revenue of the Empire. Mercy & generosity with tact always help a great deal & I earnestly pray that broad views will be taken to establish a permanant Famine Fund to relieve the poor people of the country.

The prosperity of a country does not depend upon the magnificent buildings of Cities, but upon its prosperous agriculturists ".

With a humble prayer to all concerned for the welfare of the Empire.

Ahmedabad.
29th January
1915.

H. A. Shah.

શ્રી ૧।

શ્રી પાર્શ્વનાથાય નમઃ

હિંદુસ્તાનમાં દુકાળ પડે છે ત્યારે માણસો તથા જાનવરોનો બચાવ કેમ કરવો તે બાબતનું પુસ્તક.

પ્રકરણ ૧ લું.

હિંદુસ્તાન મ્હોટો એક કુદરતનો રળીઆમણો આબાદ બગીચો છે. તેની સુંદરતાને લીધે યુરોપના બાદશાહાઓએ મ્હોટી ચડાઇઓ કરીને આ દેશને તેઓની ધોંસરી નીચે મુકેલ છે. હિંદુસ્તાન ઉત્તર દક્ષિણ થઇને જોઈએ છીએ ત્યારે તેના જુદા જુદા પ્રદેશો મનહરણ કરી લે તેવી સૌંદર્યતાનું સ્વરૂપ દેખાડે છે. અને પૂર્વ પશ્ચિમ તેના લોકો અને હુન્નરનું તથા દેશની જુદી જુદી પેદાશોનું ધ્યાન ખેંચી રહેલ છે. દુનિઆના દેશદેશના મુસાફરો દર સાલ કરોડો અને અબજો રૂપિઆની કીંમતી ચીજો ખરીદ કરી જાય છે. હિંદુસ્તાનની પ્રજાનો મ્હોટો ભાગ ખેતીવાડી ઉપર નિભાવ કરે છે અને ઈંગ્રેજ સરકાર તથા દેશી રાજ્યોનું પ્રબળ અને આવક ખેતીવાડીની પેદાશ અને તેની ઉપજ ઉપર આધાર રાખે છે. હિંદુસ્તાનની હવા સમશીતોષ્ણ હોવાથી ગરમી, ઠંડી અને વરસાદ ઋતુ જો એક સરખી હોય છે તો પાક આબાદ ઉતરે છે. અને લોકો તેની મહેનતનો બદલો તથા નફો સારો મેળવવાને ભાગ્યશાળી નિવડે છે. પણ જો વરસાદ કમી અથવા જાસ્તી પડે છે તો સુકો દુકાળ અથવા ભીનો દુકાળ પડે છે

અને તેની અસર દેશની પ્રજાને ભોગવવી પડે છે. તેથી તેના પરીણામ ઘણા ભયંકર આવે છે અને દેશની સ્થિતીમાં મોટો ફેરફાર થઈ જાય છે. હિંદુસ્તાનમાં દક્ષિણ પશ્ચિમ અને દક્ષિણ પૂર્વના બંને ચોમાસાની ઋતુ દેશના જુદા જુદા ભાગપર અસર કરે છે.

દક્ષિણ પશ્ચિમનું ચોમાસુ તા. ૧ લી જુનથી શરૂ થાય છે, અને દક્ષિણ પૂર્વનું ચોમાસુ ઑકટોબરની અધવચમાં દરસાલ શરૂ થાય છે. દેશી લોકો અષાડ ચોમાસુ અને કારતક ચોમાસુ શરૂ થયુ તેમ ઉપરની ઋતુના ફેરફાર ઉપરથી કહે છે અને તે પ્રમાણે ઋતુને અનુસરીને દેશમાં પાક ઉતરે છે. વરસાદની મદદથી પાક ફક્ત ચોમાસામાં ઉતરે છે અને શિયાળા અને ઉનાળાના પાક નદી અને કુવાના પાણી પાવાથી પેદા થાય છે. તોપણ જમીનનું તળીયુ વધારે ભેજવાળુ સારો વરસાદ પડેલો હોય છે તેથી શિયાળા અને ઉનાળાના પાક સારા ઉતરે છે. માટે એકંદર હિંદુસ્તાનની પેદાશ વર્ષાદ ઋતુ ઉપરજ સઘળો આધાર રાખે છે. વર્ષાદ ઋતુનુ જોર નરમ અથવા ગરમ થવાનુ મુખ્ય કારણ ગરમી અને પવનની અનુકુળતા ઉપર મોટો આધાર રાખે છે. વાયુચક્ર શાસ્ત્રી દરરોજ છાપા દ્વારા હવાના ફેરફારના ખબર લોકોની જાણ સારૂ બહાર પાડે છે. કેટલાક જયોતિષ લોકો આકાશના વાદળાંના ફેરફાર ઉપરથી તથા ગરમીના પ્રમાણ ઉપરથી ખરેખરા વર્તારા બહાર પાડે છે તોપણ ઘણે વખતે ભવિષ્યનું ચક્ર સામું પડેલું જોવામાં આવે છે. વખતે શરૂઆતમાં વરસાદ સારો આવે છે અને વચમાં અથવા આખરમાં કમી જાસ્તી થવાથી પાક ઉપર સારી અગર ખરાબ અસર થાય છે. વધારેમાં વધારે વરસાદ ૨૫૦ થી ૩૦૦ ઈંચિ અને ઓછામાં ઓછો ૨૦ થી ૨૫ ઈંચિ પડે તો દેશના જુદા જુદા ભાગના જુદા જુદા પાક સારા પાકે છે. અને દેશના અનાજના અને બીજી ચીજોના ભાવ મધ્યમ રહે છે. પણ જો વરસાદ કમી થાય તો ભાવમાં મોટા ફેરફાર થઈ જાય છે ત્યારે દેશની સ્થિતિ કઢંગી થઈ

જાય છે. તેને દુકાળ અથવા સખ્ત મોંઘવારીના નામથી ઓળખવામાં આવેછે. દુકાળ પડયો છે એમ જાણુવાને સરકાર તેમના જુદા જુદા દેશના અમલદારો મારફત તજવીજ ચલાવે છે. સરકારનુ વાર્ષીક બજેટ ૧ લી એપ્રીલથી દરસાલ શરૂ થતું હોવાથી જ્યારે કોઈ અચાનક દુકાળ જેવા બનાવ બને છે ત્યારે અમુક રકમ ફાજલ કાઢવી તે સરકારને મુશ્કેલભરી સ્થિતિમાં મુકી દે છે, પણ સને ૧૯૦૦ થી લગભગ સખ્ત મોંઘવારી તેમજ હવાની તથા વરસાદની અનિયમીત સ્થિતિને લીધે (Famine) ફેમીન—ખાતું જાથુકનું ખોલવાની તજવીજ કરી છે. દુકાળમાં માણુસ તેમજ પાળેલાં જાનવરોનો ખોરાક તથા ઘાસ ચારો વરસાદને લીધેજ પાકતો હોવાથી દુકાળમાં કેવી મુશીબતો અને દુઃખ તેમજ દરદો વેઠવાં પડે છે તેનું જ્ઞાન અને તેના ઈલાજો અત્યાર સુધીમાં દુનીયાના લોકોમાં જાણુવામાં આવેલા છે, તેનું બયાન અને અનુભવ આ પુસ્તકમાં દાખલ કરવામાં આવેલ છે.

રેવેન્યુ ખાતાના અમલદારો જેવા કેઃ—મામલતદાર, તળાટી, વહીવટદાર, વિગેરે તથા કેળવણી ખાતાની લાઇબ્રેરીઓ, તથા ગામડાંના સ્કુલમાસ્તરો, તેમજ માણુસ અને જાનવરના ડાકટરોને આ પુસ્તક તાત્કાળીક ઉપયોગી નીવડે તેવા હેતુથી યોગ્ય વિષયોનો સમાવેશ કરી જનસમાજની સેવા કરવાને મેં ૩૦ વરસ થયાં પ્રયાસ ચાલુ રાખેલ છે. સને ૧૯૦૦ ના દુકાળમાં ગુજરાતના કેટલકેમ્પોના ડાકતર તરીકે કામ કરેલ છે તથા ગુજરાતના (૧૦૦૦૦) દસ હજાર જાનવરો ઉપરાંત દુકાળના પંજામાંથી બચાવી આપેલ છે તેવા પાકા અનુભવથી અને આખા હિંદુસ્તાનની ધંધાર્થે જુદી જુદી તકે મુસાફરી કરવાથી હિંદુસ્તાનની ખરી સ્થિતિ જાણ્યા બાદ આ પુસ્તક બહાર પાડવાનું કામ માથે ઉઠાવેલ છે. તેને સરકાર, દેશી રાજ્યો, અને આખી પ્રજા મદદ આપશે એવો પૂર્ણ ભરોંસો છે. અને લાખો ગરીબ માણુસો તથા જાનવરો બચશે તે જોઈ આ પ્રયાસ સફળ થયો માનીશ. સરકાર આવે વખતે જુદા જુદા દેશમાં જુદા જુદા સંજોગો વચ્ચે

જે કામ ઉઠાવે છે અને પાર પાડે છે અને તેમાં પરીણામે કેવી મોટી ભુલો થઇ જાય છે તે લોકોની જાણ સારૂ આ વખતે બહાર પાડેલ છે. તેથી ભવિષ્યમાં નવા આવતા અમલદારો તથા નવી પ્રજાને એક લેસનરૂપ નીવડશે.

૧. જેવા કેઃ—સને ૧૯૦૦ ના અને ૧૯૧૧ ના દુકાળમાં પાળેલાં જાનવરોને રેલવે અથવા પગરસ્તે જંગલોમાં ચરવા મોકલ્યાં હતાં અને તેથી હજારો જાનવરોનું મરણ થવાથી અને જંગલી ઘાસ ખવરાવવાથી સંતોષકારક પરીણામ આવ્યુ નહિ.

૨. સને ૧૯૦૦ માં કૅટલકેમ્પો ખોલીને જે મોટા જાનવરોને કરકસરથી ફકત ઘાસ ઉપર બચાવવાના જે અખતરાઓ કરવામાં આવેલ તે પણ પુરેપુરા ફતેહમંદ નીવડયા નહિ.

૩. સને ૧૯૧૧ ના દુકાળમાં જંગલનું જંગલી ઘાસ રેલવે મારફત મંગાવી દેશના જાનવરોને પુરૂં પાડવાથી પણ મોટી સંખ્યામાં જાનવર બચી શકયા નહિ.

૪. સને ૧૯૦૦ ના દુકાળમાં રંગુનના હલકા ચોખા દુકાળીઆ લોકોને આપવાથી મરણ પ્રમાણ વધી ગયેલ હતુ.

૫. દેશી રજવાડાઓમાં દુકાળને વખતે દુકાળીઆ લોકોની સંભાળ નહિ લેવામાં આવવાથી હજારો લોકોને દેશ છોડી બહાર ભાગી જવાની જરૂર પડેલ અને તેથી સરકારી અમલદારોને તેવા લોકો પકડી પાછા મોકલવાની ફરજ પડેલ હતી.

પ્રકરણ ૨જુું.

હિંદુસ્તાનના લોકો ઉપર મહમદ ગીજનીની ચડાઇ થઈ અને તેમાં તે ફત્તેહ પામ્યો ત્યારથી દુઃખનું વાદળ અને પરતંત્રતા ભોગવવાનું શરૂ થયુ ત્યારથી હિંદુસ્તાનની દોલત અને ખરૂ સુખ ગુમ થતુ ચાલ્યુ. સને ૧૭૮૦ ની આખરમાં નામદાર શ્રી-

-ટીશ સરકારે પહેલોજ ગવર્નર જનરલ હિંદુસ્તાન માટે નીમ્યો અને કુંપની સરકારના નામે રાજ્ય કારભાર શરૂ કર્યો ત્યારથીજ હિંદુસ્તાનનો ઉદય અને સુખ સજીવન થવાનો વખત શરૂ થયો. લડાઈ અને જાનમાલની ખુવારી થતી અટકી અને આખા હિંદુ-સ્તાનની પ્રજા પોતાના ઉદ્ધાર તરફ પ્રયાસ કરવા માંડી. નામદાર બ્રીટીશ સરકારની ઉમદી અને માયાળુ રાજ્યનીતિ અત્યારે હિંદુસ્તાનને દુનીઆના બીજા સુધરેલા દેશોની બરોબરીમાં લાવ-વાની બનતી કોશીશો કરી રહેલી છે.

૧ રેલવે આખા દેશમાં વધારી દીધેલ છે અને તેથી બ-નતી ઝડપે એક ભાગમાંથી બીજા ભાગમાં માલ અને સામાન લઈ અવાય છે તેમજ એક મુલકનો માણસ બીજા મુલકમાં સહેલા-ઈથી થોડે ખર્ચે જઈ શકે છે.

૨ ટપાલ અને તાર ઘણી ઝડપથી વહેવાર વધારવાને તથા સુખ દુઃખના કારણો જાણવાને ખરેખર ઉપયોગી નીવડેલ છે.

૩ આખા હિંદુસ્તાનમાં કેળવણી ફેલાવાથી તમામ સ્થળે વાંચવા અને લખવાનું તથા દુનીઆની શોધખોળો જાણવાનુ તથા સમજવાનુ સાધન પુરજોસથી વધતું જાય છે તે પ્રજાને ખરેખર આશીર્વાદ સમાન નીવડેલ છે.

૪ ખેતીવાડીનો ઉદ્ધાર અને તેમાંથી ઉપજતી ચીજોનો ઉપયોગ અને જુદી જુદી ચીજો બનાવવાના યંત્રો દાખલ કર્યા તે પણ તેમનોજ પ્રતાપ છે.

૫ આ ઉપરાંત ગરીબ અને તવંગર એક સરખી રીતે શક્તિઅનુસાર સુખ ભોગવે તેવા સાધનો જેવાં કે–ઈસ્પીતાલ અને ડાક્તરો, કોર્ટો અને જજ્જો, અને ગુન્હેગાર માટે પોલીસોની ગોઠવણ કરવાથી જાન માલનું પુરૂં રક્ષણ થાય છે.

૬ ઉદ્યમ અને નિયમિતપણું હિંદુસ્તાનની પ્રજામાં એટલુ બધુ વધતુ જાય છે કે થોડા વખતમાં એક ઉમદી પ્રજા તરીકે જોવાને અને જાણવાને વખત આવશે.

૭ આવા અનુકુળ વખતમાં પ્રજાના દુઃખ જેમ બને તેમ ઓછાં કરવાં એ બ્રીટીશ સરકારની ઉમેદ છે અને તે મહાન કૃપાળુ ઇશ્વરની મદદથી ફળીભુત થાય છે તે હિંદુસ્તાનના આવતા દિવસનુ એક ઉજ્વળ ચિન્હ છે.

૮ દેશનો ઉદ્ધાર કરવાને ખેતીવાડીના જુદા જુદા અખતરાઓ કરીને તથા તેને લગતાં પરીપૂર્ણ સાધનો તૈયાર રાખવા બનતા ઉપાયો લેવામાં આવે છે.

૯ રેલવેનો વધારો થવાથી દેશનાં પાળેલાં જાનવરોને ઘણું સુખ મળ્યું છે અને માણસ તેમજ જાનવરને સુખી રાખવાનો નામદાર બ્રીટીશ સરકાર જે પ્રયાસ કરે છે તેનું સુધરેલા રાજ્ય કર્તાને માન ઘટે છે.

૧૦ અસલના વખતથી ઘોડા, બળદ, ગાય અને ભેંસ દેશને તેમજ પ્રજાને ઘણાં ઉપયોગી છે એમ હિંદુસ્તાનના લોકો માને છે. અને તેઓની ઓલાદ વધારવા અને પાળવાને બનતો પ્રયાસ આજ દિવસ સુધી ચાલુ છે.

૧૧ ગાય અને બળદને હિંદુ લોકો દેશના ઉદ્ધાર માટે એક દેવ સમાન માને છે અને ગાયને પુજે છે. અને ગરીબમાં ગરીબ માણસ પણ અસલના વખતમાં ઘેર ગાય રાખતા તેથી દુધ અને ઘી તથા દાણા ઘણા સસ્તા મળી શકતા અને પ્રજાનું બળ કાયમ રહેતુ.

૧૨ ભેંસ અને પાડો પણ ગાય અને બળદ જેટલાજ ઉપયોગી છે અને તે બીજે નંબરે ઉભા રહે છે. ઘોડા અને હાથી મોજશોખના જાનવર તરીકે તથા લડાઇના ઉપયોગી જાનવર તરીકે ગણવામાં આવે છે. વિલાયતમાં ખેતીના કામમાં ઘોડા વપરાય છે.

૧૩ હિંદુસ્તાનમાં ખેતીની પેદાશની મુખ્ય ચીજો જેવીકે રૂ, ઘઉં, ચોખા, બાજરી, જુવાર, અળશી, તલ, જવ, ચણા,

તુવેર, મશુર, મગ, અડદ, વિગેરે ઘણી ચીજો થાય છે તે પ્રજાનો મુખ્ય ખોરાક અને વાપરવાની ચીજ છે.

૧૪ દાણા અને ઘાસ, કપાસીયા અને ખોળ તથા બીજી વનસ્પતિઓ જાનવરોને ઉપયોગી છે. બીજા લોકો કરતાં હિંદુસ્તાનના ખેડુતો મહેનતુ, પ્રમાણીક, અને સાદા છે. પણ બીનકેળવાયેલા હોવાથી, તથા અમલદારોના કાવાદાવા નહી સમજવાથી તેઓની સ્થિતિમાં સુધારો થતો નથી. પણ કેળવણી આગળ વધતી જાય છે એટલે તેઓના હક અને ન્યાય મેળવવાની પુરતી કોશીશ કરશે. ખેડુતની અજ્ઞાનતાને લીધે તેઓનો માલ ઘણી સસ્તી કીમતે વેપારી લોકો પાણીને મુલે ખરીદ કરી લે છે તેથી તેઓની મહેનતનો બદલો ભોગવવા શક્તિવાન થતા નથી.

૧૫ જેવી ખેડુતની સ્થિતિ નબળી છે તેવી તેના જાનવરોની સ્થિતી નબળી થતી જાય છે અને તેને સુધારવાના સાધનોની ખામીને લીધે દિનપરદીન જાનવરોની પ્રખ્યાત ઓલાદ નાબુદ થતી જાય છે.

૧૬ ખેડુતોની માલ મીલકત અને ઓજારોમાં પણ કાંઈ જોઇએ તેવો સુધારો થયો નથી અને જે મહેનત કરી અનાજ પકવે છે તેમાંથી સરકારના કર આપી માંડમાંડ પોતાનું ગુજરાન કરે છે. સરકારે પરદેશી લોકોને એટલીબધી સગવડ કરી આપી છે કે હિંદુસ્તાનનો ૧૫ રૂ. નો માલ ૧૦ રૂ. આપીને ખરીદ કરવામાં આવે છે. દાખલા તરીકે એક શીલીંગ કે જેની કીંમત આઠ આના છે પણ તેનો બજાર ભાવ સરકારે બાર આના મુકરર કરેલો છે. તેવીજ રીતે એક પૌંડ કે જેની ખરી કીંમત દસ રૂપીઆ છે તેનો બજાર ભાવ રૂપીઆ પંદર ઠરાવેલ છે. પરદેશી નાણું દેશમાં દાખલ થાય તે પહેલાં અબજો રૂપીઆનો કીંમતી માલ પાણીને મુલે પરદેશમાં ઘસડાઈ જાય છે. તે એક સુધરેલા રાજયનો અને જમાનાનો પ્રત્યક્ષ દાખલો છે.

૧૭ પરદેશીઓને પરદેશી માલ લઈ આવવાને તથા આ દેશમાં દાખલ કરવાને સરકારે જોઇએ તે સગવડો કરી આપેલ

છે અને તેથી પરદેશીઓ પોતાના માલની દોઢી કીંમત ખુશીથી હિંદુસ્તાન જેવા ગરીબ દેશમાંથી કમાઇ શકે છે.

૧૮ થોડા વખત ઉપર નામદાર બ્રીટીશ સરકારે હિંદુસ્તાનમાં મોંઘવારી કેમ વધતી જાય છે તેના કારણોની તપાસ કરવા વિલાયતથી એક કમીશન બોલાવ્યું હતું પણ સરકાર સારી રીતે સમજે છે કે દેશને કેવી રીતે આબાદ કરવો તે તેના અમલદારો મારફતે સ્વતંત્ર તપાસ કરે તો જે કારણોથી મોંઘવારી વધે છે તે કારણો સરકાર દબાવી શકે. પણ નામદાર બ્રિટીશ સરકારની નેમ ફ્રી ટ્રેઇડ (Free trade) પોલીસીની અંદર નહિ પડવાનું જાહેર કરેલ છે તેથી કેટલાક અગત્યના સ્વાલો કે જેની અંદર સરકારની મદદ સિવાય સુધારો વધારો થઇ શકે નહિ તેવી બાબતોને રૈયત કેવી રીતે રોકી શકે તે ખુલ્લેખુલ્લું દેખીતું છે.

૧૯ ઉપર જણાવેલાં સઘળા કારણોને લઈને કરોડો રૂપીઆની ઉથલપાથલ થાયછે અને રાત અને દિવસ જે વેપારની ધમાલ ચાલી રહી છે તે પ્રમાણમાં હિંદુસ્તાનની પ્રજા ચોખ્ખો નફો કેમ કરી શકતી નથી અને સાટાં અને સટ્ટામાં કેમ ફસાઈ જાય છે તેનો તપાસ કરવો એક અગત્યનો સવાલ છે.

પ્રકરણ ૩ જું.

જ્યારે વરસાદ ગમે તે કારણથી ઓછો પડે છે અને ખેતીનો પાક સારો ઉગતો નથી ત્યારે દેશમાં સામાન્ય દુકાળ પડયો છે એમ સરકાર જાહેર કરે છે. ત્યારે સરકાર તેના તાબાના અમલદારોને લોકો તથા જાનવરોને બચાવવાના ચાંપતા ઉપાય લેવાને તાકીદ કરે છે અને આવા પ્રસંગે લાખો રૂપીઆની રકમો તેવા ખાતા નભાવવાને સ્પેશીઅલ કાઢી આપે છે. સરકારની ઉમદા નેમ સ્તુતિપાત્ર છે અને સુધરેલા રાજ્યને ખરેખર છાજતી છે પણ કેટલાક અચાનક સંજોગોને લઇને સરકાર તેઓના અમલ-

દારોની દેખરેખ નીચે જે બંદોબસ્ત કરે છે તેના પરીણામ જાણવા મુજબ જોઇએ તેવાં સારાં લાવી શકતા નથી. રેલવે અને તાર આખા દેશમાં થઈ જવાથી હિંદુસ્તાનના લોકોને જે અસલી ટેવ, દાણા પોતાના ઉપયોગ સારૂ સંઘરી રાખવાની અને ભરી રાખવાની હતી તે ભુલી ગયા છે અને સુધરેલી ઢબ પ્રમાણે જોઇએ તે વખતે મહીના અથવા બે મહીનાના દાણા ભરી રાખવાનો જે રીવાજ હાલમાં દાખલ થયો છે તેથી પ્રજાને સંકટ કે દુકાળને વખતે ઘણું વેઠવું પડે છે. હિંદુસ્તાનના કેટલાક ભાગમાં લોકો પોતાના ઘરમાં મોટાં ટાંકાં કરી રાખવાનો જે રિવાજ હતો તેવા ટાંકાં વરસાદના પાણીથી ભરી રાખતા અને ઘરની નજીક મોટા કુવાઓ ખોદી રાખતા અને તેનું પાણી આસપાસના લોકોને પીવાના કામમાં આવતું તે રીવાજ સુધરેલી હાલની પ્રજામાં નાબુદ થતો જાય છે. મોટા શેહેરોની આસપાસ મોટાં તળાવ અથવા સરોવરો બાંધવામાં આવતાં હતા તે મોટા જુના તળાવો અને સરોવરોને રીપેર કરાવવાની પણ ઘણા થોડાજ દરકાર કરે છે. તેથી સંકટના વખતે પાણી પણ તેઓને મળવાના ફાંફાં પડે છે. દેશની સ્થિતીને અનુસરીને જુના જમાનામાં લોકોએ પોતાના બચાવના જે સાધનો રાખેલ તે સાધનોને હાલના સુધરેલા લોકો વગર વિચાર્યે વખોડી કાઢે છે. તે સંકટને વખતે કેવા ઉપયોગી નીવડેલાં છે તે હવે સરકારનું તેમજ રૈયતનું ધ્યાન ખેંચી રહ્યું છે. દેશી રાજ્યો લડાઇ અને દુકાળના વખત સારૂ ખાસ તૈયારી કરી રાખતા હતા અને જમીનની અંદર મોટી ખાણો ખોદી દાણા ભરી રાખી તેને બરાબર પેક કરતા હતા. અને તેવી ખાણોના દાણા ૨૦-૨૫ વર્ષ સુધી સારા રહી શકતા હતા અને આવી ખાણો સંવત ૧૯૫૬ ના દુકાળમાં કાઠીઆવાડના કેટલાક ભાગમાં મળી આવેલ હતી. સુખના વખતમાં દુઃખ પડશે કે નહિ તેનો જરાપણ ખ્યાલ રહેતો નથી અને દુઃખ આવે છે ત્યારે સ્થિતીનો નિભાવ કરવાને ફાંફાં મારવાં પડે છે. સરકારે દુકાળના વખતમાં ઘાસ અને દાણા આસ-

પાસના આબાદ મુલકમાંથી લઇ આવવાની કેટલીક સારી સગવડ કરી આપી છે પણ રેલવેના વેગનો પુરાં મળી શકતાં નથી અને માલનો ભરાવો એક ઠેકાણે થવાથી ભાવમાં મ્હોટો ફેરફાર થઇ જાય છે. તેથી લાભ થવાને બદલે મોટું નુકશાન સહન કરવું પડે છે. અને તેવી નોંધ સને ૧૯૧૧–૧૨ ના દુકાળમાં લેવાયેલી છે. દુકાળના વખતમાં સમસ્ત પ્રજા તથા રાજ્યના અગ્રેસરોએ મળી લાચાર અને ગરીબ લોકોને ઉદાર મદદ કરી તેઓને દુઃખના પંજામાંથી બચાવી તેમની ભવિષ્યની જીંદગાની સુખી થાય તેવી યોજના પાકી અને સફળ નીવડે તેવી કરવી જોઇએ. જ્યારે દુકાળ શરૂ થાય છે ત્યારે હજારો ગરીબ માણસોનાં ટોળાં બેહાલ સ્થિતિમાં ભીખ માગવા બહાર નીકળી પડે છે તેવા માણસોને કામે લગાડી તેનો બચાવ કરવો એ એક મુખ્ય ફરજ અદા કરવાની છે. ૧૯૫૬ ના દુકાળમાં માણસો ઉપર એવી આફત પડેલી કે કેટલેક ઠેકાણે તેઓને પાણી અને અન્ન પણ મળી શકયા નહિ, અને હજારો કુટુંબો ભુખમરાથી પાયમાલ થઇ ગયાં. તેવીજ રીતે સને ૧૯૧૧ ના દુકાળમાં જાનવરોને રેલવે મારફત ઘાસ નહિ પહોંચાડવાથી લાખો જાનવરો ભુખમરાથી મરી ગયેલ હતા. આપરથી એમ સાબીત થાય છે કે “ **ગાંઠે ગરથ** ” એટલે પોતાની પાસે પૈસો હોય તોજ વખતસર ઉપાય કરી બચી શકે છે, અને “ **હાથે તેજ સાથે** ” એટલે જે પોતાના ખીસામાં હોય છે તેજ ગમે ત્યાં જવું હોય ત્યાં સાથે આવી શકે છે. તે બંને ઉપલી કહેવતો એક મહામંત્ર સમાન છે. ૨૦–૨૫ વર્ષ પહેલાં રૂપીઆનું મણ અનાજ, ૧૫ રૂા. નું મણ ઘી, અને ૫ રૂા. નું મણ તેલ, ૨ાા રૂ. નો મણ એક ગોળ મળતા હતા, તે ૧૯૫૬ના દુકાળ પછી બેવડી અને ત્રેવડી કીંમત આપતાં છતાં પણ સારી અને ચોખ્ખી ચીજો મળતી નથી. તેનું કારણ જાનવરો અને માણસોની મોટી સંખ્યાના મરણને આભારી છે. “ **ગોળમાંથી ગળપણ ગયું અને સગાંમાંથી સગપણ ગયું.** ” તે બતાવી આપે છે કે, દેશની અને માણસની સ્થિતીમાં મોટો ફેરફાર થઇ ગયો છે. “ **ભુખ**

રાંડ ભુંડી, આંખ જાય ઉંડી, પગ થયા પાણી, આંસુ આવે તાણી ” તે ખરેખરો ચિતાર ભુખમરાનો બતાવી આપે છે અને તે કેટલી લાચારી બતાવે છે? એક મજબુતમાં મજબુત માણસ પણ અન્ન વગર લાચાર બની જાય છે.

હિંદુસ્તાનના લોકો ઘણા ધર્મીષ્ટ અને દયાળુ છે તે વાત ખરી હશે પણ ખરા દુઃખને વખતે ખરા માણસને બચાવાને ઘણા બેદરકાર રહેવાથી હિંદુસ્તાનની આવી કફોડી સ્થિતી થઇ ગયેલ છે. દેશનો ઉદ્ધાર કરવો તેમાં પ્રજા અને રાજાનો એકમત થવો જોઇએ અને સંગીન હાથે તે કામ પાર પાડવું જોઇએ. “ **યથા રાજા તથા પ્રજા** ” રાજા અને પ્રજાના ગુણ દોષ એક સરખા એક બીજાને લાગુ પડે છે, અને તે એમ સુચવે છે કે રાજાના ગુણ રૈયતમાં ઉતરે છે અને રૈયતના ગુણ દોષ રાજાને લાગુ પડે છે.

“ **હિંમતે મરદા તો મદદે ખુદા** ” માણુસમાં જો હીંમત હોય તો પરમેશ્વર તેને હંમેશાં મદદ કરે છે તે ઉપરની કહેવત અક્ષરે અક્ષર ખરી છે. આ પરથી સીદ્ધ થાય છે કે મનુષ્ય જાત સુખ દુઃખની સાથી છે અને તે બંન્ને પ્રસંગ વખતે ધીરજ અને અકલ હુશીઆરી વાપરી સુખ દુઃખ સહન કરવા એ ઇશ્વરનું મહાન ફરમાન માથે ચડાવી બનતી યુક્તિથી પ્રયાસ કરી સુખી જીંદગી ભોગવવા પ્રયત્ન કરવો.

દુકાળની અસર થવા માંડે છે કે દેશના લોકો કરકસર કરવા માંડે છે અને મોજશોખની ચીજો છોડી દે છે. અનાજ તથા ઘાસના ભાવ વધતા જાય છે. ઘી દુધ મોંઘાં થતાં જાય છે અને લોકોમાં નવી જાગૃતી આવે છે. સાધારણ લોકો ખરચ કમી કરવાની ગોઠવણ કરે છે પણ ગરીબ લોકો ઉપર ઘણી ખરાબ અસર થતી જાય છે. ઘી–દુધ–તેલ ખાવામાં કરકસર કરે છે પણ ઘણા જીંદગાની બચાવવાની અગત્યની ચીજ હોવાથી મોંઘવારી હોવા છતાં પણ તે વગર નહીં ચાલવાથી પોતાના અમુલ્ય દાગીના, મીલકત–જમીન અને જાનવરો વેંચીને બચવા-

-ના પ્રયાસ કરે છે. સંવત ૧૯૫૬ ના દુકાળમાં ઘણાં ખાનદાન કુટુંબો સપડાઇ ગયેલ હતાં અને પોતાનો મુલક છોડી પરદેશ જવાની ફરજ પડેલ હતી. માણસ જાત ઉપર આફત આવે છે તે વખતે તેને લાચાર બનવું પડે છે અને સ્વપને નહી જોયેલ તેવી ખરાબ સ્થિતિ ગુજારવી પડે છે. વખત એવો પણ આવે છે કે બાપ દીકરાની સંભાળ લેઇ શકતો નથી અને ધણી ધણીઆણીને જૂદા પડવાની ફરજ પડે છે. ફક્ત ઈશ્વરની કૃપા અને રાજ્યની મદદ તથા પૈસાદાર લોકોની ઉદારતા ઉપર રહેવાની ફરજ પડે છે. આ વખતે હજારો માણસોની આવી સ્થિતિનો ચીતાર નજર આગળ જોવાથી દયાળુ લોકો બને તેટલી મદદ કરવા બહાર પડે છે, પણ કંજુસ લોકો ગરીબ લોકો તરફ વધારે ધીકારની નજરે જોઇ તિરસ્કાર બતાવે છે.

ઇશ્વરે આ દુનિયામાં સઘળી ચીજો સરખી બનાવી છે પણ પ્રારબ્ધના યોગે કમી જાસ્તી ભોગવવાની ફરજ પડે છે.

આ વખતે હજારો સખી ગ્રહસ્થો તન-મન અને ધનથી પૈસાની મદદ આપવા બહાર પડે છે, રાજ્યના અમલદારો રૈયતનું રક્ષણ કરવાને યોજનાઓ બહાર પાડે છે. દયાળુ ઇંગ્રેજ સરકાર તરફથી "Relief works" દુકાળ પીડીત દેશના લોકોને કામે લગાડી તેઓની જીંદગાની બચાવવાને મજૂરી પેટે પૈસા અગર પુરતો ખોરાક આપે છે. તેવાં કામો ઉપર દાક્તર, મોદી, ઇસ્પીતાલ, વીગેરે સઘળાં યોગ્ય સાધનો તૈયાર રાખે છે. દરરોજ આઠથી દશ કલાક કામ નીયમીત લેવાય છે. રેલવેના ખોદ કામમાં, તળાવ બાંધવાના કામમાં અને ઇમારતો બાંધવાના કામમાં હજારો માણસો બચાવવામાં આવે છે. ઘણા લોકો નોકરી અને ધંધા સારૂ પરદેશ ચાલ્યા જાય છે. ખેડુત લોકોને આવે વખતે ઘણી મુશીબત વેઠવી પડે છે. પોતે પોતાનો નીભાવ ગમેતેમ કરી શકે પણ તેનાં જાનવરોનો બચાવ કરવો એ ઘણી મુસીબત વેઠવા જેવું છે. દરરોજ ચાર બળદ અને બે ભેંસ અને ગાયનું ખરચ ઉઠાવવું અને તેના ખોરાકના રોકડા

પૈસા આપી ઘાસ ચારો ખરીદ કરવો તે બની શકતું નથી. એટલે કીંમતી જાનવરો નજીવી કીમતે વેચવાની ફરજ પડે છે અથવા પાંજરા પોળમાં મુકી આવે છે.

આવા વખતમાં સરકાર અગર સખી ગ્રહસ્થ તરફથી ઘાસ ચારો પુરો પાડવાની સગવડ થાય તોજ ગરીબ ખેડુત લોકો દુકાળના વખતમાં તેમનાં જાનવરો બચાવી શકે છે. હિંદુસ્તાનના લોકો અસલના વખતથી ઘાસ ચારો તથા દાણા આવા આફતના પ્રસંગ સારૂ સંઘરી રાખતા હતા, પણ રેલવે, તાર અને ટપાલને લઇને તેઓ એમ માને છે કે પરદેશથી જરૂર પડશે ત્યારે માલ પુરો પડશે અને તે સાથે મોટી ભૂલ એ થાય છે કે પરદેશી ચીજો આવે છે તે એટલી બધી મોંઘી હોય છે કે ખરીદ કરવાનું બની શકતું નથી અને ભાવમાં ઉછાળો પણ આવા વખતમાં ખાસ કરીને હોય છે.

જો હજી પણ ખેડુત લોકો અને શહેરના લોકો અનાજ અને ઘાસ ચારો દરસાલ સંઘરી રાખતા હોય તો એકાદ વરસની આફતના પંજામાંથી સહેલાઇથી બચી શકે. કેળવણી જેમ જેમ વધતી જાય છે તેમ લોકો મોજશોખમાં પડતા જાય છે અને ખરૂં **કર્તવ્ય** કરવાનું ભૂલી જાય છે.

સને ૧૯૦૦ના દુકાળે લોકોને જાગૃત કર્યા ખરા પણ તે પ્રમાણે વર્તવાને શરૂ કર્યું નહીં.

દરેક ગામમાં જોઇએ તેટલી ઘાસચારાની ગંજીઓ તથા બે ચાર દાણાની ખાંણો ભરી રાખે તો આફતના વખતમાં ખરેખર વખતસર મદદ મળી શકે. પણ લોભ અને લાલચને લઇને માલ વેહચી નાખીને પૈસા કરી ઉડાવી નાખવાથી પાછળથી આવા વખતમાં ઘણું દુઃખ સહન કરવું પડે છે. **“ પારકી આશ સદા નીરાશ ”** તે પ્રમાણે પરિણામ નજર આગળ આવે છે અને થયેલી ગંભીર ભૂલનો પશ્ચાતાપ કરવો પડે છે.

પૈસા–દાગીના, માલ અને જાનવરો વેંચી નાખતાં પણ બચવાનાં સાધનો ખુટી પડે છે ત્યારે દુઃખની સીમા રહેતી નથી. દુકાળના વખતમાં મોંઘવારી, ચેપી દરદો અને ભૂખમરો વધતાં જાય છે અને આખરે ઘણાં ખરાબ પરિણામ આવેલાં જોવામાં આવે છે. દેશની અને લોકોની સ્થિતિમાં મોટો ફેરફાર થાય છે અને તેની ખરાબ અસર લાંબો વખત પ્રજાને ભોગવવી પડે છે.

સરકાર આવા આફતના વખતમાં Relief works ખોલે છે ત્યારે ગરીબ લોકોને સારૂ રહેવાનાં ઝુપડાં કરે છે.

ઝુંપડાં બાંધવાની જગ્યા આસપાસની જગ્યા કરતાં ઉંચી અને કઠણ જમીન પસંદ કરવામાં આવે છે. કાચી દીવાલ અગર વાંસના ખપેડા દીવાલ કરવામાં વાપરે છે. વળી અને વાંસના કામ ચલાઉ થાંભલા ઉભા કરીને કાચું છાપરૂં કરી નળીયાં અગર તાડનાં પાંદડાં વીગેરે નાંખી છાંયો કરે છે. ભોંય તળીયાને સરખું કરી સાફ કરી રહેવાના ઉપયોગમાં લેવાય છે. દરેક કોટડી ૬ થી ૮ ફુટ પહોળી અને દસથી બાર ફુટ લાંબી રાખવામાં આવે છે અને તેમાં એકથી બે કુટુંબનો સમાવેશ કરવામાં આવે છે, **બીસતર** અથવા બીછાનાની ગોઠવણ ગરીબ લોકો પોતાની મેળે કરી લે છે. અથવા ભોંય ઉપર સુવાની ફરજ પડે છે.

Public works. પબ્લીક વર્કસ તરફથી કંટ્રાકટ આપવામાં આવે છે અને કંટ્રાકટરો આવાં દુઃખી લોકોને મજૂરીએ કામે લગાડે છે અને તેઓ દરરોજ નીચે પ્રમાણે દર કામ કરનારને નકી કરેલ હોય છે તે આપે છે.

પુરૂષ	દરરોજ	૩	ત્રણ આના.
સ્ત્રી	,,	૨	બે આના.
છોકરાં	,,	૧॥	દોઢ આનો.

વેપારી અને મોદી લોકો જે કંટ્રાકટરોને મળતા હોય છે તે ખોરાક વીગેરે વેંચવાને બેસે છે અને તેઓ હલકામાં હલકા માલની સારી કીમત ઉપજાવે છે. તોલમાં આવે વખતે ઘણી

ગડબડ થાય છે. પાસ થયેલ માલ આપવામાં આવતો નથી અને કોઇ કોઈની દરકાર કરતું નથી.

મોદી અને કંટ્રાકટરોને સારો નફો હજારો ગરીબ અને અનાથ લોકોની જીવતોડ મહેનતના પૈસામાંથી મળે છે. થોડો વખત તો પેદા કરેલા પૈસાની મોજમજાહ અમલદારો અને કંટ્રાકટરો ઉડાવે છે પણ આખરે **સત્યનો જય છે.** હરામના પેદા કરેલ પૈસાનો બદલો ઇશ્વર જુદીજ રીતે આપે છે અને જો સરકારના મ્હોટા અમલદારના જાણવામાં આવે છે તો સજા પણ કરવામાં આવે છે.

આવા આફતના વખતમાં કેટલાક બદમાશો પૈસાનો ખોટો ઉપયોગ કરે છે. હજારો ગરીબ અને લાચાર લોકોની દાદ ફરીયાદ કોઇ સાંભળતું પણ નથી અને પ્રમાણીકપણાની કદર માણસ જાત કરવાને આવા વખતે ભૂલી પણ જાય છે.

"જેશી કરણી તેસી પાર ઉતરણી" એ પણ વાત ખરી છે જેવું કરવું તેવુંજ ભોગવવું પડે છે. ઇશ્વરી ભેદ માણસ જાત સમજી શકવાને અશક્ત છે. ઉપરનો ચીતાર ખરેખર માણસનું મન દયાની લાગણીથી પીગળાવી નાખે છે. ખેડુત લોકોની આ સ્થીતી બની રહી હોય છે, તેમાં તેના દુઃખમાં વધારો થતો જાય છે. તેનાં ખેડ કરવાનાં સારામાં સારાં જાનવરોને વેચી નાખવાં પડે છે અથવા આપી દેવાં પડે છે. અને રબારી તથા ચારણ લોકો તથા વણઝારા લોકો જાનવરો મંજલ દરમંજલ પોતાના ગામથી જંગલમાં અથવા બીજી સારી જગ્યાએ લઇ જવાની મહેનત કરે છે પણ તે વખતે ઘણીજ મુશીબતો વેઠવી પડે છે. પૈસાની ઘણી ખરાબી થાય છે. જાનવરોની મોટી સંખ્યા પાયમાલ થાય છે અને ભાગ્યેજ દુકાળ આખરે જાનવરો ઘેર પાછાં લાવી શકે છે.

આવા પ્રસંગે સરકાર અગર સખી ગૃહસ્થો રેલવે મારફતે જાનવરોને જંગલમાં ચરવા મોકલે છે અથવા હજારો

રૂપીયા ખરચીને પરદેશથી ઘાસ ચારો દુકાળના ભાગમાં લઈઆવી દુઃખી જાનવરોને ખવરાવે છે. કેટલાક સારા ખેડુતો કુવા ખોદી ખેતરમાં ગદબ, જૂવાર અને ગુવાર વાવીને ચારો તયાર કરે છે.

આફતના વખતમાં તાત્કાળીક તૈયારીઓ કરવામાં આવે છે તે " **આગ લાગે ત્યારે કુવો ખોદવા જેવી થઇ પડે છે.** "

દુકાળના વખતમાં ગરીબ લાચાર લોકો સસ્તામાં સસ્તી ચીજો મેળવવાનો અને ખાવાનો પ્રયાસ કરે છે અને તેમાંના મુખ્ય ખોરાક તરીકે વપરાતા દાણાનાં નામ નીચે પ્રમાણે છે.

મકાઈ, બાજરો, જૂવાર, બંટી, ચીણો, કોદરી, જવ, ચોખા, પટાટાં, ગાજર, મગ, અડદ, મશુરની દાળ, કાંગ, શીંગોડાં, કળથી, ચણા, મઠ વીગેરે છે તે બાફી અથવા લોટ કરીને રોટલા કરી મીઠા મરચાં સાથે અગર છાશ સાથે ખાવાથી જીંદગાની બચાવી શકાય છે. તેવીજ કેટલીક જંગલી ચીજો જેવાં કે કંદ, સુરણ, રતાળુ વીગેરે ખાવાથી નભી શકાય છે. જેમ સાદા અને ચોખા ખોરાકની જરૂર છે તેમ સ્વચ્છ અને સારા પાણીની ખાસ જરૂર છે.

તળાવ, કુવા, નદી અને ઝરણનાં પાણી પીવામાં વાપરવા. વખતે પાણી નજીકમાં ન મળી શકે તો કુવા ઉંડા ખોદીને પાણી કાઢવામાં આવે છે.

કપડાં જેવાં મળે તેવાં પહેરીને રહી શકાય છે. પણ સાફ જોઇએ.

જાનવરોને જુદાં જુદાં ઘાસ જેવાં કે ઝીંઝવો, સમેરવો, ધ્રો, ખેવડો, રાતળીયું, કારીયું, કડબ જુવાર અને બાજરીની, લીલો થોર બાફીને, બોરડી, બાવળ, વડ, આંબલી, આવળ, પીપળ, મહુવડાં, ગુવાર, કપાસીઆ, ખોળ, કાલાં, ગદબ, છાસટીઓ, મેથી વીગેરે અનેક ચીજો જે સસ્તી મળી શકે છે તે આપીને બચાવવાના પ્રયત્ન થાય છે અને મહેનત કરવાની ફરજ પડે છે. સરકારી અમલદારો ખેડના બળદ પાળવા અને બચાવવાને

કેટલાકે ફંડ ખોલે છે. પણ ગાય ભેંસ બચાવવાની ઘણી દરકાર કરતા જણાતા નથી. રાજા રજવાડાના અમલદારો પણ દુર અંદેસીથી જોતા જણાતા નથી. ગાય અને ભેંસમાંથી હજારો બળદો અને પાડા પેદા થાય છે તેવી માતાઓની શેવા કરવામાં ગફલત કરવામાં આવે છે તેથી ડબલ નુકશાન આખરે વેઠવું પડે છે.

દુકાળ પછીના વરસમાં ઘી, દુધના ભાવ વધી જાય છે અને નવાં બચ્ચાંની પેદાશ થતી નથી તેથી ભવિષ્યમાં ખેતીના બળદની ઘણીજ અછત માલમ પડે છે અને સારા જાનવરની કીમત વધારે આપવી પડે છે.

સરકારી અમલદારો તગાવી તરીકે મોટી રકમો ખેડુતોને જાનવરો લેવાને આપે છે અને કરજમાંથી ખેડુત ભાગ્યે મોકળા થઈ શકે છે. પણ જો તેમનાં જાનવરો દુકાળમાં બચાવ્યાં હોય તો ખેડુત કરજમાંથી બચે. સરકારની નેમ **ક્રેડીટકોઓપરેટીવ સોસાઇટી** ખોલીને ખેડુતોને મદદ આપવાની છે, તેનું પરિણામ હજી સંતોષકારક આવેલ જણાતું નથી. સરકાર ભારે કર ખેડુત પાસેથી લેય છે અને જ્યારે દુકાળ પડે છે અથવા આફતના વખતમાં સરકારે ખરેખર નીરાધાર ખેડુતને મદદ આપવી જોઇએ ત્યારે ૫ થી ૬ ટકાનું વ્યાજ લઈ રકમ ધીરે છે. સરકાર રૈયતના લાખો રૂપીયાનું વ્યાજ ૩ાા થી ૪ ટકા આપે છે અને ૫ થી ૬ ટકા વ્યાજ રૈયત પાસેથી ઉપજાવે છે તે પણ જમાનાની ખુબી છે. જ્યાં સુધી ગરીબ લોકોને સરકાર તરફથી આવા સંકટના વખતમાં છુટ હાથે સખાવતી મદદ મળશે નહી ત્યાંસુધી ખેડુત અને તેના જાનવરોની સ્થીતીમાં સારો સુધારો જોવામાં આવશે નહી.

સરકાર માબાપ છે અને તેમની નજર ખરેખર ઉદાર વૃત્તીથી કામ લેવાની હોવી જોઇએ. હિંદુસ્તાન સરકાર જ્યારે દયા બતાવે છે ત્યારે સ્થાનીક સરકાર તેનો ઉપયોગ ઉદારતાથી કરતી જણાતી નથી અને તેથી હિંદુસ્તાનના ખેડુતો સદાને માટે નીરાધાર અને ગરીબ, બીજા દેશના ખેડુતના પ્રમાણમાં માલમ

પડે છે. વીઘોટીનો દર દુકાળના વખતમાં કમી ભાગ્યેજ થાય છે ફક્ત મહેરબાની એટલીજ કરવામાં આવે છે કે સારા વરસમાં ઠબલ કર ભરવાની ફરજ ખેડુતને પડે છે એટલે ખેડુત નફો સારા વરસમાં રાખી શકતો નથી. હાલના ખેડુતની સ્થીતીનો આધાર મોટે ભાગ્યે સરકારી અમલદારોની મદદ અને મહેરબાની ઉપરજ છે અને તગાવી ઓછી વધતી આપવી તે પણ પ્રસંગાનુસાર બને છે, એટલે ખરેખર રીતે જે ચીજોની મદદ મળવી જોઇએ તે પુરા પ્રમાણમાં વખતસર મળી શકતી નથી એટલે સંકટમાંથી ખેડુત મુક્ત થઇ શકતા નથી.

હિંદુસ્તાનના ખેડુત અને જાનવરોની સ્થીતી પહેલાં કરતાં ઘણી નબળી જોવામાં આવે છે. લાચાર અને ગરીબ માણસો દેશ છોડી પરદેશમાં ભેગાં થાય છે, અને કામ કરવાની સગવડતાની ખાતર હજારો માણસોને એક બીજા સાથે નજીકમાં રહેવાની ફરજ પડે છે ત્યારે દુકાળમાં સરકાર તરફથી Camps કૅમ્પસ ખોલવાં પડે છે.

કેમ્પની જગ્યા ઉંચી અને સુકી પસંદ કરવામાં આવે છે અને કામ ચલાઉ વાંસના ખપેડા અને તાડછાંની દીવાલ અને છાપરાં બાંધવામાં આવે છે. એટલે રાતના વખતે અને દીવસે બચ્ચાં તથા ઓરતો આરામથી રહી શકે છે. તેઓને સારૂ જાજરૂ ઘણે દુર બાંધવામાં આવે છે અને તેની હવા કેમ્પમાં આવવી જોઇએ નહી. પાણી વાપરવા અથવા રસોઈ કરવાને લાવે છે તે રહેઠાણની નજીક નાખવું નહી, કારણ કે તેથી ગંદકી થઈ ખરાબ હવા પેદા કરેછે માટે પાણી જવાનો રસ્તો કરવો "open gutter" કરવી. કેમ્પમાં સરકાર તરફથી બતીઓ રાખવામાં આવે છે. અને પોલીશની ચોકી પણ રાખવામાં આવે છે. સાધારણ વખતમાં વખતે દાકતર રાખતા નથી પણ small pox, cholera, plague, fevers અને diarrhoea ફાટી નીકળે છે ત્યારે ખાસ દાક્તર અને દવાની ગોઠવણ કરવામાં આવે છે.

ચેપી દરદ ફાટી નીકળે છે ત્યારે કેમ્પઓફીસર અને દાક્તર માણસોને બચાવવાના ચાંપતા ઉપાય લેછે. દરદી માણસોને જુદી

જગ્યામાં ખસેડે છે અને સારવાર કરે છે. ચેપી દરદ જેવાં કે કોલેરા અને ઝાડા શરૂ થાય છે ત્યારે પીવાના પાણીના કુવા અને તળાવ સાફ રાખવાની ગોઠવણુ કરાવે છે.

ખરાબ ખોરાક મળતો હોય તો દાક્તર ખાસ દેખરેખ રાખે છે એટલે લોકોની તંદુરસ્તી સારી રહે તેવા ઉપાયો સરકાર તરફથી લેવાય છે તે ઘણુંજ સરસ પગલું ગણી શકાય. દીવસના વખતમાં લોકો પાસેથી કામ લેવામાં આવે છે અને રાત્રે આરામ લેવાને પુરતો વખત આપવામાં આવે છે.

છોકરાં અને અશક્ત બુઢ્ઢાં લોકો સારૂ દુધ અગર વિલાયતી દૂધના ડબા પુરા પાડવામાં આવે છે. લગભગ સઘળી સગવડ કરવાની તાકીદ થાય છે પણ વખતે અમલદારની ગફલતને લઇને ઓછી વધતી સગવડ કરવામાં આવે છે. ગરીબ લોકોને કપડાં તથા કામળીઓ સખાવત તરીકે સખી ગ્રહસ્થો આપે છે.

જાનવરોને રેલવે મારફતે જંગલમાં ચરવાને સરકારી અમલદારો ગોઠવણુ કરે છે. જાનવરો સારૂ, પાણી અને ઝાડી નજીક કેમ્પ Camp ખોલવાની તજવીજ કરવામાં આવે છે. ૧૦૦૦ થી ૨૦૦૦ જાનવરો રાખવાની ગોઠવણુ થાય છે. ૨૫૦ થી ૫૦૦ જાનવરો સાથે રાખવાની જગ્યા પસંદ કરી કાચું છાપરૂ બાંધવામાં આવે છે. છાપરાની નીચે વચમાં અથવા ઘાસ નાખવાને ચાર ફૂટ પહોળી અને ૨૦ થી ૨૫ ફૂટ લાંબી વાંસની અગર પાટીઆની ગમાણુ બનાવે છે અને તેમાંથી બંને બાજુએથી જાનવર ઘાસ ખાય છે. ઢાળ પડતી જગ્યા રહેવાથી જાનવરોનો પેશાબ પડે છે, તે ઉપર ધુળ અગર રાખ છાંટીને સાફ કરી લેવામાં આવે છે. છાણુને દુર ખાડો ખોદીને ભેગું કરવામાં આવે છે અને તેનું ખાતર બને છે તે ખેતરમાં વપરાય છે. કેટલીક વખત છાણા થાપીને બળતણ તરીકે ગરીબ લોકો વાપરે છે. દુકાળમાં જંગલના ઘાસ અગર જૂવારના સાંઠા ખવરાવવામાં આવે છે. વખતે કપાસીઆ, ખોળ, ગુવાર, અને ચુની ખવરાવવામાં આવે છે, તેથી તંદુર-

સ્તી સારી ટકી રહે છે. બીમાર જાનવરોની સારવાર જુદી રીતે કરવામાં આવે છે.

બીમાર જાનવરને દેશી અગર વીલાયતી મીઠાનો જુલાબ આપવામાં આવે છે. વખતે એરંડીયું અથવા તલનુ તેલ પાય છે. પેટ સાફ થયા બાદ છાશ અને ચાવલની ઘેંસ પીવા આપે છે. લીલું ઘાસ, ગદબ વગેરે ખવરાવે છે અને સારૂ થયા બાદ સુકુ ઘાસ ખાવાને આપે છે. જાનવરને સવારના બહાર ફરવાને અને ચરવાને મોકલવામાં આવે છે. બપોરના વખતમાં ઝાડના છાંયા તળે આરામ લેય છે. સાંજના પાછાં આવે છે તે વખતે ખોળ, કપાસીઆ, ગુવાર, અને અનાજનું ભૂસુ ખવરાવે છે. રાતના વખતમાં ઘાસ આપવામાં આવે છે. ગાય અને ભેંસ દુધ આપતી હોય તો દુધ સવાર સાંજ કાઢી લેવામાં આવે છે અને વહેચી નાખી પૈસા કરવામાં આવે છે.

ઘાસ રાખવાની ખાસ જુદી જગ્યા રાખવામાં આવે છે.

દુકાળના વખતમાં સરેરાશ ૨૦ થી ૨૫ પાઉન્ડ ઘાસ દર જાનવરને અપાય છે. સારૂ ઘાસ હોય તો જાનવરો બરોબર ખાય છે પણ ખરાબ ઘાસ હોય તો ખાઈ શકતુ નથી અને પડયુ રહે છે. અને જાનવરો નબળાં પડતાં જાય છે. નાનાં બચ્ચાંને છાશ અથવા દુધ પાવામાં આવે છે અને મહોટું થાય છે એટલે ઘાસ સુકુ અગર લીલું ખાય છે.

ઉપર પ્રમાણે વ્યવસ્થા દુકાળના વખતમાં કામચલાઉ કરવામાં આવે છે અને વરસાદ પડવાની તૈયારી થાય છે તેટલા વખતમાં જાનવરોને ખેડુત લોકોને અને માલ–ધારીઓને સોંપી દેવામાં આવે છે. એટલે ખેતર ખેડવાના કામમાં લઈ શકાય છે, અને વરસાદ ૠતુમાં ખેડુત અને જાનવર પોતાનુ ગુજરાન ખુશીથી કરી શકે છે.

દુકાળ પુરો થાય છે ત્યારે ખેડુતને **તગાવી** એટલે જાનવર અને બીઆં ખરીદવાને સરકાર તરફથી મદદ મળે છે. કેટ-

લાકને કુવા ખોદવાને પણ પૈસા ધીરવામાં આવે છે. તેથી નવા આવતા વરસમાં ખેતીની પેદાશ સારી કરી શકે છે.

ચોમાશાના ચાર મહીના સારા નીકળે તો ખેડુત બાર મહીના સુધી સુખી રહે છે અને વરસાદ બરાબર પડે નહી તો ખેડુત તથા રૈયતના બાર મહીના બગડે છે. પ્રભુની લીલા એ અજાયબ શકતી છે અને તે વખતે મનુષ્યની અકલ હુશિઆરી કામ આવી શકતી નથી.

દુકાળના વખતમાં માણસ તથા જાનવરોને ઘણી મુશીબતો વેઠવી પડે છે અને તેમાંથી બચાવવાને યોગ્ય ઇલાજો લેવામાં આવે છે. દુકાળની વખતે માણસ તેમજ જાનવરની સ્થીતીમાં ફેરફાર થયેલ જોવામાં આવે છે. સ્થીતી નબળી થઈ જાય છે અને જૂદી જૂદી જાતના ભયંકર ચેપી દરદો ફાટી નીકળે છે. તે વખતે દવા કરતાં સફાઈ રાખવાના અને સારાં માણુસ અને જાનવરની મ-હાવજત રાખવાથી ચેપી દરદો નાબુદ થાય છે.

આવા પ્રસંગે સરકાર પ્રજાને જાહેર રીતે ખબર આપે છે, અને બનતી ગોઠવણ દરેક સ્થળે કરવાને અમલદારોને સૂચના કરે છે.

કુવાનાં પાણી સાફ કરવાને કળીચુનો, ફટકડી અને પોટાશ પરમેનગેનાઝ પાણીમાં નાંખે છે. નદી અને તળાવનાં પાણી સાફ કરી ગળીને પીવામાં વપરાય છે, અગર ગરમ કરીને પીવા આપે છે. તળાવ અને નદીમાં કોઇપણ જાતનો ખરાબ પદાર્થ, ગંદકી અગર વનસ્પતીનું કોહાણુ જવા દેવું નહી, અને પાણી સાફ રાખ-વાના સતાવાળા ચાંપતા ઉપાયો લે છે અને પ્રજાને ખબર આપે છે.

કોઇપણ જાતનો ખરાબ બગડી ગયેલ ખોરાક અથવા ભાજી પાલા મારકીટમાં આવવા દેતા નથી. દરદી જાનવરોનું ગોસ્ત તથા સડેલ માછલાં મારકેટમાં વેંચવા દેવામાં આવતાં નથી. દરદી જાનવરોનું દુધ બજારમાં આવતું અટકાવવાના ખાસ કાયદા ઘડવામાં આવે છે અને પોલીસ તથા દાક્તર તે પ્રમાણે બરાબર અમલમાં મુકે છે.

ચેપી દરદ ચાલે છે ત્યારે મેળા ભરવા બંધ કરવામાં આવે

છે. જે જગ્યાએ દરદ ફાટી નીકળે છે તે જગ્યા છોડી સારી ખુલી જગ્યામાં રહેવા જવાની ખાસ જરૂર છે.

જે શહેરમાં અગર ગામમાં ચેપી દરદ થાય તે ખાલી કરી નાખવું અને દરદ નાબુદ થયા બાદ disinfect અથવા સાફ કરવાને મકાનોને ચુના લગાડવા, ગટરો સાફ રાખવી, મકાનમાં સફાઈ રાખવી, બારી બારણાં ખુલાં રાખવાં અને અજવાળુ તથા સ્વચ્છ હવા પુરતી આવવા દેવી.

ડામર, ગંધક, લોબાન, વીગેરે ચીજોનો ધુમાડો મકાનમાં કરવો. "Cleanliness is next to Godliness" આવાં સ્વચ્છ મકાન રાખવાના અને તંદુરસ્તી સાચવવાના નીયમો પાળવાથી શહેર સુખાકારી દુકાળના વખતમાં સારી રહે છે.

જે મકાનમાં મરકી અગર કૉલેરા થયુ હોય તે મકાન સ્વચ્છ કરવાને દીવાલને ચુનો દેવો. જમીન ખોદી નાંખીને કળી ચુનો અને ડામર અગર રેતી નાંખીને ફરીથી નવી બનાવવી. જો પાકી છો હોય તો ફીનાઈલ અથવા કારબોલીકના પાણીથી ધોઈ નાંખવી. છાપરૂ હોય તો ઉઘાડી નખાવું અને અજવાળુ આવવાદેવું.

સ્વચ્છ હવા, અજવાળુ, અગ્ની, ગંધક, ડામર, કારબોલીક એસીડ, કપુર, લોબાન, અગરબતી, ફીનાઇલ, મોરથુથુ, કોલસો, રાખ, કળીચુનો, ગરમબાફ, પાણી, વગેરે ઘણી ચીજો હવા, મકાન અને ગટરો સાફ કરવાને વપરાય છે અને તેથી શહેરના લોકોની તંદુરસ્તી સારી રહે છે. તેમ જાનવરોમાં ચેપી દરદ ફાટે છે ત્યારે જાનવરોનાં પ્રદર્શન ભરવાં બંધ કરવામાં આવે છે. પરદેશથી ખરીદ કરેલ જાનવરોને સારા જાનવરોથી એક અઠવાડીયા સુધી જૂદાં બાંધવાં.

ચેપી દરદના જાનવરો મરી જાય ત્યારે ઉંડા ખાડા ખોદીને દાટવાં અથવા બાળી નાંખવાં. ચેપી દરદવાળા જાનવરોનાં ટોળાંને ત્રણ ભાગમાં વેંહચી નાખવાં. (૧) તંદુરસ્ત જાનવરો (૨) સકમંદ અથવા સારાં જાનવરો બીમાર જાનવરો સાથે આવેલ હોય તેને અને (૩) તદન બીમાર જાનવરોને જૂદા વાડામાં

બાંધવા. ગામના હુંવાડા બંધ કરવા તથા તળાવ અને નદીના પાણી લઇ આવીને ઘેર જૂદા વાસણુમાં રાખીને બીમાર જાનવરને પાવું. ચેપી દરદવાળાં જાનવરોને ખાસ બાંધેલી જગ્યામાં રાખવાં અને તેમાં કુતરાં વીગેરે રખડતાં જાનવરો જાય નહીં તેવો બંદોબસ્ત-રાખવો. માખી અગર મચ્છર જાય નહી તેવી સંભાળ રાખવી.

ગામમાં જે બાજૂએથી પવન આવતો હોય તેની સામી બાજૂએ દરદી જાનવરો રાખવાં તેથી ખરાબ હવા ગામના જાનવરો ઉપર અસર કરે નહી.

દરદી જાનવરોની મહાવજત જૂદાં માણુસો રાખી કરવી.

ઘાસ–દાણો અને પાણી બહારથી લાવીને પુરાં પાડવાં.

છાણુ–ઓગઠ, કચરો અને નકામો સામાન બાળી નાંખવો.

જે જગ્યા અગર તબેલામાં દરદ માલમ પડે કે તેમાંથી સારાં જાનવરો બીજે ઠેકાણે લઈ જવાં અને દરદી જાનવરો સારાં થાય તો તેને સાફ કરીને બીજે ઠેકાણે બાંધવા અને મરી જાય તો બાળી નાખવાં.

તબેલા અગર જગ્યાને સાફ કરવાં. જમીન ખોદી નવી માટી, કળીચુનો, રેતી અને કોલસો મેળવી ભોંય તળીયુ બનાવવું. દીવાલને પાણીથી ધોઈ ચુનો લગાડવો, છાપરૂ ઉઘાડુ કરી ડામર લગાડવો. તબેલામાં ગંધક અને ડામર બાળવો અને બારી બારણાં પછી ખુલ્લાં મુકવાં.

મચ્છર અને માખી આવતાં અટકાવવાને કચરો બાળવો અથવા તમાકુ બાળવી. દરદી જાનવરોની સારવાર કરવાને ડાક્તર રાખવા અને કાંજી, ગદબ, લીલું ઘાસ, ગાજર–ભૂસું વીગેરે આપવાં. ગરમ ઝુલ ઓઢાડવી અને ગરમ પટી પગે બાંધવી.

સારાં જાનવરોને સ્વચ્છ પાણી અને સારો ખોરાક ખવરાવવો.

ચેપી દરદ જે ભાગમાં થયું હોય ત્યારે લાંબો વખત સુધી જાનવરો તપાસતાં રહેવું. દરદી જાનવરોનું દુધ તથા ગોસ્ત માણુસના ખાવાના ઉપયોગમાં લેવાં નહીં. કતલખાનાં અને મારકીટ ઉપર ડાક્તરની દેખરેખ રાખવી. ગફલત અને પ્રજાના અજ્ઞાન-

પ્રજાને લીધે દેશમાંથી મરકી, કૉલેરા અને શીતળા જેવાં દરદો જડમુળથી નાબુદ થતાં નથી.

અમેરીકા, યુરોપ અને જાપાનની સરકાર તથા પ્રજા એક વિચાર અને આચારની હોવાથી દેશની પ્રજા ઘણી તંદુરસ્ત અને મજબુત આપણે જોઇએ છઇએ.

હિંદની પ્રજા ધર્મના નામે લાખો રૂપીયા ખર્ચે છે પણ દેશના ખરા લાભ અથવા તેમના જાતભાઈના બચાવ ખાતર તેટલી ઉદારતા વાપરી લાખો રૂપીયા ખરચતા નથી તે એક ખરેખર અફસોસ થવા જેવું છે. પરમાર્થ કરવું અને દેશને ઉંચી સ્થીતી ઉપર મુકવાની મહેનત કરવી તેમાંજ પ્રજાનું કલ્યાણ સમાયેલ છે. લાખો અને કરોડો રૂપીયા જૂદા જૂદા ધરમને બાને અને ખોટી રીતે દોરવાઇ જઇ મોટી રકમો વાપરવામાં આવે છે પણ ખરા સંકટને વખતે થોડાજ સખી ગ્રહસ્થો ઉદાર દીલથી મોટી રકમો વાપરે છે.

જેમ માણસ અને જાનવરને દુકાળની અસર થાય છે તેમ જમીન અને પાક ઉપર પણ ખરાબ અસર થાય છે. જમીનમાં આ વખતે ઘણી જાતની જીવાતો પેદા થાય છે તે પાકને ઘણુંજ નુકશાન કરે છે. તેવા વખતમાં જમીનને સુધારવાને કોલસો, રાખ, ચુનો, મીઠું, સુરોખાર વીગેરે ઘણીજ ઉપયોગી ચીજો ખાતરની સાથે મેળવી ખેતરમાં નાખવામાં આવે છે. તેથી પાકમાં સુધારો થાય છે અને જંતુઓનો નાશ થાય છે. મોટાં જાડાં ઝાડના થડને સોનાગેરૂ અને ડામર લગાડવામાં આવે છે તેથી ઉધઈ કીડ થડ બગાડી શકતી નથી. વનસ્પતીઓને જ્યારે રોગ લાગુ પડે છે ત્યારે મીઠાનું પાણી, મોરથુથુ, કળીચુનો, કોલસો, રાખ, ડામર વીગેરે મીશ્ર કરી પાણીમાં મેળવીને છાંટે છે. જંગલની જમીન અને ઘાસના બીડને બાળી નાંખવામાં આવે છે. તેથી જંગલી ઘાસ અને ખરાબ વનસ્પતીઓ બળી જાય છે અને બીજે વરસે સારૂ ઘાસ અને બીજી સારી ઉપયોગી વનસ્પતીઓ ઉગે છે.

અગ્નિ, મીઠું, કોલસો, ચુનો, ડામર, રાખ અને જુદા જુદા ક્ષાર જમીન અને વનસપતીઓ સાફ રાખે છે. વરસાદનું પાણી ઘણોજ અગત્યનો ભાગ બજાવે છે. જમીનનો ખરાબ મેલ ધોઇ નાખે છે, અને જમીનને એક સરખી રીતે પોષણ કરે છે. વરસાદ સારો હોય અને જમીન બરાબર તૈયાર કરી ન હોય તોપણ પાક બરાબર પાકતો નથી. અને જમીન તૈયાર કરી હોય અને વરસાદ બરાબર વખતસર પડે નહિ તોપણ તેવીજ ખરાબ અસર પાક ઉપર થાય છે. પહાડી જમીનો અને જંગલી જનાવરો તથા માણસોનું રક્ષણ કુદરતજ કરે છે. ઘણાખરા જંગલી મુલકોની શોધખોળ કરી યુરોપના લોકોએ સુધારો વધારો કરેલ છે અને આબાદ કરેલ છે.

જંગલના અને પહાડના ઝાડો કાપી નાખવાથી વરસાદ લાવવાનું આકર્ષણ તુટી જાય છે એમ જ્યારથી માલમ પડયું છે ત્યારથી સરકાર તરફથી ખાસ જંગલોની દેખરેખ રાખવાને અમલદારોની નીમણુક કરી છે અને ૧૯૦૦ ના દુકાળમાં હજારો નવાં ઝાડો દેશમાં વવરાવ્યાં હતાં. વનસ્પતી અને ઝાડીની અસર ખરેખર ઘણીજ ચમત્કારીક વરસાદનું ખેંચાણ કરવામાં છે.

ઉનાળાની સખ્ત ગરમી મહાસાગરના પાણી ચુસી લઈ વરસાદ રૂતુમાં તેજ વાદળરૂપી પાણી વરસાદ રૂપે નીચે પડે છે. ગરમી, નીચેની ભીની હવા નીરંતર ઉપર ખેંચે છે તે કુદરતનો એક મહાન કાયદો છે અને ઉપર આકાશમાં ભીનાસનું પ્રમાણ વધે છે એટલે વરસાદના રૂપમાં નીચે પડે છે. ગરમી, પવન અને પાણી આ જગતના પ્રાણવાયુ સમાન છે, અને તેથીજ જગતની ઉત્પન કરવાની શકતી ટકી શકે છે. જગતની રચનાનો આધાર પણ ઉપરની વસ્તુઓ ઉપરજ છે.

ત્રણ ભાગ ઉપર મહોટા મહાસાગરો પથરાયેલા છે અને એક ભાગ જમીનનો છે અને જમીન ઉપર મહોટા પહાડો, નદીઓ, જંગલો, રણો અને સપાટ ફળદ્રુપ જમીન પણ માલમ પડે છે.

જમીન, હવા, મકાન, પાણી, માણુસ, પશુ અને વનસ્પતી કેમ સ્વચ્છ રાખવી તેની ટુંક હકીકત ઉપર જણાવી છે તે સાધારણ માણુસોને ખાસ ઉપયોગી નીવડશે અને વિષેશ માહીતી મેળવવી હોય તો તે બાબતના અનુભવી લોકો અગર પુસ્તકોનો ખાસ ઉપયોગ કરવાની ભલામણ કરૂછુ.

જ્યારે દુકાળ, સરકાર તથા પ્રજા તરફથી જાહેર થાય છે ત્યારે બંદોબસ્ત કરવાની રૈયત તથા સરકાર ઉપર અગત્યની ફરજ પડે છે અને તે કામ પાર પાડવાને બનતા ઉપાયો લેવા.

૧ ગરીબ અને કામ વગરના લોકો ઘરબાર છોડી ગામે ગામ મજૂરી ગોતવા અને પેટ ભરવાને ભટકે છે.

૨ ગરીબ ખેડુત અને રબારી લોકોનાં જાનવરોને ઘાસચારા સારૂ એક જગ્યાથી બીજી જગ્યાએ લઇ જવાની ફરજ પડે છે.

૩ અનાજ અને બીજી ચીજોના ભાવમાં મોટો ઉછાળો અને સખ્ત મોંઘવારી ચીજોના ભાવમાં થાય છે.

૪ ગરીબી અને તંગીને લીધે ગુનાહ વધવાની ધાસ્તી વધે છે. સને ૧૯૦૦ ના દુકાળ પહેલાં એક રૂપીયે બાજરી મણુ ૧ એક મળતી તેના ભાવ વધીને રૂા. ૨ાા અઢી ઉપર ગયેલ છે. તેવાજ પ્રમાણુમાં બીજી બધી વસ્તુના ડબલ ઉપર ભાવ થઈ ગયા છે. ગરીબ લોકો જે કરકસરથી રહી શકતા અને એક માણુસ ગુજરાતમાં ચાર ૪ રૂપીયામાં ગુજરાન કરતો તેને આજે રૂ. ૭ સાત ઉપર જોઇએ છે.

ઘાસ ચારાના ભાવ રૂ. ૫ પાંચ સાધારણુ વરસમાં હોય છે તેના ભાવ રૂ. ૧૫ થી ૨૫ પચીસ ઉપર ગયા હતા અને તે મળવાને પણુ ઘણી મુશીબતો વેઠવી પડેલ હતી. કેટલાક લોકોએ પોતાના કબજાનો ઘાસ ચારો સારા ભાવ ઉપજાવવાને વેંચી નાખેલ હતો તે લોકોને પાછળ ઘણી મુશકેલી વેઠવી પડી હતી. અને જાનવરોની ઘણી દયા ઉપજાવે તેવી સ્થીતી થઇ હતી. કીમતી બળદો, ગાયો અને ભેંસો વીગેરે જાનવરો ઘણીજ સસતી કીમતે વેંચી નાંખેલ હતા અને ગાયો, ઘેટાં, બકરાં અને ઘોડા જેવાં

ઉપયોગી જાનવરોની સંભાળ બીલકુલ લેવામાં આવેલ નહોતી. સરકાર અને રૈયતને ઘણોજ કડવો અનુભવ ૧૯૦૦ ના દુકાળમાં થયેલ હતો તોપણ ઘાસ ચારાનો સંગ્રહ કરવાનો ખ્યાલ સુજેલ નહોતો તેથી આ વખત Fodder Reserves ની ખાસ ગોઠવણ તથા ભલામણો થઇ છે અને આશા રાખીયે છઇએ કે ભવીષ્યમાં ફરીથી આવા ખરાબ સમાચાર નહી સાંભળવામાં આવે.

ગુજરાત દેશનો જોસી સહદેવ એમ કહે છે કે,

" આભ ગાભ અને વરસા કાળ,
સ્ત્રી ચરિત્ર અને રોતાં બાળ;
એટલાની પરિક્ષા જે કોઈ કરે,
તેને ઘેર સહદેવ જોસી પાણી ભરે. "

દુનિયાના નીયમો કેટલીક વખત કેટલાક અન્યમીત સંજોગોને લીધે ફેરવાય જાય છે, અને તેવા વખતમાં કેવી સંભાળ રાખીને માણસ જાતે વર્તવાનું છે તે ખાસ ધ્યાનમાં રાખવા જેવુંછે.

Famine in India.

The calamity through which the country has just emerged may with great truth be characterized as one of *Fodder Famine* and not so much of *Food Famine*.

With the cessation of the rains in early July, the grass blade had dried up and there was no grazing left for the poor dumb cattle. There were scanty stocks of old stocks of old *Kadbi* brought over from last year and they were soon exhausted or sold away for immediate gain. The condition of cattle became pitiable, a potent source of anxiety to the people and the Government. Plough bullocks and milch buffaloes which the cultivator regards as

his life blood were looked after with tender care; but the cows had to be neglected in the struggle for life, and had an anxious time.

The Rabaries' cows had no unsuspecting neighbour's crop to fall back upon; there was no crop and no pasturage and they fared the worst. Valuable cattle were brought to the market for sale and were parted with for a few rupees.

Friday & Sunday markets attracted large herds of cattle for sale and intending buyers flocked from distant places eager to strike cheap bargains.

Best of the lot of cows were given up to Panjrapoles for charity.

Butchers from up country were anxious to secure a roaring trade; and would have carried away most of the wretched starving cattle, had not the panjrapole people intervened.

These humane institutions strained every nerve to buy up the animals and save life and they were generously supported by the Jains & Hindoos residing in the Bombay presidency.

(2) *Migration of cattle.* The Rabaris had the most anxious time of it and were at their wits' end to devise means to preserve their stock in trade. Thousands of cattle were wandering in August & september in quest of pasturage. Hundreds of cattle were passing through the country for Songad & Dang jungles. The Villagers enroute dreaded this pest and were anxious to save what little crop they had grown from these locust like hordes of invaders. These people gave no shelter to Rabaris and the cows were supplied

grass from charitable funds from Mahjan. The wearied cattle had to be given rest for a day or two before they could resume thier onward journey.

The unusual migration of cattle to the southward jungles was unmistakable signal of the impending danger. Not a single day passed without this spectacle of patient herd of starved cattle being marched on in quest of "*Fresh Fields and pastures new*" by the care worn Rabaris.

(3) *Emigrants.* There was aimless wandering on the part of men in search of Food or employment. There was noticeable increase of beggars from different corners. Most of the poor people secured employment in Railways & outside Bombay presidency. Several of them had learnt a bitter lesson in 1900 and profiting by that lesson they chose to go to Sindh, Bombay & Ahmedabad mills for work.

Preparing for Campaign.

Government were not slow to diagnose those premonitory symptoms of impending distress. when the month of August passed away as dry as the preceding months, the officers decided to stop all auctions of pasture and waste lands and threw them open for free grazing. Unreserved forests & lands were also allowed for grazing to all cattle.

They were to be assured of sympathetic consideration as regards land revenue demands and were consoled with liberal grants of tagavi help to enable them to tide over the distress.

Proposals for famine expenditures were called for from the districts. The responsible senior officers were asked to supervise the organizing of the Relief works.

NATURE of RELIEF.

I Tagavi. II Loans to Talukdars. III Gratuitous Relief. IV Water supply. (for new wells & repairing old ones & preparing new Tanks &c. V Fodder supply. VI Food supply. VII Relief works & their accessories. VIII Famine establishment. IX District Local Board Grant for Relief. X Charitable funds collected from the public for Relief to help the Government, as the grants were not sufficient to meet the demand.

Watching the signs. The district officers were ordered to be constantly on the move to direct the relief operations and alliviate the distress. The district officers were engaged to distribute tagavi loans and to give such advances in person, wherever possible. Precautions were taken to see that tagavi amounts reached the ignorant innocent cultivators through officers. The officers were instructed to keep a vigilant eye on the movements of the people and asked for Relief works to be opened wherever the pinch of distress was severely felt. The district Inspectors were asked to send their regular diaries of their tour in the Villages.

The condition of cattle had become miserable at

this juncture and found that a large number of cattle abundoned to their fate by the panic stricken Rabaries was dying all round the parts of the country in October. Measures for relief were taken to start cattle kitchens & camps. These cattle were supplied the Jungle grasses which was found injurious to their health and over 60 p. c. of them died on account of starvation and depression.

It was very necessary to give. Cotton seeds, oil cackes, Guwar seeds & other substantial substances along with these jungle Fodder to maintain their vital stamina but owing to want of adequate funds & expert advice the percentage of mortality increased day by day and at the end very few cattle reached their homes.

These cattle were not accustomed to eat jungle grasses & the grass had lost the nutritious properties as they were over ripe.

The contractors had also played lot of tricks to make money at these critical times and the good grass was sold at a very high price to merchants.

Railway waggons were found short in April & May and large consignments of grass were lying in Station yards up to the end of June.

In future the authorities should be careful to manage regular traffic in Famine times in the affected areas. No undue advantage should be given either to Railways or merchants of such critical times. The means of Traffic should be freely supplied for the benefit of the country.

Relief Measures.

1 Suspension & remission of land-Revenue.
2 Agricultral loans.
3 Drinking water supply & irrigation; sinking wells.
4 Supply of Fodder & cattle camps,
5 Relief works & camps.
6 Gratuitous Relief.

Timely steps were taken to find out cases of suffering & distress on the said lines enabled the officers & others to steer clear of the many rules & difficulties which become difficult if neglected and not nipped in the bud at the right juncture.

The rules of the state provide for such general suspension of land revenue in times of drought; the degree of suspension was made dependent on the extent of crop failure which was ascertained by the collectors in these times.

AGRICULTRAL LOANS.

Tagavi advances have an indispensible place in every programme of relief in times of drought and general distress. In times of Agricultral distress, land looses much of its value and the credit of the cultivator in the money market is violently shaken. His resources sink to a low level, when without any prospect of return from the land has to feed his family & live stock. Agricultral credit, ever shy, even in normal times, fails him when it is most needed; and the money lender refuses to pay or renew a loan even at high rate of interest. Free distribution of Tagavi instils heart & confidence in

the dispairing ryot and prevents him throwing him self on the charity of Relief-works of the state. Also it prevents his land being thrown out of cultivation and ensures the future prosperity of the district with the restoration of more better seasons.

With the help of Tagavi-loans the cultivator learns to rely upon his own endeavours and with the small crop he is enabled to grow with its aid, he is able to tide over the calamity and save his live Stock.

Object of Tagavi it is advanced for land improvement and for maintenance of Agriculturists. The former includes sinking of new wells, terracing fields, levelling grounds, or raising surrounding low lands to prevent fertile soil being washed off under heavy rains, advance for seed grain, for manure, for well gearing, for fodder, for cattle purchase, as well as maintaining his family & servants.

Tagavi for purchasing bullocks was allowed Rs 40 to 45 per each animal. Seed Tagavi was given from Rs 5 to Rs 10 per acre & sometimes Rs 15 to 20.

Tagavi for well gearing & for repairing impliments &c came to Rs 20 to 30 for each well.

Maintenance loans were given to cultivators on such conditions that they should improve their lands & make necessary fences to protect the future crops.

Tagavi for wells.

These wells have a threefold use. In famine times the cultivator has not to depend upon clouds.

The income of the irrigated land is increased permanantly and serve as a famine insurance. These wells have a moral value and save the cultivator from pauperising influence of state relief.

The cost of making puka wells comes to Rs. 100 to 150 in stony lands but in soft lands comes to Rs. 40 or so. Private capital of well to do land lords was utilised in preparing new wells for irrigation so as to raise crops in famine times.

Scarcity of drinking water The shortage of drinking water is one of the most serious effects of a drought, that is more dreaded than failure of food crops, and is more difficult to be combated than the scarcity of grain.

In famine times the level of water goes deeper than usual-times & becomes difficult to secure required quantity for drinking purposes when rivers & Tanks become dry. In famine it is very necessary that wells should be *bored* deep to secure sufficient drinking water.

Supply of Fodder & cattle camps.

The year 1911 was described as Fodder Famine even though the country was barren owing to want of Rains. Government **were slow in** ot declaring Famine even though thousands of poor men had to quit their mother-land in search of Food & employment. India is a big country, so people had to runaway to distant places & make their way with great difficulty as they were not supported in the country.

As for cattle Government were helpless and as they knew the ultimate effect on Agriculture, they declared the year 1911 as *Fodder Famine.*

પાન વાટીને બાંધવાથી લોહી બંધ કરે છે. ૭૫ **કાંકચ**--તાવ, ઉલટી, ઝાડા, આંચકી વીગેરે ઉપર સારી અસર કરે છે. મોઢાની દાઝ ઉપર તેલ લગાડે છે, સ્ત્રીઓને આવ લાવવાને ઉપયોગી છે. ૭૬ **કારવાસ**—ઢોરનો ચારો, દુકાળમાં ઉપયોગી છે. ઉધરસ અને દમમાં મધ સાથે ખવાય છે. ૭૭ **કાળોસડસડો**—પાન ઢોર બહુ ખાય છે. સફેદ કોઢ ઉપર તેલ ચોપડે છે. ચામડીનાં દરદ, હરસ, પરસેવાની દુરગંધ, સોજા, રતવા તથા ઉધરસ મટે છે. ૭૮ **કાળી મુશળી**—પૌષ્ટીક છે. પાકમાં વપરાય છે. ૭૯ **કાળી શંખાવળી**—ઢોર પાન બહુ ખાય છે, ૮૦ **કુંથારો**—રાખ તેલ સાથે મેળવીને લગાડવાથી જખમ મટે છે. ૮૧ **કેશરાજ, કાળો ભાંગરો**—ચોમાસામાં હાથ પગમાં ફાટ પડે છે ત્યારે લગાડે છે. કમળો તથા જલંદરમાં રસ પાય છે. ભાંગરાનું તેલ હાથી પગ ઉપર ચોપડે છે. ૮૨ **કીડામારી**—તેલમાં કકડાવીને સડતાં ભાઠાં ઉપર લગાડે છે. પેટપીડમાં, વાયુ, ગુલ્મ-આફરો અને અરૂચીમાં ઉપયોગી છે, તરીયા અને રોજીઆ તાવમાં અજમા અને કીડામારીનો શરીર ઉપર ખડ કરે છે. ૮૩ **કુકડવેલ**-હાથ પગ ઠંડા થતા હોય ત્યારે રસ ચોપડે છે, રેચક છે. હડકવા તથા સર્પના ઝેર ઉપર અપાય છે. **કુબો**-તાવમાં મરી સાથે ખવરાવે છે. ૮૪ **કડલીનીભાજી**-એક જાતનું ડુંગરમાં ઘાસ થાય છે. લોકો શાક કરે છે. પૌષ્ટીક અને રૂચી વધારનાર છે. ૮૫ **કુરી**-એ એક ઘાસ છે. દાણા દુકાળમાં ખવાય છે. ૮૬ **કુવાડીઓ**-ભાજીનું શાક થાય છે. લોહી સુધારે છે, કુવાડીઆના બી તથા લીંબુનો રસ દાદરમાં લગાડે છે. બી પૌષ્ટીક છે, પાન વાટીને ખરજવાં ઉપર લગાડે છે, બીને બાફીને કપાસીઆની જગ્યાએ ખવરાવે છે, બીની કાફી બને છે. તાવ, અરૂચી, પ્રમેહ, ઉધરસ ઉપર અપાય છે, ભીલામુ ઉડયુ હોય તો રસ ચોપડાય છે. બી ઘણા દીવસ સેવન કરે તો રક્તપીત્ત મટે છે. ૮૭ **દર્ભઘાસ**-ઢોરનો ચારો છે. ફુળ અને પાન સંગ્રહણી, પ્રદર અને જખમ ઉપર ઉપયોગી છે. ધાર્મીક કીયામાં

ઘણું વપરાય છે. સ્ત્રીને તથા પુરૂષને તાકાદ આપે છે. કફ, મુત્રકચ્છ, રક્તપીત તરસ, પાંડુરોગ, રતવા, પથરી ઉપર ઉપયોગી છે. સ્ત્રી ગર્ભ ધારણ કરે છે. ૮૮ **કુંચી**—એક જાતનું ઘાસ છે. ૮૯ **કુંઢેર**—કાચા કંદ ગરીબ લોકો ખાય છે. ૯૦ **કેતકી, કેવડો**—કેતકીના રેસાનાં લુગડાં બને છે. કેવડો દુકાળમાં ઢારનો ચારો હતો. રસ સાબુનું કામ કરે છે. અતર આંચકી ઉપર સારી અસર કરે છે. ૯૧ **કેરડાંનું** અથાણું થાય છે. અજીરણ વાયુ, તાવ અને કબજીયત ઉપર સરસ અસર કરે છે. ફળને ઘસીને વીંછીના ડંખ ઉપર લગાડે છે. ૯૨ **કોદરો**—ઢારનો દુકાળમાં ચારો છે.બી ગરીબ લોક ખાય છે. ૯૩ **ગરણી**—પાન આંખના સોજા ઉપર બાંધે છે. બી રેચક છે. ઉનમાદ પીત, તાવ, અતીસાર ને કફ મટાડે છે. ૯૪ **મઠ**—જાનવરનો ચારો તથા ખોરાક છે. ૯૫ **કંટોલીનું**, શાક થાય છે. મુળ પાવાથી ઉંદરનું ઝેર ઉતરે છે. આંતરડાના દરદ ઉપર સારી અસર કરે છે. અરૂચી, શ્વાસ, ગુલ્મ પીત અને ઝાડો મટે છે. ૯૬ **ખીજડો**—મુળ અને છાલનો ઉકાળો સંગ્રહણી ઉપર આપે છે. પાનની રાખ છોકરૂ ભરાણુ હોય ત્યારે મધમાં આપે છે. ઢારનો ચારો છે. શીંગનું શાખ થાય છે. દશેરાને દીવસ લોકો પુજન કરે છે. અતીસાર, કફ ને દમ મટે છે. ૯૭ **ખડબ્રાહ્મણાં**—ફળ લોકો ખાય છે. કફ, વા, બળતરા અને તાવ ઉતરે છે. ૯૮ **ખડસમેરવો**—ઢાર તથા ઘોડા આ ચારો બહુ ખાય છે. ૯૯ **ખડશેલીયો**—તાવની એક ઉમદી દવા છે. ગળો, મરી તથા ખડશેલીયો, કફ, ઝાડો, તાવ, અને અજીરણ ઉપર વાપરે છે. ઉનવા, તણખીયો અને પ્રમેહમાં પીતપાડા સાથે આપે છે. ૧૦૦ **ખણેર**—પેશાબના દરદમાં દુધ સાથે પાય છે. ઢારનો ચારો છે. શીંગોનું શાક કરે છે. ૧૦૧ **ખરખોડી**—ડોડીનું શાક લોકો ખાય છે. મુળ વાટીને સોજા ઉપર ચોપડે છે. કાનના દુખાવામાં તેલનાં ટીપાં નાખે છે દમ, ઉધરસ, અને ઝાડામાં પાન મધ સાથે ખવરાવે છે. ૧૦૨ **ગલીંગોબાટ**--મુળ વાટીને સંખીવાના સોજા ઉપર લગાડે

છે. પાનની ભુકી દમ, ઝાડા, પ્રમેહમાં વપરાય છે. પૌષ્ટીક છે બકરાં ચારો ખાય છે. ૧૦૩ **ભોંપાત્રી**—પૌષ્ટીક છે. ઢારનો ચારો છે. પ્રમેહમાં સાકર સાથે ખવાય છે, લોહી સુધારે છે. શાક થાય છે. ૧૦૪ **ખરસાણીથોર**—બકરાં ખાય છે, આતશબાજીનો દારૂ બને છે. દુધ, બાજરાનો લોટ અને ગોળની ગોળી કરીને ખાવાથી જુલાબ થાય છે. બરેલ, કોઢ, વા, શુળ, સોજા, આફરો, ઉન-માદ, તાવ અને પથરી મટે છે. ૧૦૫ **ખસઘાસ, વાળો**--સુગં-ધીઘાસ છે. સંધીવા, તાવ અને લોહીવીકારમાં વાપરે છે. ૧૦૬ **વિદારીકંદ**—વીદારીકંદ પૌષ્ટીક પાકમાં વપરાય છે. સ્ત્રીઓ તથા ભેંસમાં દુધ વધારવું હોય તો દુધ સાથે કંદ ખવરાવે છે. દુકાળમાં ગરીબ લોકો ઘણો ખાય છે. ધાતુ પુષ્ટી દુધમાં આપવાથી વધે છે. ભૂખ અને તરસ છીપે છે. **વિદારીકંદ**-ઢોર વેલા ખાય છે. ૧૦૭ **ખાખરો, પલાસ**--ફળ અને છાલ સંગ્રહણી અને ઝાડામાં વપરાય છે. રસ છાતીમાંથી લોહી નીકળતું હોય ત્યારે પાય છે. જખમ રૂઝાવે છે. પાનની રાખ ચાંદા અને ભાઠાં ઉપર લગાડે છે, ફુલ પેશાબના દરદમાં ઉકાળીને પાય છે, ફુલમાંથી રંગ બને છે. હોળીમાં લોકો ઘણો વાપરે છે. બી ને **પીતપાપડો** કહે છે તે છાશમાં વાટીને ખરજવાં ઉપર લગાડે છે. બીને બાળીને ચો-ખાના ધોણમાં કસુવાવડીને પાય છે. ગુંદને **કમરકસ** કહે છે. આંખની વેલ અને ફુલામાં અંજન કરે છે. પાન ખવરાવવાથી દુધ વધે છે. સ્ત્રીઓના દરદમાં ઉપયોગી છે. ડાખળીનું દાતણ કરવાથી દાંત મટે છે. ૧૦૮ **ખાટખટુંબો**-પાનનાં ભાજીયાં થાય છે. જખમમાં જીવાદ પડી હોય ત્યારે પાન બાંધે છે. ૧૦૯ **ખારીજાર, પીલુ**-મુસલમાન લોકો દાતણ કરે છે. પાન મીઠા સાથે અજીર્ણ, વાયુ અને શુળમાં પાય છે. મધ સાથે ઉધરસમાં પાય છે. પીલુડાં મેવા તરીખે ગરીબ લોકો ખાય છે. બીમાંથી તેલ નીકળે છે તેને ખાંખણનું તેલ કહે છે. સંધીવા ઉપર ઉપયોગી છે, લોહી વધારે છે. ૧૧૦ **ખજુર**—મુળયાં પેશા-બના દરદમાં દુધ સાથે પાય છે. વેલા ઢોર ખાય છે, શીંગો

શાક થાય છે. ડોડી બદામના જેવી સ્વાદીષ્ટ છે. ૧૧૧ **ખેતરાઉ-કુબો**—દુકાળમાં પાન ગરીબ લોક ખાય છે. સર્પ પાસે આવતો નથી. ૧૧૨ **ખેતરાઊજીંજવો**—ઘાસ ઘણું નરમ, તથા પાતળું હોય છે, નબળાં અને અશક્ત જાનવરને ઉપયોગી છે, દુધ વધે છે. જીંજવા અને સણીઆર ઘાસને સુકવે છે. વરસાદ ન પડે તોપણ ઉગે છે. ૧૧૩ **ખળદાણા**—ઉનવા, મુત્ર કચ્છ, તાવને મટાડે છે. પૌષ્ટીક છે. ૧૧૪ **ખેર**—છાલમાંથી કાથો બને છે. મુળ અને છાલ ઝાડો, ઉધરસ, પ્રદર ઉપર ઉપયોગી છે. શીંગનું અથાણુ કરે છે. પાન ઢોર ખાય છે. ચામડાં શીકારી લોકો રંગે છે. ગુંદ પૌષ્ટીક છે. સ્ત્રીઓ બહુ ખાય છે. ઉધરસ અને અરૂચીમાં આપે છે. ૧૧૫ **ગજવેલ, એકલકંટો, સતાવરી**—પૌષ્ટીક છે. મુત્ર વધારે છે, ઝાડા, આંચકી, અને રક્તસ્ત્રાવમાં અપાય છે. ઢોર બહુ ખાય છે. પુરૂષત્વ વધારે છે. સતાવરીનું ઘી મગજ તંતુઓ મજબુત કરે છે. પ્રમેહ, ઉનવા, તણુખીઓ અને કમકૌવત મટાડે છે. શરીરની ખોટી ગરમી મટે છે, માથાના ચકર મટાડે છે. બુધી વધે છે અને અગ્ની વધારે છે. ૧૧૬ **ગળી**—પૌષ્ટીક અને રેચક છે. સોમલના ઝેરમાં મુળીયાનો કાઢો પાય છે. ઘોડાના ભાઠાં ઉપર લગાડે છે. ઉધરસ તથા જ્ઞાન-તંતુના દરદમાં ઉપયોગી છે. ભેંસને ઓળ પડતી નહોય ત્યારે ગળીના પાન અને અરણીના પાનનો કાઢો પાય છે. ૧૧૭ **ગદબ**—જાનવરોનો ચારો છે, પૌષ્ટીક છે. દુકાળમાં ઘણી ઉપયોગી-નીવડેલ છે, દશ વરસ સુધી પાક આપે છે. જમીન સુધરે છે. ૧૧૮ **ગરમાળો**—રેચક છે અજીર્ણ, મળાવરોધ, પેટમાં ભાર ઉપર પાય છે. ગરમાળાનું મુળ દુધ સાથે પીવાથી ચામડીના તમામ રોગ ખસ, દાદર, કોઢ વીગેરે મટે છે. ૧૧૯ **ગળો**—તાવ, નબળાઈ, કમળો, સંધીવા, પ્રદર, પ્રમેહ, અજીર્ણ ઉપર આપે છે. સનેપાત તથા ક્ષયમાં ઉપયોગી છે. આંબા, વડ અને લીંબ-ડાની ગળો ઉંચી જાતની છે. ધાતુપુષ્ટ છે, જાનવરોનો ચારો છે. ૧૨૦ **ગાય વસુકણુ**—કરમ, અજીર્ણ, ને જલંદરમાં મરી સાથે

ફાકી આપે છે, રેચક છે. ગાય ખાય તો દુધ ઓછું થાય છે. બકરાં બહુ ખાય છે. ૧૨ ગાંગડ—અથાણુ અને શાક કરે છે. ઢોરનો ચારો છે, ઝાડા અને સંગ્રહણી ઉપર આપે છે. ૧૨૨ ગાંડો વેલો—વેલામાં છેદ મુકવાથી પાણી ઘણુ નીકળે છે. મુસાફરો તે બહુ વાપરે છે. ૧૨૩ ગીનીગ્રાસ—નાં થુબડાં થાય છે. ઘોડા બહુ ખાય છે. ત્રણ ચાર પાક વરસમાં આપે છે, શકતી આપનાર છે. ૧૨૪ ગુગળ—ઉંટ અને બકરાં ચરે છે. ભગંદર, હરસ, સંધીવા વીસ્ફૂટક, ક્ષય, સંગ્રહણી, તથા લોહીવીકારમાં ઘણો વપરાય છે. ૧૨૫ ગુગળ—સડતાં ચાંદાં તથા ગડ ગુમડમાં મલમ લગાડે છે. કંઠમાળ તથા જલંદરમાં પણ વાપરે છે, ગુગળ બાળવાથી હવા સ્વચ્છ કરે છે. દાંત દુખતા હોય તો દાતણ કરવાથી ફાયદો થાય છે. ફળ મીઠાં સાથે ખાવાથી બળ વધારે છે. ૧૨૬ ગુવાર—ઢોરનો ચારો છે. બી બાફીને ખવરાવે છે, તાકાદ આવે છે. ગુવારનું શાક ખાવાથી રતઆંધળો મટે છે. દુધ અને ઘી વધે છે. ૧૨૭ ચણોઠી—મોઢું પાક્યું હોય ત્યારે પાન ચવરાવે છે, ચણોઠી ઝેરી છે. ફોતરામાં ઝેર છે. બી વાટીને ચમારલોકો પુંછડામાં જખમ કરીને ભરે છે તેથી ઢોર મરી જાય છે. પાન–ઉનવા તથા તણખીયાંમાં વાટીને સાકર સાથે આપે છે. રસવંતી અને ચણોઠીના બી ટાલ પડી હોય ત્યારે માથે ભરવાથી વાળ આવે છે. ધોળી ચણોઠી કમ કવતમાં વાપરે છે. ૧૨૮ પડીયો—ઢોરનો ચારો છે. હજારો જાનવરો બચ્યાં હતા, કૃમી, કફ, શ્વાસ અને પ્રમેહ મટે છે. ૧૩૨ ગોખરૂમીઠાં ગુરદા અને કુકણાના દરદમાં વાપરે છે. ઢોર બહુ ખાય છે. પ્રદર અને ગર્ભસ્થાનના દરદમાં બહુ ઉપયોગી છે. ૧૨૯ ગોરખ આંબલી—ઢોરનો ચારો છે, મોઢું પાક્યું હોય ત્યારે ગુંદર સાથે રખાય છે. મરડો, ઝાડો અને સંગ્રહણીમાં દાડમની છાલ સાથે પાય છે. ૧૩૦ ગોરખ ગાંજો—મુળીયા દહીમાં વાટીને કમળાવાળાને પાય છે. સુકા પાનની ચલમ દમવાળાને પાય છે. ૧૩૧ ગોરખ મુંડી—મુત્ર કચ્છ, પાંડુ, અરૂચી, વાઈ, બરેલ, ગંડમાળ, ઘેલછા, ઉધરસ, દમ, કોઢ અને શુળમાં ઉપયોગી છે. ૧૩૨ ધાકુંડી—મુળીયાં દુકાળમાં ઢોર ખાય છે. પાન હાથી ખાય છે. ફુંડીને બાળી તેલમાં મેળવીને જખમને લગાડે છે. ૧૩૩ ધીતેલી—ઉધરસ દમ અને તાવ ઉપર ઉપયોગી છે. ૧૩૪ સરપંખો—ઝાડા અને અજીરણમાં પીપર સાથે કવાથ અપાય છે. બરેલ વધી હોયતો મુળીમાં છાશ

સાથે પાય છે, લોહી વીકાર તથા હેડકીમાં મરી સાથે આપે છે. પાનની ભુકી જખમ રૂઝાવે છે, ટાઢીયાતાવ તથા સર્પદંસ ઉપર ઉપયોગી છે. સરપંખાનું ચુર્ણ એક મહીનો ખાવાથી અંડવૃધી મટે છે. ૧૩૫ ચગીમોથ–ગરીબ લોકો દાણા દુકાળમાં ખાય છે. ૧૩૬ ઘોડાચીઓ–ઘોડા ખાય છે તથા દાતરડાના જખમ ઉપર પાન બંધાય છે. ૧૩૭ ચમારદુધી–ઉધરસ અને કફ ઉપર ઉપયોગી છે, ઢોરના ચામડા ઉપરથી વાળ ઉતારવાનું કામ કરે છે. ૧૩૮ ચીમેડ–આંખના દરદમાં ભરણુ ભરાય છે, અજીર્ણ, બદહજમીમાં વાપરે છે. સ્ત્રીઓ પ્રદરમાં વાપરે છે. પૌષ્ટીક છે. કફ, વા, ગુલ્મ, આફરો, હરસ, હેડકી, દમ, તથા મુત્રધાત મટાડે છે. પાકમાં વાપરે છે. ૧૩૯ ચીત્રક, ચીત્રો–મુળીયુ વાટીને બળદના મસા ઉપર લગાડે છે. પૌષ્ટીક પાકમાં પડે છે. અરૂચી. આફરો, મુઝારો મટાડે છે. ૧૪૦ ચીલની ભાજી–પૌષ્ટીક છે. ઉત્તેજક અને મુત્રલ છે, ભજીયાં લોકો ખાય છે. પેશાબ બંધ થયો હોય ત્યારે ખવરાવે છે. ૧૪૧ ચોધારો–પાનની ગોળી અરૂચી ઉપર આપે છે, તેની રાખ, પીપર અને મધ ઉધરસ મટાડે છે. સ્ત્રીઓના ગર્ભસ્થાનના દરદમાં કાઢો પાય છે. ૧૪૨ ચંપો, પીળો આસંદરો–ઢોર બહુ ખાય છે. મુળ ઘસીને રસ વીકાર તથા સંધીવા ઉપર ચોપડે છે, પાનનો ઉકાળો ઢોરમાં શીળી નીકળે છે ત્યારે રબારી લોકો પાય છે. મુળનો કાઢો ઝાડામાં ઉપયોગી છે. ૧૪૩ માકડગંધી–મુળ તાવમાં ઉપયોગી છે. ૧૪૪ ચીનાઈ ઘાસ સ્ત્રીઓને પ્રદરમાં ખવરાવે છે. પારસી, યુરોપીયન બહુ ખાય છે. ૧૪૫ ઉભી બહુફળી, છ ધારી છુંછ–ઢોર ખાય છે, પાનની ભાજી તાવમાં ખવરાવે છે. પાન વાળા તથા સોજા ઉપર બાંધે છે. ઝાડામાં ઉપયોગી છે. ૧૪૬ ધ્રો–સદા લીલું રહે છે. જાનવરોનો ચારો છે, જખમ જલદી રૂઝવે છે. મુળનો કવાથ પ્રદરમાં સ્ત્રીને પાય છે. ઝાડા તથા સંગ્રહણીમાં ઉપયોગી છે, પીત, તરસ, ઉલટી, બળતરા, મુર્છા અને રતવા મટાડે છે. ૧૪૭ છુંછ, બહુફળી—ધાતુ પુસ્ત તરીખે પ્રસીધ છે. પોટસીયમ કારબોનાસ, ફળી અને ગોખરૂ, ગુરદા, ફુકણા, પ્રમેહ અને પેશાબની બળતરા ઉપર આપે છે. લુવાબ સ્ત્રીઓને પ્રદરમાં આપે છે ઝાડા, સંગ્રહણી અને હરસની બળતરા ઉપર આપે છે. દુધમાં ફાકી ધાતુ પોષ્ટીક તરીખે પાય છે. કળતર, માથામાં ચકર, આંખની ઝાંખ, હાથ પગની બળતરા, છાતીનો ધબકારો. તથા સ્વપ્ના ઉપર આપે છે. પીપર, બહુફળી ને સાકર સાંજે વખત પીવાયતો શરીર કંચન થાય છે. ઢોર, ઉંટ, બકરાં ઘણાં ખાય છે.

૧૪૮ **જલજમની, વેવડી**—કાઢો તાવ, સંધીવા ને મુત્રાશયના દરદમાં વાપરે છે, અજીરણુ અને શીરસ ઉપર મરી સાથે પાય છે, પાન પાણીમાં ચોળ્યાં હોય તો પાણી જામી જાય છે. કુલ અને ફળ પ્રદર, પ્રમેહને, ગરમીના દરદમાં આપે છે. ઢોર, ઉટ ને બકરાં ઘણા ખાય છે. ૧૪૯ **જલજાંબવો, પાણીની ભાજી**—શાક લોકો ખાય છે. સ્ત્રીઓને ધાવણુ વધારવાને શાક ખવરાવે છે, રતવા અને ધામીયાં ગુમડાં ઉપર ચોપડે છે. ઝામરા ઉપર ઠંડક સારૂ બાંધે છે. ૧૫૦ **જલદુધી**—દુકાળમાં પાન અને ફળ લોકો ખાય છે, તાજાં મુળીયાં કમળામાં અકસીર દવા છે. ૧૫૧ **જલનેવરી. કડવી લુણી**—છોકરાંને પેટના દરદમાં પાય છે તેથી જુલાબ લાગે છે. કબજીઅત અને પેશાબના દરદમાં અકશીર દવા છે. ગુલ્મ, બરલ, કૃમી અને ઉંદરના ઝેર ઉપર સરસ અસર કરે છે. ગુંબડાં ઉપર ચોપડવાથી મટે છે. ૧૫૨ **જલશંખલો**—કાઢો ઉધરસ અને સંગ્રહણી ઉપર આપે છે. ૧૫૩ **જવાસો**--મુળીયાં અને છાલનો કાઢો પ્રમેહ, પ્રદર અને સંગ્રણી ઉપર આપે છે, ધુવાડી હરસ ઉપર ઉપયોગી છે. પાન, કાકડીના બી, મરી ગરમીના દીવસમાં પીયે છે. લુ લાગતી નથી. રાખ મધ સાથે દમ અને ઉધરસ ઉપર ઉપયોગી છે, પાણી ખરજ અને લુખસને લગાડવાથી મટે છે. ભેંસ અને ઉંટ ખાય છે. દુકાળમાં ઉપયોગી હતો, મદ, ભ્રમ, લોહી બીગાડ, કોઢ, વાયુ, લોહીની ઉલટી મટાડે છે, દુધ સાથે પીવાથી તાકાદ વધે છે. ઉનાળામાં જવાસો લીલો હોય છે. ૧૫૪ **જાંબુ, રાવણાં**–છાલનો ઉકાળો પ્રમેહ, પ્રદર, અને ઝાડો મટાડે છે. જાંબુનો રસ મુત્રકચ્છ અને અરૂચી ઉપર ઉપયોગી છે. પાનનો રસ સંગ્રહણી ઉપર અસર કરે છે, બીની ભૂકી ઝેરકોચલાના ઝેર ઉતારવામાં વાપરે છે, જાંબુ પથરીના દરદમાં ઘણાં ઉપયોગી છે. મીઠી આવળ અને જાંબુ રક્તપીતના દરદમાં સારી અસર કરે છે. બળતરા, કંઠે રોગ, શ્વાસ, પીત ને કફ મટાડે છે. ડુંગરી જાંબુના ઠરીયાની ભૂકી મધુ પ્રમેહમાં વાપરે છે. લીલાં પાન ચારા તરીખે ઢોર ખાય છે. ૧૫૫ **ઝીપટો**—નો રસ ઢોરને જલદી બચ્ચુ અવતરે તે ઉપર પાય છે, ઢોરનો ખાસ ચારો છે. દુધ ચીકાશદાર થાય છે. ફળ સાકર સાથે પેશાબની બળતરામાં ખાય છે. મુળીયાં સંગ્રહણીમાં આપે છે. પાન બાંધવાથી જખમ રૂઝાય છે, સાકર તથા મુળીયાં ખાવાથી લોહીનો ઝાડો બંધ થાય છે. ધાતુ પુષ્ટ અને ઠંડો છે. ૧૫૬ **જેઠીમધ**–પેટની પીડ઼ ઉપર સાજી ખાર સાથે આપે છે. ઉધરસ, લોહી વીકાર, કંઠના દરદોમાં ઉપયોગી છે. ૧૫૭ **જીંજવો**—આ ઘાસ

નબળાં ઢોર બહુ ખાય છે. દુધ વધે છે. જધેરીયાની શીંગઢોર ખાય છે. ૧૫૮ **જંગલીકાંદા**–પાણુકદો. કફ અને ફેફસાના દરદમાં આપે છે. મુત્ર પીંડના દરદમાં આપે છે. તેથી પેશાબ છુટે છે, દમની અંદર અફીણ, સીંધવ તથા કાંદો આપે છે. ૧૫૯ **ઝરસ**–તાવ, અજીરણ તથા મુત્રઘાત ઉપર આપે છે. સ્ત્રીઓને માસીક સ્રાવ ઓછો આવે તો પુરો લાવવાને આપે છે. પૌષ્ટીક પાકમાં પડે છે. ૧૬૦ **ઝેરેર**–કવાથ કલેજાં અને પેશાબના દરદમાં આપે છે. પૌષ્ટીક પાકમાં પડે છે. પેશાબ ઘણો વધે છે. ઇશેસ, કાંકચીયા અને ઝરેર ખાવાથી વધારાવળની પીડ મટે છે. ૧૬૧ **ઝાવ**, લઈ–રબારી લોકો ઢોરમાં શીળી નીકળ્યાં હોય ત્યારે છાશમાં પાય છે. ઝાડો બંધ કરે છે. ૧૬૨ **ઝાડ આવળ, મીંઢી**–ઢોરનો ચારો છે. માણસને જૂલાબ થાય છે. સુનામુખી અકસીર દવા છે, લોહી સુધારે છે. "ધ્રામણું, કુલ ઘાસ, અને ભંગોરૂ એ સઘળાં ખાશ ઘાસ ઢોરનો ચારો છે." ૧૬૩ **હાથીસુંઢું**–હડકાયા કુતરાના કરડ ઉપર લગાડે છે. તાવમાં બાફ આપે છે. ૩૬૪ **પાંદડીઓ** તથા **મઝુચાનું** ઘાસ ઢોર ખાય છે, **સમેરવો** ઘોડા ઘણું ખાય છે. ૧૬૫ **પીઠવણ**–છોકરૂ ગળતુ જતુ હોય ત્યારે બી દુધમાં ગરમ કરીને પાય છે, છોકરૂ ભરાણું હોય તો દુધમાં ઉકાળીને પાય છે. ચાંદાં અને ભગંદર ઉપર બીની ભૂકી છાંટે છે તેથી રૂઝાય છે, ધાતુ પૌષ્ટીક છે. લોહીના ઝાડામાં અસર કરે છે. ઉધરસ, ઉન્માદ, તાવ, શ્વાસ અને ત્રીદોષ મટે છે. ૧૬૬ **સામો**–ઢોર ખાય છે. બી ગરીબ લોકો ખાય છે. ૧૬૭ **વસેડો**–ઓરલા ગોરલાને મળતો છે ભેંસને દુધ વધારવાને ખવરાવે છે. આંખના રોગ મટે છે. ઉંદરનું ઝેર ઉતરે છે. સુતીકા રોગમાં સ્ત્રીઓને સોજા ચડે છે તે ઉપર ચોપડે છે. ૧૬૮ **ડોસીનોકુબો**–પાનનો રસ દમ, કફ અને સળેખમમાં પાય છે. સંધીવા ઉપર સારી અસર કરે છે. પક્ષ ઘાત, અજીર્ણ, કમળો, સોજો અને પ્રમેહમાં ઉપયોગી છે. ૧૬૯ **ઝીલ**–મુળ વાટીને વીછીના ડંખ ઉપર ચોપડે છે મુળ દુધમાં પાવાથી જૂલાબ થાય છે, દાતણ કરવામાં આવે છે. પાન–જખમ અને ભાઠાં મટાડે છે. આવળ અને ઝીલનાં પાન આફરામાં મીઠું નાખીને પાય છે. દુકાળમાં ગરીબ લોકો ખાય છે. બી પૌષ્ટીક છે. ૧૭૦ **મુડીઓ, મુઆરખીનો પાલો**–પાન રતવામાં ચોપડે છે, સુવાવડી સ્ત્રી ઝલાઈ ગઈ હોય તો નવરાવે છે. છોકરૂ ભરાય ગએલ હોય તો પાન વાટીને પાય છે. ઉધરસ, વાઇ, બાંતી અને હેડકીના દરદમાં ઉપયોગી છે. ૧૭૧ **ટીંબરૂ**–છાલનો

ક્વાથ સંગ્રહણી અને ઝાડામાં પાય છે. કાચાં ફળના રસથી જખમ રૂઝાય છે. કાચાં ફળની ભુકી પ્રદરમાં વપરાય છે. પાકા ફળ લોકો બહુ ખાય છે. ૧૭૨ ડુમરી–પૌષ્ટીક છે. મુત્રકચ્છ, પીતરોગ, બળતરા મટાડે છે. રતવા ઉપર ચોપડે છે. ઢોરના ભાઠાંમાં જીવાદ પડી હોય ત્યારે લગાડે છે. ફળ પાકાં ખવાય છે. ૧૭૩ ડીકામારી–માલણુના ગુંદને ડીકામારી કહે છે. એળીયા સાથે પેટના દુખાવામાં સારી અસર કરે છે. કરમ, બદહજમી, વાયુ, કોલેરા, અને આંચકીમાં ઉપયોગી છે. જખમ ઉપર લગાડવાથી માખી બેસતીજનથી. ડીકામારી, હીંગ, કપુર સાથે મેળવી ગોળી ખાવાથી કોલેરામાં ફાયદો કરે છે. ઉલટી બંધ કરે છે. ડીકામારી પેશાબ વધારે છે, શરીરની ગરમી કાયમ રાખે છે. ૧૭૪ બીડ–ગરીબ લોકો અને ઢોર ખાય છે. ૧૭૫ ડોડી, મુળીયાં પાવાથી ઉલટી થાય છે અને કફ છોડે છે. ૧૭૬ ડાંભો, ઢોર ખાય છે. ગરીબ લોક શાક કરે છે. પેશાબ વધે છે. ગુમડાં અને ઝામરવા ઉપર લગાડે છે. છોડની રાખ મધ સાથે ઉધરસ અને દમમાં વાપરે છે. ૧૭૭ તકમરીયાં–સાકરમાં પલાળીને, ગરમી, પ્રદર, પ્રમેહ, કફ, ઝાડા, અને સંગ્રહણીમાં પાય છે. ઢોરનો ચારો છે. ચાંચડ અને મચ્છર ઘરમાં થયા હોય તો છોડ ઘરમાં બાંધે છે. સુકા પાનનો મલમ ખસ અને દાદર ઉપર ચોપડે છે. ૧૭૮ તનમની, ગંધારી તલવણી–ટાઢીઆ તાવમાં અકસીર ઇલાજ છે, લોકો શાક ખાય છે. પેટના રોગ, વા, ગુલ્મ, બરલ, આફરો અને શુળ મટાડે છે, આંખના સોજા ઉપર બાંધે છે, કાનમાં ટીપુ નાખવાથી પરૂ બંધ થાય છે. કાંકચીયાના પાનના રસ સાથે બરેલ અને મુઝારાના દરદમાં પાય છે. ૧૭૯ તવરીયાં–– ઢોરનો ચારો છે, દુધ વધે છે. દુકાળમાં કામ આવે છે. ફળ ખવાય છે. ૧૮૦ તુલસી––સુગંધી છે, પુજે છે, હવા સ્વચ્છ રાખે છે. પાનનો રસ કાનના દુખાવામાં નાખે છે. બળદનું શીંગડુ ખરી જતું હોય ત્યારે લોકો છોડ બાંધે છે. પૌષ્ટીક પાકમાં બી પડે છે. પ્રમેહમાં બી ખવરાવે છે. ૧૮૧ હાથલો થોર, કંટાળો––દુધ લાગે છે તો ફોલ્લા ઉઠે છે. દુધમાં હરડે અગર નસોતર પલાળીને પાય તો શખ્ત જૂલાબ થાય છે. જલંદર અને આફરામાં પાય છે. હડકાયુ કુતરૂ કરડે છે ત્યારે પાય છે, પાનની કચુંબર અને શાખ થાય છે, રાતા ડોડવાનું શરબત થાય છે. અમેરીકામાં ઘણો ઉપયોગ ખોરાકમાં થાય છે. ૧૮૨ થોર વેલ, સોમવેલ–ઉધાઈ જમીન ઉપર તથા ઝાડ ઉપર થઈ હોય ત્યારે

પાણીમાં પલાળીને છાડ અને જમીન ઉપર છાંટે છે, વેલને ખાવાથી તરસ મટે છે, ભુખને વધારે છે. પાચન શક્તિ વધે છે, ત્રીદોષ મટે છે. ૧૮૩ દર્ભઘાસ—દુકાળમાં ઢોરનો ચારો છે. તાવ, મુત્રકચ્છ, દમ, કફ, સ્ત્રીઓના રૂતુ રોગ, વીર્યના રોગ મટાડે છે. પુરૂષને ઉપયોગી છે. ૧૮૪ દારૂડી—રસ સંધીવામાં ચોપડે છે. રસ જલંદર અને કમળાના દરદમાં ઉપયોગી છે, પાનની પોટીશ પાઠાં અને મરકીની ગાંઠ ઉપર લગાડે છે, આંખ ઉપર ચોપડે છે. મુળીયાની રાખ તેલમાં મેળવીને ખરજવાં, દાદર, ભાઠાં અને ખસ ઉપર ચોપડે છે. ૧૮૫ દુધી, રાતો ઠાકર દુમરો—પારાને બાંધે છે, ગર્ભ સ્થાપન કરે છે, વીર્ય વધારે છે, દુધ વધારવાને સ્ત્રીને છોડવો પાય છે. ઝાડો કબજ કરે છે, મુળ ઉલટી મટાડે છે, દમ મટાડે છે. ૧૮૬ દુધીઓ વછનાગ, ઝેરી છે—મુળ અને પાન સંધીવામાં ચોપડે છે. છોકરૂ જલદી આવે માટે ડુંટીએ સ્ત્રીને મુળીયાં વાટીને ઘસે છે. ઓર પડતાં વાર લાગે તો હાથે પગે મુળીયું ચોપડે છે. મુળીયું એક વાલ ખાય તો પાચનશક્તિ વધે છે, સર્પના ઝેરમાં મુળ ખવરાવે છે. મુળના લેપથી સુકો ગર્ભ જલદી પડે છે. કફ, વા, શુળ, કોઢ, ખરજ અને સોજા મટે છે. ૧૮૭ ધતુરો, ઝેરી છે. પાનનો રસ સોજા ઉપર ચોપડે છે, સુકા ફળની ચલમ દમના દરદવાળા પીયે છે. હડકવા, ધનુરવા, ઘેલછા, ટાઢીયા તાવમાં અસર કરે છે. ધતુરાનું ઝેર ઉતારવાને ચાંગેરીનો રસ પાય છે. ૧૮૮ ધમાશો—મુળીયાં પેસાબ સાફ લાવવાને આપે છે. ખસ, ખરજ અને દાદરમાં ચોપડે છે. ધમાસો અને ગળો લોહી વીકારમાં આપે છે. તાવમાં મરી સાથે ધમાસો પાય છે, ઢોરનો ચારો છે. ધમાસો, ખડસીલીઓ, સદેરડી અને મરી પાવાથી તાવ ઉતરે છે અને શક્તિ વધે છે. ચાંદા ધમાસાથી ધોવાથી પરૂ બંધ થાય છે. ૧૮૯ ધરફોઘાસ જાનવરો બહુ ખાય છે. ૧૯૦ ધ્રો ઘાસ—લીલુ ઘાસ જાનવરો બહુ ખાય છે. દવામાં ઘણી ઉપયોગી છે. પ્રદર અને પ્રમેહ મટાડે છે. ૧૯૧ ધાનવેલ—મુળીયું સંગ્રહણીમાં પ્રસિદ્ધ દવા છે. પ્રદર, પ્રમેહ, અત્યાર્તવમાં પાય છે. ૧૯૨ ધ્રામણ—લાકડાની ભુકી અફીણનું ઝેર ઉતારે છે. ધ્રામણાં લોદા ખાય છે. ભેંસને દુધ વધારવાને ખવરાવે છે. ચારા તરીખે ઉપયોગી છે. ૧૯૩ ધાવડી—પાન પ્રદર ઉપર પાય છે. ફુલની ચાહ દુધ સાથે સંગ્રહણી, રકત પ્રદર, રકતશ્રાવ અને છાતીમાંથી લોહી પડતું અટકાવે છે. વંસલોચન અને ફુલ ઉધરસ મટાડે છે. ઢોરને ઝાડામાં આવળના પાન તથા ધાત-

ડીના પાનનો કાઢો પાય છે. **ધાવણી**-ફુલ, બીલાં, લોદર, વાળો, ગીજપીપરનો ક્વાથ કરી પીવાથી રકત અતિસાર મટે છે. અત્યાર્તવમાં મધ સાથે ફુલ ખવરાવે છે. ફુલના કાઢાથી ઉલટી બેસે છે. ભુકી લગાડવાથી જખમ રૂઝાય છે. રતવા, કફ, અને લોહીવા મટાડે છે. સ્ત્રીને ગર્ભ ન રહેતો હોય તો સેવન કરવાથી રહે છે. ૧૮૪ **ધોળો સરસ**-દશાંગ લેપ બનાવવાને ઉપયોગી છે. રતવા, ઝેરી સોજા વીગેરે મટે છે. ૧૯૫ **નગોડ**-મુળીયાં, તાવ, કફ અને કમ કૌવત મટાડે છે, આંખના દુખાવામાં પાન બાંધે છે. ધારાં, ચાંદાં, નાસુર, ભગંદર ઉપર લગાડવાથા સારી અસર કરે છે. ફુલ અને ફળ પૌષ્ટીક છે. પાઠાં ઉપર નગોડ અને આરવેલની પોટીશ મુકે છે. નગોડ કેશને કાળા કરે છે. કમરમાં ઝલાઇ ગયેલ દરદીને નગોડથી તે દરદ મટે છે. ચાવવાથી દાંત હાલતા બંધ થાય છે. સુતીકા રોગમાં અને આંચકીમાં ઉપયોગી છે. નગોડનાં પાન બાફીને બાંધવાથી ગલગંડ અને કંઠમાળ નરમ પડે છે. વાળ કાળા કરે છે. ૧૯૬ **નાડાની ભાજી**-નું લોક શાક ખાય છે. અફીણ અને સોમલના ઝેરમાં વપરાય છે. ૧૯૭ **નકાર વાંસ**-ઘોડાને સખ્ખમ થયું હોય ત્યારે પાન ખવરાવે છે. ઢોરની ઓળ પાડવાને લીલા વાંસના પાન ખવરાવે છે. જનાવરોનો ચારો છે. વાંસનું અથાણું થાય છે. વાંસ પૌષ્ટીક છે. બી ગરીબ લોક ખાય છે. વાંસની અંદરથી ધોળો પદાર્થ નીકળે છે તેને વંસલોચન કહે છે. ઉરરસ અને ક્ષયમાં ઉપયોગી છે. ગર્ભ રહેવાને સ્ત્રીને પાનનો ઉકાળો પાય છે. ૧૯૭ **નરસરી, નાલી**-દુકાળમાં ઢોરનો ચારો છે. ૧૯૯ **નાગરમોથ**-તાવના ઉકાળામાં અપાય છે. સુગંધી છે. સંગ્રહણી, અજીરણ ઉલટી, ઝાડા અને નળ વાયુ ઉપર વાપરે છે. ૨૦૦ **નાલીએર**-તેલ ઘણું વાપરે છે. ખાવામાં તથા માથામાં વપરાય છે. ભીલામા ઉપર નાલીએર ખવરાવે છે. નાલીએરની તાડી દક્ષિણમાં સ્ત્રીઓ રૂપ વધારવાને પીએ છે. ખોળ ઢોરને ખવરાવે છે. ૨૦૧ **નાની ગોરખમુંડી**-કાનના તથા પેટના દુખાવામાં ઉપયોગી છે. હીસ્ટીરીયા, આંચકી, અનિયમીત રૂતુમાં સ્ત્રીને ક્વાથ પાય છે. ૨૦૨ **ભોરીંગણી**-છાતીના દરદમાં ઉપયોગી છે. કફ ખાંસી અને દમ મટાડે છે. ૨૦૩ **પનરવો, પથરનાસુવા** લોકો શાક ખાય છે. ઢોર બહુ ખાય છે, પાન યોનીમાં મુકવાથી ઘોડી થાનમાં આવે છે. ૨૦૪ **હરણચરો**-આ ચારો ઢોર તથા હરણ ખાય છે. છોડની રાખ ભાઠાં તથા ચાંદાં ઉપર લગાડે છે પાનની ચા લોકો પીએ છે.

૨૦૫ **પારશપીપળો**–ઢોરનો ચારો છે, સંગ્રહણી અને હરસમાં ઉપયોગી છે. સ્ત્રીઓ બી ગર્ભ ધારણ કરવાને આપે છે. ૨૦૬ **સમેરવો**–ભ્રહીને મળતો છે. તાવ, ભ્રમમાં અને સનેપાતમાં ઉપયોગી છે. કફ, ઉધરસ અને છાતીના રોગ મટે છે. ધાતુપુષ્ટ છે. ૨૦૭ **પીતપાપડો**–ખાખરાના બીને પીતપાપડો કહે છે. તાવ, અરૂચી, ઝાડો, અનિયમિત રૂતુમાં સ્ત્રીઓ વાપરે છે. ૨૦૮ **પીપર, પીપળો**–ઢોર બહુ ખાય છે. મુળનો કાઢો દમ અને ખાંસીમાં વાપરે છે. સુકી ભુકી ભાઠાં અને ચાઠામાં ઉપયોગી છે. ૨૦૯ **પીલુડી**–જલંદર, વીસફુટક અને ચામડીના દરદમાં ઉપયોગી છે. તમામ જાતના સોજા ઉપર ચોપડે છે, પીલુડીનો રસ, સુંઠ અનેપીપર મરકીવાળા દરદીને પાય છે. કલેજાં અને હ્રદયના રોગમાં અપાય છે. તાવ અને ઝાડામાં ઉપયોગી છે, ઉંઘ લાવવાને પાય છે. ૨૧૦ **પીળો કાંટા રોળીઓ**–બી પૌષ્ટીક પાકમાં નાંખે છે, ઢોરનો ચારો છે. વાળ કાળા કરે છે, તાવ, કફ અને સરદી પીવાથી મટે છે. ૨૧૧ **ફાંગ**–પૌષ્ટીક છે, શાક થાય છે, ફુલ મગજને તર કરે છે, માદક છે. ઢોરનો ચારો છે, છાતીનાં રોગમાં ફાયદો કરે છે. ૨૧૨ **સનફુસીયું**–ઢોરને ઓર પડતી નથી ત્યારે રબારીઓ પાય છે. ૨૧૩ **બકાન લીબંડો**–પાનનો રસ કૃમી ઉપર પાય છે, ગુરદાના દરદમાં પેસાબ વધારે છે, પાનનો કાઢો હીસ્ટીરીઆના દરદીને પાય છે, કફ, પીત, જવર, ઉલટી તથા ઉંદરનું ઝેર મટાડે છે. ૨૧૪ **બોલસરી**–ફુલનો ઉકાળો નબળાઈ મટાડે છે, છાલનો કાઢો ગુરદા તથા ફુકણાંના દરદમાં ઉપયોગી છે, મગજ તર કરે છે. ૨૧૫ **લુણી**–લોકો શાક કરીને ખાય છે. ઝાંડો અને પેસાબ સાફ લાવે છે. રતવા ઉપર બાંધે છે, ઢોરનો ચારો છે. ૨૧૬ **બરેલો**–ભાજીનું શાક થાય છે. રત આંધળા માણસ ખાય તો દરદ મટે છે પેસાબ અને દુધ ઘણું થાય છે. ઢોરનો ચારો છે. ૨૧૭ **બહેડાં**–પાન ઢોરનો ચારો છે, સાકરીઆ પ્રમેહમાં ઉપયોગી છે. બી ઘસીને આંખમાં આંજવાથી ફુલ કપાય છે. ઝાડો, સંગ્રહણી અને પ્રદર મટે છે. ૨૧૮ **બાવચી**–કોઢ ઉપર બી ખવરાવે છે અને તેલ ચોપડે છે. બી પૌષ્ટીક છે. ૨૧૯ **બીડ**–ઢોર અને માણસ દુકાળમાં ખાય છે. ૨૨૦ **બીલી**–મુળીયાં હ્રદયના ધબકારા ઉપર આપે છે, પાન લોકો ખાય છે. કાચી બીલી, ઝાડા, મરડો, સંગ્રહણી મટાડે છે. ૨૨૧ **બોરડી**–મુળનો ઉકાળો સડનાં ચાંદા અને ભાઠાં ધોવાય છે પ્રદર, પ્રમેહ, અને ઝાડો મટે છે, ઢોરનો ચારો છે. બોર ખવાય છે, તરસ મટે છે, મીઠાં બોર પૌષ્ટીક

છે. ૨૨૨ **ભીંડી**—પાનનું શાક થાય છે. પીતવીકાર અને સંગ્રહણીમાં ઉપયોગી છે. ઢોર બહુ ખાય છે. બી પૌષ્ટીક છે. ૨૨૩ **ભેરવ, કવચ**—કવચના બી અને ગોખરૂ દુધમાં પીયે છે, પૌષ્ટીક છે. મુળીયાં મગજનાં દરદમાં ઉકાળીને પાય છે. નામરદ માણુસને બીનો પાક ખવરાવવાથી મજબુત થાય છે, કવચનાં પાન નાસુર ઉપર લગાડે છે. શીંગ ઉપરના કાંટા દુધમાં છોકરાને પાય છે તેથી કૃમી પેટમાંથી નીકળે છે, રૂછાળ શરીરે લાગે છે તો ચળ ઉપડે છે તેને ઘી અથવા દુધ ચોપડવું. ૨૨૪ **ભોયફોડા, કાગડા છત્રી**—પાતાળ તુંબડી પણ આ જાતની વનસ્પતી છે. તાવ, કફ અને નબળાઈ ઉપર વાપરે છે. લોકો શાક કરે છે, સારી જગ્યામાં ઉગી હોય તોજ વાપરવી નહીતો ખરાબ અસર કરે છે. ૨૨૫ **ભોંયબલ**—પાન, જીરૂ અને કુવારનો રસ ઢોરને છેરામણુ થયું હોય ત્યારે પાય છે. ગુરદાના દરદમાં બીનો ઉકાળો પાય છે. ૨૨૬ **મગામઠી**—ઢોરનો ચારો છે. આંખના સોજા ઉપર બાંધે છે. તાવ, દાહ અને અતીસાર મટાડે છે. ૨૨૭ **મઠ**—ઢોરનો ચારો છે. માણસ પણ ખાય છે. રક્ત પીત, તાવ અને બળતરા મટે છે. ૨૨૮ **મણુચો**—ઢોર ખાય છે. ૨૨૯ **મરડાશીં**—શીંગની ભૂકી ઝાડા તથા સંગ્રહણીમાં વાપરે છે. મીઠામાં મરડાના દરદમાં આપે છે. મધુ પ્રમેહમાં ખાસ વાપરે છે. ઢોરનો ચારો છે. ૨૩૦ **મરમર**—ઢોર આ ઘાસ ખાય છે. ૨૩૧ **મરીઆદવેલ**—આરવેલ જૂવો પાન વાટીને પાઠાં ઉપર બાંધે છે. સ્ત્રીને ખવરાવવાથી ગર્ભ રહે છે. દરીયાની ભરતી વેલા ઉગ્યા હોય ત્યાં સુધી આવે છે. ૨૩૨ **મેથડી**—અથાણુ કરે છે. ઢોરનો ચારો છે. અજીરણુ અને ઝાડામાં ઉપયોગી છે. ૨૩૩ **કારબાસ**—ઢોરનો ચારો છે પ્રમેહ, પ્રદર અને ઝાડામાં, ઉપયોગી છે. તાવ, દમ અને ઉધરસમાં આપે છે. ૨૩૪ **માધવી, રકતપીતી**—ચામડીના દરદમાં પાનનો લેપ કરે છે, પીત અને કફ મટાડે છે. મગજ તર કરે છે. રક્ત વીકારના સોજા ઉપર ચોપડે છે. ૨૩૫ **માલકાંકણુ**—બ્રહ્મી અને માલકાકણુના પાનનો રસ મગજના દરદમાં પાય છે. પૌષ્ટીક પાકમાં પડે છે, અજીરણુ મટાડે છે. અજમોદ, સમુદ્રફળ, માલકાંકણુ ચોપડવાથી ફેફર મટે છે. પેશાબ વધે છે સંધીવામાં તેલ લગાડે છે. બુધી વધારે છે. આંચકી તેલ ચોરવાથી મટે છે. ૨૩૬ **મામેજવો**—ઘોડા આ ઘાસ ઘણું ખાય છે. સેદરડી, મામેજવો અને મરી ટાઢીબા, એક આંતરીયા અને મેલેરીયા તાવમાં અકસીર દવા છે. ગરીબ લોકો અથાણું કરે છે. શકતી આપનાર છે. ૨૩૭ **મીઠો લીંબડો**—

શરદી મટાડે છે. ઉલટી અને અજીરણમાં વાપરે છે. દાળ તથા કઢીમાં નાખે છે. ૨૩૮ **મીંઢળ**—ખીલ ઉપર ઘસીને ચોપડે છે. ગળ આપવાથી ઉલટી અને ઝાડો મટે છે. છાલનો ભૂકો લોહીના ઝાડામાં ઉપયોગી છે. મીંઢળ શરીરને શુધ કરે છે. ૨૩૯ **મીંઢીઆવળ, સોનામુખી**—ઢોરનો ચારો છે. રેચક છે, લોહી સુધારનાર છે. પેટના દરદમાં ઘણી ઉપયોગી છે, ૨૪૦ **મીંદડીચુંઘાસ તથા મુંજઘાસ**-ઢોરનો ચારો છે. ૨૪૧ **મુંઝાળ**—પાનને તેલ લગાડી બાંધવાથી વાળો મરી જાય છે. રાખ ભાઠાં ઉપર લગાડે છે. ૨૪૨ **મેંદી**—મેંદી રંગના કામમાં આવે છે. અતર કાઢે છે. હેનાનું અતર કહે છે, બી-પૌષ્ટીક છે-છાલનો ઉકાળો બરોળની ગાંઠ, કમળો અને પેશાબના દરદમાં પાય છે. પાનનો રસ સાકરમાં મેળવીને ખાય તો ધાત જતી અટકે છે. આંખ દુખતી હોય તો બાંધે છે. ૨૪૩ **રગતરોહીડો**—મુળ અને ડાંડી દુધમાં ઉકાળીને મુઢઘા તથાં હાડકચરમાં પાય છે. ક્ષય, સંધીવા અને નબળાઈ મટે છે. જલંદર, આંતરડાનાં દરદ, હરસ, મુત્રરોગ વગેરેમાં આપે છે. આંખ અને કાનના રોગ મટે છે. ૨૪૪ **રતવેલીઓ**—રતવા અને ધામીયાં ગુમડાં ઉપર લગાડે છે. પેશાબ બંધ થયો હોય ત્યારે પેડુ ઉપર ચોપડે છે. પ્રમેહ, શ્વાસ, તરસ, મુર્છા અને તાવમાં આપે છે. ૨૪૫ **રત આંજલી**-છાલ સોજા ઉપર લગાડે છે. બી માથે ચોપડે છે તેથી દુખતુ મટે છે. ૨૪૬ **રાહારૂડી**—ફુલનું શાક થાય છે. ગ્રાહી છે ૨૪૭ **રાયણ**—ફળ સ્વાદીષ્ટ અને પૌષ્ટીક છે. ઢોરનો ચારો છે. પ્રમેહ, તરસ, મુર્છા, મદ, ભ્રમ, મટે છે. બી ઘસીને ચોપડે તો વીછી ઉતરે છે. ૨૪૮ **રાતડુઘાસ**—ઢોર ખાય છે. ૨૪૯ **આકડો**—જડનું દાતણ કરે છે તેથી દાંત મજબુત થાય છે. છાલની ભૂકી વીસ ફોટક અને રકત પીતમાં આપે છે. ઉધરસ અને દમ મટે છે. મુળની છાલ ૧ ગ્રેન અફીણ ૧ ગ્રેન બાવળનો ગુંદ ૩ ગ્રેન માં ગોળી કરીને ઝાડા તથા સંગ્રહણીમાં ખવરાવવી. હીસ્ટીરીયા, ધનુર, અરધાંગ, આંચકી અને સનેપાતમાં ઉપયોગી છે જલંદર, મુઝારો, બરલમાં ઉપયોગી છે. મુળીયાં લોહી સુધારે છે. લાકડાની રાખ મધમાં ખાવાથી ઉધરસ મટે છે, મીઠું દુધમાં પલાળીને દાંતે લગાડે તો દાંત મજબુત થાય છે. કલાઇ, અબરખ, દુધમાં પલાળી વાટીને મારવામાં આવે છે. દારૂ હળદર ને આકડાના તથા થોરના દુધમાં વાટીને ભગંદર તથા નાસુર ઉપર ચોપડે છે. દુધ રેચક છે. વાળ કાઢવાને દુધ લગાડે છે, પારો આકડાના દુધમાં મરે છે. સુકા પાનની ભૂકી જખમ રૂઝાવે છે. ફુલ ખાવાથી ઉંદરનુ ઝેર, ગુલ્મ, ઝાડો, આંચકી, કફ તથા અ-

ધાંગ મટે છે. ગર્ભવાળી સ્ત્રીએ આકળો ખાવો નહી નુકશાન કરે છે ૨૫૦ **રાસના**—રાસના તથા ગુગળનો કવાથ સંધીવા, રાંઝણ, અર્ધાંગ, પક્ષઘાતમાં ઉપયોગી છે. રાસના, ગોખરૂ, એરંડમુળ, દેવદાર, સાટોડી, ગળો અને ગળમાળાનો ગોળનો કાઢો પીવાય તો જાંગ, કડ, પીઠ, અને પડખામાંથી વેદના મટે છે. રાસ્ના, ગળો, બળદાણા, જેઠીમધ, ગોખરૂ, એરંડ મુળનો કાઢો કરવો તેમાં એરંડીયુ નાખીને પાવાથી વૃષ્ણ Testicles મોટાં થયા હોય તે મટે છે. ૨૫૧ **રીસામણી**—મુળીયાં ઝાડા, પ્રદર અને ભગંદર ઉપર પાય છે.—કફ અને પીત મટે છે. સોજા, બળતરા અને કોઢ ઉપર ચોપડે છે. પાન અડવાથી બીડાય છે. ૨૫૨ રોહડો–ઢોર ખાયછે. તેલ, શરદી, સંધીવા અને પક્ષઘાતમાં ચોપડે છે. ૨૫૩ **લાંપડી**—ગરીબ લોકો શાક કરે છે. ઢોર ખાયછે, પ્રમેહ તથા ઝાડામાં વપરાય છે. ૨૫૪ **લીંબડો**—મુળ તથા છાલનો કાઢો ટાઢીયા તાવમાં અપાય છે. સુંઠ, પીપર, મરી અને લીંબડાની છાલ પાવાથી તાવ ઉતરે છે. અંતર છાલને રાત્રે પલાળીને સવારે પીયેતો શક્તી વધે છે, છાલને બાળીને રાખ ખરજવાં તથા ચાંદા ઉપર લગાડે છે. ગળોના વેલા લીંબડા ઉપર ચડે છે. તે ઘણાં દરદોમાં ઉપયોગી છે. પાન ઝાડા અને અજીરણમાં ઉપયોગી છે. પોટીસ મરકીની ગાંઠમાં અસર કરે છે. મરકીવાળા દરદીને પીપર, મરી, લીંબડો પાય છે. કાળીજીરી તથા લીંબડો પણ અસર કરે છે. પાન તથા મરી સઘળા તાવમાં ઉપયોગી છે. પાનને ઉકાળીને જખમ ધોવાના કામમાં આવે છે. ઢોરનો ચારો છે–ચોખા તથા મગ રાખવાસારૂ પાન નાખે છે તેથી સડતા નથી. ફુલ અને મીઠું લોકો ખાય છે તેથી લોહી સુધરે છે. લીંબડાની હવા જંતુનાશક છે. ઘોડાના ભાઠામાં સરપંખો, ગળી અને લીંબડાનાં પાન બાંધે છે. લીંબડાના પાણીથી સ્નાન કર્યું હોય તો ચામડીના રોગ મટે છે લીંબડાનું તેલ કુતરાંને ચાંચડ પડે છે તે ઉપર લગાડે છે. ભગંદર, નાસુર, રાશી ઉપર ઉપયોગી છે. ચાલ મોગરો અને લીંબડાનું તેલ રક્તપીતના દરદીને ચોપડે છે. લીંબડાનું ઝાડ, મરકી, કોલેરા અને મેલેરીયાની હવા સ્વચ્છ રાખે છે. ૨૬૧ **વડ**—છાલના ઉકાળાથી ગડગુંબડ ધોવ છે. તે પૌષ્ટીક છે, હાથી વીગેરે જાનવર વડ બહુ ખાય છે, મધુપ્રમેહમાં ઉપયોગી છે. વડવાઇનાં દાતણ કરવાથી દાંત મજબુત થાય છે. પ્રદર તથા પ્રમેહમાં પીચકારી મારે છે. દુધ સાકરમાં ખાવાથી અજીરણ, પેશાબની ગરમી તથા દમ મટે છે. ૨૬૨ **વર્ણા**—મુળ અને ડાંડીનો કાઢો પથરી અને રેતીના દરદમાં વાપરે છે. નાકનું હાડકુ બેસતું જતું હોય તો બીડી

પાય છે. કાઢો મધ સાથે પીવાથી ગંડમાળ બેસે છે. ઘેટાંના મુત્રમાં વાટીને ચોપડવાથી કંઠમાળ તથા ગળગંદ મટે છે. ૨૬૩ **વરધારો**—સમદ્રષોસ જૂવો. બીને ઉપયોગી છે, પાન જખમ રૂઝવે છે. ૨૬૪ **તાંદળજો**—ઠંડો છે. પાચક, પૌષ્ટીક છે. લોહી સુધારે છે. ઝામર વા ઉપર બાંધે છે, ઢોર ખાય છે. ૨૬૫ **સતાવરી**—અકલકંટો જૂવો. મુળનું અથાણું કરે છે. મુરબ્બો પુરૂષને શકતી આપે છે. ખુધીવર્ધક છે. ૨૬૬ **શવન**—અજીરણ અને ઉલટી ઉપર મરી સાથે પાય છે. પ્રમેહ અને પેશાબની ગરમીમાં વાપરે છે. ઢોરનો ચારો છે. ૨૬૭ **શેમળો**—મુળને મુશળી કંદ કહે છે, પૌષ્ટીક છે. પ્રમેહ તથા ગુરદાના દરદમાં સાકર સાથે પાય છે. **મોચરસ** દુધમાં પીવાથી તાકાદ આપે છે. પાન ઢોર ખાય છે. મોચરસ ખાવાથી ગર્ભ રહે છે. સેમળો, કડાયો અને મેવાડાના ઝાડ઼ો દુકાળમાં ચારા તરીકે ઢોર ખાતાં હતાં. ગંગાધર ચુરણથી ઝાડો, મરડો, અને પ્રદર મટે છે. ૨૬૮ **શીશમ**—લાકડું ઉપયોગી છે. પાન ઢોર ખાય છે, લોહી સુધારે છે અને વાળ વધે છે. ૨૬૯ **શંખાવળી**—મુળ અને બી રેચક છે. પાનનું શાક કરે છે, પાચક છે. ખુધી વધારે છે. મન ફટકી ગયું હોય ત્યારે કવાથ પાય છે. કાંતી અને બળ વધારે છે. મગજના દરદમાં અકસીર છે. બ્રહ્મીને મળતી છે. સંખાવળી, ગળો, અઘેડો, વાવડીંગ, વજ, તથા હરડેનું ચુરણ યાદશકતી વધારે છે. ૨૭૦ **સણીઆરઘાસ**—ઘોડા તથા જાનવરોનો ચારો છે. ૨૭૧ **સેદરડી**—છોડવાનો કવાથ તાવમાં વાપરે છે. ઝાડા, અજીરણ, તાવ મટે છે. કરીયાતાને મળતી છે. શાક કરે છે, માથે બાંધવાથી નીદ્રા આવે છે. ૨૭૨ **સર્પનો ચારો**—આવળ સાથે છેરામણમાં પાય છે. સુગંધી છે. ૨૭૩ **સમદરષોસ**—વરધારાને મળતો છે, પાન જખમ ઉપર બાંધે છે. ઉંધુ પાન પરૂ વહેતું કરે છે. સવળુ પાન જખમ રૂઝવે છે. ફળમાદક ને સ્તંભક છે, વીંછી તથા સર્પના દંસમાં ચોપડે છે. ફાંગના કકડા તથા સમદરસોસના કકડા હાથમાં રાખવાથી વીંછી ઉતરે છે, સ્ત્રીઓને ખવરાવવાથી ગર્ભ રહે છે. ૨૭૪ **સમરાકોકડી**—જાનવરને ઓળ પડતી ન હોય તો ગોળ સાથે ઉકાળીને પાય છે. ૨૭૫ **સમેરવો**—એક જાતનું ઘાસ થાય છે. ૨૭૬ **સરઘાસ**—સદર પ્રમાણે. ૨૭૭ **સરપંખો, ઘોડાકાન**—તાવ, ઉલટી, બદહજમીમાં શુંઠ, સાજીખાર ને મરી સાથે આપે છે. પેટનું શુળ, હેડકી, શ્વાસ વીગેરે બેસે છે. પાનની ભૂકી જખમ રૂઝવે છે, સર્પનું ઝેર ઉતારનાર છે. ૨૭૮ **કંટોલી**—શુળ, ગુલ્મ, કફ, પ્રમેહ અને અરૂચી મટાડે છે. પાંદડાં કુમી ઉધરસ અને હેડકી મટાડે છે. કાંદાને ચો-

આના ઘોણુમાં સર્પના ઝેર ઉપર આપે છે. ૨૭૯ સાગ—મુળીયું અને છાલ, ઉધરસ મટાડે છે. ફૂલ સાકર સાથે પ્રમેહ મટાડે છે. બીનું તેલ માથાની ટાલ ઉપર ચોપડે છે. લાકડાનો લેપ સંધીવામાં કરે છે. ૨૮૦ સાજડ—મુળ અને છાલનો ઉકાળો, ઝાડા, પ્રદર, પ્રમેહ, છાતીના ધબકારા ઉપર આપે છે, રૂતુ બંધ ન થતી હોય તો એને પાય છે, ઉધરસમાં લોહીનો બળખો પડતો હોય તો મધ સાથે આપે છે. ઢોરનો ચારો છે. પાનની રાખ જખમ રૂઝવે છે. સાજડના પાન અને છાલ ગર્ભ રહેવા સારૂ ખવરાવે છે.

ડીસઇન્ફેકશન. ચેપ નાબુદ કરવાની ક્રિયા.

આપણો મૂળ હેતુ ચેપી દરદો નાબુદ કરવા અને પૂર્ણ સ્વચ્છતા કેમ રાખવી જેથી કરી આવાં ચેપી દરદો ફરીથી થતાં અટકે. જે સ્થળોમાં ચેપી દરદ થયું હોય (ખેતર, વહાણ, વાડી વિગેરે) તેમને લગતો સામાન ગંદો રહેવાથી ચેપી દરદના જંતુઓનો વધારો થાય છે, અને બંધેજવાળા મકાનની ખરાબ હવામાં, કુવાના ગંધાતા પાણીમાં ચેપી દરદના જંતુ વધારે માલમ પડે છે, અને ચેપી દરદને પુષ્ટી મળે છે. અને તે વખતે ચેપી દરદ અટકાવવાને મકાનમાં સ્વચ્છ હવા આવવા જવાનું તથા અજવાળુ પુરતું રહે તેમ ગોઠવણ કરવી. કુવા વગેરેના પાણીમાં જંતુઓનો ઉપદ્રવ અટકાવવાને તે પાણીમાં કળીચુનો, ફટકડી અથવા પોટાશપરમેન્ગેનાઇઝ મોટા જથ્થામાં નાખવું ને કુવાની ગાળણી કરાવવી અને તળીઉ સાફ કરવું. જે મકાનમાં ચેપી દરદ થયું હોય તે મકાનની હવા સુધારવા સારૂ નિચેની કોઇપણ હવા બાળવાથી હવા સ્વચ્છ થાય છે. જેવાં કે ગંધક-ડામર-કપુર મીઠું અને સલફ્યુરીક એસીડ-મીશ્રીત કર્યાથી જે ક્લોરાઇન નામની હવા પેદા કરે છે તે ઘણી ઉપયોગી છે. દિવાલો સાફ કરવાને કળીચુનો તથા ડામર લગાડવો, જમીનને ખોદી નાંખી બીજી સારી સુકી માટી, કળીચુનો, કોલશાનો ભુકો, કારબોલીક પાઉડર વગેરે મીશ્રીત કરી લીંપણ કરવું. અને ખોદી નાખેલી જુની માટી

ગામથી છેટે ખાડા ખોદી દાટી દેવી. લક્કડ કામ અને બીજા સામાનને ખુબ ગરમ પાણીથી ધોવાં. અને પછી લક્કડ કામને વારનીશ કે ડામર ચોપડવો. ચામડાના સામાનને અથવા બીજી ચીજોને ગરમ પાણીમાં ઉકાળી કારબોલીક તેલ ચોપડવું. રોગી જાનવર સારૂં થયા બાદ તેને ફીનાઇલના પાણીથી ધોઇને પછી સારા જાનવર સાથે બાંધવું. દરદી જાનવરની માવજત કરનારા માણસોએ બને તેટલી સંભાળથી સાફસુફ રહેવું અને નહાયા પછી પોતાની કોટડીમાં દાખલ થઇ અને રસોઈ વગેરે કરવાં. જેમ બને તેમ દરેક ચીજ તથા આસપાસ પુરતું અજવાળુ, હવા, ખોરાક, પાણી, તથા નોકર વિગેરે પુરેપુરાં સ્વચ્છ રહેવાથીજ આવા ચેપી દરદોના જંતુઓ નાબુદ થાય છે. દરેક જાનવરને, નોકરને તથા તેને લગતો તમામ સામાન પુરેપુરો ઉપર બતાવ્યા પ્રમાણે સ્વચ્છ રાખવો એ ખાસ જરૂરનું છે.

નીચે બતાવેલી ચીજો ચેપ નાબુદ કરવાને, હવા ચોખ્ખી કરવાને તથા સરસામાન સાફ કરવાના કામમાં આવે છે. ૧ કારબોલીક એસીડ, ૨ સલફ્યુરીક એસીડ, ૩ ઇથર, કોલસા, ક્લોરીન, ગરમ પાણી, કપુર, ડામર, ગંધક, રસકપુર, ચુનો, સુર્યનો તાપ, મોરથુથુ, હીરાકશી, સુકી માટી વીગેરે ચીજો ઉપયોગમાં આવે છે.

માવજત, એ એક મોટો વિષય છે. પણ આ પુસ્તકમાં તેની ખાસ જરૂર છે. માટે આ વિષય ઉપર થોડું લખવું ઉચિત ધાર્યું છે. જેવી રીતે માંદા માણસની માવજતની જરૂર છે તેવીજ રીતે માંદા જાનવરની માવજતની ખાસ જરૂર છે. ઘણાં ખરાં દરદોમાં દવા કરતાં માવજત ઘણી સારી અસર કરે છે. જેમકે એક માંદુ માણસ બીલકુલ ખાઇ શકતું નથી ત્યારે કાંજી, રાબ વિગેરે હલકા ખોરાકથી શરૂઆતમાં ભૂખ ઉઘડે છે તેમ પશુઓને પણ તેજ પ્રમાણે ક્ષુધા પહેલાં મંદ પડી જાય છે. ત્યારે લીલું ઘાસ, રાબ, ઘેંસ પીવરાવવાથી વિષેશ ઉઘડે છે અને ઘાસ ખાવું શરૂ કરે છે. દરેક દરદમાં તેની માવજત દરદને અનુસરીનેજ થાય છે. પણ અહીં સાધારણ માવજતના નિયમો દાખલ

કર્યા છે. જ્યારે જાનવર અશક્ત હોય અને ખાઇ શકતું ન હોય ત્યારે પહેલ વહેલું ધ્યાનમાં રાખવાનું છે કે તેની શક્તિ કેમ સાચવી રાખવી અને કૂદરત અને કૂદરતના નિયમને કેમ અનુસરવું તે આપણી હુંશીયારી ઉપર આધાર રાખે છે. પહેલ વહેલું જ્યારે જાનવર સુસ્ત જણાય કે તરતજ તેને મીઠું તેલ અથવા અળસીનું તેલ એક શેર પાઇ દેવું. ત્યારપછી તેને દુધ, લીલું ઘાસ, ગદબ, ગાજર, મેથી, ભુસુ (ઘઉંનું થુલું), ગોળ, છાશ, ઘી, ચરબી વિગેરે દરદી જાનવરને માફક આવે તે પ્રમાણે ઉપયોગ કરવો. જ્યારે જાનવર માંદા પડયાનાં ચિન્હ જણાય ત્યારે બને તેટલી સંભાળથી સારી સ્વચ્છ જગ્યામાં બાંધવું, ઝુલ ઓઢાડવી, ટાઢ તડકામાંથી બચાવવું અને સાફસુફ રાખવું. તે ઉપરાંત તરતજ સારા અનુભવી માણસને બતાવવું. ઘણા વખતથી પડી રહેલ જાનવરને વખતો વખત ફેરવવું, નીચે ઘાસની પથારી નાખવી અને શરીરને માલેસ કરવું, જાનવરને જેમ બને તેમ પુરતી જગ્યા, સ્વચ્છ હવા, અજવાળુ અને સૂકી જગ્યા ખાસ જરૂરની છે. જાનવર જ્યારે ખાઇ શકતું ન હોય ત્યારે નાળથી કાંજી, ઘેંસ, દૂધ વિગેરે શક્તિ પ્રમાણે પાવું. મોઢું, નાક, આંખ, ગુદા અને પેશાબનું સ્થળ બને તેટલી સંભાળથી તપાસવું અને સ્વચ્છ રાખવું. મનુષ્ય જાતિ કરતાં જાનવરોમાં ઘણાંજ જુજ દરદો માલૂમ પડે છે, પણ તેના ધણીની બેદરકારી અથવા વિશેષ ગેરમાવજતજ જાનવરની બીમારી વધારવાનું કારણ રૂપ થાય છે. જેમ માણસને અમુક હદમાં રહીને કામ કર્યા પછી આરામની જરૂર છે તેમ જાનવરને પણ કામની તથા આરામની જરૂર છે. જાનવરના ધણીએ તે વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જેમ કામ કર્યાથી પોતે થાકે છે તેમ તેનું જાનવર પણ થાકે છે. અજ્ઞાનતાને તથા લોભને વશ થઇને પોતાના સ્વાર્થી સુખનો લાભ લેવાને મુંગા પ્રાણીને રીબાવીને પણ તાત્કાલિક મોજમજા ભોગવે છે. પણ છેવટે તે મોજમજા ભોગવવાને બદલે જાનવરોનો રખેવાળ તેની પોતાની મુર્ખાઇને લીધે છેવટે જાનવર તથા પોતે

દુઃખી થાય છે. કારણ કે જ્યારે તેનું જાનવર માંદુ પડે અથવા નકામું થાય ત્યારે પહેલવહેલો ધકકો પૈસાનો તથા નવું જાનવર જુના જાનવર જેવું નીવડશે કે નહિ, તેનો અનુભવ લેતાં સુધીમાં ઘણું નુકસાન ખમવું પડે છે. માટે દરેક જાનવરના ધણીએ જેમ બને તેમ પરોપકાર બુદ્ધિથી જાનવરની શક્તિના પ્રમાણમાં કામ લેવું. વધારે સારૂ એ છે કે તેને નિરૂપયોગી કરવું નહિ તથા ઉછાંછળાપણું જાનવર તરફ કોઇપણ રીતે કરવું નહી. જાનવરના કદના પ્રમાણમાં તથા તેની ઉમરને અનુસરીને યોગ્ય કામ લેવાથી પરમેશ્વરની મેહેરબાની જાનવર પર એટલી બધી છે કે તેની આખી જીંદગાનીમાં ભાગ્યેજ બે ચાર વખત માંદુ પડે છે. ઘણું કરીને તો જાનવરનું માંદા પડવું તે તેના ધણીના ગેરઉપયોગ ઉપર આધાર રાખે છે. માટે જેમ જાનવરને તંદુરસ્તીમાં રખાય તેટલી સંભાળથી જાનવરનો ઉપયોગ લેવો. મારા અનુભવથી માલૂમ પડયું છે કે આપણા દેશના અજ્ઞાન ખેડુતો અને ખાસદારો તથા રબારીઓની ગફલતથી જાનવર વિપ્રીત પરિણામ ભોગવે છે. માટે દરેક ગામડાના પોલીસ પટેલની અને તાલુકાના મામલતદારોની તથા માહાલકારીઓની સંભાળ નીચે જો ઘાતકીપણું અટકાવવાનો કાયદો લાગુ થાય તો દેશને તથા જાનવરોને ઘણો લાભ થાય. દરદી જાનવરની સંભાળ રાખવી તથા તેના ઉપર દયા કરવી એ માણસનું પહેલું કામ છે. અને જેમ બને તેમ તેનો સદઉપયોગ કરવો. દરેક જાતના જાનવરને માવજત જુદા જુદા પ્રકારની જરૂરની છે. ૧ દરદી જાનવરને પહેલવહેલું બીમાર થાય કે તરતજ ચોખ્ખી ખુલ્લી હવાવાળી એકાંત જગ્યામાં મુકવું. ૨ દરદી જાનવરને બહુ પવન ખાવા દેવો નહિ અનેતેને ગરમ ઝુલ અથવા જાડું કપડું ઓઢાડવું. ૩ જે ઠેકાણે દરદી જાનવરને મેલેલું હોય ત્યાં ભેજ થવા દેવો નહિ. છાણ, મુતર થયું હોય તે વાળી લઇ તેના ઉપર રાખ અથવા સુકી માટી છાંટવી. ૪ દરદી જાનવર ઉભૂ રહી શકતું ન હોય તો તેને ઝોળીમાં ટાંગવામાં આવે છે અથવા તો જમીન ઉપર સુવાડવામાં

આવે છે. ધ્યાનમાં રાખવાનું એ છે કે દરદી જાનવરના શરીરની પુરતી સંભાળ રાખવી એટલે કે ઘાસની પથારી ઉપર સુવાડવું, અને દીવસમાં એક બે વખત પડખાં ફેરવવાં; મતલબ તેના શરીર ઉપર ભાઠાં પડવાં ન જોઇએ. ૫ દરદી જાનવરના પગ તથા શરીરને માલેસ કરવું જરૂરનું છે અને અકળાઇ ગયું હોય તો ગરમ પાણીનો શેક કરવો અને ટરપનટાઈન, ડુંગળીનો રસ અથવા રાઇનું તેલ મસળવું. ૬ જંગલી જાનવર કરતાં પાળેલાં જાનવરને કપડાંની વધારે જરૂર છે. ઠંડાં કપડાં કરતાં ગરમ કપડાં વધારે ગરમી આપે છે, ઓઢાડવાનાં કપડાં ચોખ્ખાં તથા સુકાં જોઇએ. ૭ દરદી જાનવરને કેટલીક વાર દરદને અનુસરીને ગરમી લાવવા સારૂ સુકકો શેક તથા ગરમ પાણીના શેકની જરૂર પડે છે. ૮ દરદી જાનવરની પાસે પીવાનું વાસણ ચોખ્ખા પાણીથી ભરી નજીક મેલવું. ૯ જાનવરને હલકો ખોરાક જેવું કે દુધ, રાબ, ઘેંસ, લીલું ઘાસ, ગાજર, અનાજ વિગેરે તેની તબીયતને અનુસરીને આપવું. ૧૦ જાનવરની માવજત કરનાર નોકરે યાદ રાખવું કે જેમ જાનવરને સુખ થાય તેવી સંભાળથી નોકરી કરવી. ૧૧ જાનવરનું છાણ, પેશાબ વિગેરેનો તપાસ કરતા રહેવું અને તેમાં ફેરફાર જણાય તો દવા કરનાર ડાકટરને ખબર આપવી.

પશુ વૈદક શાસ્ત્ર.

COW POX–શીતળા.

શીતળાનું દરદ સાધારણ રીતે ગાય, ઘેટાં, બકરાં, ઘોડા, કુતરા, ડુક્કર, પક્ષી, તથા માણસ વિગેરેને થાય છે. આ ચેપી દરદ છે. તેનો ચેપ પાણી, ઘાસ અગર દરદી જાનવર સારા જાનવર સાથે ભેળું થવાથી લાગુ પડે છે. હવામાં અમુક જાતનો ફેરફાર થવાથી લોહીની અંદર આ ચેપી દરદના જંતુ ઉત્પન થાય છે. અને તેના ખાસ, ચિન્હથી તે ઓળખી શકાય છે.

કારણ—ગંદકી, ભેજવાળી જમીન, ખરાબ હવા, તથા

ખોરાક, ખરાબ પાણી, દુકાળ, શરદી, તથા નબળાઇ વિગેરે કાર-ણુથી દરદ થાય છે. આ દરદ બે દીવસથી દસ દીવસ સુધી જોરમાં રહે છે.

ચીન્હ—શીતળાના દરદમાં પ્રથમ તાવના ચિન્હો જણાય છે. જાનવર સુસ્ત માલમ પડે છે, ખાતું નથી, દુધ કમી પડે છે, આંચળની ઉપર ઝીણા રાતા દાણા દેખાય છે અને આંચળ સુજી જાય છે પછી તેમાં પીળું પાણી ભરાએલું માલમ પડે છે, એક અઠવાડીઆમાં પરૂ થઇ દાણા ફુટે છે અને તે સુકાઇને ભીં-ગડાં ઉખડે છે ત્યારે ખાડા પડી રહે છે, ઘણી વખત ગફલતથી દહોનાર આંચળ ઉપરના ફોડલા છોલી નાખે છે તેથી જાનવર વ-ધારે હેરાન થાય છે. ગર્ભવાળુ જાનવર ત્રોઈ જાય છે.

ઇલાજ—આ દરદ મટાડવાનો હજી સુધી ચોકસ ઇલાજ હાથ લાગેલ નથી. આંચળ ઉપર નીકળેલા દાણાની સંભાળ રા-ખવી. આંચળ સુજેલ હોય તો માંખણ ચોપડવું ને ગરમ પાણી-નો શેક કરવો. આંચળમાંથી દુધ, નળી મુકી કાઢી લેવું, જાન-વરને સારા જાનવરથી જુદું બાંધવું. પીવાના પાણીમાં અરધો તોલો સુરોખાર નાંખવો. ચાંદાં ઉપર આઇડોફોર્મનો મલમ લગાડવો.

વછનાગનો અર્ક ૨૦ ટીપાં, સુરોખાર ૨ ડ્રામ, દેશી મીઠું ૪ ઔંસ, પાણી ૧ પાઇન્ટ ઉપલી ચીજો મેળવી પાવું. આંચળ બહુ સુજેલા હોય તો ભાંગનાં પાંદડાં વાટીને બાંધવા અથવા અફીણ-નો કસુંબો કરીને ચોપડવો. ચેપી દરદ અટકાવવાના ઉપર જણા-વેલા સઘળા નિયમો અમલમાં મુકવા, ડાકટર મળી આવે તો તેની સલાહ લેવી, શીતળાનો ચેપ માણુસ તેમજ જાનવરને કાઢ-વામાં આવે છે. માટે દરદ ચાલતું હોય ત્યારે એકદમ સારા જા-નવરોને, બનાવેલો ચેપ શરીરમાં દાખલ કરવો એટલે ભય કમ-તી થશે. શીતળાનો રોગ જીંદગીમાં એકાદ વખત થાય છે. દેશી લોકો એમ માને છે કે, આ દેવીનો કોપ છે. એમ જાણી અ-જ્ઞાન મુર્ખ લોકો મંત્ર ભણાવે છે, અને દોરા, ચીઠી બાંધે છે,

અને ખરૂં કરવાનું કામ ભુલી જાય છે. આ દરદ વધતુ અટકાવવાનો પ્રયત્ન કરવો એ જરૂરનું છે, અને તેથી જ સારૂ પરિણામ આવી શકે. ગામડાના પોલીશ પટેલ અગર તલાટીએ આ દરદ અટકાવવાનો પુરેપુરો બંદોબસ્ત કરવો. એમ નહિ સમજવું કે એક ખેડુતના જાનવરને ચેપી દરદ થાય એતલે બીજા ખેડુતોએ અથવા આજુબાજુના લોકોએ બેદરકાર રહેવું. પણ હરકોઇ ચેપી દરદ માલૂમ પડે એટલે એકદમ ચાંપતા ઉપાય લઇ વધતું અટકાવવું ને જલદીથી નાબુદ કરવું. આપણા દેશી લોકોમાં અદેખાઇ એટલી બધી માલૂમ પડે છે કે એક બીજાને મદદ કરતા નથી, તેથી એકને નુકશાન નથી થતું પણ તેઓ બધા મુરખાઇને લીધે મોટા નુકશાનમાં આવી પડે છે. મંત્ર તથા ઢોંગ ધતુરામાં વખત નકામો નહિ કાઢતાં ઉપર જણાવ્યા પ્રમાણે દરદ અટકાવવાને પૂરતી મેહેનત કરવી. યૂરોપમાં ચેપી દરદ અટકાવવાને પહેલાં અજ્ઞાનતાથી જાનવરો મારી નાખતા. અને આપણે દયાની લાગણીથી જાનવરને મારતા નથી. પણ હવે જેમ જેમ શોધ આગળ વધે છે, તેમ તેના બનના ઉપાય લઈને પ્રયત્ન કરીએ છીએ. કુદરતના કેટલાક નિયમો હજી આપણે સમજી શક્યા નથી. કેટલાક હરામી લોકો દેવને બાને સારા જાનવરોનો ભોગ અપાવે છે. તે હરામી લોકો મોજમજા કરવાસારૂ ભોળા ખેડુતોને છેતરે છે, માટે ખોટે રસ્તે કોઈ પણ માણસે દોરાવું નહિ. દેશી લોકો ઘી દહીં અને સાકર પાય છે. તે પસંદ કરવા જેવું છે. દરદી જાનવરની શક્તિ સાચવવી એ જરૂરનું છે માટે,

હીરાકશી ૨ ડ્રામ. ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું.

દુધ તથા માંસ ખોરાક તરીકે વાપરવું નહીં. ઘેટાં, બકરાં તથા બીજાં જાનવરને દવાના પ્રકરણમાંથી દવાનું પ્રમાણ જોઇને દવા શરૂ કરવી.

RINDERPEST–બળીઆ.

આ એક ચેપી દરદ છે. તે દરદ વાગોળનારાં જાનવરમાં માલૂમ પડે છે. અને લગભગ પચાસથી સીતેર ટકા દરદી જાનવરો મરી જાય છે. આ દરદ બે દીવસથી આઠ દીવસની અંદરમાં ચેપ દાખલ થયા પછી માલૂમ પડે છે. ઢોરની મરકીના નામથી ઓળખાય છે.

કારણ—શરદી; ભેજવાળી જગ્યા, દરદી જાનવરનો ચેપ, પાણી અગર ચારાની અંદરથી દાખલ થાય છે, ગંદકી, ખરાબ હવા, દુકાળ, ચામડાં, ઉન અને ખોરાક મારફત ફેલાય છે.

ચિન્હ—જાનવર સુસ્ત જણાય છે, ધ્રુજે છે, મોઢું સૂકું લાગે છે, અને જીભ રાતી જણાય છે, તાવ શરૂ થાય છે, ઝાડો કબજ થાય છે, અને વાગોળતું બંધ પડે છે, મોઢું આળુ જણાય છે, પેશાબ લાલ રંગનો થાય છે, અને છાણ કઠણ પોચકાં થાય છે. મોઢામાંથી લાળ પડવી શરૂ થાય છે. તાવ **૧૦૭ ડીગ્રી સુધી** વધે છે, જાનવર અકડાઈ જાય છે, અને છાણ સાથે લોહી માલૂમ પડે છે. ઝાડો પાણી જેવો ગંધવાળો શરૂ થાય છે, હાંફણ વધે છે, જાનવર બેભાન દેખાય છે, શ્વાસ ગંધાય છે, ઝાડો વધે છે અને મોઢું શડી જાય છે, આંતરડામાં ચાંદાં પડી જાય છે એટલે કાંઈ પણ અનાજ પચતું નથી. અશક્તિ વધી જાય છે, ગળુ સુજી જાય છે, ખાઈ નહી શકવાને લીધે મરી જાય છે, વખતે જાનવર સારૂ થવાનું હોય છો શરીર ઉપર ગરમી ફુટી નીકળે છે. આપણા ગરમ દેશમાં આ દરદ બીજા શરદ દેશ કરતાં ઓછા જોરમાં માલુમ પડે છે. આપણો હેતુ બગડેલા લોહીને સુધારવાનો છે. ૧ જેમ બને તેમ જાનવરની શક્તિ સાચવી રાખવી, ૨ લોહીની અંદરથી ઝેર કેમ કમતી કરવું, ૩ દરદી જાનવરથી સારાં જાનવર કેમ બચાવવાં, ૪ દરદી જાનવરની માવજત તથા ઉપચાર કેમ કરવો, જાનવર દરદી જણાય કે તરતજ એક શેર અળશીનું અથવા મીઠું તેલ પાઇ દેવું. પાણીમાં મીઠું નાંખી પાવું. લીલું ઘાસ, ખોળ, ગાજર, શે-

રફી મેથી તથા ગહઉ ખાવા આપવાં, છાશ અને મીઠું મેળવીને પાવું.

૧	કપુર	૨ ડ્રામ	શુરોખાર	૨ ડ્રામ	એ રીતે મેળવીને પાઇ દેવું.
	ધતુરાનાં બી	૧ ડ્રામ	કડુ	૨ ડ્રામ	
	છાશ	૧ પાઇન્ટ			

૨	ચાક	૨ ઔંસ	મરચાં	૨ ડ્રામ	એ રીતે મેળવીને ખવરાવવું.
	કાંટાળુમાયુ	૨ ડ્રામ	અફીણ	૧ ડ્રામ	
	ગોળ	૪ ઔંસ			

ચોખાનું ધોણ પાવું. ધેંસ અને છાશ મેળવીને પાવી.

૩	સુંઠ	૨ ડ્રામ	મરી	૨ ડ્રામ	ઉપર પ્રમાણે મેળવીને ખવરાવવું.
	અજમો	૪ ડ્રામ	ફટકડી	૨ ડ્રામ	
	નવશાર	૧ ડ્રામ	ગોળ	૪ ઔંસ	

આ દરદમાં થોડા વખત ઉપર ક્વીનાઇનની અજમાએશ કરી હતી. અને તે અકશીર ઇલાજ જણાયો છે. ૧૫ દીવસ કવારેનટાઇન રાખવી.

૪ ક્વીનાઇન ૧ ડ્રામ ગોળ ૪ ઔંસ | એ રીતે મેળવીને ખવરાવવું.

દેશી માણસો કેટલીક દેશી દવા સારી જાણે છે. છાશની અંદર ફટકડી નાંખીને પાણી પાવું.

૫	નવશાર	૨ ડ્રામ	સુરોખાર	૨ ડ્રામ	એ પ્રમાણે મેળવી દીવસમાં બે વખત પાવું.
	શુંઠ	૨ ડ્રામ	મરી	૨ ડ્રામ	
	હીરાકશી	૧ ડ્રામ	ફટકડી	૨ ડ્રામ	
	છાશ	૩ પાઇન્ટ			

૬	ફુલાવેલું મોરથુથુ	૧ ડ્રામ.	ફટકડી	૨ ડ્રામ.
	ચાક	૪ ઔંસ.	બાવલની છાલનો ભુકો	૨ ઔંસ.
	છાશ	૨ પાઇન્ટ.	ઉપર પ્રમાણે મેળવી પાવું.	

લીંબડાના પાણીથી મોઢું ધોવું. અટકાયત તથા માવજતના ઇલાજ ઉપર બતાવ્યા પ્રમાણે કરવા. આ દરદનો તૈયાર કરેલો ચેપ દરદ અટકાવવા સારૂ સારા જાનવરોમાં થોડા વખતથી સરકાર તરફથી વપરાય છે, અને તેની અસર સારી થાય છે, તેમ મનાય છે. પણ લાંબો વખત અસર રહેતી નથી. દરદી જાનવરનું દુધ તથા માંઉસ ખોરાક તરીકે વાપરવું નહીં.

CONTAGIOUS PLUERO-PNEUMONIA-કોન્ટેજીયસ પ્લ્યુરોન્યુમોનિયા.

આ દરદ ફક્ત ઢોરમાંજ થાય છે અને ગમે તે વખતે માલુમ પડે છે.

કારણ—આ દરદ એક દરદી જાનવર સારા જાનવરની સાથે બાંધવાથી થાય છે, ભેજ તથા હવાના ફેરફારથી પણ થાય છે, હરકોઈ પ્રકારે આ દરદનો ચેપ સારાં જાનવર ઉપર અસર કરે છે. હવામાં ચેપ ઉડે છે.

ચિન્હ—ચારથી છ અઠવાડીયામાં દરદના ચિન્હ જણાય. દરદી જાનવર પહેલાં, શરીરમાં સુધરતું દેખાય છે, અને ગાય વધારે દુધ આપે છે, તાવ ધીમે ધીમે વધે છે, ઉધરસ શરૂ થાય છે, ધ્રુજે છે. ખવાતું નથી. છાણ, અને પેશાબ થોડો થાય છે, ઉધરસ વધતી જાય છે, છાતીમાં દબાવાથી દરદ થાય છે, મોઢું ફાટયું રહે છે, અને સડસડ અવાજ સંભળાય છે, આગલા પગ ભેગા કરે છે, અને છાતીને આરામ આપે છે, નાકમાંથી અને ગળામાંથી પીળું બલગમ નીકળે છે, ફેફસાં પોલાં થતાં જાય છે, કોઈ વખત છેરામણ વધુ થાય છે. શરીર ઉપર સોજા ચડે છે. આફરો ચડે છે અને ખાધુ પચતુ નથી. દુધ કમી થાય છે. ૧૦૭ ડીગ્રી તાવ રહે છે. ફેફસાં કઠણ થાય છે, અને શ્વાસ સંભળાતો નથી. છાતીમાં પાણી ભરાય છે.

ઉપચાર—જાનવરને ખુલી હવામાં બાંધવું. ગરમ ઝુલ ઓઢાડવી. લીલું ઘાસ, રાબ તથા કાંજી પાવી.

૧ વીલાયતી મીઠું ૮ ઔંસ પાણી ૨૦ ઔંસ. } મેળવીને પાઇ દેવું.

૨ કપુર ૨ ડ્રામ, ધતુરાના બી ૧ ડ્રામ, સુરોખાર ૨ ડ્રામ, કરીઆતુ ૨ ડ્રામ, પાણી ૨૦ ઔંસ } મેળવીને પાવું.

છાતી ઉપર ગરમ પાણીનો શેક કરવો, રાઈનું તેલ અથવા ટરપેનટાઇન તેલ ચોપડવું, વાંસના પાંદડાં ખવરાવવાં, લીબડાના પાનની બાફ આપવી, ગંધક બાળવો.

૩ આઇડોફોર્મ ૧ ડ્રામ ઘી ૪ ઔંસ } મેળવીને ખવરાવવું.

૪ મોરથુથુ ૨ ડ્રામ શુંઠ ૨ ડ્રામ } મેળવીને ખવરાવવું.
કાળાંમરી ૨ ડ્રામ ગોળ ૪ ઔંસ

આ દરદનો ચેપ સરકાર તરફથી સારા જાનવરમાં દાખલ કરવામાં આવે છે, પણ તેનું પરીણામ સંતોષકારક આવેલ નથી. અટકાયતના ઉપાય, ઉપર બતાવ્યા પ્રમાણે સ્વચ્છતાના કાયદા પાળવા, દરદી જાનવરને જુદુ બાંધવું, સારાં જાનવરને ભેળાં થવા દેવાં નહી, વિગેરે પાળવું, દુધ તથા માંસ ખોરાક તરીકે વાપરવું નહિ. સારાં જાનવરને ત્રણ મહિના સુધી જુદાં રાખવાં.

CANINE DISTEMPER-કેનાઇન ડીસટેમ્પર.

કારણ—ખરાબ હવા, ગંદુ પાણી, શડેલ અનાજ, ઘણું કામ, અને બંધેજવાળા મકાનમાં જાનવરને બાંધવાથી થાય છે. કુતરામાં થાય છે.

ચિન્હ—જાનવર સુસ્ત થાય છે, તાવ શરૂ થાય છે, ધ્રુજે છે, ગભરાય છે, કમળો શરૂ થાય છે, પેટમાં દુઃખે છે, ઝાડો કબજ થાય છે, શળેખમ વધે છે, અને નાકમાંથી લીંટ નીકળે છે, છેવટે સુસ્તી વધે છે.

ઉપચાર—ખુલ્લી હવામાં પથારી કરી સુવાડવું, દુધ, કાંજી તથા હલકો ખોરાક આપવો, એરંડીયા તેલનો જુલાબ આપવો.

૧ કવીનાઇન ૫ ગ્રેન સુરોખાર ૧૫ ગ્રેન } ત્રણ ગોળી કરી સવાર, બપોર તથા સાંજે ખવરાવવી.
ગોળ ૨૦ ગ્રેન

૨ મીઠું ૩ ગ્રેન હીરાકસી ૧ ગ્રેન } ગોળી કરી ખવરાવવી.
ગોળ ૫ ગ્રેન

છાતીએ શેક કરવો, કપુરનું પાણી પાવું, ગરમ ઝુલ ઓઢાડવી અને શકિત સાચવવી. પોટાસ બ્રોમાઇડ અથવા કલોરલ હાઇડ્રેટ આપવું.

TEXAS FEVER-ટેક્ષાસ ફીવર.

કારણુ—ભેજવાળી જમીન, ખરાબ ઘાસ, શરદી, ચેપ ઘાસ, દાણા અને ખેતરમાં ચરવાથી લાગુ પડે છે. ઇતડીઓ દરદી જાનવરના શરીરમાં લોહી પીયે છે અને તે ખરી પડે છે તે સારાં જાનવરને ચોટે છે અને ચેપ લાગુ પડે છે.

ચિન્હ—તાવ શરૂ થાય છે, સુસ્તિ વધે છે, ઉધરસ જણાય છે, ખાતુ બંધ પડે છે, લોહીવાળો ઝાડો થાય છે.

ઉપચાર—મીઠાનો અથવા અળસીના તેલનો જુલાબ આપવો.

૧ કારબોલીકએસીડ ૧ ડ્રામ સુરોખાર ૨ ડ્રામ }
ફટકડી ૨ ડ્રામ પાણી ૨૦ ઔંસ } મેળવીને પાવું.

૨ દહીં ૪ ઔંસ મીઠું ૪ ઔંસ }
કાળી જીરી ૨ ડ્રામ કપુરનું પાણી ૨૦ ઔંસ } મેળવીને આપવું.

લીલુ ઘાસ, મેથી, ગાજર, ભુસુ વીગેરે ખવરાવવું. ગરમ ઝુલ ઓઢાડવી, સારી જગ્યામાં બાંધવું. દુધ તથા માંઉસ ખોરાક તરીકે વાપરવું નહિ.

RABIES-(હડકવા).

આ દરદ માણુસ તથા બીજાં સઘળાં જાનવરોમાં થાય છે. કુતરામાં વિશેષ થાય છે.

કારણુ—દરદી જાનવર સારા જાનવરને કરડવાથી થાય છે. ખરાબ હવા, ખરાબ ખોરાક, ખરાબ પાણી, કામ, દરદી જાનવરની લાળ ખાવાથી થાય છે, આ દરદ પાંચ દીવસથી છ મહીના સુધીમાં જણાય છે.

ચિન્હ—સુસ્તી, તાવ, અકળામણુ થાય છે, કાંકરા તથા કચરો ખાય છે, કુતરૂં ભસે છે, ને કરડવા દોડે છે, અંધારામાં તથા એકાંતમાં બેઠું રહે છે, અને પાળેલું કુતરૂં ઘરમાથી નાસી જાય છે, આંખ લાલચોળ જણાય છે, છેવટે લકવાનું દરદ થાય છે, ત્યારે ખાઇ પણુ શકતું નથી, પાણી પણુ પી શકતું નથી, બીજા જાનવરમાં પણુ લગભગ તેવાંજ ચિન્હ થાય છે.

ઉપચાર—એક પણ દવા લાગુ પડતી નથી, ગરમ પાણીની બાફ આપવાથી શાન્તિ થાય છે, ધંતુરાનો રસ પાણીની અંદર નાંખીને પાવામાં આવે છે. અને થોડા વખત થયાં હડકવાનો તૈયાર કરેલો ચેપ સરકાર તરફથી વપરાય છે. જ્યારે જાનવર કરડે કે તરતજ જખમ ઉપર દોરી બાંધવી, જખમ ઉપર કાષ્ટીક લગાડવું, અને ઝેરી લોહી કાઢી નાંખવું. ચેપી દરદ અટકાવવાના ઉપર બતાવ્યા પ્રમાણે સઘળા નીયમો પાળવા. દુધ તથા માંઉસ ખોરાક તરીકે વાપરવું નહિ, દરદી જાનવરનું મોઢું બાંધવું. માણસને કરડે કે પ્રાવેન્ટીવઇનોકયુલેશન કસોલી જઇને કરાવવું.

ANTHRAX-(કાળીઓ તાવ).

આ કાળીઓ તાવ તમામ જાતના જાનવરને તથા માણસને, હવાથી અથવા ચેપથી શરૂ થાય છે, દરદી જાનવરનું દુધ તથા માંઉસ ખોરાક તરીકે વાપરવું નહિ.

કારણ—ખરાબ ઘાસ, ભેજવાળી જમીન, ચેપ, ખરાબ પાણી, વિગેરે કારણોથી થાય છે. દરદી જાનવરનું માંઉસ ખાવું નુકસાનકારક છે. જમીનમાંથી જંતુઓ ચારા મારફત દાખલ થાય છે.

ચિન્હ—તાવ શરૂ થાય છે, જાનવર કાળુ પડતું જાય છે, લોહી બગડવા માંડે છે, શરીર ઉપર ગાંઠ ફુટે છે, પગ સુજી જાય છે, પેશાબ કાળો થાય છે, જાનવર ચાલી શકતું નથી, શ્વાસ ગંધ મારે છે, પેટમાં દુઃખે છે, જીભ કાળી પડી જાય છે, અને જીભ ઉપર મોટા ફોડલા થાય છે, પાછલા પુંઠાનો ભાગ સુજી જાય છે, ગળા નીચે મોટી ગાંઠો થાય છે, અને શ્વાશ રૂંધાય છે, એકથી બે દીવસની અંદર જાનવરનું લોહી બગડવાથી મરી જાય છે.

ઉપચાર—કોઈ પણ દવા લાગુ પડતી નથી, ફસ ખોલવી, કેટલાક સારૂ ગણે છે, પ્રથમ વિલાયતી મીઠાનો જુલાબ આપવો.

૧ કારબોલીક એસીડ ૧ ડ્રામ મોરથુથુ ૨ ડ્રામ છાસ ૨૦ ઔંસ } મેળવીને પાવું.

પાણીની અંદર મીઠું નાંખી પાવું, ગાંઠ ઉપર શેક કરવો, પાકે એટલે ફોડી નાંખવી, અથવા ગરમ લોઢું કરીને ડાંભ દેવા. અટકાયતના ઇલાજ ઉપર બતાવ્યા પ્રમાણે કરવા; સારા જાનવરને છેટે લઈ જવાં, મરી ગએલ જાનવરને બાળી નાંખવાં, મકાનો વિગેરે સાફ કરવાં. માણસે ઘણું સાવચેત રહેવું.

GLANDERS and FARCY.

ગ્લેન્ડર્સ અને ફારસી (સેમવો).

આ ચેપી દરદ છે, ઘોડાં, કુતરાં, ઘેટાં તથા માણસમાં થાય છે.

કારણ—ખરાબ હવા, ગંદા તબેલા, ભેજ, ચેપ, ખરાબ ઘાંસ તથા ખરાબ અનાજ ખાવાથી દરદ થાય છે.

ચિન્હ—તાવ શરૂ થાય છે, નાકમાંથી પાણી ઝરે છે, સાંધા ઉપર સોજો આવે છે, નાકમાંથી પીળું ચીકણું લીંટ નીકળે છે, અને નાકની અંદર વાદળી રંગની ચાંદી પડેલી દેખાય છે, ગળાની નીચે ગાંઠ ઉપડે છે, તે કઠણ પથ્થર જેવી હોય છે, ઉધરસ શરૂ થાય છે અને કેટલીક વખત શ્વાસ રૂંધાય છે, ફારસીમાં લોહીની નસો ઉપર ગાંઠો નીકળે છે, અને તે ફુટે છે ત્યારે ચાંદા પડી જાય છે, કેટલીક વખત આ બંને દરદ ભેગાં હોય છે. ફારસીમાં પાછલા પગની નસો ઉપર ગાંઠ થાય છે.

ઉપચાર—આ દરદને દવા લાગુ નથી, આ દરદી જાનવરને સરકાર તરફથી મારી નાંખવામાં આવે છે, પણ કોઇ વખતે દવાથી ફાયદો થાય છે. સોમલ ૫ ગ્રેન, મોરથુથુ ૧ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. ચાંદા ઉપર કાષ્ટીક લગાડવું. સ્વચ્છતાના સઘળા નીયમો પાળવા. શકમંદ જાનવરને mallien નામની દવાની પીચકારી મારવાથી દરદ છે કે નહી તે ચોકસ થાય છે.

FOOT AND MOUTH DISEASE–ખરવા અને મોવાસો.

૨૦ ગ્રેન. ૧૩૨ **મરહ,** (હીરાબોળ) માત્રા—ઘોડો ૨ થી ૬ ડ્રામ. બળદ ૨ થી ૮ ડ્રામ માણુસ ૫ થી ૧૫ ગ્રેન. ૧૩૩ **મેગ્નીસ્યા-આકારબોનાસ,** માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ બળદ, ૧ થી ૨ ઔંસ, માણુસ ૧૦ થી ૩૦ ગ્રેન. ૧૩૪ **મૅગનીસીયાસલ્ફાસ,** માત્રા—ઘોડો ૮ થી ૧૬ ઔંસ, બળદ ૧૦ થી ૨૦ ઔંસ, માણુસ ૨ થી ૬ ડ્રામ. ૧૩૫ **ઓઈલમેન્થી,** માત્રા—ઘોડો ૨૦ થી ૬૦ ટીપાં, બળદ ૨૦ થી ૬૦ ટીપાં, માણુસ ૧ થી ૩ ટીપાં. ૧૩૬ **રીહાઈ,** માત્રા—ઘોડો ½ થી ૧ ડ્રામ, બળદ ૧ થી ૨ ડ્રામ, માણુસ ૫ થી ૨૦ ગ્રેન. ૧૩૭ **રીહાઈકંમ્પાઉન્ડ,** માત્રા—ઘોડો ૧ થી ૩ ઔંસ બળદ ૧ થી ૪ ઔંસ, માણુસ ½ થી ૧ ડ્રામ. ૧૩૮ **રેઝીન,** (રાળ) માત્રા—ઘોડો ½ થી ૧ ઔંસ, બળદ ૧ થી ૨ ઔંસ. માણુસ ૧૦ થી ૨૦ ગ્રેન. ૧૩૯ **હાઇદ્રાજીરમ,** (પારો) આ ચીજની ઘણી દવા બને છે. ૧૪૦ **હાઇદ્રાજીરમકમ ક્રીટા,** માત્રા—ઘોડો ૧ થી ૨ ડ્રામ, બળદ ૧ થી ૨ ડ્રામ, માણુસ ૩ થી ૫ ગ્રેન. ૧૪૧ **હાઇદ્રાજીરમ ઓયોડીડમરૂબરમ,** માત્રા—ઘોડો ૨ થી ૪ ગ્રેન. ૧૪૨ **હાઇદ્રાજીરમપરકલોરાઇડ,** માત્રા—ઘોડો ૨ થી ૬ ગ્રેન, બળદ ૨ થી ૬ ગ્રેન, માણુસ $\frac{1}{16}$ ગ્રેન. ૧૪૩ **હાઇદ્રાજીરમ સબ કલોરાઇડ,** માત્રા—ઘોડો ૨૦ થી ૬૦ ગ્રેન, બળદ ૧થી ૨ ડ્રામ, માણુસ ૧ થી ૨ ગ્રેન. ૧૪૪ **ટીંકચરહાયોસામી,** માત્રા—ઘોડો ૨ થી ૪ ઔંસ, બળદ ૨ થી ૪ ઔંસ, માણુસ ૧૫ થી ૬૦ મીનીમ. ૧૪૫ **લીચ,**—(જળો) ખરાબ લોહી ચુસવાના કામમાં આવે છે. ૧૪૬ **હોરડીયમ,** (જવ) ખોરાક તરીકે, શક્તી લાવવામાં અપાય છે. ૧૪૭ **લીનસીડ,** (અળસી) ઘોડો ૪ થી ૧૦ ઔંસ, બળદ ૫ થી ૧૦ ઔંસ, માણુસ ૧ થી ૩ ડ્રામ. ૧૪૮ **ટીંકચર-વેલેરીયન,** માત્રા—ઘોડો, ½ થી ૧ ઔંસ, બળદ ૧ થી ૨ ઔંસ, માણુસ ૧૫ થી ૪૦ ટીપાં. ૧૪૯ **સલફરસબલીમેટ,** (ચોખો કરેલો ગંધક) માત્રા—ઘોડો ½ થી ૨ ઔંસ બળદ ૧ થી ૨ ઔંસ, માણુસ ૧૫ થી ૪૦ ગ્રેન. ૧૫૦ **ટીંકચર સ્ટ્રેમોનીયમ,**—માત્રા, ઘોડો ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણસ ૫ થી ૧૫ મીનીમ. ૧૫૧ **ઓક્ષ-**

ટ્રેકટસ્ટ્રેમોનીયમ, માત્રા—ઘોડો, ૪ થી ૬ ગ્રેન, બળદ ૪ થી ૮ ગ્રેન, માણુસ $\frac{1}{4}$ થી $\frac{1}{2}$ ગ્રેન. ૧૫૨ **ગ્રુફસ્પીરીટ,** માત્રા—ઘોડો ૨ થી ૪ ઐાંસ, બળદ ૨ થી ૬ ઐાંસ, માણુસ ૧ થી ૨ ડ્રામ. ૧૫૩ **હાર્ડ સોપ** } દવામાં વપરાય છે. માત્રા ઘોડો, ૧ થી ૨ ઐાંસ, **સોફ્ટ સોપ,** } બળદ ૧ થી ૨ ઐાંસ, માણુસ ૫ થી ૧૦ ગ્રેન. ૧૫૪ **સીનાપીસ,** (રાઇ) માત્રા—ઘોડો ૧ થી ૨ ઐાંસ, બળદ ૨ થી ૩ ઐાંસ, માણુસ ૫ થી ૧૦ ગ્રેન. ૧૫૫ **સીરાઆલ્બા,** (સફેદ મીણુ) મલમ બનાવવામાં આવે છે. ૧૫૬ **સેના** (સોનામુખી) માત્રા—ઘોડો ૧ થી ૨ ઐાંસ, બળદ ૧ થી ૨ ઐાંસ, માણુસ ૫ થી ૧૦ ગ્રેન. ૧૫૭ **કોસ્ટીકસોડા,** (કોસ્ટીક) તરીકે વપરાય છે. ૧૫૮ **સોડાબાઇકારબોનાસ**—(પાપડીયો ખારો) માત્રા—ઘોડો ૧ થી ૨ ઐાંસ, બળદ ૧ થી ૩ ઐાંસ, માણુસ ૫ થી ૨૦ ગ્રેન. ૧૫૯ **હાઇપોસલફેટ ઓફ સોડા,** માત્રા—ઘોડો ૧ થી ૧$\frac{1}{2}$ ઐાંસ, બળદ ૧ થી ૨ ઐાંસ માણુસ ૧૦ થી ૩૦ ગ્રેન, ૧૬૦ **સલફેટ ઓફ સોડા,** માત્રા—ઘોડો ૮ થી ૧૦ ઐાંસ, બળદ ૧૦ થી ૧૨ ઐાંસ, માણુસ ૧૦ થી ૩૦ ગ્રેન. ૧૬૧ **કલોરાઇડ ઓફ સોડીયમ,** (મીઠું) માત્રા—ઘોડો ૧ થી ૨ ઐાંસ, બળદ ૨ થી ૪ ઐાંસ, માણુસ ૧૫ થી ૬૦ ગ્રેન.

દેશી દવા.

૧ **અકલકરો,** માત્રા—ઘોડો, ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણુસ ૫ થી ૧૫ ગ્રેન. બદહજમીમાં ઘણો ઉપયોગી છે. ડુંગરમાં વાંદરા આ ચીજ ઘણી ખાય છે. ૨ **અઘેડો,** માત્રા—૨ થી ૬ ડ્રામ, બળદ ૨ થી ૮ ડ્રામ, માણુસ ૫ થી ૨૦ ગ્રેન. દમ, ખાંસી, તથા ફેફસાના દરદમાં વપરાય છે. ૩ **અજમો,** માત્રા—ઘોડો ૧ થી ૨ ઐાંસ, બળદ ૧ થી ૪ આંસ, માણુસ ૧૦ થી ૨૦ ગ્રેન. ઉપયોગ, ચુંક, અજીરણુ, આફરો તથા ઝાડા ઉપર વપરાય છે. ૪ **અફીણુ,** માત્રા—ઘોડો ૧ થી ૨ ડ્રામ, બળદ ૧ થી ૩ ડ્રામ,

માણુસ ૧ થી ૩ ગ્રેન. ઉપયોગ, દરદ શામક છે. ૫ પેટપીડમાં ઘણું ઉપયોગી છે, ખાંશીમાં અપાય છે. અફીણ, મોચરસ, ગાંજો, શુંઠ, સુરોખાર, અને ગોળ, સરખે ભાગે લઇને ગોળી બનાવવી. ૬ **અરડુસી,** માત્રા—ઘોડા ૧ થી ૨ ઔંસ, બળદ ૨થી ૩ ઔંસ, માણુસ ૧ ડ્રામ. ૭ **અરડુસી,** ભોંયરીંગણી, લીબડાના પાન, સરખે ભાગે લઇને ગોળમાં ગોળી કરવી. ઉપયોગ તાવ, ઝાડો તથા આફ્રરામાં વપરાય છે. ૮ **અળસી,** ખોરાક તરીકે જાનવરોમાં વપરાય છે. **અસેળીઓ,** માત્રા—ઘોડા ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણુસ ૧૦ થી ૩૦ ગ્રેન. ઉપયોગ, અસેળીયો, સાજીખાર, મેદાલકડી, મેળવીને ઉનું કરીને ચોટ લાગી હોય તે ઉપર ચોપડવું. ૧૦ **એરંડીયું,** માત્રા—ઘોડા ૧૦ થી ૧૨ ઔંસ; બળદ ૧૨ થી ૧૬ ઔંસ, માણુસ ½ થી ૧ ઔંસ, જુલાબ તરીકે વપરાય છે. ૧૧ **આકડો.** માત્રા—ઘોડા ૧ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણુસ ૩ થી ૧૦ ગ્રેન, ઉપયોગ, આકડાનું દુધ, લચક તથા સોજા ઉપર ચોપડાય છે. આકડાના ફુલ, અજમો તથા મીઠું સરખે ભાગે લેઇને મેળવવું. તે ખાંસી તથા ફેફસાના દરદમાં ફાયદો કરે છે. ૧૨ **આદુ,** માત્રા—ઘોડા ૨ થી ૪ ઔંસ, બળદ ૨ થી ૮ ઔંસ, માણુસ ¼ થી ½ ઔંસ, ગુણ, પેટપીડ આફ્રરો, વાયુ તથા અજીરણુ મટાડે છે. ૧૩ **આંબલી,** માત્રા—ઘોડા ૨ થી ૪ ઔંસ, બળદ ૨ થી ૬ ઔંસ, માણુસ ૧ થી ૨ ડ્રામ. ઉપયોગ— આંબલીનું પાણી તથા ગોળ મેળવીને જાનવરને પાવાથી ગરમીના દીવસમાં મગજમાં લોહી ભરાતું નથી, આંબલીનાં પાંદડાં જખમ ઉપર બંધાય છે. ૧૪ **આંબળાં,** માત્રા—ઘોડા ૨ થી ૩ ઔંસ, બળદ ૨ થી ૬ ઔંસ, માણુસ ¼ થી ½ ઔંસ. ઉપયોગ—આ દવા લોહી સુધારે છે. વાંદરાં તથા પક્ષી ઘણાં ખાય છે. ૧૫ **આવળ,** માત્રા—ઘોડા ૧ થી ૪ ઔંસ, બળદ ૨ થી ૬ ઔંસ. ઉપયોગ, સંધીવામાં, જાનવરને ખવરાવાય છે. સોજા ઉપર પાંદડાં બાફીને બંધાય છે. ૧૬ **આસોદ,** માત્રા—૧ થી ૨ ઔંસ, બળદ ૨ થી ૪ ઔંસ. **ઉપયોગ**—જાનવર આ ચીજ ચરવામાં ખાય છે, ફેફસાના દર-

દમાં તથા તાવમાં અપાય છે. **આસોંદરો,** માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૨ થી ૪ ઔંસ. ઉપયોગ, પેશાબના દરદમાં અપાય છે. મુત્ર કચ્છના દરદમાં ફાયદાકારક છે. ૧૮ **ઇંદ્રજવ,** માત્રા ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૧ થી ૨ ઔંસ, માણુસ $\frac{1}{2}$ થી ૧ ડ્રામ. ઉપયોગ, પેટમાં જીવાદ, હરસ, કલેજાના દરદમાં વપરાય છે. ઇંદ્રજવ, સુંઠ, મરી, ઇંદ્રવરણું, કાંચકા, અને કાળીજીરી, સરખે ભાગે મેળવીને આપવાથી ચુંક, અજીરણ તથા પેટ પીડમાં ફાયદો કરે છે. ૧૯ **ઇંદ્રવરણું,** માત્રા—ઘોડો ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણુસ ૧૦ થી ૨૦ ગ્રેન. ઉપયોગ, ઇંદ્રવરણું, તમાકુ, મરચાં, ફટકડી, અને ગોળ મેળવીને ખવરાવવાથી જલંદર ચુંક, પેટ પીડ, આફરો, જીવાદ, તથા કબજીયત ઉપર સારી અસર કરે છે. ૨૦ **ઉપલસરી,** માત્રા—ઘોડો ૧ થી ૨ ડ્રામ, બળદ ૨ થી ૪ ડ્રામ, માણુસ ૫ થી ૧૦ ગ્રેન. ઉપયોગ, સારસાના જેવાજ ગુણ છે. લોહી સુધારે છે, શક્તિ વધારે છે. ૨૧ **ઉમરો,** માત્રા—ઘોડો ૧ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, ઉપયોગ, સુજેલા સાંધા ઉપર આ દવાનું દુધ ચોપડવાથી સારી અસર કરે છે. ૨૨ **એખરો,** માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૨ થી ૪ ઔંસ, માણુસ ૫ થી ૨૦ ગ્રેન ઉપયોગ, નબળાઇ, તથા મગજના દરદમાં વપરાય છે. ૨૩ **કડુ,** માત્રા—ઘોડો, ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણુસ ૧૦ થી ૨૦ ગ્રેન, ઉપયોગ, તાવ, નબળાઇ અને પેટના દુખાવામાં વપરાય છે. **કપુર,** માત્રા—ઘોડો ૧ થી ૨ ડ્રામ, બળદ ૨ થી ૪ ડ્રામ, માણુસ ૫ થી ૧૦ ગ્રેન, ઉપયોગ, તાવ, ઉધરસ, ઝાડામાં તથા ચોપડવામાં વપરાય છે. ૨૫ **કપાસીઆ,** જાનવરને પુષ્ટીકારક ખોરાક તરીકે શેર ૨ થી ૫ સુધી અપાય છે. ૨૬ **કરીયાતુ,** માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૨ થી ૪ ઔંસ માણુસ ૫ થી ૧૦ ગ્રેન, ઉપયોગ, કરીયાતું, લીંબડાની છાલ, સુંઠ, કડુ, મીઠું, સરખે ભાગે મેળવીને ગોળમાં ગોળી કરીને ખવરાવવું. અજીરણ, તાવ, અશક્તી તથા લોહી સુધારવામાં વપરાય છે. ૨૭ **કરંજનું તેલ,** માત્રા—ઘોડો ૨ થી ૪ ઔંસ, બળદ ૨ થી ૬

ઔંસ. ચામડીના દરદ ઉપર વપરાય છે. ૨૮ કુવચ, માત્રા— ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૧ થી ૨ ઔંસ, કૌવચના બીજ શક્તી વધારવાના કામમાં વપરાય છે. ૨૯ કાંકચીયા, માત્રા—ઘોડો, ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણુસ ૧૦ થી ૨૦ ગ્રેન, ઉપયોગ, તાવ, ચુંક, કરમ, તથા પેટપીડમાં વપરાય છે. કાંકચીયા, કાળીજીરી, સુંઠ, પીતપાપડો, લસણ, મીઠું, સરખે ભાગે મેળવીને ગોળમાં ખવરાવવું. ૩૦ કાથો, માત્રા—ઘોડો ૧ થી ૨ ડ્રામ, બળદ ૨ થી ૪ ડ્રામ, માણુસ ૫ થી ૧૦ ગ્રેન, ઉપયોગ, ખાંસી, ઝાડો, તથા ચાંદી ઉપર અપાય છે. ૩૧ કાળીજીરી, માત્રા—ઘોડો ½ થી ૧ ઔંસ, બળદ ૧ થી ૨ ઔંસ, માણુસ ૨૦ થી ૪૦ ગ્રેન, ઉપયોગ, કાળીજીરી, લસણ, આદુ, મીઠું, પીતપાડો, મેળવીને પેટમાં જીવાદ પડી હોય ત્યારે અપાય છે. ચુંક, આફરો તથા બદહજમીયત મટે છે. ૩૨ કીડામારી, માત્રા— ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૨ થી ૪ ઔંસ, તાવમાં ઘણી ઉપયોગી છે. ઢોર ચારામાં ઘણી ખાય છે જખમમાં જીવાદ પડી હોય ત્યારે દબાવાય છે. ૩૩ કુંવાર, માત્રા—ઘોડો ૪ થી ૮ ઔંસ, બળદ ૮ થી ૧૦ ઔંસ, ઉપયોગ, કુવાર, હળદર, અજમો, મીઠું સરખે ભાગે લઇને ગોળમાં ખવરાવવું. ખાંસી, તાવ, પેટપીડ. તથા આફરામાં અપાય છે. ૩૪ કોઠ, માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૨ થી ૪ ઔંસ, ઉપચાર, ઝાડો, મરડો, તથા અજીરણ ઉપર ઉપયોગી છે. ખસખસ, માત્રા—ઘોડો ૨ થી ૪ ઔંસ, બળદ ૨ થી ૬ ઔંસ, ઉપયોગ, પેટપીડ તથા ઝાડામાં અપાય છે ખસખસના ડોડવા ગરમ પાણીમાં નાંખી શેક કરવામાં વપરાય છે. ૩૬ ખાખરો, માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૧ થી ૨ આંસ, કેસુડાં તથા સુરોખાર સરખે ભાગે લઇને પાણી શેર ૨ાામાં ઉકાળીને પેશાબ બંધ થયો હોય ત્યારે પાવાથી સારી અસર કરે છે. પેટમાં જીવાદ પડી હોય ત્યારે ખવરાવાય છે. ૩૭ ગરણી, માત્રા—ઘોડો ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણુસ ૫ થી ૨૦ ગ્રેન, ઉપયોગ, જલંદરના દરદમાં સારી

અસર કરે છે. ૩૮ **ગરજનનું તેલ,** માત્રા—ઘોડો ૨ થી ૪ ડ્રામ, પ્રમેહ તથા ગરમીમાં વપરાય છે. ૩૯ **ગળી,** ભાઠાં તથા જખમ ઉપર લગાડવાથી સારી અસર કરે છે. ૪૦ **ગરમાળાનો ગોળ,** માત્રા—ઘોડો ૧ થી ૨ આંસ, બળદ ૨ થી ૪ આંસ, જૂલાબ તરીખે વપરાય છે. ૪૧ **ગોળ,** દવામાં યોગવાય તરીખે વપરાય છે. ૪૨ **ગળો,** માત્રા—ઘોડો ૨ થી ૪ ઔંસ, બળદ ૪ થી ૬ ઔંસ, જાનવર ચરવા જાય છે, ત્યારે ઘણી ખાય છે. તાવ, શક્તી, તથા લોહી સુધારવામાં વપરાય છે. ૪૩ **ગાજર,** જાનવરને શેર ૫ થી ૧૦ ખોરાક તરીખે અપાય છે. ૪૪ **ગાંજો,** માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૧ થી ૨ આંસ, મગજના દરદમાં, પેટપીડમાં, તથા બીજા ઘણાં દરદ શાંત કરવામાં વપરાય છે. ૪૫ **ગુગળ,** માત્રા—ઘોડો ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, સંધીવા, તથા લોહી સુધારનાર છે. ૪૬ **ગુંદર,** માત્રા—ઘોડો ૨ થી ૬ ઔંસ, બળદ ૨ થી ૮ ઔંસ, માણુસ ૧ થી ૨ ડ્રામ, ઘણી દવા સાથે વપરાય છે. ૪૭ **ગોખરૂ,** માત્રા—ઘોડો ૧ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, જાનવર, ઘણું ખાય છે. ૪૮. **ગંધક,** માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૨ થી ૪ ઔંસ, માણુસ ૫ થી ૨૦ ગ્રેન, ઉપયોગ, લોહી સુધારે છે, અજીરણ મટાડે છે, મલમમાં ચામડીના દરદ ઉપર લગાડાય છે. હવા ચોખી કરવા બાળવામાં આવે છે. ૪૯ **ચણોઠી,** ઢોર ખાય છે તો ઝેર ચડી મરી જાય છે. ૫૦ **ચુનો,** માત્રા—ઘોડો ૧ થી ૨ આંસ, બળદ ૨ થી ૪ આંસ, ઉપયોગ, બદહજમત, ચુંક, આફરો તથા ઝાડામાં વપરાય છે. ૫૨ **છાશ,** માત્રા—ઘોડો ૧ થી ૨ પાઈંટ, બળદ ૧ થી ૪ પાઈંટ, માણુસ ૧ થી ૨ ઔંસ, ઉપયોગ, અજીરણ, બદહજમત તથા દાહમાં વપરાય છે. ૫૨ **જમાલગોટો,** માત્રા—ઘોડો ½ થી ૧ ડ્રામ, બળદ ૧ થી ૨ ડ્રામ માણુસ ૧ થી ૨ ગ્રેન ઉપયોગ, જુલાબ તરીખે વપરાય છે. ૫૩ **જવ,** પુષ્ટિકારક ખોરાક તરીખે વપરાય છે. ૫૪ **જેઠીમધ,** માત્રા—ઘોડો ૧ થી ૨ આંસ, બળદ ૧ થી ૨ ઔંસ. ઉપયોગ, ખાંશી. તાવ, વિગેરેમાં વપરાય

છે. ૫૫ **ટંકણખાર,** માત્રા—ઘોડો ૨ થી ૬ દ્રામ, બળદ ૨ થી ૮ દ્રામ, માણસ ૫ થી ૨૦ ગ્રેન. ઉપયોગ, દમ, અજીરણ, તથા ચામડીના દરદમાં વપરાય છે. ૫૬ **ડીકામારી,** માત્રા—ઘોડો ૪ થી ૬ દ્રામ, બળદ ૬ થી ૮ દ્રામ, માણસ ૫ થી ૧૫ ગ્રેન, પેટમાં જીવાદ હોય ત્યારે મીઠાની સાથે ખવરાવાય છે. ૫૭ **ડુંગળી,** માત્રા—ઘોડો ૪ થી ૮ ઔંસ, બળદ ૮ થી ૧૦ ઔંસ, ઉપયોગ, ઝાડો, ચુંક, બાદી, વિગેરેમાં વપરાય છે. ૫૮ **તમાકુ,** માત્રા—ઘોડો ૧ થી ૨ દ્રામ, બળદ, ૨ થી ૪ દ્રામ, માણસ ૫ થી ૧૦ ગ્રેન, ઉપયોગ, તમાકુનું પાણી જખમ ધોવાના કામમાં આવે છે. પેટ પીડમાં ગાંડને રસ્તેથી પીચકારી મરાય છે. ૫૯ **તલ,** જાનવરને તલનો ખોળ, ખોરાક તરીખે ખવરાવે છે. તેલ, પુટિષ્કારક તથા જુલાબ તરીખે અપાય છે. ૬૦ **તાંદળજો**—જાનવર ઘણો ખાય છે, ગુણ, રેચક છે. **થોર**—ની રાખ તથા દુધ દવામાં વપરાય છે. ૬૨ **ધતુરો,** માત્રા—ઘોડો ૧ થી ૩ દ્રામ, બળદ ૨ થી ૪ દ્રામ, માણસ ૧ થી ૫ ગ્રેન, ઉપયોગ, પીટપીડ, ઉધરસ તથા મગજના દરદમાં વપરાય છે. ૬૩ **નવસાર,** માત્રા—ઘોડો ૧ થી ૨ દ્રામ, બળદ ૨ થી ૪ દ્રામ, માણસ, ૫ થી ૧૦ ગ્રેન, કબજીયતમાં, કમળામાં વપરાય છે. ૬૪ **નસોતર,** માત્રા—ઘોડો ૨ થી ૪ દ્રામ, બળદ ૨ થી ૬ દ્રામ, માણસ ૫ થી ૨૦ ગ્રેન, જુલાબ તરીખે વપરાય છે. ૬૫ **નેપાળો,** માત્રા, ઘોડો ૩૦ થી ૬૦ ગ્રેન, બળદ ૩૦ થી ૬૦ ગ્રેન, માણસ ૧ થી ૨ ગ્રેન. ૬૬ **પારો**—દવામાં તથા મલમ તરીખે વપરાય છે. ૬૭ **પીપર,** માત્રા—માણસ ૫ થી ૧૦ ગ્રેન ઉપયોગ, કુતરામાં આચકી, તથા વાઇના દરદમાં ઉપયોગી છે. ૬૯ **ફટકડી,** માત્રા—ઘોડો ૨ થી ૪ દ્રામ. બળદ ૨ થી ૬ દ્રામ, માણસ ૫ થી ૨૦ ગ્રેન. ઝાડામાં તથા મરડામાં વપરાય છે. ૬૯ **બાવળ**—ના પરડાં જાનવરને ખોરાક તરીખે આપે છે. ૭૦ **બહુફળી**—માત્રા-ઘોડો-૨ થી-૪ ઔંસ, બળદ ૨ થી ૬ ઔંસ. ૭૧ **બીલી,** માત્રા—ઘોડો ૨ થી ૪ દ્રામ, બળદ ૨ થી ૬ દ્રામ. માણસ ૫ થી ૨૦ ગ્રેન, ઉપયોગ, ઝાડા તથા મરડામાં ઉપયોગી

છે. ૭૨ **ભાંગ**, માત્રા—ઘોડા ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણુસ ૫ થી ૧૦ ગ્રેન, ઉપયોગ, પેટપીડ, ચમક, ચસકા ઉપર વપરાય છે. ૭૩ **ભાંગરો**—જાનવર ચોમાસામાં ઘણો ખાય છે. ઉપયોગ, તાવમાં સારી અસર કરે છે. ૭૪ **ભૂસું**—બદહજમી, તથા કબજીયતમાં, ખોરાક સાથે મેળવીને ખવરાવાય છે. ૭૫ **ભીલામું**, માત્રા—ઘોડા ૧ થી ૨ ડ્રામ, બળદ ૨ થી ૪ ડ્રામ, ભીલામાનો રસ પલાસ્ટર મારવાના કામમાં આવે છે. ૭૬ **ભોંયરીંગણી**, માત્રા, ઘોડા ૧ થી ૨ ઔંસ, બળદ ૧ થી ૨ ઔંસ ઉપયોગ, દમ ખાંસી, અને તાવ ઉપર સારી અસર કરે છે. ૭૭ **મંડુર**, માત્રા—ઘોડા ૧ થી ૨ ડ્રામ, બળદ ૨ થી ૪ ડ્રામ, ઉપયોગ, નબળાઈ, તથા લોહી સુધારવામાં વપરાય છે. ૭૮ **મીઠું**, માત્રા—ઘોડા ૨ થી ૧૦ ઔંસ, બળદ ૫ થી ૧૫ ઔંસ, ઉપયોગ, પાચનશક્તી વધારે છે, અને જુલાબ તરીકે વપરાય છે. ૭૯ **મજીઠ**, માત્રા—ઘોડા ૧ થી ૨ ઔંસ, બળદ ૨ થી ૩ ઔંસ, ઉપયોગ પેટના દરદમાં વપરાય છે. ૮૦ **મનસીલ**, માત્રા—ઘોડા ૨ થી ૫ ગ્રેન, બળદ ૨ થી ૭ ગ્રેન માણુસ ૧ ગ્રેન સોમલને મળતા ગુણ છે. ૮૧ **મરચાં**,—માત્રા—ઘોડા ૧ થી ૨ ઔંસ, બળદ ૧ થી ૨ ઔંસ, માણુસ ૫ થી ૧૦ ગ્રેન, ઉપયોગ, પેટપીડ, બદહજમીમાં વપરાય છે. ૮૨ **મરી**, માત્રા ઘોડા ૧ થી ૩ ડ્રામ, બળદ ૨ થી ૪ ડ્રામ, ઉપયોગ લોહી સુધારે છે, શક્તી વધારે છે. ૮૩ **મહુડાં**, માત્રા—ઘોડા ૫ થી ૧૦ ઔંસ, બળદ ૫ થી ૧૦ ઔંસ, ઉપયોગ, નબળાં જાનવરને ખોરાકમાં નાંખીને ખવરાવે છે. શકતી વધારે છે. ૮૪ **મીંઢીઆવળ**,—માત્રા ઘોડા ૨ થી ૬ ડ્રામ, બળદ ૨ થી ૮ ડ્રામ, માણુસ ૫ થી ૧૦ ગ્રેન. ઉપયોગ, જુલાબ તરીકે અપાય છે. લોહી સુધારે છે, અજીરણમાં ફાયદો કરે છે. ૮૫ **મુળા**—આનો રસ પારાના ઝેરમાં ઉપયોગી છે. જાનવર મુળા બહુ ખાય છે. ૮૬ **મેથી**—જાનવર ઘણી ખાય છે. નબળાં જાનવરની શકતી વધારે છે. ૮૭ **રસકપુર**—પારાના જેવા ગુણ છે. ૮૮ **રાઈ**—રાઇના ભૂકાનું પલા-

સ્ટર ભરાય છે. પેટપીડમાં ખવરાવાય છે. ૮૯ **રાળ**—રાળને ઘીણુ સાથે મેળવીને મલમ કરીને તે જખમ ઉપર લગાડાય છે. ઝાડામાં અપાય છે. ૯૦ **રીસામણી**—નાં પાદડાં ઝાડામાં તથા મરડાંમાં ગોળ સાથે ખવરાવાય છે. ૯૧ **રેવંચી**—ગ્યાયમબોજ જુવો. ૯૨ **લસણુ**, માત્રા—ઘોડો ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણુસ ૫ થી ૧૫ ગ્રેન, આંચકી, ચુંક, અજીરણુ, તથા હેડકી ઉપર અપાય છે. ૯૩ **લીંબડો**, માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૨ થી ૪ ઔંસ, માણુસ ૫ થી ૨૦ ગ્રેન, તાવ, નબળાઈ, અજીરણુ વિગેરેમાં અપાય છે. ૯૪ **વછનાગ**—એકોનાઈટ જુવો.—૯૫ **વાવડીંગ**, માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૧ થી ૨ ઔંસ, માણુસ ૧ થી ૨ ડ્રામ કરમ-ઉલટી, તથા તાવમાં અપાય છે. ૯૬ **વાંસકપુર**, માત્રા—ઘોડો ૧ થી ૨ ડ્રામ, બળદ ૨ થી ૩ ડ્રામ, માણુસ ૫ થી ૧૫ ગ્રેન, ઉધરસ, દમ, ઝાડામાં અપાય છે. ૯૭—**વાળો**—તેનું પાણી તાવ તથા ઝાડા ઉપર સારી અસર કરે છે. ૯૮ **સરસવ**—નો ગુણુ મીઠા તેલને મળતો છે. ૯૯ **સરગવો**—માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૧ થી ૩ ઔંસ, સંધીવા, તથા ખાંસી ઉપર સારી અસર કરે છે. ૧૦૦ **સાજીખાર**—સોડાબાઈકારબોનાસ જેવા ગુણુ છે. ૧૦૧ **સુવા**, માત્રા—ઘોડો ૧ થી ૨ ઔંસ, બળદ ૨ થી ૪ ઔંસ, માણુસ ૧૦ થી ૨૦ ગ્રેન, ઢોરને દુધ વધારવા સારૂ ખવરાવે છે. પેટના દરદમાં અપાય છે. ૧૦૨ **સુરોખાર**—પોટાસના ઇટ્રાસના જેવા ગુણુ છે. ૧૦૩ **સોનાગેરૂ**—રતવા તથા ચાંદા ઉપર લગાડાય છે. ૧૦૪ **સોના મુખી**—માત્રા ઘોડો ૪ થી ૮ ડ્રામ, બળદ ૬ થી ૮ ડ્રામ, માણુસ ૧૫ થી ૩૦ ગ્રેન ગુણુ રેચક છે. ૧૦૫ **સોમલ**—આર્સેનીક જુવો. ૧૦૬ **હરડે**, માત્રા—ઘોડો ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૮ ડ્રામ; માણુસ ૨૦ થી ૬૦ ગ્રેન ગુણુ રેચક છે. કમળામાં સારી અસર કરે છે. ૧૦૭ **હીંગ**—એસેફેટીડાના ગુણુ જેવી છે. ૧૦૮ **હીંગળોક**—પારો જુવો. ૧૦૯ **હીરાકશી**—સલ્ફેટ ઓફ આર્યનને મળતી છે. ૧૧૦ **હીરાદખાણુ**, માત્રા—

ઘોડા ૨ થી ૪ ડ્રામ, બળદ ૨ થી ૬ ડ્રામ, માણસ ૧૦ થી ૧૫ ગ્રેન ઝાડા તથા મરડામાં સારી અસર કરે છે.

હસ્ક. (ઠાંસો) HUSK.

કારણ—એક જાતની જીવાદનાની ઉમરના જાનવરના ગળામાં માલુમ પડે છે, અને તે વખતે ફેફસા સુધી પોચે છે. **ચિન્હ**—વાછડું અથવા વછેરૂં ખાસે છે, ખાઇ શકતું નથી, મોઢામાં ફીણુ વળે છે, ગળુ સુજી આવે છે, ગભરામણુ ઉઠે છે. ઝીણી જીવાદ લગમમાં માલમ પડે છે. નબળાઇ વધે છે. ઘણાં જાનવરને એકદમ થાય છે. **ઉપચાર**—મીઠું ૪ ડ્રામ, ઉનું પાણી ૪ ઔંસ. મેળવીને પાવું. ટરપેનટાઇન તેલ ૨ ડ્રામ, મીઠું તેલ ૬ આંસ. મેળવીને પાવું. ગંધકને બાળીને ધુમાડી દેવી, બીજા જાનવરોને દરરોજ મીઠું ખવરાવવું અને ચરવાની જગ્યો બદલી નાંખવી. ભુસુ, અળસી, ગોળ, વિગેરે ખવરાવવું, તમાકુ સુંઘાડવી, મીઠાનું પાણી કરી નાકમાં પીચકારી મારવી. અને દરદી જાનવરને સારા જાનવરથી જુદા બાંધવા તથા તેને જુદુ ખવરાવવું.

ફ્લ્યુક્સ. FLUKES.

કારણ—આ જીવાદ કલેજામાં માલુમ પડે છે. ખરાબ ઘાસ, ખરાબ પાણી, વિગેરે કારણથી થાય છે, ઘેટાંમાં તથા ઢોરમાં દરદ વધારે માલુમ પડે છે, આ જીવડાં કલેજામાં ભરાઇ રહે છે. જે ખેતરમાંથી દરદ થાય તે જગ્યા તપાસવી અને તુરત બદલી નાખવી. **ચિન્હ**—જાનવર બરોબર ખાતું નથી, ઉન ખરી પડે છે, ઝાડો કબજ થાય છે, અને સુસ્ત પડી રહે છે. કમળો થાય છે, પેટ મોટું થઇ જાય છે, માથું નીચે રાખે છે, અને રાત દીવસ ખાધા કરે છે, તથા ઝાડામાં જીવાદ માલમ પડે છે. **ઉપચાર**—મીઠાનો અથવા એરંડીયા તેલનો જુલાબ આપવો. હીરાકસી ૧૦ ગ્રેન, મીઠું ૧ ઔંસ, ગોળ ૨ ઔંસ. ગોળી કરીને ખવરાવવી, સારો ખોરાક આપી શક્તિ સાચવવી, સારા જાનવરને દરદી જાનવરથી જુદાં બાંધવાં, દરદી

જાનવરને બીજે ઠેકાણે લઇ જવાં, ચોખ્ખું પાણી પાવું તથા સાફ ઘાસ ખવરાવવું. કાળી જીરી ૨૦ ગ્રેન, મીઠું ૧ ઔંસ મેળવીને ખવરાવવું.

GID. ગીડ. (ભમરીયુ.)

કારણ—આ જીવાદ ખોરાક તથા પાણીમાંથી શરીરમાં દાખલ થાય છે, તથા લોહીને રસ્તે મગજમાં પહોંચે છે. ખરાબ ચરયાણ જગ્યા તથા ભેજવાળી જગ્યામાં આ જીવાદ જણાય છે. **ચિન્હ**—જાનવર ભડકે છે, સુસ્ત થાય છે તથા ઘુમે છે. ટોળામાંથી જાદુ પડી જાય છે, લથડીયાં ખાય છે. અને જે બાજુ મગજમાં જીવડો હોય તે તરફ ફર્યાં કરે છે, ઘેટામાં તથા ઢોરમાં આ દરદ વધારે જણાય છે. **ઉપચાર**—માથા ઉપર લાકડી મારવાથી અથવા ભીંત સાથે માંથુ અથડાવાથી વખતે કોથળી ટુટી જીવડો નીકળી પડે છે, સંતોષકારક એકે ઇલાજ નથી. નાકમાં ઝીણો વાળો નાખવાથી કોથળી વખતે ફુટે છે. **પેટમાં તથા આંતરડામાં જીવાદ**—આંતરડામાં ઘણી જાતના કરમીયા માલુમ પડે છે. આ કરમીયા જ્યારે ઘણા હોય છે, ત્યારે જાનવર સુકાતું જાય છે, અને પુંછડી ભીંત સાથે ઘસે છે, કચરો ખાય છે, ઝાડો કબજ રહે છે, અથવા છેરામણ થાય છે, કોઇ કોઈ વખત આફરો થાય છે, વાળ ખરી પડે છે અને શરીરમાં નબળાઇ વધે છે. ગાંડ ઉપર પીળો ચીકણો પદાર્થ ચોટી રહે છે. પુંછડી તથા ગાંડ ઘસે છે. **ઉપચાર**—૧ અળસીનું તેલ ૧૬ ઔંસ, ટરપેનટાઇન તેલ ૧ ઔંસ. મેળવી તે પીવરાવી દેવું. ૨. હીરાકશી ૨ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, મીઠું ૨ ઔંસ, ગોળ ૪ ઔંસ ગોળી કરી ખવરાવવી, ત્યારબાદ જુલાબ આપવો. ૩. તેલની તથા ટરપનટાઈનની ઝાડાને રસ્તે પીચકારી મારવામાં આવે છે. કુતરામાં, સોપારીનો ભૂકો ૨૦ ગ્રેન, ગોળ ૪૦ ગ્રેન, મેળવીને ખવરાવવું પછી બીજે દીવસ એરંડીયા તેલનો જુલાબ આપવો. સેનટોનાઇન ૫ ગ્રેન ખવરાવવાથી જીવાદ નીકળે છે.

મેન્જ MANGE. (ખુજલી.)

કારણ—મેલ, ગંદકી તથા બેદરકાર રહેવાથી આ દરદ થાય છે. આ દરદ ચેપી છે. બરાબર માલેશ નહી કરવાથી તથા ગંધાતા લુગડાંઓ ઓઢાડવાથી, ખરાબ ખોરાક, નબળાઇ તથા લોહીના બીગાડથી થાય છે. **ચિન્હ**—પુંછડીના અને ચાળના વાળની જગ્યાએ દરદ થાય છે, આ દરદમાં ઝીણી કીડ, વાળના મુળમાં થાય છે, ચળ આવે છે, એટલે ભીંત સાથે ઘસે છે, અને વાળ ખરી પડે છે, ચામડી સુકાઈ જાય છે અને કોઇ વખત લોહી નીકળે છે, ઝીણી ફોલી ઉપડે છે તથા ચામડી આળી થાય છે. **ઉપચાર**—વાળ કાતરી નાંખવા, અને સાબુને ગરમ પાણીથી તે જગ્યા ધોઈ નાંખવી પછી ૧ ગંધક ૪ ઔંસ, કપુર ૪ ડ્રામ ડામર ૪ ઔંસ, તેલ ૨૦ ઔંસ મેળવીને ચોપડવું. ૨. તમાકુનું પાણી ચોપડવું, ઘાસલેટ તેલ ચોપડવું, જાનવરનું મોઢું બાંધી રાખવું, જાનવરને જુલાબ આપવો તથા શક્તિ આવે તેવો ખોરાક ખવરાવવો. દરદી જાનવરના કપડાં તથા ઝુલ વિગેરે સમાન ગરમ પાણીની અંદર કારબોલીક એસીડ નાંખીને ધોવો, સોમલ અને પારાનો મલમ સારી અસર કરે છે. તે લગાડવો, માલેશ બરાબર કરવું અને સ્વચ્છ રાખવું. સારાં જાનવર જુદાં બાંધવાં.

દાધર RINGWORM.

ગંદકી તથા બેદરકારીથી આ દરદ થાય છે. કારણ, ખરાબ ખોરાક, ગંદકી, નબળાઈ, વિગેરેથી થાય છે. **ચિન્હ**—ગોળ ચકરડાનો આકાર થાય છે. ખરજ આવે છે, પાણી ઝરે છે, વાળ ખરી પડે છે, ફોતરી ખરે છે. **ઉપચાર**—૧ રસકપુર ૩ ગ્રેન, નવસાર ૩ ગ્રેન, પાણી ૧ ઔંસ મેળવીને ચોપડવું. ૨ મોરથુથુ ૨ ડ્રામ, દહીં ૪ ઔંસ મેળવીને લગાડવું. ગરમાળાની શીંગોનો રસ લગાડવાથી ફાયદો થાય છે. શકતી સાચવવી.

જુ' LICE.

કારબોલીક તેલ ચોપડવાથી ખરી પડે છે, સાબુથી વાળ ચોખા કરવા અને દાંતીયાથી વાળ સાફ રાખવા.

જખમની અંદરની જીવાદ MAGGOTS IN THE WOUND.

જખમ ઉપર માંખીઓ બેસવાથી ઇડાં મેલે છે, તેમાંથી જીવાદ થાય છે. **ઉપચાર**—જખમને ધોવો, ટરપેનટાઇન તેલ અથવા કારબોલીક તેલ ચોપડવાથી જખમ સાફ થાય છે, પછી જીવાદને પકડીને બહાર કાઢી નાંખવી. ગ્યાસલેટ તેલ પણ સારી અસર કરે છે.

લીલી જુવાર તથા બીજાં સડેલ અનાજ ખાવાથી મીણો ચડે છે.

ચિન્હ—જાનવર સુસ્ત પડી રહે છે, ચાલી શકતું નથી, અને બેભાન થતું જાય છે, પક્ષઘાત પણ થાય છે, નસો ખેંચાય છે, અને કોઇ કોઇ વખત ઝાડો પણ થાય છે, ભારેવણુ જાનવર ત્રોંઇ પડે છે.

ઉપચાર—શરૂઆતમાં મીઠા તેલનો જુલાબ આપવો, ખોરાક બદલી નાંખવો, ભુસુ ગાજર, લીલુ ઘાસ, વિગેરે આપવાં.

૧ ડુંગળાનો રસ ૪ ઔંસ મીઠું, ૨ ઔંસ, પાણી ૨૦ ઔંસ મેળવીને પાઇ દેવું.

સંધીવા RHEUMATISH.

કારણુ—શરદી, ભેજ, ખટાશવાળા પદાર્થ અને લોહીના બીગાડથી, ઇન્ફ્લુએનઝાથી, નબળાઇથી, ખરાબ ખોરાકથી થાય છે. **ચિન્હ**—જાનવર અકળાઈ જાય છે, અને ચાલી શકતું નથી, સાંધા અકળાઈ જાય છે, અને સુજી આવે છે, તાવ શરૂ થાય છે અને ઝાડો કબજ રહે છે, શરીરના બીજા અવયવો ઉપર પણ અસર કરે છે. **ઉપચાર**—વીલાયતી મીઠાનો તથા દેશી મીઠાનો જુલાબ આપવો. ૧ સુરોખાર ૨ ડ્રામ, પાપડીઓ ખારો ૨ ઔંસ, નવસાર ૨ ડ્રામ, પાણી ૨૦ ઔંસ મેળવીને પાવું. ગરમી વાળી જગ્યામાં જાનવરને બાંધવું. ગરમ ઝુલ ઓઢાડવી, ગરમ પાણીથી શરીર શેકવું, રાઇનું તેલ તથા ડુંગળીનો રસ ચોળવો, પગે ગરમ પટી બાંધવી. ૨ લસણુ ૪ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, મીઠું ૪ ઔંસ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. સારો ખોરાક તથા માવજત કરવી.

એનાસારકા ANASARCA.

કારણ—હૃદયના દરદથી, લોહી બગડવાથી, ઇનફ્લુએન-ઝાથી, તથા ખરાબ હવાથી થાય છે. **ચિન્હ**—શરીર ઉપર સોજા થઇ આવે છે, જેવા કે મોઢું, ગળું, છાતી તથા પેટ નીચે સોજો દેખાય છે, પગ ભરાઇ જાય છે, દાબવાથી ખાડો પડી જાય છે, રાતા રંગનો પેસાબ થાય છે, જાનવર ધ્રુજેછે, છેવટે સોજો વધે છે તો જાનવર મરી જાય છે. **ઉપચાર**—વીલાયતી મીઠાનો અગર તેલનો જુલાબ આપવો. ૧. સુરેખાર ૨ ડ્રામ, ટરપેનટાઇન તેલ ૧ ઓંસ, મીઠું ૪ ઔંસ, પાણી ૨૦ ઔંસ મેળવીને પાવું. ૨. ફટકડી ૪ ડ્રામ, પાપડીઓ ખારો ૨ ઔંસ, છાસ ૨૦ ઔંસ મેળવીને પાવું ૩. હીરાકસી ૨ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, એળીયો ૧ ડ્રામ, ગોળ ૪ ઔંસ ગોળી કરી ખવરાવવી. સોજા ઉપર ગરમ પાણીનો શેક કરવો. રાઇનું અગર ટરપેનટાઇનનું તેલ ચોપડવું, સારો ખોરાક તથા ઘાસ ખવરાવવું અને શક્તિ સાચવવી એ જરૂરનું છે.

એનીમીયા ANÆMIA.

કારણ—શરીરમાંથી ઘણું લોહી પડવું, સખ્ત ઝાડો અથવા પેશાબ, જઠરાગ્નિ મંદ પડવી, ખરાબ ખોરાક, ભુખમરો, ખરાબ પાણી, અને બીજા ઘણા કારણોથી આ દરદ થાય છે. **ચિન્હ**—જાનવર ફીકું પડતું જાય છે, નાડી નરમ ચાલે છે, જાનવર કામ કરી શકતું નથી તથા થાકી જાય છે, વાળ ખરી પડે છે, અને શરીરમાં સોજા થઈ આવે છે, તથા ઝાડો પેસાબ ચાલ્યો જાય છે. **ઉપચાર**—જવનું પાણી, ખોળ, કપાશીયા, લીલું ઘાંસ, વિગેરે આપવું. ૧. મીઠું ૧ આંસ, શુંઠ ૨ ડ્રામ, હીરાકસી ૧ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. જાનવરને આરામ આપવો, ખુલી હવામાં બાંધવું, માલેશ કરવું, સાફસુફ રાખવું, અને શક્તિ વધે તેવા ઇલાજ કરવા.

શ્વાસોશ્વાસના અવયવોના દરદ.

જેમ માણસને સુકી તથા સારી હવાની તનદુરસ્તી સાચવ-

વાની જરૂર છે, તેમ જાનવરને પણ જરૂરી છે. જંગલમાં કુદરતે કાંઈ પણ ખામી રાખી નથી. જ્યારે નિર્દોષ પ્રાણીને પકડીને ઉપયોગ સારૂ જે માણસ રાખે છે, ત્યારે તે સ્વાર્થ તથા લોભને અંગે ઘણી વખત ખરાબ, અંધારી બંધેજ ઓરડીમાં બાંધે છે. પણ ખરૂં જોતાં જાનવર અને માણસ સરખાંજ છે. શહેરના કરતાં ગામડાંમાં હવાની તથા જગ્યાની સારી સગવડ હોય છે, પણ શહેરમાં જગ્યાની તંગીને લીધે મકાનની નીચે નકામા અંધારા ઓરડામાં અથવા ખરાબ જગ્યામાં બાંધવાનો રીવાજ છે. પણ તે ઘણો નુકસાનકારક છે, જેટલી ખુલ્લી હવાની જરૂર છે. તેટલીજ સારી અને ચોખી જગ્યાની પુરી જરૂર છે. માટે તેવી જગ્યા બનતાં સુધી પસંદ કરવી. શરદ તથા ભેજવાળી જગ્યા જાનવરની તબીયત બગાડે છે. જાનવર જેમ જંગલમાં ટાઢ તડકા વિગેરે ખાય છે, તેમ વધારે મજબુત અને સુખી રહે છે. પણ જ્યારે માણસના કબજામાં આવે છે ત્યારે પોતાનું ખરૂ સુખ ખોઈ પરાધીનપણે તેના સારા અથવા ખરાબ રખેવાળની મરજી ઉપર તેના સુખનો આધાર રહે છે.

ઉપલા દરદને પારખવાની રીતી.

૧ છાતી ઉપર હાથ મુકી તથા ઠોકવાથી દરદની ખબર પડેછે. ૨ છાતી ઉપર કાન મુકવાથી અથવા નળી મુકી તપાસવાથી ખબર પડે છે, કે શ્વાસોશ્વાસ બરોબર ચાલે છે કે નહી. (૨) છાતીમાં પાણી ભરાઇ ગયેલ છે કે નહી. (૩) ફેફસાં છે કે નહી, વિગેરે ઘણી બાબતની ખબર પડે છે.

BLEEDING FROM THE NOSE.

નાકમાંથી લોહી વહેવું.

કારણ—નાકનાં દરદ, ઈજા, જીવડાં, છીંક, ભારી બોજો ખેંચવો, સખત હાંસડી પહેરાવવી, લોહીવાળા જાનવરને આ દરદ વધારે થાય છે. ચિન્હ—એક અથવા બે નસ્કોરામાંથી લોહી પડે છે. ને રાતા અગર કાળા રંગનું હોય છે, ફેફસામાંથી લોહી પડે છે. ઉપચાર—માથા ઉપર પાણી છાંટવું, માથુ ઉંચુ બાંધવું.

જીવડાં હોય તે કાઢી નાખવા, ફટકડીનું પાણી નાકમાં છાંટવું, તથા એક નસકોરામાં રૂનો ડુચો દબાવવો. ૨ હીરાકસી ૨ ડ્રામ, મીઠું ૪ ઔંસ ગોળ, ૪ ઔંસ મેળવી ગોળી કરી ખવરાવવી.

CATARRH. સળેખમ.

કારણ—શરદી, ખરાબ હવા, નબળાઈ, અને છાતીના દરદથી થાય છે. ચિન્હ—નાકની અંદરની ચામડી આળી જણાય છે છીંક આવે છે, નાકમાંથી પાણી ટપકે છે. અને લીંટ નીકળે છે, તથા સુસ્તી વધેછે. બરાબર ખાતું નથી. ઉપચાર—જાનવરને સુકી ખુલ્લી હવામાં બાંધવું, નાકની પાસે બાફ દેવી, ગંધક બાળવો, અને એક શેર તેલનો જુલાબ આપવો. ૧. સુરોખાર ૨ ડ્રામ, મીઠું ૨ આંસ, પાણી ૨૦ ઔંસ મેળવીને પાઇ દેવું. ૨ અરડુશીના પાનનો રસ ૧ ઔંસ, પાણી ૨૦ ઔંસ, મેળવીને પાઇ દેવું. ભુસું, ગાજર, મેથી, ખોળ, અળસી વીગેરે ખવરાવું. ગરમ ઝુલ ઓઢાડવી.

ABCESS IN THE GUTTARAL POUCH.
કાનની નીચે ગળામાં ગુમડુ.

ચિન્હ—ગાંઠ જેવું પોચું દબાવ્યાથી માલુમ પડે છે, અને નાકમાંથી પરૂ માથું ઉંચું નીચું કરવાથી નીકળે છે. ઉપચાર—ગરમ પાણીનો શેક કરવો, અને પરૂ જણાય ત્યારે ચાકાથી ફોડી નાખવું, સાફ કરીને કારબોલીક તેલ ચોપડવું. વાટ મુકવી યોગ્ય લાગે તો મુકવી.

SORE THROAT. સોરથ્રોટ.

કારણ—ગળાની અંદર જીવડાં, શરદી, ટાઢ, ખરાબ ઘાંસ તથા ખોરાક અને નબળાઇથી થાય છે. ચિન્હ—ગળું સુજી આવે છે, ખાંસે છે, ખાઇ શકાતું નથી, નાકમાંથી પાણી નીકળે છે અને તાવ આવે છે. ઉપચાર—સારી ખુલ્લી જગ્યામાં બાંધવું, ગરમ ઝુલ ઓઢાડવી, નાક તથા ગળા ઉપર સેક કરવો. સુરોખાર નાંખીને પાણી પાવું, તેલનો અગર વીલાયતી મીઠાનો જુલાબ આપવો. કપુર ૧ ડ્રામ, ગોળ ૩ આંસ, મેળવીને ચટાડવું. ૨. ટરપનટાઇન

તેલ ૪ ડ્રામ, મીઠું તેલ ૧૦ ઓંસ મેળવીને પાવું. ૩ ગાંમી ૧ ડ્રામ, ગોળ ૧ ઓંસ મેળવીને ખવરાવવું. વાંસના લીલાં પાંદડાં ખવરાવવાં, કામ કરાવવું નહી, ગળા ઉપર અળસીની પોટીસ બાંધવી તથા રાયનું તેલ ચોપડવું.

ROARING. રોરીંગ.

ઘોડાના ગળામાંથી શીસોડીના જેવો અવાજ થાય છે. કારણ—શરદી, ભેજ, ખરાબ ઘાંસ, પાણી તથા વારસામાં બચ્ચાંને આ દરદ ઉતરે છે. ફેફસાના દરદ તથા ગળાના દરદથી થાય છે. ચિન્હ—શરૂઆતમાં ઉધરસ થાય છે, ગળુ આળુ થાય છે, તથા ધીમે ધીમે ગળાની અંદરનો પડદો ખોટો પડી જાય છે, તેથી કરીને શ્વાસ લેતી વખતે તથા કાઢતી વખતે સીસોડી જેવો અવાજ નીકળે છે. કુદાવવાથી તરતજ અવાજ સંભળાય છે. ઉપચાર—આપણા દેશમાં આ દરદ બહુ થોડું જોવામાં આવે છે, ગળાની નીચે થોરનું દુધ લગાડવું, કાયદો બાંધે છે તે વાપરવો નહીં. ૧. ઝેર કોચલાની ભુકી ૧ ડ્રામ, અરડુશીના પાંદડાની ભુકી ૧ ઔંસ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. વાંસના લીલાં પાંદડાં ખવરાવવાં, સુકી હવામાં જાનવરને બાંધવું. ૨. સોમલ ૫ ગઉંભાર, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. ગળા ઉપર બ્લીસ્ટર મારવું. સારો ખોરાક ખવરાવવો.

BRONCHITIS ઉધરસ.

શ્વાસ લેવાની નળીઓનો સોજો થવાથી ઉધરસ થાય છે. કારણ—શરદી, ભેજ, ઈનફ્લુએનઝા, ક્ષય, ખરાબ હવા, ખરાબ તબેલા, વિગેરે કારણથી થાય છે. ચિન્હ—ઉધરસ આવે છે, શ્વાસ વધે છે, જાનવર ખાતું નથી; તાવ આવે છે, નાકમાંથી અને મોંમાથી લીટ નીકળે છે, નાડી જલદ ચાલે છે, આંખ લાલ જણાય છે. ઉપચાર—દરદી જાનવરને ખુલી સારી હવામાં બાંધવું, ગરમ ઝુલ ઓઢાડવી, તેલનો અથવા મીઠાનો જુલાબ આપવો. લીલું ઘાંસ, ગાજર, ગદબ, ભુસુ, ઓટ વિગેરે પાવા

આપવું. ૧. ડુંગળીનો રસ ૪ આંસ, હીંગ ૨ દ્રામ, અજમો ૪ દ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. તથા પીવાના પાણીમાં સુરોખાર ૨ દ્રામ નાંખીને પાવું. ગરમ પાણીની અંદર લીંબડો તથા મીઠું નાંખીને બાફ આપવો. ૨. ટરપેનટાઇન તેલ ૧ ઔંસ, મીઠું તેલ ૧૬ ઔંસ, મેળવીને પાવું છાતી ઉપર રાઇનું તેલ ચોપડવું, સેક કરવો. ૩. કપુર ૨ દ્રામ, હીંગ ૨ દ્રામ, મીઠું ૨ ઔંસ, ગોળ ૪ ઔંસ. મેળવીને ખવરાવવું તથા વાંસના લીલા પાંદડાં ખવરાવવાં. છાતી ઉપર ગરમ પાણીનો શેક કરવો. પગે પટા બાંધવા, ઠંડી હવા થોડી ખવરાવવી.

PNEUMONIA, ન્યુમોનીયા. (ફેફસાનો સોજો.)

કારણ—શરદી, ખરાબ ખોરાક, ખરાબ હવા, ઝેરી દવા, ઉધરસ, જીવાદ અને શખત કામ. ફેફસાંનો સોજો કરે છે. **ચિન્હ**—ફેફસાના સોજામાં તાવ આવે છે, ધ્રુજે છે, ઉધરસ આવે છે, શ્વાસ લેતાં ગભરાય છે, ઝાડો કબજ થાય છે. છાતીમાં દુખાવો થાય છે, અને નાકમાંથી છેવટે ચીકણું લીંટ નીકળે છે, આ દરદમાં જાનવર સુઇ શકતું નથી, એક અથવા બે ફેફસામાં સાથે સોજો થાય છે, કાળા રંગનું લીંટ નીકળે તો ખરાબ નીશાની છે. **ઉપચાર**—ચોખ્ખી સુકી હવામાં બાંધવું, ડુંગળીનો રસ અને તેલ મેળવીને છાતી ઉપર ચોપડવું, રાઇ અથવા ટરપનટાઇન તેલ ચોપડવું, છાતી ઉપર ગરમ પાણીનો સેક કરવો. સુરોખાર પાણીમાં નાંખીને પાવો. ૧. ભાંગની ભુકી ૪ દ્રામ, કપુર ૨ દ્રામ, મરચાં ૨ દ્રામ, ગોળ ૪ આંસ, ગોળી કરી ખવરાવવી, છાતી ઉપર બંને બાજુએ દસ દસ ડાંભ દેવા. તેલ અથવા વીલાયતી મીઠાનો જુલાબ આપવો. અરડુશીનાં પાંદડાં ૧ ઔંસ, હીંગ ૨ દ્રામ, ડુંગળીનો રસ ૪ આંસ, મીઠું ૨ ઔંસ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું. લીલું ઘાસ, વાંસના પાદડાં, ગાજર, મેથી, ગદબ, કાંજી વિગેરે ખવરાવવું. એમોનીયમ ક્લોરાઇડ નાસ સારી અસર કરે છે.

PLEURISY, પ્લુરીસી. (ફેફસાના પડનો સોજો.)

કારણ—સરદી. લોજ, સંધીવા, ન્યુમોનીયા, જખમ, અને પછાડથી થાય છે. **ચિન્હ**—ફેફસાના પડના સોજામાં જાનવર ખાતુ નથી, શ્વાસ ટુંકો લે છે, તાવ આવે છે, છાતી દાબવાથી દુઃખે છે, છાતી તરફ જોયા કરે છે, ઉધરસ વધે છે, પગ જમીન ઉપર ઠોકે છે, છાતી ઉપર કાન મેલવાથી છાતીમાં પાણી ભરાયું માલુમ પડે છે. **ઉપચાર**—વીલાયતી મીઠાનો જુલાબ આપવો, સુરોખાર પાણીમાં નાખી પીવરાવવો, છાતી ઉપર અળસીની પોટીસ કરવી અને જો પાણી ઘણું ભરાઇ ગયું હોય તો છાતીમાં છેદ પાડીને પાણી કાઢવું, તે કામ જાણીતા અનુભવી માણસ પાસે કરાવવું. છાતી ઉપર ડાંભ દેવાથી ફાયદો થાય છે. હીરાકસી ૨ ડ્રામ, ફટકડી ૪ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવો. અળસી, ખોળ, ગાજર, લીલો ચારો ખવરાવવો.

BROKEN WIND. (બ્રોકન વીંડ) દમ.

કારણ—નાની બેડોળ છાતી, ખરાબ ઘાસ, ઉધરસ, દમ, સરદી, કમકૌવત, સખત કામ, બદહજમી, આ દરદ વારસામાં ઉતરે છે. **ચિન્હ**—જાનવર બેહફતે શ્વાસ બહાર કાઢે છે, સડસું બોલે છે, ઉધરસ હોય છે, બદહજમી વધે છે, વાછુટ થાય છે, ચાલતાં હાંફે છે. **ઉપચાર**—દરરોજ થોડુ થોડુ કામ જાનવર પાસે કરાવવું. ૧. સોમલ ૫ ગ્રેન, ગોળ ૪ ઔંસ, બરોબર મેળવી ખવરાવવું. ખેતરમાં ચરવા મોકલવું, લીલુ ઘાસ ખવરાવવું, ગરમ ઝુલ ઓઢાડવી, સરદીમાં રાખવું નહી. ૨. હીંગ ૨ ડ્રામ, ભાંગનો ભુકો ૨ ડ્રામ. સુંઠ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. તેલ પાવું, અળસી ખવરાવવી, વીગેરે શક્તિ સાચવવાના ઇલાજ કરવા. ૩. કપુર ૨ ડ્રામ, ગાંજો ૧ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીનેને ખવરાવવું. સારો ખોરાક પણ થોડો આપવો. ચરબી ખવરાવવી, ખોળ, ગોળ, અળસી બાફીને દરરોજ ખવરાવવી, વાંસના પાંદડાં ઘણો ફાયદો કરે છે. ધંતુરો પણ સારી અસર કરે છે.

BLEEDING FROM THE LUNGS.

ફેફસામાંથી લોહીનું નીકળવું.

કારણ—સખત કામ, હ્રદયના દરદ, ક્ષય, ઉવાદ, બહુ લોહીવાળા જાનવરને થાય છે, શખ્ત હાંસડી પહેરાવવાથી, શરદી, જખમથી પણ થાય છે. **ઉપચાર**—આરામ આપવો, માથું ઉંચું રાખવું, છાશ પીવરાવવી, ઠંડુ પાણી પાવું, અને તેની અંદર ફટકડી નાંખવી. ૧. હીરાકસી ૨ દ્રામ, સુંઠ ૨ દ્રામ, ગોળ ૪ આંસ મેળવીને ખવરાવવું. ૨. ટરપનટાઈન તેલ ૧ ઔંસ, તેલ ૨૦ ઔંસ મેળવીને પાવું. લાઈકર ફેરીપર કલોરાઈડ સારી અસર કરે છે.

CROUP ક્રુપ.

વાછડાં, વછેરાં તથા બકરામાં થાય છે. **કારણ**—શરદી, ભેજ, ખરાબ હવા, ખરાબ ખોરાક, ખરાબ પાણી, ગંદકી, વિગેરે કારણથી થાય છે. **ચિન્હ**—ખાંસે છે. ધોળુ બલગમ નીકળે છે, અને તાવ આવે છે, શ્વાસ લેતાં ગભરાય છે, મોઢામાંથી ફીણ નીકળે છે. **ઉપચાર**—સારી ચોખ્ખી હવામાં બાંધવું. ગરમ ઝુલ ઓઢાડવી, તેલનો અથવા મીઠાનો જુલાબ આપવો. ૧. ધંતુરાના બી ૦॥ દ્રામ, સુંઠ ૨ દ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. ગળા ઉપર પલાસ્ટર મારવું, છાશ, ખોળ, લીલુ ઘાસ, મેથી વીગેરે ખવરાવવું. (૨) હીંગ ૨ દ્રામ. અજમો ૨ દ્રામ, નવસાર ૨ દ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. કપુર ફાયદો કરે છે.

DISEASES OF THE HEART. રક્તાશયના દરદો.

હ્રદય આખા શરીરમાં લોહી પુરૂ પાડે છે. તે મોટી મોટી નસોમાં થઈને ઝીણી નસોમાં થઇ શરીરના દરેક ભાગને પહોંચે છે. હ્રદયનું ખરાબ લોહી ફેફસામાં જાય છે, અને અહીં ખરાબ લોહી સાથે ઓક્ષીજન નામની હવા શ્વાસ લેવાથી મળે છે, તેથી લોહીની ઝેરી કારબોનીક હવા ફેફસાને રસ્તે બહાર નીકળી જાય છે. હ્રદય એક મોટા ફૂવારાનું કામ કરે છે. તે જેમ મજબુત હોય છે તેમ જાનવર સુખી જીંદગી ભોગવે છે. સારાં તંદુરસ્તી–

વાળા જાનવરમાં નીચે પ્રમાણે નાડીના ધબકારા સંભળાય છે. ઘોડામાં દર મીનીટે ૩૬ થી ૪૦ ધબકારા સંભળાય છે. બળદની અંદર ૩૮ થી ૪૨, બકરાંમાં ૭૦ થી ૮૦, કુતરામાં ૮૦ થી ૧૦૦, કબુતર તથા કુકડામાં ૧૩૬ થી ૧૪૦, ઉમર, હવા, કદ, કામ, બીક, ગરમી વિગેરે કારણથી નાડી વધારે ચાલે છે. ઘોડામાં નાડી, નીચલા જડબામાં સારી જણાય છે, બળદમાં પહેલી પાંસળી આગળ અથવા પુંછડી નીચે માલુમ પડે છે. કુતરામાં જાંગની અંદર માલુમ પડે છે. દરદમાં નાડી જલદ, અનિયમીત તથા નરમ ચાલે છે. કોઇ કોઇ દરદમાં અનિયમીત અથવા એક સરખી ચાલતી નથી. અન્યમીત નાડી ચાલે છે ત્યારે હ્રદય બગડયું છે એમ સમજવું. જાનવરની ડાબી બાજુની છાતીના ખભા ઉપર કાન અગર નળી મુકી તપાસીએ તો હ્રદયના ધબકારા સંભળાય છે. તાવમાં નાડી જલદ ચાલે છે. તંદુરસ્ત ઘોડાના શરીરની ગરમી ૯૯ ડીગ્રી, બળદની ગરમી ૧૦૧ ડીગ્રી, બકરાં તથા ઘેટાંની ૧૦૩ ડીગ્રી હોય છે. કુતરાના શરીરની ગરમી ૧૦૧, હાથીના શરીરની ગરમી ૯૭, ઉંટની ગરમી ૯૯. ઉમર, જાતી, ખોરાક, તથા ગરમીથી થોડી ઓછી વધતી થાય છે.

થરમોમીટર મોઢામાં અથવા ગુદામાં બે ત્રણ મીનીટ રાખવાથી શરીરની ગરમી ચોકશ માલમ પડે છે. જુદી જુદી જાતના તાવમાં ૧૦૨ થી ૧૦૮ સુધી શરીરની ગરમી વધે છે. માટે તે ઉપરથી તાવ કેટલો છે તે માપી લઇ નકી કરવું જરૂરનું છે.

PALPITATION OF THE HEART.

હ્રદયને ા થડકો.

કારણ—ચમક, હ્રદયનું દરદ, શરદી અને સંધીવાથી આ દરદ થાય છે. **ચિન્હ**—છાતીની ડાબી બાજુએ કાન મુકવાથી થડકો એકદ માલમ પડે છે. શરીર ઉપર સોજો ચડી આવે છે, જાનવર કામ કરી શકતું નથી, તથા સુસ્તી જણાય છે, લોહી ફીકુ પડી જાય છે, બેભાન થઇ જાય છે, ખાઈ શકતું નથી.

ઉપચાર—આરામ આપવો, એકાંત જગ્યામાં બાંધવું. સારો ખોરાક ખવરાવવો. ૧. ટીંકચર ડીજીટેલીસ ૨ ડ્રામ, પાણી ૧૦ ઔંસ મેળવીને પાવું. ૨. હીરાકસી ૨ ડ્રામ, સુઠં ૨ ડ્રામ ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. થોડું થોડું ફેરવવું અને મજબુત બનાવવું.

DILATATION OF THE HEART. હૃદય ફુલવું.

કારણ—સખત કામ, ચરબીવાળો ખોરાક, થોડું કામ અને બીજા ઘણા કારણથી દરદ થાય છે. **ચિન્હ**—હૃદયના ધબકારા વધે છે, નાડી અનિયમીત ચાલે છે, ખાતુ નથી, પગ થંડા પડે છે. અનિયમીત નાડી ચાલે છે. **ઉપચાર**—હલકો ખોરાક ખવરાવવો, આરામ આપવો. ૧. ટીંકચર એકોનાઇટ ૪૦ ટીંપાં, પીવાના પાણીમાં નાંખીને પાવું. ૨. સોમલ ૫ ગ્રેન, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. લીલું ઘાસ, દુધ, કાંજી, વિગેરે ખવરાવવું.

PERICARDITIS. પેરીકારડાઇટીઝ.

હૃદયના બહારના પડમાં સોજો થાય છે. **કારણ**—ઇન્ફલ્યુએનઝા, સંધીવા, ફેફસાનો વરમ, પેટમાંથી કોઈ પણ અણીદાર વસ્તુ ભોંકાય છે, ત્યારે દરદ ઉત્પન્ન થાય છે. **ચિન્હ**—તાવ આવે છે, ખાતું નથી, ગભરાય છે, છાતી ઠોકવાથી બોદુ લાગે છે, પગમાં સોજા ચડે છે, શ્વાસ મુશકેલથી લેવાય છે, નાડી અનિયમીત ચાલે છે, ઉધરસ આવે છે. ચાલી શકતું નથી. **ઉપચાર**—જુલાબ આપવો, છાતીએ શેક કરવો સુરોખાર પાણીમાં પીવા આપવો, છાતીમાં પાણી ભરાણુ હોય તો ટ્રોકાર અને કેન્યુલાથી પાણી કાઢવું. છાતી ઉપર રાઈ ચોપડવી. ૧. ટીંકચર ડીજીટેલીસ ૨ ડ્રામ, પાણી ૧૦ ઔંસ મેળવીને પાવું. ૨. પાપડાઓ ખારો ૨ આંસ, કડુ ૨ ડ્રામ, ગોળ ૪ આંસ મેળવીને ખવરાવવું. ડુગળીનો રસ પાણીમાં નાંખીને પાવો.

હૃદયનું ફાટવું.

આ દરદમાં જાનવર એકદમ મરી જાય છે. **કારણ**—સખત કામ, પડી જવાથી, ઓજાર, અથવા સોઇઓ ભોંકાવાથી થાય છે.

ચિન્હ—જાનવર એકદમ પડી જાય છે, બેભાન થઇ હૃદય બંધ પડવાથી મરી જાય છે.

ધમનીમાં ફાણું પડવું.

ધોળી નસમાં કાંઈ પણ અંણીદાર ઓજાર અથવા ચીજ ભોંકાય છે ત્યારે લોહી નીકળે છે. તો પણ જ્યારે સોજો જણાય ત્યારે ટાઢું પાણી ઉપર રેડવું અને આરામ આપવો અથવા ગરમ પાણીનો સેક કરવો. જખમ ઉપર પાટો બાંધવો.

WOUNDS OF THE ARTERIES.

ધોળી નસના જખમ.

ધોળી નસ ઉપર નિચે પ્રમાણે જખમ થાય છે.

૧. **ઝીણી બારીક સોઈ**—સોયો વિગેરે ભોકાવું, તે બહું જોખમકારક નથી. કારણ કે તરતજ ધોળી નસ સંકોચાઇ જાય છે. ૨. **આડો કાપ પડવો.** ઉપરછલો જખમ નુકશાનકારક નથી, પણ આરપાર કાપ હોય તો એકદમ લોહી વહેવા માંડે છે. લોહી રાતા રંગનું હોય છે. નાની ધોળી નસ આરપાર કપાણી હોય છે તો તરતજ પોતાની મેળે સંકોચાઈ જઇને લોહી વહેતું બંધ પડે છે. પણ મોટી નસમાંથી લોહી વહેતું હોય તો એકદમ નસનો હૃદય તરફનો છેડો પકડીને રૂપાના તારથી અથવા રેશમના દોરાથી બાંધી લેવો. અથવા લોઢાનો સળીયો ઉનો કરીને ડાંમ દેવો. ફટકડી અથવા હીરાકસીનું પાણી છાંટવાથી પણ લોહી વહેતું બંધ પડે છે. ધોળી નસને પકડીને વળ દેવાથી, અથવા આસ્તે આસ્તે—ઘસીને કાપવાથી—નસ સંકોચાય છે, અને લોહી વહેતું બંધ પડે છે.

ધોળી નસનો સોજો—નસના અંદરના પડનો સોજો નુકશાનકારક છે. કારણ કે, લોહી તે ઠેકાણે બગડે છે, અને ગાંઠ પડે છે. અને લોહી પોસણ કરવામાં નકામું થાય છે. કારણ—નસ ઘણી ખેંચાવી. ખરાબ લોહી ભરાઇ રહેવું જખમ

અને જીવાદથી સોજો થાય છે. ચિન્હ—આસપાસનો ભાગ કંડો જણાય છે અને ખોટો પડી જાય છે. જ્યાં સોજો હોય છે ત્યાં દુખાવો થાય છે અને છેવટે તાવ આવે છે. ઉપચાર—આરામ આપવો. ગરમ પાણીનો શેક કરવો. વીલાયતી મીઠાનો અથવા તેલનો જૂલાબ આપવો. સુરેખાર પાણીમાં નાંખીને પાવો. સોજો ઉતર્યા પછી થોડું થોડું જાનવરને ફેરવવું. શિરાના લોહીનો રંગ કાળાશ પડતો હોય છે તો બહુ જોખમકારક નથી. પણ મોટી શીરાને ઘોળી નસ પ્રમાણે બાંધવી અથવા આમળવી.

રસ પીંડનો સોજો–Lymphangitis. આ દરદ મોટા ઘોડામાં સાધારણ છે. **કારણ**—સખત કામ કરાવ્યા પછી બે ત્રણ દીવસ ભેગો આરામ આપવાથી—પગ સુજીને થાંભલા જેવા થાય છે. ૨ હૃદયના દરદથી પણ થાય છે. ૩ નબળાઈથી પણ થાય છે. **ચિન્હ**—તાવ આવે છે, પગ અકળાઇ જાય છે, ધ્રુજે છે, સાથળના મુળમાં ગાંઠ સુજે છે, પગ સુજી જાય છે. અને છેવટે પરૂ શરૂ થઇને ફુટે છે. **ઉપચાર**—શરૂઆતમાં થોડી થોડી કસરત આપવી. ૪ થી ૬ ડ્રામ એળીયાનો જૂલાબ આપવો. ગરમ પાણીનો શેક કરવો. ગરમ પટી બાંધવી. સુરેખાર પાણીમાં નાંખીને દર રોજ પાવો. ટીંકચર આયોડીન પગે લગાડવું, ખોરાક હલકો અને સાદો ખવરાવવો, જરૂર જણાય તો સુજેલા ભાગ ઉપર છરકા મુકવા—"આયોડાઇડ ઓફ આર્યન" ખવરાવવાથી ફાયદો થાય છે.

પાચન ક્રીયા—DIGESTION.

સારાં જાનવર જે કાંઈ ખોરાક રૂપે ખાય છે તે પહેલ વહેલાં મોઢામાં લઇને ચાવે છે. તે જીભના સ્વાદથી સારૂં અથવા નરતુ જાણી શકે છે, તે જોઇ ખાવા લાયક જણાયછે તો તે દાંત વતી ચાવીને થુંકની ભીનાશથી લોંદા જેવું કરીને પેટમાં ઉતારે છે. ઘોડામાં, કુતરામાં તથા પક્ષીમાં પુરેપુરૂં ચાવીને પેટમાં

ખોરાક જાવા દે છે, પણ ગાય, ભેંસ, ઘેટાં, અને બકરાં તે જાનવરો અધકચરો ખોરાક એકદમ ખાઈ જાય છે, અને નીશાંતે તે અધકચરો ખોરાક પેટમાંથી પાછો કાઢીને ચાવે છે. તેને વાગોળવું કહે છે. આનું કારણ તે જાનવરોમાં પેટના ચાર મોટા વીભાગ જોવામાં આવે છે. માટે પહેલા વહેલો ખોરાક પેટની પહેલી કોથળીમાં (રૂમેન) માં અધકચરો પડયો રહેવા દે છે. પ્રવાહી પદાર્થ તરત આગળ વધે છે, પણ આ ખોરાક પુરે પુરો વાગોળા સીવાય જતો નથી. પુરેપુરો વાગોળાય છે. એટલે પેટના બીજા અને ત્રીજા ભાગમાં પસાર થઈ ચોથા ભાગમાં એટલે ખરેખરા પેટમાં જઇને પચવો શરૂ થાય છે. ત્યાર પછી બધી જાતના જાનવરમાં એક સરખી રીતે નાના આંતરડામાં ખોરાક પસાર થાય છે ત્યાં પીત અને બીજા રસ મળી કેટલોક ખોરાક પાચન થાય છે, ત્યાર બાદ મોટા આંતરડામાં બાકી રહેલો ખોરાક પાચન થાય છે. અને પાચન ન થએલો ખોરાક છેલા આંતરડામાં ઝાડા તરીકે ભેગો થઈ રહે છે. અને તે અમુક વખતે લીદ અગર છાણ થઇ બહાર નીકળી જાય છે. ઘોડામાં ઉલટી કદી થતી નથી અને થાય છે તો મોતની નીશાની છે.

DISEASES OF THE DIGESTIVE SYSTEM.

પાચન ક્રીયાના દરદો.

મોંનો સોજો. કારણ—ઝેરી ઘાસ, વીંછીનો ડંક, જળો, સરપનો ડંક, ઝેરી દવા, કાંટો વાગવો, માર વાગવો, ચેપી દરદ, દાંતનો સડો, જીભનો સોજો, ગરમ પાણી, જખમ, આદીથી થાય છે, **ચિન્હ**—મોઢું સુજી આવે છે ત્યારે પાણી પી શકતું નથી, હોઠ લબડેલ થઇ જાય છે, મોઢામાંથી લાળ પડે છે અને મોઢાની અંદર ચાંદા પડી જાય છે. **ઉપચાર**—કારણ દૂર કરવું, કાંટો

વીગેરે કાઢી નાંખવો, તેલ ચોપડવું, છાસ પાવી, ઘઉનું ભુસુ ખવરાવવું, ઝેર ચડયું હોય તો એમોનીયા તથા તેલ ઘસવું, આંબલીનું પાણી પાવું, સુરોખાર ૨ ડ્રામ પીવાના પાણીમાં નાંખવો. તેલ અગર વીલાયતી મીઠાનો જુલાબ આપવો. ટાઢુ પાણી પીવાને પાસે રાખી મેલવું, ગળા ઉપર સોજો આવેલ હોય તો પોલટીસ બાંધવી, ગરમ પાણીનો શેક કરવો, અને પાકે તો ચાકાથી ફોડી નાંખીને કારબોલીક તેલ લગાડવું. દાંત સડી ગયેલ હોય તો કાઢી નાંખવો, અને બીજા દરદથી હોય તો મુળ દરદનો ઈલાજ કરવો.

LAMPAS–તાળવાનો સોજો.

ઉપલા આગલા દાંતની પાછળનો ભાગ સુજેલો જણાય છે. **કારણ**—દાંત ફુટતા હોય ત્યારે દરદ થાય છે અથવા પેટના દરદથી થાય છે. કાંટો લાગવાથી, ખરાબ ઘાસ, વીગેરેથી થાય છે. **ઉપચાર**—જૂવાર પલાળીને ખવરાવવી, તાળવામાં બે ત્રણ છેદ મુકવા, દાંત સડી ગયો હોય તો કાઢી નાંખવો. જુલાબ આપવો અગર પીવાના પાણીમાં ફટકડી નાખીને પાવું. કાંટો હોય તો કાઢી નાંખવો. ભૂસુ ખવરાવવું. જૂવાર અગર બાજરી બાફીને આપવી.

INFLAMATION OF THE TONGUE–જીભનો સોજો.

કારણ—ગરમ પાણી, કાંટો, સોઇ, કાચ વગેરે ભોંકાવું તથા ચેપી દરદ જેવાં કે એન્થ્રેક્ષથી થાય છે. **ચિન્હ**—જીભ રાતી સુજેલી જણાય છે, ખાઇ અને પાણી પી શકતું નથી, અને જીભ મોંમાંથી બહાર લટકે છે. **ઉપચાર**—કાંઇ પણ અણીદાર ચીજ જીભમાં માલમ પડે તો કાઢી લેવી, ટાઢુ પાણી છાંટવું, બરફ ઘસવો, મીઠું ઘસવું, આંબલીનું પાણી પાવું, પીવાના પાણીમાં સુરોખાર નાંખવો, ધતુરાના પાનનો રસ જીભ ઉપર ચોપડવો તથા જરૂર પડે તો જીભમાં એક બે છેદ મુકવા. કાંજી પાવી.

પારાનું ઝેર.

ચિન્હ—મોં સુજે છે, ચાંદા પડે છે, દાંત હલી જાય છે, મોંઢામાંથી લાળ પડે છે. **ઉપચાર**—મુળાનાં પાંદડાનો રસ એક સેરથી બે શેર પાવો, તેલ પાવું, ગુંદનું પાણી પાવું, ચોખાના લોટની કાંજી કરીને પાવી, અને ઘી પાવું. **જીભની અંદર ફોડલા પડવા**—તે સોયવતી ફોડી નાંખવા અને ટીંકચર આ-ચોડીન ચોપડવું. **મોંની અંદર ગાંઠો**—નાની હોય તો ચાકા-વતી કાપી નાંખવી અને મોટી હોય તો સાચવીને કાપવી, લોહી નીકળતું હોય તો ફટકડીનું અથવા હીરાકશીનું પાણી લગાડવું. **અધારાના દાંત**—હરકત કરતા હોય તો ચીમટાથી પકડીને કા-ઢી નાંખવા. **ક્રીબ બાઇટીંગ**—ઘોડા, લાકડું અથવા બીજી કોઈ પણ વસ્તુ દાંતવતી પકડીને હવા ચુસે છે, આમ કરવાથી પેટ ફુલી જાય છે, પાચન શક્તી નરમ પડે છે અને શકતી ઘટે છે. **ઉપચાર**—કોઈ પણ વસ્તુ તેના મોં નજીક રાખવી નહી. તોબ-રામાં દાણો ખવરાવવો, તથા રસીને, અને નજીકની ચીજને છાણ અગર એળીયો ચોપડવાથી તે ચીજને અડતો નથી. અથવા મોં ઉપર ચામડાની કાંણાવાળી કોથળી ચડાવવી.

ખડબચડા અને વધી ગએલા દાંત.

ચિન્હ—જાનવર ખાઇ શકતું નથી, અને ચાવેલ ઘાસ બહાર કાઢી નાંખે છે. **ઉપચાર**—દાંતને કાનસવતી સાચવીને ઘસવા અને જરૂર પડે તો ફરસીથી કાપી નાંખવા. **દાંતનો સડો**—આ દરદ ડાઢમાં વધારે થાય છે. **ચિન્હ**—જે ડાઢની વચે અનાજ ભરાઇ રહે છે ત્યાં સડો શરૂ થાય છે, ત્યાં સોજો આવે છે તેથી ચાવી શકાતું નથી, મોંમાંથી અડધો ચાવેલો દાણો અથવા ઘાસ નીકળી પડે છે. કોઇ વખત આખા દાણા ગળી જવાથી આફરો થાય છે. જાનવર દીવસે દીવસે દુબળું પડતું જાય છે. દાંતને તપાસવાથી દાંત દુઃખે છે, અને ખરાબ ગંધ મારે છે. જાનવરનું મોઢું ઉઘાડું કરી મોઢામાં પડખેથી હાથ

નાંખી જીભને પકડવી, જીભને મજબુત પકડયા પછી, મુઠી મોઢામાં રાખવાથી જાનવર મોઢું ફાડી રાખે છે અથવા ઈસ્કરૂવાળો લોઢાનો મોઢું ઉઘાડવાનો સંચો આવે છે તેને (બોલીંગ આર્યન) કહેવાય છે. કુતરામાં નીચલા તથા ઉપલા જડબામાં રૂમાલ અથવા કપડુ નાંખીને સામ સામું ખેંચવાથી મોઢું ઉઘાડે છે. અથવા બુચ મોંઢામાં નાંખવાથી મોઢું ઉઘડે છે, મોઢું ઉઘાડયા પછી જે બાજુની ડાઢ દુખતી હોય તે બાજુ તપાસ કરવો. જડબાની નીચે આ દરદમાં ગાંઠ થઇ આવે છે. પણ તે ગાંઠ ગ્લેન્ડસના દરદની સમજવી નહી માટે પુરેપુરી તપાસ કરવી. ઉપચાર—વીલાયતી મીઠાનો અગર તેલનો જુલાબ આપવો. દાંત સાફ કરવા અને તેમાં કારબોલીક એસીડ અથવા કપુર રૂમાં ભરીને દાંતની પોલ વચે મેલવું, જરૂર જણાય તો દાંતને ખેંચી કહાડવો. નાના જાનવરમાં દાંત ફુટે છે ત્યારે તાવ આવે છે. ચિન્હ—તાવ આથે છે, પેઢાં સુજેલાં હોય છે. ઉપચાર—શેરડી, લીલા વાંસ, ખાવા આપવા, અને જરૂર જણાય તો પેઢાને ચીરવું તથા ફટકડીનું પાણી પાવું.

થુંકના પીંડમાં નાળું પડવું.

કારણ—જડબાના ગુમડાં તથા ગાંઠ બરોબર નહી કપાવાથી નાળું થાય છે. ચિન્હ—ખાતી વખતે નાળામાંથી પરૂ વહે છે. જાનવર બરાબર ચાવી શકતું નથી, અને તબીયત નરમ થતી જાય છે. ઉપચાર—નાળામાં સુચો ખોસી નકી કરવું કે કેટલું ઉંડું છે, છીંછરૂ હોય તો ચાકાવતી કાપી નાંખવું અને રસ કપુરનું પાણી લઇને ધોવું, મોરથુથુ, હીરાકસી, ફટકડી ભભરાવવી, નાળામાં વાટ મુકવામાં આવે છે, અને તે વાટ ઉપર મોરથુથુ અને ઘી ચોપડવામાં આવે છે અથવા રસકપુરનો મલમ લગાડાય છે, ટીંક્ચર આયોડીનની પીચકારી પણ મરાય છે.

CHOKING.

ગળામાં અથવા ખોરાકની નળીમાં ખોરાક અટકવો.

કારણ—કઠણ ખોરાક ગળામાં અટકી જાય છે, જેવાં કે ગાજર, ડુંગળી. ગોળી, બટાટા, ચામડાના કકડા, હાડકાના કકડા, સુયા તથા કાચના કટકા અટકી રહે છે. **ચિન્હ**—ગળાની અંદર કાંઇપણ ફસાઇ ગયું હોય છે ત્યારે જાનવર પોતાની મેળે ઉધરસથી અથવા ઉ઼લટીથી ફસાઇ ગયેલી વસ્તુ કાઢી નાંખે છે. પણ ન નીકળે તો જાનવર શ્વાસ લેતાં મુંઝાય છે, ઝાડો પેશાબ થઈ જાય છે. પાણી પીધેલું પાછું નીકળે છે. મોઢું ઉઘાડીને ત઼-પાસવાથી ફસાઇ ગએલી વસ્તુ જણાય છે. છાતીના ભાગમાં ખોરાક ફસાઇ ગએલો હોય તો જાનવર ખાંસે છે. વાગોળી શકતું નથી, પાણી પી શકતું નથી, આફરો ચડી આવે છે, ગળાની ડાબી બાજુએ ગાંઠ જેવું માલમ પડે છે. **ઉપચાર**—તેલ એક શેર પાઈ દેવું, ગળાની અંદર હાથ પહોચી શકે ત્યાં સુધી કોઇ પણ વસ્તુ કાઢી શકાય તો કાંઢી લેવી, અથવા ગળાની નીચે હાથ ફેરવીને પેટમાં ઉતારવા મહેનત કરવી, આફરો ચડી ગયો હોય તો પેટ ઉપર એક બાજુ ચામડી ખેંચી લઇને ટ્રોકાર અને કેન્યુલાથી છેદ પાડી ટ્રોકાર કાઢી લઇ કેન્યુલા પેટમાં રાખવાથી પેટ માંહેલી તમામ હવા નીકળી જાય છે અને આફરો બેસી જાય છે. અટકેલી વસ્તુ હાથમાં ન આવે તો નેતરની સોટી ઉપર મજબુત લુગડું વીંટી ગોળ દડા જેવું કરવું, ત્યાર પછી મહોડું ઉઘાડીને તે ગળામાં ખોસવી અને આસ્તે આસ્તે અટકેલી ચીજ તરફ ધકેલવી. નેતરની લાકડી એક ઇંચ જાડી અને છ ફીટ લાંબી હોવી જોઇએ. ઘેંશ અથવા કાંજી કરીને પાવી, ગળામાં વસ્તુ અટકી હોય તો હાથવતે દબાવી પેટમાં ઉતારવી અને જરૂર જણાય તો ગળું ખોલવું પડે છે. (પ્રોબેંગ) કરીને ચામડાની જાડી પોકળ નળીની અંદર નેતરની ઝીણી સોટી નાંખેલી પોકળ નળીઓ તૈયાર વેચાય છે. તે પણ આ કામમાં ઉપયોગી છે. અને

તેટલી હોંશીયારી અને ચાલાકીથી અટકેલી વસ્તુ ગળાની નીચે ઉતારવા પ્રયાસ કરવો, નહીંતર જાનવરની જીંદગાની જોખમમાં આવી પડે છે. હમેશાં યાદ રાખવું કે ગાજર, ડુંગળી, શેરડી, રતાળુ, વગેરે વસ્તુઓના ઝીણા ઝીણા કકડા કરીને ખાવા આપવી. બે ચાર દીવસ ભુસુ, ગોળ, તેલ વીગેરે લીશી વસ્તુ ખવરાવવી.

આફરો—HOVEN.

કારણુ—આ દરદ નબળા જાનવરમાં વધારે થાય છે, લીલો ચારો ઘણો ખવરાવવાથી થાય છે. ખરાબ ઘાંસ, સડેલ અનાજ, પેટની અંદર જીવડાં, બીજી વસ્તુ, તથા તાવથી ચડી આવે છે. **ચિન્હ**—પેટ ચડે છે, ડાબી બાજુએ પેટ દબાવવાથી ફુલેલું માલુમ પડે છે, શ્વાસ લેઇ શકતું નથી, મોઢું ઉઘાડું રાખે છે, મોંમાંથી લાળ પડે છે, ખરાબ હોડકાર આવે છે, અને થોડો થોડો ઝાડો પેસાબ થાય છે. જો વખતસર ઇલાજ કરવામાં ન આવે તો મરી જાય છે. પેટને ઠોકવાથી ઢાલ જેવો અવાજ સંભળાય છે. **ઉપચાર**—મોઢાની અંદર ગોળ લોઢાનું કડુ અથવા " બોલીંગઆયર્ન " મુકીને જીભ એક બાજુ ખેંચી લેવી, અને પછી પેટમાં પ્રોબેંગ ઉતારવો, અને તેમાંથી નેતરની સળી કાઢી લેવાથી હવા બધી બહાર નીકળી જશે, પેટ ઉપર ટાઢું પાણી છાંટવું અને બહુ જરૂર જણાય તો પેટ ઉપરની ચામડી એક બાજુ ખેંચી ટ્રોકર અને કેન્યુલાવતી પેટની અંદર છેદ પાડવો, અને પછી ટ્રોકાર કાઢી લેવો, અને કેન્યુલા પેટ ઉપર દબાવી રાખવાથી હવા બહાર નીકળી જશે, સુતારનું વીંધણું આ વખતે ઘણું ઉપયોગી થઇ પડે છે.

૧. કાળીજીરી ૧ આંસ, લસણુ ૪ ડ્રામ, હીંગ ૨ ડ્રામ, પાપડીયો ખારો ૨ આંસ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું.

૨. ટરપેનટાઇન તેલ ૧ આંસ, તેલ ૨૦ ઔંસ મેળવીને પાઇ દેવું.

૩. કારબોલીક એસીડ ૧ દ્રામ, તેલ ૨૦ ઔંસ, કપુર ૧ દ્રામ, મેળવીને પાઈ દેવું. ચુનાનું પાણી પાવાથી ફાયદો થાય છે. ૪. ઇંદરવરણુ ૪ દ્રામ, એળીઓ ૨ દ્રામ, સુંઠ ૪ દ્રામ, મીઠું ૪ ઔંસ, હીંગ ૨ દ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું. દરદ મટયા પછી થોડા દીવસ સુધી. ૫. હીરાકસી ૨ દ્રામ, સુંઠ ૨ દ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું. ૬. ઝેર કોચલાની ભુકી ૨ દ્રામ. કાળા મરી ૪ દ્રામ, નવસાર ૨ દ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું.

પેટની પેલી કોથળીમાં અનનો જમાવટ થવો—રૂમેન નામની પેટની પહેલી કોથળીમાં ખોરાક એટલો બધો ભેગો થાય છે કે તેથી ફુલી જાય છે, કામ કરી શકતું નથી, અને પચ્યા વગરનો ખોરાક ભેગો થાય છે. **કારણુ**—જાડું ખરાબ ઘાંસ, બાફેલું અનાજ, બટાટાં, કદ, ઝાડનાં મુળીઆં, કચરો, શેરડીના સાંઠા, શેવાળ. જુવારના સાંઠા વિગેરેથી ખાય છે. **ચિન્હ**—જાનવર પહેલાં સુસ્ત થતું જાય છે, પચતુ નથી, અકળાય છે અને મુંઝાય છે. પેટ ઉપસી આવે છે, પેટ ઠોકવાથી બોદો અવાજ થાય છે, શ્વાસ લઇ શકતું નથી, ઝાડો પેસાબ વખતો વખત થાય છે, અને ગુંગળાઇને મરી જાય છે. કેટલીક વખતે ઝાડો ઉલટી થઇને વખતે આરામ થાય છે.

ઉપચાર—પહેલવહેલાં એક શેર વિલાયતી મીઠાનો જુલાબ આપવો, અથવા તેલનો જુલાબ આપવો. આ વખતે મહુવડાં બાફીને પાંચ રૂપીઆભાર મીઠું નાંખીને ખવરાવવું, શરીર ઉપર ટાઢુ પાણી રેડવું, છાસ પાંચશેરની અંદર બે આંસ રાઇ વાટીને પીવરાવવી. મરચાંનો ભુકો ૨ આંસ, મીઠું ૪ ઔંસ, ગોળ ૪ આંસ, મેળવીને ખવરાવવું. તેલના મોતીયા લાડવા ખવરાવવાથી ફાયદો થાય છે. આ બધા ઉપાય લાગુ ન પડે તો પેટ ચીરવું પડે છે, માટે તેવા કામમાં ડાકટરની સલાહ લેવી.

પેટના બીજા ભાગમાં અનાજનું ભરાઈ રહેવું.

કારણુ—તાવ, અજીરણુ, સુકાં રાડાં, ખરાબ દાણા, પાણી-

ની તરસ, શીશાનાં પતરાંનું ઝેર વિગેરે કારણથી થાય છે. ચિન્હ—વાગોળતું બંધ પડી જાય છે, ખાતું નથી, સુસ્ત થઈ જાય છે, પેટમાં દુઃખે છે, પેટ ચડી જાય છે, ઝાડો કઠણુ થોડો થાય છે, બુમો પાડે છે, બેભાન બની જાય છે. ઉપચાર—તેલ અથવા દેશી મીઠાને જુલાબ આપવો. જમાલગોટાના તેલના ૧૦ દશ ટીપાં પાશેર ગોળની અંદર મેળવીને ખવરાવી દેવું. ૧. ડુંગરીનો રસ ૪ ઔંસ, સુંઠનો ભુકો ૨ ડ્રામ, છાસ ૨૦ ઔંસ, મેળવીને પાઇ દેવું. ઉનું પાણી અને તેલ મેળવીને પાવું. ૨. રાઈનો ભુકો ૧ ઔંસ, દહીં ૨૦ ઔંસ, મેળવીને ખવરાવવું, અળસીની ચા કરીને પાવી, લીલું ઘાસ ખવરાવવું, પાણીમાં જોઈએ તેટલું મીઠું નાખીને પાવું, એરંડીઉ તેલ શેર એક પાવું, જાનવરને બાંધી રાખવું.

પેટનો સોજો.

કારણુ—ખરાબ ઘાંસ, ખરાબ અનાજ, ઝેરી, જખમ, કાચ અને ઝેરી દવાથી પેટનો સોજો થઇ આવે છે.

ચિન્હ—તાવ આવે છે, ધ્રૂજે છે, પેટમાં દુઃખે છે, થોડો થોડો ઝાડો થયા કરે છે, પેટમાં દબાવવાથી દુઃખે છે, આંચકી થાય છે, ખાધું પચતું નથી.

ઉપચાર—૧. અળસીનું તેલ ૨૦ ઔંસ, અફીણુનો અર્ક ૧ ઔંસ, મેળવીને પાઈ દેવું. ૨. ભાંગનો રસ ૪ આંસ, વિલાયતી મીઠું ૧૬ આંસ, પાણી ૨૦ આંસ, મેળવીને પાઇ દેવું. પુષ્કળ પાણી પીવા દેવું. લીલું ઘાસ, દુધ તથા કાંજી પાવી. ગરમ પાણીનો શેક કરવો. સંભાળ રાખવી.

નાનાં વછેરાંની અંદર ઝાડો થવો.

કારણુ—નવા દાણા, ખરાબ દુધ, ખરાબ ઘાંસ, ખરાબ પાણી, અનિયમીત ખોરાક ખવરાવવો, ભેજવાળી જગ્યામાં બાંધવું, તથા પેટમાં કચરો, જીવડાં તથા સખત જુલાબ આપવાથી થાય

૭. ચિન્હ—જાનવર ખાતું બંધ પડી જાય છે, પેટ ઠોકવાથી ચડેલું માલુમ પડે છે, હોડકાર આવે છે, અને ધોળા રંગનો ગંધાતો ઝાડો થાય છે, જીભ ઉપર ધોળી છારી વળી જાય છે, અને દુબળું પડતું જાય છે. ઉપચાર—એરંડીયા તેલનો જુલાબ આપવો. છાસમાં મીઠું નાંખીને પાવું, પીપરમેંન્ટનાં તેલના દશ ટીપાં પીવાના પાણીમાં નાંખવાં. ૧. ચાક ૪ ડ્રામ, ગુંદર ૪ ડ્રામ, પાણી ૧૦ ઔંસ, મેળવીને પાવું. ૨. કાંટાળુ માયુ ૧ ડ્રામ, ગોળ ૨ ઔંસ, મેળવીને ખવરાવવું. ૩. નવસાર ૦ાા ડ્રામ, સુરોખાર ૦ાા ડ્રામ, ચાક ૪ ડ્રામ, ગોળ ૨ ઔંસ મેળવીને ખવરાવવું. ચુનાનું પાણી પાવું, તાજુ દુધ પાવું, લીલુ ઘાંસ ખવરાવવું, ભેજવાળી જગ્યામાંથી સારી જગ્યામાં બાંધવું, ગરમ ઝુલ ઓઢાડવી.

અજીરણ—INDIGESTION.

કારણ-સખત કામ, અનિયમીત ખોરાક ખવરાવવો, ખવરાવીને તરત જાનવરને દોડાવવુ, ખાધા પછી તુરત ટાઢા પાણીએ નવરાવવું, ખવરાવ્યા પછી ઘોડામાં તુરત પાણી પીવરાવવું, ખરાબ ઘાંસ, દાંતનાંદરદ, બાફેલો ખોરાક, સરદી અને ઝેરી ચીજોથી આ દરદ થાય છે. ચિન્હ—ખાધા પછી થોડીવારમાં પેટમાં દુખે છે. આફરો ચડે છે, પેટ ઠોકવાથી ઢોલ જેવો અવાજ સંભળાય છે, શ્વાસ લેતાં મુંઝાય છે, ખાતું અથવા પાણી પીતું નથી, બગાસાં ખાય છે, અને જાનવર છેવટે બેભાન થઈ જાય છે.

ઉપચાર—૧ ડુંગળીનો રસ ૪ ઔંસ, રાઈનો ભુકો ૪ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ. દહીં ૧૬ ઔંસ મેળવીને પાઈ દેવું. ૨. કાળા મરી ૧ ઔંસ, ઝેર કોચલાનો ભુકો ૧ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું, પેટ ઉપર રાઈનું તેલ માલેસ કરવું, ગરમ પાણીનો સેક કરવો, ઝુલ ઓઢાડવી, ફેરવવું, લીલું ઘાંસ ખવરાવવું. ૩. લસણ ૪ ડ્રામ, હીંગ ૨ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. ૪. અજમો ૧ ઔંસ, સંચળ ૧ ઔંસ, મરચાં ૪ ડ્રામ, મીઠું ૨ ઔંસ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું, ખોળ ખવરાવવો, લીલું ઘાંસ, ભુસું, છાસ વિગેરે આપવાં.

પેટપીડ—COLIC.

કારણ—સરદી, ભેજ, ખરાબ ખોરાક, ખરાબ પાણી, ખાધા ઉપર પાણી પાવું, ખવરાવીને તુરત દોડાવવું, ટાઢા પાણીએ નવરાવવું, અને ઝેરી દવા તથા ઘાંસ ખાવાથી આ દરદ થાય છે; બાફેલું અનાજ, દાંતના દરદ, ઝાડનાં મુળીઆં ખાવાથી પેટ પીડ થાય છે. **ચિન્હ**—પેટમાં દુઃખે છે, જાનવર ઉઠ બેસ કરે છે, પેટ ફુલી જાય છે, પરસેવો વળે છે, બેભાન થાય છે, હાંફે છે, અને ચહેરો આતુર દેખાય છે, થોડીક વાર દરદ બેસી જાય છે ત્યારે ઉપરથી જાનવર સારૂ થયુ હોય એવું દેખાય છે. પણ કલાક બે કલાકમાં ઉપર પ્રમાણે ચિન્હ શરૂ થાય છે, પેટ તરફ તે મોઢું ફેરવે છે, અને બતાવે છે કે પેટ તરફ દરદ છે, મોંમાથી ખરાબ હોડકાર આવે છે, પગ પછાડે છે, નાડી જલદી ચાલે છે અને નબળુ પડી જાય છે. **ઉપચાર**—૧ ટરપેનટાઇન તેલ ૧ ઔંસ, અળસીનું તેલ ૨૦ આંસ, મેળવીને પાઇ દેવું. ૨. વીલાયતી મીઠું ૧૨ ઔંસ, સુરોખાર ૨ ડ્રામ, ડુંગળીનો રસ ૪ આંસ, પાણી ૨૦ ઔંસ. મેળવીને પાઇ દેવું. ૩. તમાકુ ૪ ડ્રામ, મરચાં ૪ ડ્રામ, ઈંદરવરણું ૪ ડ્રામ, હીંગ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવી દેવું. ૪. ગાંજો ૧ ડ્રામ, મરી ૨ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, અજમો ૧ ઔંસ, કાળીજીરી ૧ ઔંસ, ગોળ ૪ ઔંસ. મેળવીને ખવરાવી દેવું.

જરૂર જણાય તો ચામડીને એક બાજુ કરીને જે ઠેકાણે આંતરડુ વધારે ફુલેલું હોય તે ઠેકાણે ટ્રોકાર અને કેન્યુલાથી છેદ પાડવો. ત્યાર પછી ટ્રોકાર કાઢી લેવાથી હવા બહાર નીકળી જશે. પેસાબ ન થયો હોય તો પીઠ ઉપર ગરમ પાણી રેડવું, અને પેસાબ કાઢવાની સળી ઇંદ્રીમાં મેલીને પેસાબ કાઢવો, લાદ ન થઈ હોયતો તેલવાળો હાથ કરીને ગુદામાં દાખલ કરી આસ્તે આસ્તે તમામ લાદ બહાર કહાઢી લેવી, ત્યાર પછી અરધો આંસ સાબુ, એક ઔંસ ટરપેનટાઇન તેલ ૪ આંસ અળસીનું તેલ અને એક ગ્યાલન ઉનું પાણી મેળવીને ગુદાને

રસ્તે પીચકારી દેવી. જાનવર ઉઠ બેસ બહુ કરતું હોયતો ઝોળીમાં લટકાવવું, માલેસ કરવું, ગરમ પાણીનો સેક કરવો. અથવા રાઈ તથા ટરપેનટાઇન તેલ મેળવીને પેટ ઉપર માલેસ કરવું. અળસી બાફીને ખવરાવવી, લીલું ઘાસ ખવરાવવું, ભુસુ ખવરાવવું, કાંજી પાવી વીગેરે સારી માવજત કરવી.

ઘોડાના મોટા આંતરડામાં અનાજનો જમાવ.

કારણ—ઘણું ખવરાવવું, અપચો, દાંતનાં દરદ, થુંકના પીંડનાં દરદ, થોડુ પાણી પીવા આપવું, અને બહાર ફેરવવું નહિ, એવાં ઘણાં કારણોથી દરદ થાય છે. **ચિન્હ**—એકદમ પેટપીડ આવે છે, ખાતાં ખાતાં ચુંકાય છે, પગ ઠોકે છે, પેટ ઉપર લાતો મારે છે, આળોટે છે, પેટ તરફ વખતો વખત મોઢું ફેરવે છે, વા છુટ થાય છે, અને એક બે લીંડાં નીકળે છે. પેટની જમણી બાજુ ફુલેલી જણાય છે, અને દબાવવાથી કઠણ માલુમપડે છે, વખતોવખત પેશાબ થાયછે. **ઉપચાર**—એક શેર તેલ પાવું. ૧. લસણ ૪ ડ્રામ, ઇંદરવરણાનો ભુકો ૪ ડ્રામ, કાળીજીરી ૧ ઔંસ, સુંઠ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું. ૨. ડુંગરીનો રસ ૪ ઔંસ, મીઠું ૨ ઔંસ, સુંઠ ૨ ડ્રામ, મરચાં ૪ ડ્રામ, ગોળ ૪ આંસ, મેળવીને ખવરાવવું. ૩. ભાંગનો ભુકો ૪ ડ્રામ, મરી ૪ ડ્રામ, ગોળ ૪ આંસ, મેળવીને ખવરાવવું. ૪. ઝેર કોચલાનો ભુકો ૧ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, મરચાં ૪ ડ્રામ, ગોળ ૪ ઔંસ. મેળવીને ખવરાવવું, તેલવાળો હાથ કરીને ગુદાના રસ્તેથી લાદ કાઢવી, પછી, ૫. અળસીનું તેલ ૪ ઔંસ, સાબુ ૨ ડ્રામ, ઉનું પાણી ૪ પાઇન્ટ, મેળવીને ગુદાને રસ્તે પીચકારી મારવી, જાનવરને કાંઈ પણ ખાવા આપવું નહી. ફક્ત કાંજી, અળસીની ચા, ખોળ, ગોળ વીગેરે હલકો ખોરાક ખવરાવવો.

ઉલટી—આ ઘણાં દરદમાં ચિન્હ તરીકે દેખાય છે, ઘોડામાં અને ગધેડામાં મરતી વખતે ઉલટી થાય છે, કુતરામાં તથા ઢોરમાં ઉલટીનું દરદ સાધારણ છે. **કારણ**—ખરાબ ખોરાક

ઝેર, મગજનું દરદ, પેટનું દરદ, વિગેરે કારણથી થાય છે. ઉપચાર—બરફનું પાણી પાવું. લીંબુનું સરબત પાવું. ચાક અને અને ગુંદરનું પાણી પાવું. પેટ ઉપર રાઈનું પલાસ્તર મુકવું.—કુતરામાં—૧ કપુર ૨ ગ્રેન, પાણી ૧ આંસ, મેળવીને પાવું.

INDIGESTION. અરૂચી.

કારણ—ક્ષય, ગર્ભ. મોળુ ઘાંસ, હડકવા, પેટની અંદર કચરો. પેટનાં દરદો વિગેરેથી થાય છે. ચિન્હ—આ વખતે જાનવર ન ખાવાનું ખાય છે. જેવાં કે ધુડ, ચુનો, ચામડાં, કાંકરાં, લાકડાં, કપડાં, હાડકાં, વાળ, સીસાનાં પતરાં ખીલા, રેતી, વિગેરે ખાય છે. ઉપચાર—કારણ દુર કરવું, મીઠા તેલનો અથવા મીઠાનો જુલાબ આપવો, જાનવરને બાંધવું, લીલું ઘાંસ, ખોળ, કપાસીઆ, ગાજર, વિગેરે આપવાં, દાણામાં દરરોજ ખાતી વખતે મીઠાનું પાણી છાંટવું, તથા જેમ બને તેમ શકિત સાચવવી.

પેટની તથા આંતરડાની અંદર પથરી તથા બીજી ચીજો.

ઢોરમાં આ ચીજો વધારે માલુમ પડે છે. જેવાં કે સોઈ, ખીલા, પૈસા, વાળના ગોટા, પથરા, તથા ખારની બંધાએલી પથરીઓ દેખાય છે. ચિન્હ—આફરો ચડે છે, જાનવર ખાતું નથી, કુતરાં ઉલટી કરે છે, અને કોઈક વાર ઝાડો પણ થાય છે. ઉપચાર—તેલનો જુલાબ આપવો, આંતરડામાં આંટી પડી ગઈ હોય તો આ વસ્તુઓ નીકળી શકતી નથી. જાનવરમાં પેટ ચીરીને કાઢવામાં આવે છે. જાનવરને પીઠ ઉપર સુવાડવું.

આંતરડાના અંદરના પડનો સોજો—ENTERITIS.

કારણ—સખત કામ, ખરાબ ખોરાક, સખત જુલાબ, સખત ટાઢ, ઝેર, ખરાબ પાણી, નવા દાણા, વિગેરેથી થાય છે. પેટમાં જીવાદ, અને પથરી પણ આ દરદ કરે છે. ચિન્હ—અચાનક જાનવર પગ ઠોકે છે, પેટ તરફ જુવે છે, ફરફર કરેછે, આળોટે છે, દરદ જાથુક રહેછે, હાંફે છે, તાવ આવે છે, પરસેવો

ધ્રુજે છે, પગ અને કાન ઠંડા પડી જાય છે. પેટ દબાવવાથી ઘણું દુઃખે છે, ઝાડા વાટે લોહી પડે છે.

ઉપચાર—૧ અળશીનું તેલ ૨૦ ઔંસ, ભાંગનો રસ ૧ આંસ. મેળવીને પાઇ દેવું, ગરમ પાણીનો સેક કરવો, અને ગુદાને રસ્તે અફીણનો અર્ક ૧ આંસ. તથા પાણી, ૨ પાઇન્ટની પીચકારી મારવી. અળસીની ચા પાવી, તથા ભુસુ ખવરાવવું. પીવાના પાણીની અંદર સુરોખાર તથા મીઠું નાંખવું, ઝુલ ઓઢાડવી, મહુવડાં બાફીને ખવરાવવાં, છાસ, ઘેંસ, રાબ તથા દુધ પાવું.

ઝાડો–પાણી જેવો પાતળો ઝાડો અનિયમીતપણે ચાલ્યાં જાય છે. કારણ—પાણી પીવરાવીને એકદમ જાનવરને દોડાવવું, સખત જુલાબ દેવો, ખરાબ ઘાસ, સડેલ દાણા, ખરાબ પાણી, પેટના જીવડાં, ચેપી દરદ, ઝાકળમાં ઉઘાડું બાંધવું, સરદી, અને ખરાબ માવજતથી તથા દાંતના દરદથી ઝાડો થઇ આવે છે. ચિન્હ— શરૂઆતમાં કઠણ તથા નરમ ઝાડો શરૂ થાય છે, પેટમાં ગડગડાટ અવાજ થાય છે, ખાતું નથી, આફરો ચડે છે, પેટમાં દુખે છે, અને ઘોડામાં "લેમીનાઇટીઝ" નામનું દરદ થાય છે, ઝાડો જો બંધ થતો નથી તો જાનવરની સ્થીતિ બગડી જાય છે. ઉપચાર—અળસીનું તેલ અથવા એરંડીયું તેલ એક શેર, અફીણનો અર્ક એક ઔંસ મેળવીને પાવું, છાસ પાવી, કાંજી પાવી. ઘણો ઝાડો થતો હોય તો ૧. કાટાળું માચુ ૪ દ્રામ, સુંઠ ૨ દ્રામ, ચાક ૪ ઔંસ, ગોળ ૪ ઔંસ, ગોળી કરી ખવરાવવી. ૨. ફટકડી ૪ દ્રામ, મોરથુથુ ૨ દ્રામ, દહીં ૨૦ ઔંસ, મેળવીને પાઇ દેવું ૩ કપુર ૨ દ્રામ, મરી ૪ દ્રામ, અજમો ૧ ઔંસ, ગોળ ૪ ઔંસ. ગોળી કરી ખવરાવવી, પુરેપુરો આરામ આપવો, ગરમ ઝુલ ઓઢાડવી. પેટ ઉપર માલેસ કરવું, અને પાચન થાય તેવો હલકો ખોરાક ખવરાવવો.

મરડો—મોહટાં આતરડાંનો સોજો થઈ ચાંદા પડે છે, તે ઉપર અનાજ અથવા ખોરાક ઘસાય છે એટલે છાણ અથવા લીદની સાથે પાચ પડે છે. કારણ—ઝાડાની સાથે મરડો કેટલીકવાર હોય

છે, સરદી, ખરાબ પાણી, ખરાબ ખોરાક, ચેપી દરદ અને સખત કામથી મરડો થઈ આવે છે. ચિન્હ—વીંટ આવીને ઝાડો થાય છે, અને તે ગંધાય છે. ધીમે ધીમે લોહી તથા પાચ ઝાડા સાથે પડે છે, અને જાનવર સુકાય છે. આમણુ નીકળી પડે છે. ભુખ મંદ પડે છે, તાવ આવે છે, આંખો ઉંડી ઉતરી જાય છે, ને છેરામણુ ચાલ્યું જાય છે. ઉપચાર—એરંડીયા તેલનો અથવા અળસીના તેલનો જુલાબ આપવો. નવસાર પીવાના પાણીમાં નાંખીને પાવો. ૧ મોરથુથુ ૨ ડ્રામ, દહીં ૨૦ ઔંસ, મેળવીને ખવરાવવું. ૨ રસ-કપુરનું પાણી $\frac{1}{२०००}$ પ્રમાણનું ૮ ઔંસ પાવું, ૩. ફટકડી ૪ ડ્રામ, મીઠું ૨ ઔંસ, છાસ ૨૦ ઔંસ, મેળવીને પાઈ દેવી. કાંજી, રાબ, છાસ અને ખોળ ખવરાવવાં, પેટ ઉપર રાઈ ચોપ-ડવી, કારબોલીક એસીડ ૧ ડ્રામ, પાણી ૧૬ આંસમાં મેળવીને ગુદા વાટે પીચકારી મારવી,

આંતરડાંની વચે આડચ આવવી.

કારણ—કઠણ ઝાડો, પથરી, ચામડાંના કકડા, પથ્થર, વાળના ગોટા, આંતરડાંની ઘુંચ, ગાંઠ અને આંતરડું સુંવાળીઆની કોથળીમાં ઉતરવાથી ઝાડો બંધ પડી જાય છે. ચિન્હ—પેટપીડ ઉપડે છે, ઝાડો બંધ પડી જાય છે. જાનવર પોતાના કુલા ઉપર બેસે છે, પીઠ ઉપર સુઈ જાય છે. ગભરાય છે, આંખ ઉંડી ઉત-રતી જાય છે, તથા આંતરડાં કુલી જાય છે, પીતની અથવા ઝાડાની ઉલટી થાય છે, ઝાડાની ખણુસ થાય છે, પણ–ઝાડો થતો નથી. ઉપચાર—કારણ દુર કરવું, ડાકટરની સલાહ લેવી, જા-નવરને ઉંચે ચડાવીને કુદાવવું અને છેવટે પેટ ચીરી આંતરડાની ઘુંચ છુટી કરવી પડે છે, પણ આ કામ ડાકટરના હાથે થવું જોઈએ.

HERNIA. હરનીયા (સારણ.)

શરીરના કોઈ પણ અવયવોનું અથવા આંતરડાનું કુદરતી કાણામાં ફસાઈ જવું, અથવા બનાવટી કાંણામાં ફસાય છે, આંત-રડાં સાધારણ રીતે સુંવાળીયાની કોથળીમાં ફસાઈ જાય છે, અ-થવા ડુંટીમાં ફસાય છે, આફરામાં પેટ છાતીની બખોલમાં ફસા-

ય છે. ચિન્હ—ઝાડો બંધ થઈ જાય છે, પેટમાં ગડગડાટ થાય છે, પેટ પીડ થાય છે, અને જાનવર એકદમ સુસ્ત થઈ જાય છે. ઉપચાર—ડુંટી ફુલી ગઇ હોય ત્યારે જાનવરને પીઠ ઉપર સુવાડીને બે સોયા ચામડીની આરપાર કાઢવા. બ્લીસ્તર મારવું; અથવા ચામડીના વધેલા ભાગને બે ખપાટીયાંની વચે બાંધીને મુકી દેવો. જાનવરને પીઠ ઉપર સુવાડીને "Testicles" કોથળીના ઉપર હાથ નાંખીને આંતરડાને ઠેલ મારવી. જાનવરને પ્રવાહી ખોરાક ખવરાવવો, શક્તિ આવે તેવી દવા આપવી. આસ્તે આસ્તે કામ લેવું, અને આવા દરદ વાળા જાનવરને બહુ કુદાવવું નહીં. સભર જાનવરમાં આ દરદ હોય તો બચ્ચુ જનમ્યાપછી મટી જાયછે.

PROLAPSUS OF THE RECTUM. આમણુ નીકળવી.

કારણ—નબળાઇ, કબજીયત, પ્રસવ વખતે ઝાડામાં અથવા મરડામાં નીકળે છે. ચિન્હ—લાલચોળ માંસના લોચા જેવું બહાર નીકળી પડે છે, ઉપચાર—સાફ કરી, ગરમ પાણીથી ધોઈ, તેલ ચોપડી હાથ વતી બેસાડી દેવી, અને દરદ જુના વખતનું હોય તો કાપીને ટેભા દેવામાં આવે છે. હલકો ખોરાક ખવરાવવો. જેવાં કે દુધ, રાબ, છાસ, ઘેંસ ભુસુ વિગેરે ખવરાવવું. હરસ—ગાંડની અંદર હરસની નસો ફુલી જાય છે. કારણ—ગુદામાં ગાઠ, બદહજમી, કબજીયત, ખરાબ ઘાસ, વિગેરેથી થાય છે. ચિન્હ—ઝાડો ઉતરવામાં મુશકેલી પડે છે, ચળ આવે છે, પુંછડી ઘસે છે, અને વખતે લોહી પડે છે. ઉપચાર—તેલનો જુલાબ આપવો, પીવાના પાણીની અંદર નવસાર ૨ ડ્રામ નાંખવો, કબજીયત ન થાય તેવી સાવચેતી રાખવી, બહુ દરદ થતું હોય તો અફીણનો અર્ક ગાંડ ઉપર ચોપડવો, લોહી પડતું હોય તો હીરાકસીના પાણીમાં રૂ બોળીને ગુદામાં મુકવું, છેવટે ન મટે તો કાપવા પડે છે. ગુદાના વેહની ગેરહાજરી—આવું જ્યારે માલુમ પડે ત્યારે તે ઠેકાણે આડો અને ઉભો એક એક કાપ મુકી વચમાં આંગળી નાંખી રસ્તો કરવો અને થોડા દીવસ સુધી આંગળી નાંખતા રહેવું.

PERITONITIS.

આંતરડાના બહારના પડનો સોજો—જખમ, પેટ ઉપર લાત કાપ, ગુમડુ, આંતરડાનો સોજો, ગરભાશય અને બીજા દરદોથી દરદ થાય છે, શરદી, ઘોડાના પેલ્લીયા કાપી નાંખવાથી વખતે આ દરદ થાય છે. **ચિન્હ**—તાવ આવે છે, ચુંક ઉપડે છે, ચાલી શકતું નથી, ઝાડો બંધ પડી જાય છે, ખાતું નથી, ઉલટી થાય છે, અને પેટની નીચે પાણી ભરાય છે, હાંફે છે, અને જાનવર ચાર પગ ભેગા કરી ઉભું રહેછે. **ઉપચાર**—પેટ ઉપર ગરમ પાણીનો સેક કરવો, તેલ પાવું, અને તેની સાથે અફીણનો અર્ક ૧ ઔંસ પાવો, ચોખાની કાંજી પાવી, અળસીની ચા પાવી, પીવાના પાણીની અંદર સુરોખાર ૨ ડ્રામ નાંખીને પાવો, જખમ હોય તો સાફ કરીને કારબોલીક તેલ તથા આઇડોફોર્મ છાંટવું, સારૂ થતું જાય તો શક્તિની દવા આપવી, અને સારી માવજત કરવી, રાઇનું તેલ પેટ ઉપર માલેસ કરવું.

DROPSY. જલંદર.

કારણ—આ દરદ પેટના બીજા દરદોના પરીણામ તરીકે જણાય છે. અથવા કલેજાના દરદ, હ્રદયના દરદ, લોહીનો બીગાડ અને કેટલાંક ચેપી દરદના પરીણામ તરીકે થાય છે. **ચિન્હ**—પેટ ફુલેલું જણાય છે, અને પાણી ભરેલું માલમ પડે છે, પેટ દબાવીયે ત્યારે બોદો અવાજ સંભળાય છે. પેસાબ થોડો થાય છે, ખાતું નથી, હાંફે છે, વાળ ખરી પડે છે, ચહેરો ફીકો પડી જાય છે, અને છાતીમાં અને પાછલા પગમાં સોજો આવે છે. **ઉપચાર**—મુખ્ય ખરૂં કારણ ગોતી કાઢવું, જુલાબ આપવો, પીવાના પાણીમાં સુરોખાર નાંખીને પાવું. ૧. ટરપેનટાઈન તેલ ૧ ઔંસ, મીઠું તેલ ૧૬ ઔંસ. મેળવીને પાઇ દેવું. ૨ હીરાકસી ૨ ડ્રામ, ઝેરર કોચલાનો ભુકો ૧ દ્રામ, મીઠું ૨ ઔંસ, ગોળ ૪ ઔંસ. મેળવીને ખવરાવવું. પેટ ઉપર થોરનું દુધ ચોપડવું, અથવા આયોડીનનો મલમ લગાડવો, જાનવરને થોડું થોડું ફેરવવું,

છેવટે ટ્રોકાર અને કેન્યુલા પેટની ચામડીની અંદર મુકીને પાણી કાઢી લેવું, પણ તે કામ હુંશીઆર માણસથી કરાવવું. પેટ ઉપર પાટા બાંધવા, હલકો ખોરાક ખવરાવવો-શકતી સાચવવી.

WORMS IN THE INTESTINES.

પેટની તથા આંતરડાની અંદર કરમીયા અને જીવાદ.

કારણ—ખરાબ પાણી, ખરાબ ઘાંસ, એક જાતની માંખીના ઈંડાં ખોરાકમાં ખાવાથી થાય છે. ચિન્હ—જાનવર ઘણું ખાય છે, છેરામણ થાય છે, દુબળુ પડતું જાય છે, છાણમાં અથવા લીંદમાં જીવડાં દેખાય છે, પુછડી ઘસે છે, કોઇ વખતે પેટ પીડ ઉપડે છે. ગુદા ઉપર પીળો ચીકણો મેલ જણાયછે. ઉપચાર—૧ તેલનો અગર વિલાયતી મીઠાનો જુલાબ આપવો. ૨. ટરપેન-ટાઇન તેલ ૧ ઔંસ, તેલ ૧૬ ઔંસ, મેળવીને પાવું. કાળી જીરી અને પીતપાપડો ઉપયોગી છે. ૩ હીરાકસી ૨ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું અને ત્યાર બાદ બીજે દીવસે જુલાબ આપવો. કરમીયા અને બીજી જીવાદો આંતરડામાં ઘણી માલુમ પડે છે, સોપારીનો ભુકો કુતરામાં સારી અસર કરે છે, દાડમની છાલનો ભુકો ૪ ડ્રામ અને ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવાથી ફાયદો થાય છે, દરદી જાનવરને જુદા બાંધવાં, સારાં જાનવરને દરરોજ મીઠું ખવરાવવું, સારૂ પાણી પાવું, અને શક્તિવાળો ખોરાક ખવરાવવો.

DISEASES OF THE LIVER.

કલેજાના દરદો.

કલેજું શરીરમાં પેટની જમણી બાજુએ મોહોટું એક પીંડ છે, જેનું કામ પીત પેદા કરવાનું છે. અને તે ચરબી વિગેરે ખોરાકને પાચન કરે છે, પીત કુદરતી રીતે જુલાબનું કામ સારે છે.

SUGAR IN THE URINE. સાકરીઓ પેશાબ.

ઘોડા, બળદ તથા કુતરામાં થાય છે.

કારણ—કલેજાનું બગડવું, મગજનાં દરદ, શરદી તથા

ખરાબ ઘાંસથી થાયછે. ચિન્હ—એકદમ જાનવર નબળું થતુ જાય છે, ખાતું નથી, પાણી બહુ પીએ છે, અને પેશાબની અંદર અળો પદાર્થ માલુમ પડે છે. એક કાચની નળીમાં પેશાબ ભેગો કરીને મોરથુથુનું પાણી નાંખવું પછી થોડાંક ટીપાં લાઈકર પોટાસ ઉમેરવો, પછી થોડીક વાર પેશાબને ગરમ કરવો, એટલે તળીએ મોરથુથુનો વાદળી રંગ બદલાઇને પીળો રંગ નીચે બેસે છે. ઉપચાર—અફીણુ આ દરદમાં અકસીર ઇલાજ છે. ૧. અફીણુ ના દ્રામ, મરચાં ૪ દ્રામ, નવસાર ૨ દ્રામ, ગોળ ૪ ઔંસ. મેળવીને ખવરાવવું. ૨. કડું ૨ દ્રામ, પાપડીયો ખારો ૧ ઔંસ, રેવંચીનો સીરો ૨ દ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. અળસીની ચા ખુબ પાવી, પીઠ ઉપર ગરમ પાણીનો સેક કરવો, લીલુ ઘાસ, ખોળ, ભુસુ, મગ, ચણા વીગેરે ખવરાવવાં.

એઝોટુરીયા.

કારણુ—મુત્ર પીંડનાં દરદ, કલેજાનાં દરદ અને પીઠનાં દરદથી, ખરાબ ઘાંસથી, ખરાબ પાણીથી, જાનવરને બેસાડી રાખવાથી આ દરદ થાય છે. ચિન્હ—ઘોડામાં આ દરદ વધારે માલુમ પડે છે, જાનવર પાછલા પગે એકદમ લંગડુ થઇ જાય છે, ધ્રુજે છે, પડી જાય છે, પેસાબ રાતો તથા કાળા રંગનો થાય છે, છેવટે લોહીમાં પેસાબનું ઝેર પસરી જાય છે, અને જાનવર મરી પણ જાય છે. ઉપચાર—જાનવરને હમેશાં થોડું થોડું ફેરવવું, તેલનો અથવા વીલાયતી મીઠાનો જુલાબ આપવો. ૧. નવસાર ૨ દ્રામ, ભાંગનો ભુકો ૪ દ્રામ, કાળાં મરી ૪ દ્રામ, અજમો ૪ દ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું. પીઠ ઉપર ગરમ પાણીનો સેક કરવો, રાઇનું તેલ ચોપડવું, ગરમ ઝુલ ઓઢાડવી, અળસી બાફીને ખવરાવી. ૨. ઝેરકોચલાની ભુકી ૨ દ્રામ, નવસાર ૨ દ્રામ, કાળીજીરી ૧ ઔંસ. ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું.

RED URINE—રાતો પેશાબ.

કારણ—ખરાબ ઘાસ, ખરાબ પાણી, શરદી, ભેજ, ખરાબ ખોરાક વિગેરેથી થાય છે. જંગલમાં રહેનાર ઢોરને આ દરદ વધારે થાય છે. **ચિન્હ**—નબળાઇ, સુસ્તી, તાવ, ખાતું નથી, પેટમાં દુખે છે, અને જાનવર બેભાન થઇ જાય છે. **ઉપચાર**—ઘેર ખવરાવવું, તેલનો અથવા મીઠાનો જુલાબ આપવો. અળસીનો ચા પાવો, ગોળનું પાણી પાવું, છાસ પાવી, ભુસુ ખવરાવવું સારી માવજત કરવી. દરદી જાનવરને એકદમ સારી જગ્યામાં ફેરવવું. એ ઘણું સારૂં છે.

કમળો JAUNDICE.

કારણ—કલેજાનું દરદ, પીતના રસ્તામાં પથ્થરી, જીવાદ, સોજો, રસ્તો બંધ થઇ જવો, આંતરડામાં ખોરાકનો જમાવ થવો, ભેજ વિગેરે કારણથી કમળો થાય છે. **ચિન્હ**—ઝાડો કબજ થાય છે, અને કાળા રંગનો અથવા સફેદ થાય છે, આંખની અંદરની ચામડી તપાસવાથી પીળી દેખાશે, પેસાબ લાલ અને પીળો થાય છે, બરોબર ખાતું નથી, વાળ ખરી પડે છે. સુસ્ત રહે છે. કલેજું દબાવાથી દુખે છે. **ઉપચાર**—૧. પોડોફાઈલીન ૨ ડ્રામ, નવસાર ૨ ડ્રામ, સુરોખાર ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. ૨. વીલાયતી મીઠું ૮ ઔંસ, નવસાર ૨ ડ્રામ, કડુ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું. ૩ હરડાં, બેડાં અને આમળાંનો ભૂકો મીશ્રીત ૪ આંસ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું, પીવાના પાણીમાં મીઠું નાંખવું, લીલુ ઘાસ, ગાજર વિગેરે ખવરાવવું. ગરમ પાણીનો પેટે શેક કરવો. ઇંદરવરણું સારી અસર કરે છે.

CONGESTION OF THE LIVER.
કલેજામાં લોહીનો જમાવ.

કારણ—ગરમીમાં દરદ વધારે થાય છે. જાનવરને બેસાડી રાખવું, ભારે ખોરાક ખવરાવવો, ટાઢા પાણીએ નવરાવવું, કલેજાના ભાગ ઉપર માર લાગવો, તથા અજીરણથી આ દરદ થાય છે.

ચિન્હ—જાનવર એકદમ સુસ્ત થઈ જાય છે, હાંફે છે, પરસેવો વળે છે, પેટમાં દુઃખે છે, ભારે ખોરાક ખવરાવવાથી તથા બેસાડી રાખવાથી અનાજ પચતું નથી, ઝાડો કબજ રહે છે, અને ઉઠ બેસ કરે છે, પીળો પેશાબ થાય છે, કમળો જણાય છે. તથા જાનવર બેભાન થતું જાય છે. ઉપચાર—વીલાયતી મીઠું અગર તેલનો એકદમ જુલાબ આપવો. લીવરના ભાગ ઉપર ગરમ પાણીનો સેક કરવો, અથવા રાઈનું પલાસ્ટર મારવું, ભુસુ, ગાજર, લીલું ઘાસ અને છાસ પાવી, દાણા ખવરાવવા, ગરમ ઝુલ ઓઢાડવી, સારી જગ્યામાં બાંધવું, દરરોજ મીઠું ખવરાવવું. ૧ નવસાર ૨ ડ્રામ, વીલાયતી મીઠું ૮ ઔંસ, પાણી ૨૦ ઔંસ, મેળવીને પાવું.

INFLAMATION OF THE LIVER.

કલેજાનો સોજો.

કારણ—ગરમી, ભેજ, ખરાબ ખોરાક, ખરાબ પાણી, થોડું કામ, ગરમ મસાલા ખવરાવવા; કલેજામાં જીવાદ તથા જખમ વીગેરેથી થાયછે. ચિન્હ—તાવ આવે છે, હાંફે છે, કલેજામાં દુખે છે, ખાતું નથી, કમળાના ચિન્હ દેખાય છે, છેવટે તાવ ઘણો વધે છે, ત્યારે બેભાન થઇ પડી જાય છે, જીભ ઉપર પીળી છારી વળી જાય છે, ઝાડો કબજ હોય છે. ઉપચાર—વીલાયતી મીઠું (૧૬) ઔંસ પાણીમાં મેળવીને પાવું. ૧. એળીયો ૨ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું. ૨. પોડોફાઇલીન ૨ ડ્રામ, નવસાર ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું. ૩. અરડુસાના પાનનો ભુકો ૪ ડ્રામ, કાળાં મરી ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું, કલેજા ઉપર પાણીનો સેક કરવો, રાઇનું તેલ માલેસ કરવું, લીલું ઘાસ, ગાજર, ગદબ, છાસ, દુધ વિગેરે પાવું, થોડું થોડું ફેરવવું, મીઠું પાણીમાં નાંખીને પીવરાવવું, ગરમ ઝુલ ઓઢાડવી, ખુલા તબેલામાં બાંધવું.

CALCULI IN THE LIVER.

કલેજાની અંદર પથરી બંધાવવી.

કારણ—આ દરદ ઢોરમાં વધારે થાય છે, તેને ગોરચંદન કહે છે, સુકો ખોરાક ખવરાવવાથી થાય છે, બેસાડી રાખવાથી, અજીરણથી અને કબજીઅતથી થાય છે, કમળાનાં જેવાં સઘળાં ચિન્હ જણાય છે. ઉપચાર—પાણીમાં મીઠું નાંખીને પાવું. ૧. પાપડીઓ ખારો ૨ ઔંસ, નવસાર ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું. ૨. કલોરોફોર્મ ૪ ડ્રામ, નવસાર ૨ ડ્રામ, પાણી ૨૦ ઔંસ મેળવીને પાવું. ૩. ગાંજાનો ભુકો ૧ ડ્રામ, મરી ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું, હલકો ખોરાક ખવરાવવો, અને જાનવરને ફેરવવું. છાશ પાવી, લીલું ઘાંસ, અને ગદબ ખવરાવવું.

DISEASES OF THE URINARY ORGANS.

પેશાબના અવયવોના દરદ.

લોહીમાંનો પ્રવાહી અને કેટલાક ક્ષારના બીગાડ, મુત્રપીંડને રસ્તે થઇને નીકળે છે, અને તેથી લોહી સાફ રહે છે. આ મુત્રપીંડ એક મોટા ફીલટર તરીકે કામ કરે છે, તે મુત્રપીંડમાંથી બે નળી મુત્ર ભરાઇ રહેવાની કોથળી સુધી જાય છે. ત્યાં ટીપે ટીપે મુત્ર ભેગું થાય છે. તેને “ બ્લેડર ” કહે છે, તે મુત્રની કોથળી પુરેપુરી ભરાઇ જાય ત્યારે ઇંદ્રી વાટે પેશાબ જાનવર કરે છે. સારો પેશાબ (૧૦૩૦) ઘોડાનો, (૧૦૫૦) બળદનો, અને (૧૦૨૦) કુતરાનો, સ્પેસીફીક ગ્રેવીટીનો હોય છે. ખારો અથવા ખટાશના શ્વાદનો હોય છે, ચોખ્ખો ધોળાશ પડતો પેશાબ તંદુરસ્તી બતાવે છે. રાતો પીળો હોય ત્યારે કલેજાનાં દરદનું નિશાન છે. રાતો અથવા કાળો હોય તો લોહીનાં બીગાડના દરદનું નિશાન છે, પેશાબમાં ઘણી જાતના ક્ષાર માલુમ પડે છે.

POLYURIA. ઘણો પેશાબ.

કારણ—દવા, ખરાબ ઘાંસ, ખરાબ દાણા, ખરાબ પાણી, અને ઘણો ખારાશવાળો પદાર્થ ખાવાથી થાય છે. કેટલાંક દર-

ત્રમાં પેશાબ વખતો વખત થાય છે. ચિન્હ—વખતોવખત પેશાબ થાય છે, પાણી ઘણું પીએ છે, પરસેવો ઘણો વળે છે, અને નબળુ પડતું જાય છે. પેશાબ પાણી જેવો હોય છે. ઉપચાર—કારણ દુર કરવું, અળસી ખવરાવવી, સારૂ ઘાસ, સારા દાણા, અને ચોખ્ખું પાણી પાવું, ભીંડીને બાફીને તેનું પાણી પાવું. ૧. હીરાકસી ૨ ડ્રામ, ફટકડી ૪ ડ્રામ, છાશ ૨૦ ઔંસ, મેળવીને પાઇ દેવું, આંબલીનું પાણી પાવાથી પણ ફાયદો થાય છે. વિલાયતી મીઠું ૪ ઔંસ દરરોજ દાણામાં ખવરાવવું. ગુંદર, ચણકબાબ, અને બહુફળી ઘણાં ઉપયોગી છે.

BLOODY URINE.

લોહીવાળો પેશાબ.

કારણ—મુત્રપીંડનો સોજો, કમરની લચક, કમર ઉપર માર, મુત્રપીંડમાં પથ્થરી, કેનશર, ચેપી દરદ, જલદ દવા, વિગેરે કારણથી થાય છે. **ઉપચાર**—અળસીનો ચા, ગુંદનું પાણી, છાસ અને આંબલીનું પાણી પાવું, કમર ઉપર ટાઢું પાણી રેડવું, અથવા શેક કરવો. ૧. હીરાકસી ૨ ડ્રામ, નવસાર ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. ૨. ગોખરૂ ૧ ઔંસ, સોડા બાઇ-કાર્બ ૧ ઔંસ, છાશ ૨૦ ઔંસ, મેળવીને પાવું.

INFLAMATION OF THE KIDNEY.

મુત્રપીંડનો સોજો.

કારણ—શરદી, ભેજ, ટાઢ, ખરાબ ખોરાક, ખરાબ ઘાસ, ઝેરી દવા તથા પક્ષઘાતથી થાય છે. **ચિન્હ**—સખત તાવ આવે છે, કમર દુઃખે છે, પાછલા પગે ચાલી શકાતું નથી, બરાડે છે, પેટમાં દુઃખે છે, અને થોડો થોડો પેશાબ થાય છે, અને તેમાં લોહી અથવા પરૂં માલુમ પડે છે. ઝાડો કબજ રહે છે, પાછલા પગ સુજી જાય છે, ઉભૂં રહી શકાતું નથી, **ઉપચાર**—અળસીના તેલનો અથવા મીઠા તેલનો જુલાબ આપવો. કમર ઉપર ગરમ પાણીનો સેક કરવો. છાસ પાવી, લીલું ઘાસ ખવરાવવું અને શકતી સાચવવી, ગરમ ઝુલ ઓઢાડવી. વીલાયતી સીઠું ૮

ઔંસ, સલફ્યુરીક એસીડ ૨ ડ્રામ, ભાંગનો રસ ૧ ઔંસ, ગુંદનું પાણી ૨૦ ઔંસ, મેળવીને પાવું.

INFLAMATION OE THE BLADDER.

મુત્રાશયનો સોજો.

કારણ—ખરાબ ખોરાક, ખરાબ ઘાસ, દવા, અને પેશાબ બંધ થવાથી સોજો થાય છે, ઈંદ્રિના સોજાથી પણ થાય છે. **ચિન્હ**—પેશાબ વખતો વખત થાય છે, પણ કરાંઝીને કરે છે, પેટપીડ થાય છે, પુંછડી હલાવહલાવ કરે છે, ચાલી શકતું નથી, તાવ આવે છે, અને પથરીથી હોય તો પથરી કાઢ્યા પછી મટે છે. **ઉપચાર**—જાનવરને ઘાંસની પથારી કરીને સીસુડી બોલાવવાથી પેશાબ કરવાનું કરે છે. ૧. ભાંગની ભુકી ૪ ડ્રામ, ગોળ ૪ ઔંસ, ગુંદનું પાણી ૧૬ ઔંસ મેળવીને પાવું.

ગુદાની અંદર હાથ નાંખીને તપાસવું અને પથરી હોય તો બાજુ પર કરવી, ગુંદનું પાણી, શેરડીનો રસ, આંગલીનું પાણી પાવું, અને ખોળ ખવરાવવો, પીઠ ઉપર ગરમ પાણીનો શેક કરવો. ૨. ચણુકબાબ ૪ ડ્રામ, સાકર ૨ ઔંસ, ગુંદ ૨ ઔંસ, ગોળ ૪ ઔંસ, પાણી ૨૦ ઔંસ, મેળવીને પાવું. પથરી હોય તો પેશાબની સળી નાંખીને પેશાબ કરાવવો, ગાયમાં, ઘોડીમાં તથા કુતરામાં આંગળી નાંખીને પેશાબ કરાવી શકાય છે. પથરી ચીરીને કાઢી લેવી. એ જરૂરનું છે.

GONORRHŒA. પ્રમેહ.

કારણ—ખરાબ પેશાબ, ઝેરી દવા ચોપડવાથી, ખરાબ સંભોગ કરવાથી, ઈંદ્રી ઉપર છજા થવાથી તથા પથરીને લીધે આ દરદ થાય છે. **ચિન્હ**—ઈંદ્રી સુજી આવે છે, પેશાબ કરતાં બળતરા થાય છે, ઈંદ્રી ઠગાવી રાખે છે, અને પેશાબ વખતે બંધ પણ પડી જાય છે તથા પરૂ નીકળે છે. **ઉપચાર**—તેલનો જુલાબ આપવો, ઈંદ્રીની અંદર ફટકડીના પાણીની અથવા પોટાશીયમ પરમેનગેનાસના પાણીની પીચકારી મારવી. ૧ ચણુકબાબ

૬ દ્રામ, સુરોખાર ૨ દ્રામ, ગોળ ૪ ઓંસ મેળવીને આપવો. આંબલીનું પાણી પાવું. અને ઇદ્રી ઉપર ગરમ પાણીનો શેક કરવો. વખતે સળી નાંખીને પેશાબ કરાવવો પડે છે.

CALCULI. પથરી.

કારણ—ડુંગરી જમીનમાં ક્ષારવાળી જમીન, ખેતરમાં અથવા કાંકરોડવાળી જમીનની ચરીયાણુ જગ્યામાં ચરવાથી, ક્ષારનો જમાવ થાય છે. જુદી જુદી જાતના દાણા અને ઘાસના ક્ષાર પાચન થઇને પથરી બંધાય છે. ક્ષારવાળા પાણી પીવાથી, કલેજાના દરદથી, પેશાબ બંધ થવાથી, થોડું પાણી પીવાનું મળવાથી, પણ પથરીનું દરદ થાય છે. ઝીણા ચણાથી મોટી મુઠી જેવડી પથરી થાય છે. પથરી કરકરી અથવા લીસી હોય છે. મુત્રપીંડમાં પથરી લાંબી સળી જેવી હોય છે. અને મુત્રની કોથળીમાં ગોળ ઇંડાના આકાર જેવી હોય છે. **ચિન્હ**—પથરી જ્યારે મુત્રપીંડમાં અથવા મુત્રપીંડની બહાર હોય છે ત્યારે કમર દુઃખે છે, ચાલી શકતું નથી, અને પેશાબમાં લોહી તથા પરૂ માલુમ પડે છે, મુત્રની કોથળીમાં પથરી હોય છે, ત્યારે મુત્ર બંધ પડી જાય છે, પેટપીડ ઉપડે છે, પેશાબ કરવાની ઘણી ખણુસ થાય છે, ગુદામાં હાથ નાંખવાથી પથરી માલુમ પડશે. સળી નાંખી તપાસવાથી પણ માલુમ પડે છે. **ઉપચાર**—સહેલામાં સહેલો ઇલાજ પથરીને બહાર કાઢવી તે છે, પથરી કાઢવાના બે ઇલાજ છે, એક રીતે પથરીનો ચુરો કરીને પથરી કાઢવામાં આવે છે, તથા બીજી રીત આખીને આખી પથરી ઇંદ્રીમાં કાપ મેલીને કાઢવામાં આવે છે. આ કામ ડાકટરના હાથે થવું જોઇએ. કેટલીકવાર નાની પથરી ઇંદ્રીના મોઢામાં ફસાઈ ગએલી જણાય છે. તે તપાસી સાચવીને ચીમટાથી ખેંચી લેવી. ખટાશવાળા પદાર્થથી પથરી ગળી શકે છે, હાડ્રોકલોરીક એસીડ ૨ દ્રામ, પાણી ૨૦ અંાસ મેળવીને પાવું,

---

INFLAMATION OF THE TESTICLES.

સુવાંળીયાનો સોજો.

કારણ—સુંવાળીયા ઉપર લાગવાથી, ઘણો સંભોગ કરવાથી, જીવાદથી, ગંદકીથી, તથા પ્રમેહથી સોજો થાય છે. **ચિન્હ**—સુંવાળીયા સુજી જાય છે, ત્યારે પાછલા બે પગ પહોળા કરી રાખે છે, અને કોથળી સુજેલી માલુમ પડે છે, અને ગોળી ઉંચે નીચે ચડ ઉતર કરે છે, દરદ થાય છે. ચાલી શકાતુ નથી. તાવ આવે છે. **ઉપચાર**—વીલાયતી મીઠાનો જુલાબ આપવો, ભુસુ તથા લીલું ઘાસ ખવરાવવું, સુંવાળીયા ઉપર ગરમ પાણીનો સેક કરવો તથા અફીણનો રસ ચોપડવો, જો પરૂ થાય તો ચાકાવતી કોથળીમાં કાપ મેલી પરૂ કાઢવું, વધારે જરૂર જણાય તો ગોળી કાપી નાખવી પડે છે, ગોળીને કપડાંની ઝોળી કરીને બાંધવી.

ઈંદ્રી ઉપર મસા (શીશ્ન).

ઉપાચાર—કાતરથી અથવા ચાકાથી કાપી નાખવા, અને કળીચુનો ઉપર ચોપડી દેવો. ઈંદ્રી સડી ગઇ હોય તો ડાકટરની સલાહ લઇને કામ કરવું. કારબોલીક તેલ અને આયડોફોર્મ લગાડવું.

ઈંદ્રી ઉપરની ચામડીનો સોજો.

ટાઢું પાણી છાંટવું તથા ગરમ પાણીનો સેક કરવો, કારબોલીક તેલ ચોપડવું, ઈંદ્રીને બહાર ખેંચી કાઢવી, જુલાબ આપવો.

ABORTION. ગર્ભપાત.

જાનવરમાં આ બનાવ તેની અજાણમાં થાય છે, માણસ કેટલીકવાર તેની બુદ્ધીનો ગેરઉપયોગ કરે છે. **કારણ**—પેટ ઉપર જાનવર ગર્ભવંતુ હોય ત્યારે ઇજા અથવા મારથી, ઘણું દોડાવવાથી, પડી જવાથી, આફરાથી, સખ્ત ઝાડાથી, પથરીથી, ખરાબ ઘાસ તથા હવાથી, મુત્રના દરદથી, નાની ઉમરમાં બચ્ચાં લેવાથી, પેટની અંદર ગર્ભના મરી જવાથી, ખરાબ પાણીથી અને ચેપથી થાય છે. **ચિન્હ**—ગર્ભવાળા જાનવરને ઓપટી આવે છે, અને ત્યાર પછી

વેણુ આવે છે, અને છેવટે બચ્ચું જીવતું અગર મરી ગએલું નીકળે છે, ચુંકાય છે, ઉઠબેસ કરે છે, કરાંજે છે. ઉપચાર—ગર્ભપાત અટકાવવાને બીજાં સારાં જાનવરોને એકદમ દુર લઇ જઇને બાંધવાં, સારૂં ઘાસ ખવરાવવું, ચોખ્ખી જગ્યામાં બાંધવાં, દરરોજ સારા જાનવરને થોડું મીઠું ખોરાકમાં નાંખીને ખવરાવવું, દરદી જાનવરને પહેલાં અફીણનો અરક એક ઔંસ પાણીમાં પાવો, અને જો ગર્ભપાત થવાના ચિન્હ શરૂ થાય તો કુદરતને મદદ કરવી. તથા છેવટ સુધી ઓળ બહાર પડી જાય ત્યાં સુધી પુરી દેખરેખ રાખવી. ગર્ભપાત થએલા જાનવરમાં એક બે વરસ સુધી બચ્ચાં લેવાં નહીં. આ દરદમાં બચ્ચું વખતે અવતરવાથી જીવતું નથી. કારબોલીક તેલ યોનીમાં ચોપડવું. જાનવરની શકતી સાચવવી. અળસીની ચાહ, ભુસું, ગોળ, ખોળ, કપાસીઆં વિગેરે ખવરાવવું. પોટાસીયમ પરમેંનગેનાસના પાણીથી ધોવું. જગ્યા સ્વચ્છ રાખવી.

PROLONGED LABOUR.
વીલંબવાળો ગર્ભપ્રસવ.

કુદરતી રીતે પ્રસવનો વખત ઘોડીમાં ૩૦૭ દિવસથી ૩૪૫ દિવસ સુધી, ગાયમાં ૨૭૫ દિવસથી ૨૮૭ દિવસ સુધી, ઘેટામાં ૧૪૯ દિવસ સુધી, કુતરામાં ૬૪ દીવસ. મીંદડીમાં ૫૫ દિવસ, સસલામાં ૩૦ દિવસ, ઉપર પ્રમાણે જે દિવસથી ગર્ભ બંધાય તે દીવસથી ઉપર બતાવ્યા પ્રમાણે મુદતની અંદર જુદા જુદા જાનવરમાં પ્રસવ થાયછે. પણ દેશકાળ તથા દરદને લીધે અનિયમીત થાયછે. કુદરતી ગર્ભ માના પેટમાંથી આગલા બે પગ તથા માથું પહેલ વહેલું નીકળે છે, અથવા પાછલા બે પગ અને પુંછડી પહેલાં નીકળે છે. પણ કેટલીકવાર બચ્ચું આડું પડી જાય છે, તેથી અથવા ગર્ભાશય ફરી જવાથી અથવા ગર્ભાશયના મોંઢાના સંકોચનથી પ્રસવમાં વિલંબ થાય છે. ચિન્હ—પ્રથમ વેણુ આવે છે ત્યારે જાનવર બીજા ઢોરથી જુદું પડી જાય છે, કરાંજે છે, પેટમાં દુખે છે, પેશાબ કરે છે, અને પાછલા પગ નમાવે

છે, ઉઠ બેસ કરે છે, તથા યોનીમાંથી ધોળાં ચીકણાં પાણી નીકળે છે. આ વખતે યોનીની અંદર હાથ મુકીને જોવું કે કમળનું મોઢું ખુલ્લુ થયું છે કે નહીં, ન થયું હોય તો એક અથવા બે આંગળી નાંખી પહોળું કરવું, અગર ચાકાવતી કાપ કરવો. કમળનાં મોંઢામાં આંટી પડી હોય તો કમળને હાથવતી પાછું ઠેલવું, અને જાનવરને ઉંચી જગ્યા ઉપર ઉભું રાખવું, અને જાનવરને આડુઅવળું ફેરવવાથી આંટી છુટી પડે છે. કેટલીક વાર પ્રસવ થતાં પહેલાં યોની બહાર નીકળી પડે છે. ત્રણ ચાર વખત વેણ આવ્યા પછી પાણીની ભરેલ કોથળી જેવી બહાર નીકળે છે, તે ફુટી જાય છે, એટલે આગલા બંને પગ અગર પાછલા બંને પગ સાથે નીકળે છે. ત્યાર પછી આગલા પગ હોય તો માથું દેખાય છે, અને ધીમે ધીમે નીકળીને બચ્ચું બહાર જમીન ઉપર પડે છે. પણ જો આગલો અગર પાછલો એકાદ પગ નીકળે તો તેને એક દોરડી બાંધવી, અને તેલવાળો હાથ કરીને યોનીની અંદર નાંખી, બીજો પગ અને માથુ સમુ કરીને કાઢવું, અગર એક પાછલો પગ નીકળ્યો હોય તો તે પગને દોરી બાંધવી, અને હાથ ઘાલીને બીજો પાછલો પગ કાઢવો. આગલો પગ એક નીકળ્યા પછી બીજા પગની શોધ કરવી, ત્યાર બાદ માથું સીધું ન હોય તો સીધું કરવું, બચ્ચું મરી ગએલ હોય તો કાનમાં અગર આંખમાં હુક નાંખી દોરડીવતી બચ્ચાંને ખેંચવું, કેટલીકવાર કુલા પહેલા દેખાય છે, અને પુંછડી બહાર નીકળે છે. આ વખતે બચ્ચાંને પાછું ઠેલવું, અને પછી ફેરવીને પાછલા અથવા આગલા પગથી કાઢવાની મહેનત કરવી, માથુ મહોટું હોય અને ન નીકળે તો વિચાર કરવો કે બચ્ચાંની અગર માની સ્થીતિ કેવી છે. તે ઉપર ધ્યાન રાખી નસ્તરનો ઉપયોગ કરવો. કેટલીક વાર ચાર પગ ભેગા નીકળે છે, અથવા ખુંધનો અને વાંસાનો ભાગ નીકળે છે. પણ જ્યારે આવું હોય ત્યારે પ્રસવ થતાં બહુ મુશકેલી પડે છે. એટલે તે ભાગને પાછો ઠેલવો. આ વખતે જાનવરને ઉંચી જગ્યા ઉપર તેના પાછલા

પગ ઉંચા રહે તેમ કરવું, અને હાથવતી બચ્ચાંને ગર્ભાશયમાં પાછું ઠેલવું અને કુદરતી રસ્તો બનતાં સુધી હાથ કરવો સલાહવાળો છે.

પ્રસવ પછી લોહીનો સ્રાવ.

ચિન્હ—લોહી ઘણું વહે છે, અને જાનવર કમજોર થઈ જાય છે. **ઉપચાર**—ટાઢું પાણી કમર ઉપર રેડવું, ઓળ રહી ગઈ હોય તો હાથ ઘાલી સાચવીને કાઢી લેવી, ફટકડીના પાણીની અંદર પીચકારી મારવી અગર હીરાકસીનું પાણી છાંટવું. એક્ષટ્રેક્ટ અરગટ ૧ ઔંસ, પાણી ૧૬ ઔંસ મેળવીને પાવું.

RETENTION OF PLACENTA.

ઓળ ચોંટી રહેવી.

કારણ—પુરો વખત થયા પહેલાં પ્રસવ થવો, નબળાઈ, કમળાનું સંકોચન ન થવું, અથવા કમળનો સોજો, જો ઓળ તરત પડતી નથી તો બે ત્રણ દિવસમાં સડે છે, અને તેનું ઝેર લોહીમાં પસરે છે, અને જાનવર મરી જાય છે. ગાયમાં ઓળ ત્રણ ચાર દીવસમાં પણ પડે છે. **ઉપચાર**—તાજી ઓળને કાંઈ વજનદાર ચીજ બાંધવી, ઓળને આસ્તે આસ્તે ખેંચવી, વીલાયતી મીઠાનો જુલાબ આપવો. ૧ સુવા ૨ ઔંસ, ગોળ ૪ ઔસ ખવરાવવો. કમળની અંદર હાથ નાંખીને ઓળ છુટી પાડી કાઢી લેવી. જાનવરની શક્તી સાચવવી. ૨. એક્ષટ્રેક્ટ અરગટ ૧ ઔંસ, પાણી ૨૦ આંસ મેળવીને પાવું.

LUECORRHŒA.

કમળ અને યોનીની અંદરથી ધોળો પ્રવાહ.

કારણુ—નબળાઇ, ચાંદી, ગંદકી તથા બીજા કારણોથી થાય છે. **ઉપચાર**—ફટકડીના પાણીની, મોરથુથુના પાણીની, અથવા ગરમ પાણીની દરરોજ પીચકારી મારવી. શકતી આવે તેવી

દવા આપવી. જેવી કે—૧. હીરાકસી ૨ ડ્રામ, કાળામરી ૨ ડ્રામ, સુંઠ ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું.

INFLAMATION OF THE UTERUS.

કમળનો સોજો.

કારણ—શરદી, ઓળનું ચોંટી રહેવું, જખમ તથા ગર્ભપાતને લીધે થાય છે. ચિન્હ—જાનવર ધ્રુજે છે, પેટમાં દુઃખે છે, બાંબરડે છે, પુંછડી હલાવે છે, કમર દુઃખે છે, યોની રાતી ગોળ થઇ જાય છે, પડી જાય છે, અને યોનીમાંથી લોહી અને પરૂ દેખાય છે. ઉપચાર—કમળને ફટકડીના પાણીથી અગર મોરથુથુના પાણીથી દરરોજ ધોવું, અને કારબોલીક તેલમાં અફીણનો અર્ક નાંખીને ચોપડવું, સખત જુલાબ આપવો, સુરોખાર ૨ ડ્રામ પીવાના પાણીમાં નાંખીને પાવો. કમર ઉપર ગરમ પાણીનો શેક કરવો તથા રાઇનું તેલ ચોળવું. ૧. કપુર ૨ ડ્રામ, મીઠું ૪ ઔંસ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. અફીણનો અર્ક ૧ ઔંસ, પાણી ૨૦ ઔંસ મેળવીને પાવું. પોટાસ પરમેનગેનાસના પાણીની કમળમાં પીચકારી મારવી.

PROLAPSUS OF THE UTERUS.

કમળ અને યોનીનું બહાર નીકળવું.

કારણ—યોની ગર્ભ પ્રસવ થતી વખતે, કરાંજતી વખતે, ગર્ભાશયની હેઠળથી નીકળી પડે છે, અને કમળ ગર્ભ નીકળ્યા પછી નીકળી પડે છે, ગરમી, પાછળ ઢાળ પડતા તબેલામાં જાનવર રાખવાથી, પાચન ક્રીયાના અને પેશાબના દરદોથી થાય છે. ઉપચાર—તબેલા સરખા કરવા, અને પાછલો ભાગ ઉંચો કરવો. જુલાબ તેલનો આપવો. યોની તથા કમળને ગરમ પાણીથી ધોઇને હાથથી દબાવીને બરાબર જગ્યામાં બેસાડીને, યોની ઉપર ઇંઢોણી બાંધવી, અને તેને ચાર દોરી બાંધી બે કમર ઉપર અને બે પગની વચ્ચે લઇને કમરને વીંટાળેલ દોરડાંની સાથે

બાંધવી, છાણ અને પેશાબ કરવાની જગ્યા ખુલ્લી રાખવી, એક્સ-ટ્રેક્ટ બેલાડોના ½ ઔંસ, તેલ ૧૦ આંસમાં મેળવીને વખતો વખત ચોપડવું. પાછલો ભાગ ઉંચો રાખવો. પેટ સાફ રાખવું.

PARTURINT FEVER. પ્રસવ થયા પછીનો તાવ.

કારણ—કબજીયત, મજબુત શરીર, ગરમી અને ઘણું દુધ આપતું હોય તેવા જાનવરને થાય છે, ઓળ લાંબો વખત રહેવાથી તથા બહુ મુશકેલીથી પ્રસવ થવાથી થાય છે. ચિન્હ—જાનવર સુસ્ત બની જાય છે, તાવ આવે છે, ઉઠી શકતું નથી, જમીન ઉપર માથું પછાડે છે, પરસેવો થાય છે, આંખ ફાટી જાય છે, અને ઝાડો પેસાબ બંધ પડી જાય છે. બેભાનસ્થીતી થાય છે અને મરી પણ જાય છે. ઉપચાર—મજબુત જાનવરને ખોરાક કમતી કરી નાંખવો, વિલાયતી મીઠાનો જુલાબ આપવો, મીઠું પાણીમાં નાંખીને પાવું, માથા ઉપર ટાઢું પાણી રેડવું, છાસ પાવી, આંબલીનું પાણી પાવું. ૧. ડુંગળીનો રસ ૪ ઔંસ, મીઠું ૨ ઔંસ, ઝેરકોચલાનો ભુકો ૧ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું, દુધ વખતો વખત દોહી લેવું, ગરમ ઝુલ ઓઢાડવી, સારી જગ્યામાં બાંધવું, બનતી માવજત કરવી, સુરોખાર પાણીમાં નાંખીને પાવો. ૨. એમોનીયા કારબોનાસ ૨ ડ્રામ, સ્પીરીટ ૨ ઔંસ, પાણી ૨૦ ઔંસ મેળવીને પાવું, મહુવડાં બાફીને ખવરાવવાં, કળીચુનો અને નવસાર મેળવીને નાક પાસે મુકી રાખવું, લીલું ઘાસ, ગદબ વગેરે આપવું.

આંચળનાં દરદો. (રાતું દુધ.)

કારણ—આંચળનો સોજો, માર લગવાથી, ઓપટીથી, ખરાબ ઘાસ ખાવાથી, ભારે ખોરાક ખવરાવવાથી, અને બેસાડી રાખવાથી થાય છે. ચિન્હ—આંચળ સુજી આવે છે, દુધ લોહીની સાથે મળેલું હોય છે, અને તે લીલા અથવા રાતા રંગનું દેખાય છે. તાવ આવે છે, ખાતું નથી અને બેચેન રહે છે. કોઈ

[illegible] પણ દેખાય છે. ઉપચાર—વિલાયતી મીઠાનો અથવા તેલનો જુલાબ આપવો, સુરોખાર પાણીમાં પાવો, લીલું ઘાસ, ગાજર વગેરે ખવરાવવાં, આંચળ ઉપર ગરમ પાણીનો શેક કરવો, આંચળ ઉપર ભાંગના પાંદડાંની પોટીશ કરવી, ધતુરાનો રસ ચોપડવો, અને સુજેલા આંચળમાંથી પોલી શળી નાંખી દુધ કાઢી લેવું. જો પાકીને પરૂ થયું હોય તો કાપીને પરૂ કાઢી જખમ સાફ કરી કારબોલીક તેલ ચોપડવું. હીરાકસી ૨ ડ્રામ, સુવા ૨ આંસ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું.

INFLAMATION OF THE UDDER.

આંચળનો સોજો.

કારણ—આંચળ ઉપર જખમ, વાછડું ધાવતાં બટકુ ભરેછે, તેથી સોજો થાયછે; આંચળમાં દુધનો જમાવ થવો. શરદી, ભારી ખોરાક, અજીરણ, તાવ, ઘણાં કપાશીઆ ખવરાવવાથી અથવા બચ્ચાંને એકદમ વીખુટા પાડવાથી પણ સોજો થાયછે. ઝેરી જીવાદના ડંખથી સોજો થાયછે. ચિન્હ—આંચળ સુજી જાયછે, સુજીને કઠણ પાણા જેવો થઈ જાય છે, દરદ કરે છે, જાનવર લંગડું થઇ જાયછે, અને દુધ બગડી જાય છે, તથા લોહીના ગાંઠા દોહવાથી નીકળે છે, તાવ આવેછે, ખાતું નથી, અને છેવટે આંચળ ખોટો પડી જાય છે, અથવા સડી જાયછે. ઉપચાર—શરૂઆતમાં મીઠા તેલનો અગર મીઠાનો જુલાબ આપવો. આંચળ ઉપર સેક કરવો, આંચળમાં પોલી શળી નાંખીને દુધ કાઢી લેવું. આંચળ ઉપર માંખણ તથા કપુર મેળવીને ચોપડવું, વાછરડાને ધાવવા દેવું, ગરમ ઝુલ ઓઢાડવી, અને સોજો વધે તો ઘઉંના લોટની પોટીસ કરવી અને બાંધવી, સુરોખાર પાણીમાં પીવા આપવો, ભાંગનો અગર ધંતુરાનો રસ ચોપડવો. ૧ પાપડીયો ખારો ૨ ઔંસ, મીઠું ૨ ઔંસ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવો. આંચળની અંદર કારબોલીકના પાણીની પીચકારી મારવી, પરૂ થયું હોય તો ચાકાવતી છેદ પાડી કાઢી લેવું, તથા કારબોલીકતેલ ઉપર ચોપડવું,

આંચળ ઉપર ડામર ચોપડવાથી ફાયદો થાય છે. ૨. જાનવરની શક્તિ સાચવવાને સુવા ૨ આંસ, હીરાકસી ૨ દ્રામ, સુંઠ ૨ દ્રામ, ગોળ ૪ ઓંસ મેળવીને ખવરાવવું, લીલું ઘાસ, ખોળ, શેરડી, વીગેરે ખવરાવવું.

SORE TEAT, આળો આંચળ.

કારણ—બચ્ચાંના બટકાથી, શીઆળાની ટાઢને લીધે, ફોડલાને લીધે, આંચળ આળા થઇ જાય છે. ઝેરી માંખી, ચાંચળ, ઘસાવાથી આળાં થાયછે. ઉપચાર—તાજું માખણ ચોપડવું, બચ્ચાંને ધાવવા ન દેવું, આંચળને હાથેવતી દોહવા નહી પણ સળી મુકીને દુધ કાઢવું. કાથો ૧ આંસ, રાળ ૪ દ્રામ, માખણ ૪ આંસ, મેળવીને લગાડવું.

આંચળ ખોટો પડવો.

આંચળની અંદર લોહીની ગાંઠ, બગડી ગએલ દુધને લીધે, આંચળની અંદર ગાંઠ પડવાથી, અને ચાંદી પડવાથી દુધ નીકળતું બંધ પડી જાય છે. ઉપચાર—બગડી ગએલ દુધ અગર લોહીની ગાંઠ દબાવીને કાઢી નાંખવી, ગરમ પાણીનો શેક કરવો, અને જરૂર જણાય તો ચાકાથી છેદ મુકવો, અને જ્યાંસુધી જખમ રૂઝાય ત્યાં સુધી રૂપાની સળી અથવા શીંગડાની પોકળ શળી મુકી દુધ કાઢવું, અને કારબોલીક તેલ ચોપડવું. મીઠાનું પાણી છાંટવાથી ફાયદો થાય છે.

બુંઠો આંચળ.

સુયાથી કાંણું પાડવું, આંચળના મોં ઉપર મસા અથવા ગાંઠ હોય તો કાપી નાંખી કારબોલીક તેલ ચોપડવું. મોરથુથુ લગાડવું, અને પોકળ શળી હરરોજ રાખી મુકવી એટલે થોડા દિવસમાં આરામ થાશે.

DISEASES OF THE EYE. આંખના દરદ.

પાંપણ આંખની અંદર વળવી.

ઉપચાર—પાંપણને ઉથલાવીને પાંપણની વળી ગએલી કોર

આંક્રાથી કાપી નાખવી. અને વાળ લાગતા હોય તો ચીપીએથી એંચી કાઢવા. જો પાંપણ કપાઈ ગઈ હોય તો પાંપણના બે છેડા ભેગા કરી ટેભા મારી, બોરીક પાઉડર ઉપર છાંટવો. આંખને દીવાલ, લાકડાના થાંભલા વીગેરેને ઘસતાં અટકાવવી, ઝોળી બાંધીને ખવરાવવું. ઘાસ અગર સાંઠા આંખને લાગવા જોઇએ નહીં.

CONJUNCTIVITIS. આંખ આવવી.

કારણ—ચાબુકનો ફટકો, ઘાંસની સળી, ધુડ, કાંટો, ખરાબ હવા, જીવાદ વિગેરેથી આવે છે. ચિન્હ—રાતી ચોળ સુઝેલી આંખ માલુમ પડે છે. આંખ મીંચી રાખે છે. અને પાણી ઝરે છે, આંખના ડોળા ઉપર છારી વળેલી જણાય છે, અજવાળું ખમી શકતું નથી, તાવ આવે છે, માથુ નીચે રાખે છે. ઉપચાર—કાંટો, સળી, વિગેરે કચરો જણાય તે કાઢી નાંખવો, કાંટો હોય તો જાનવરનું માથું બરોબર પકડયા પછી ઝીણી સોયથી કાંટો કોતરી કાઢવો, આંખ ઉપર ગરમ પાણીનો શેક કરવો, જુલાબ આપવો, અને ફટકડી અગર છાસના પાણીનો આંખ ઉપર પાટો બાંધવો, આંખમાં જીવાદ હોય તો શસ્ત્ર ક્રીયાથી આંખમાંથી કઃ-ઢવી. પણ તે કામ ડાકટરનું છે, બેલેડોનાનું પાણી છાંટવું.

૧. ઝીંકસીસલફાસનું પાણી કરીને છાંટવું. મોરથુથુનું પાણી છાંટવાથી ફાયદો થાય છે. બોરીક એસીડ આંજવી.

આંખમાં ફુલુ.

કારણ—માર તથા આંખના સોજાના પરિણામ તરીકે જણાય છે. ઉપચાર—પોટાસ આયોડાઈડ અથવા નાઈટ્રેટ ઓફ સીલવર–૩ ગ્રેન (૧) આંસ પાણીમાં મેળવીને દરરોજ છાંટવું. જુનુ ફુલ મટતું નથી.

આંખની અંદર ચાંદી.

ઉપર બતાવ્યા પ્રમાણે નાઈટ્રેટ ઓફ સીલવરનું પાણી છાંટવું, મોરથુથુનું પાણી પણ લાગુ પડે છે.

ઘણાં જાનવરની અંદર એકી વખતે આંખ આવવી.

કારણ—આ દરદ ચેપ લાગવાથી થાય છે. ઝેરી હવા, ખરાબ, ભેજવાળી જમીનથી થાય છે. **ચિન્હ**—આંખ સુજી આવે છે, પાણી ઝરે છે, અને બંધ રાખે છે, અને વખતે સંભાળ નથી લેવાતી તો જાનવર આંધળાં થઈ જાય છે. **ઉપચાર**—સારાં જાનવરને એકદમ ઘણે દુર બાંધવાં માવજત કરવાને જુદા માણસ રાખવાં. દરદી જાનવરોને મીઠાનો જુલાબ આપવો, સુરોખાર નાંખી પાણી પાવું, છાંયાવાળી જગ્યામાં બાંધવા અથવા આંખ ઉપર પાટા બાંધવા; છાશ અગર ફટકડીનું પાણી છાંટવું, મોરથુથુનું પાણી છાંટવાથી પણ ફાયદો થાય છે. બોરીકએસીડના પાણીથી આંખ ધોવી. સારી જગ્યામાં જાનવર બાંધવાં. મીઠાના પાણીથી આંખ ધોવી.

અમુક આંતરે આંખ આવવી અથવા રતાંધળા.

કારણ—આ દરદ ઘોડામાં તથા ગધેડીમાં વધારે જણાય છે, વારસામાં ઉતરે છે. ખરાબ જગ્યા, ભેજ, અંધારીયા તબેલા, અજીરણ, ખરાબ ખોરાક વિગેરેથી થાય છે. **ચિન્હ**—આંખનો ડોળો કઠણ થતો જાય છે, વખતો વખત આંખ ઉઠી આવે છે. અને છેવટે મોતીયો આંખમાં બંધાય છે. આંખમાંથી પાણી ઝરે છે. રાતે રાતે દેખી શકાતું નથી. **ઉપચાર**—આવા દરદી જાનવરની ઓલાદ લેવી નહી, સારી જગ્યામાં બાંધવું, દાણામાં મીઠું નાંખીને ખવરાવવું; ગરમ પાણીનો શેક કરવો. ૧. હીરાકસી ૨ ડ્રામ, પાપડીયો ખારો ૧ ઔંસ, ગોળ ૪ ઔંસ મેળવીને દરરોજ ખવરાવું, દાંતની ઇજાથી હોય તો દાંત કાઢી નાંખવો. અફીણનો કસુંબો આંખે ચોપડવો, અંધારામાં જાનવરને રાખવું.

CATARACT. આંખમાં મોતીયો.

આંખમાં સોજો થયાના પરીણામ તરીકે ઘણીવાર માલુમ પડે છે. પેશાબના દરદથી તથા બીજા કારણથી થાય છે. વારસામાં દરદ ઉતરે છે. **ચિન્હ**—આંખમાં ધોળા ચણા જેવડો ગોળ કીકીની વચે દાણો દેખાય છે, મોતીયો તપાસવો હોય ત્યારે

જાનવરને અજવાળામાં લાવી તેની આંખની સામે કાળી ચીજ, જેવું કે કાળુ પાટીયું અથવા કાળી ટોપી ધરી બાજુએ રહીને આંખમાં જોઇએ તો ધોળો દાણો દેખાય છે. **ઉપચાર**—મોતીયો કાઢવામાં આવે છે. અને આંખ ઉપર અનુંસરતા ચસમાં સુકવાથી દેખાય છે, પણ જાનવરમાં સગવડ નહિ હોવાને લીધે જેમનું તેમ રાખવું પડે છે, દરદી જાનવરની ઓલાદ લેવી નહી. બંને આંખ ઉપર અંધારી ચહડાવીને કામ લેવું.

DISEASES OF NERVOUS SYSTEM.

જ્ઞાનતંતુના દરદો.

જ્ઞાનતંતુ શરીરમાં ચામડીની અંદરના પડથી ઠેઠ મગજ સુધી પહોચે છે, તેથી દરદ, ગરમી તથા શરદી વિગેરેની જાનવરને જ્ઞાનતંતુની મારફત ખબર પડે છે. જ્ઞાનતંતુ બે પ્રકારના થાય છે. એક જાતના જ્ઞાનતંતુ શરીરનાં તમામ અવયવોને જાગૃત રાખે છે, અને બીજી જાતના જ્ઞાનતંતુ સ્પર્શ તથા શરદી, ગરમી અને દરદની અસર જણાવે છે. તેથી કરી તેની જીંદગાનીની સહીસલામતી સાચવી શકે છે. શકતી કાયમ રાખવાનું ખરૂ સાધન છે. મોહટાથી નાના જાનવર સુધીનાં હલકાં તથા ભારે શરીર ફેરવી શકે છે તે જ્ઞાનતંતુના પ્રતાપ છે.

EPILEPSY. વાઇ–આંચકી.

કારણ—પેટમાં જીવાદથી, દાંત ફુટવાથી, અજીરણથી, નબળાઈથી, મગજના દરદથી અને વારસાથી આ દરદ બચ્ચાંમાં ઉતરે છે. **ચિન્હ**—જાનવર એકદમ બેભાન થઇ જાય છે, ભોંય પર પડે છે, પગ અને શરીર ખેંચાય છે, ઝાડો પેશાબ થઇ જાય છે, આંખ ફાટી રહે છે, મોઢું બંધ પડી જાય છે, અને મોં ઉપર ફીણ વળે છે, પાંચ દશ મીનીટ પછી તાણ નરમ પડે છે, અને જાનવર શુદ્ધિમાં આવે છે. પરસેવો થાય છે.

ઉપચાર—કારણ દુર કરવું. ૧. ટરપેનટાઈન તેલ ૧ ઔંસ, મીઠું તેલ ૧ પાઈંટ મેળવીને પાઇ દેવું. ૨. મોરથુથું ૨ ડ્રામ,

નવસાર ૨ ડ્રામ, સુંઠ ૧ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવ-રાવવો. કીડામારીનો છોડ જાનવર જંગલમાં ઘણો ખાય છે તે લા-વીને ખવરાવવો. જુલાબ આપવો. ૩. ભાંગની ભુકી ૪ ડ્રામ, ઝેર-કોચલું ૧ ડ્રામ, મરી ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવ-વો. ડુંગળીનાં પાંદડાં ખવરાવવાથી પણ ફાયદો થાય છે, શરદીવા-ળી જગ્યામાં જાનવરને રાખવું નહી, આંચકી આવી હોય ત્યારે માથા ઉપર અને પીઠ ઉપર ટાઢું પાણી છાંટવું. ૨. સોમલ ૫ ગ્રેન, મરી ૨ ડ્રામ, સુંઠ ૩ ડ્રામ ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું.

TETANUS. ધનુરવા—ચમક.

કારણ—જખમ, પગમાં કાચ અથવા કાંટો ભોંકાવો, જા-નવરને ખસી કરવાથી, શરદીથી, ખરાબ હવાથી, ખરાબ ઘાસથી, તથા ખરાબ પાણી પીવાથી થાય છે. **ચિન્હ**—શરીર એકદમ અકળાઇ જાયછે, આંખ ફાટી રહેછે, મહોઢું બંધ પડી જાય છે, પુંછડી ઉંચી રાખેછે, સુઇ શકતું નથી, ઝાડો પેશાબ બંધ પડી જાયછે, જરાક પણ ખડખડાટ થાય તો જાનવર ચમકે છે, અને લાકડા જેવું શરીર કઠણ થઇ જાયછે, તાવ આવે છે, ચાલી શકતું નથી. **ઉપચાર**—દરદી જાનવરને એકદમ અંધારા ઓરડામાં અથવા તબેલામાં બાંધવું. ત્યાં કંઇ પણ અવાજ થવા દેવો નહીં, જાનવરને ઝોળીમાં ટાંગવું, કાચ, ખીલો તથા બીજી કાંઈ પણ વસ્તુ જખમમાં હોય તો કાઢી નાંખવી, જખમને ચીરીને મોટો કરવો, ભુસું ખવરાવવું, અથવા રાબ પાવી, શરૂઆતમાં એકદમ સખત જુલાબ આપવો.૧. ગાંજો ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવો. ૨. ભાંગની ભુકી ૪ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખ-વરાવવી. મોઢું બંધ હોયતો ગુદામાં દવાની પીચકારી મારવી, શરીર ઉપર ગરમ પાણી, માથાથી તે પુંછડી સુધી એક સરખી ધારે અડધી કલાક સુધી રેડયા કરવું, તથા જખમ ઉપર પોટીશ બાંધવી. ૩. જમાલગોટાનું તેલ ૧૫ ટીપાં, ગોળ ૧ ઔંસ મેળ-વીને જીભ ઉપર ચોપડી દેવું. ૪. ભાંગનો રસ ૪ ઔંસ, પાણી

૨ પાઈન્ટ મેળવીને ગુદામાં પીચકારી મારવી તથા ડાકટરની સલાહ લેવી. ૪. એક્ષટ્રેક્ટ બેલેડોના ૧ ડ્રામ, ગોળ ૨ ઔંસ, મેળવીને જીભ ઉપર ચોપડવું.

SLEEPY STAGGER. સ્લીપી સ્ટેગર.

કારણ—મગજમાં ગાંઠ, મગજમાં પાણીનો ભરાવો, ખરાબ લોહી, હૃદય, ફેફસાં અને કલેજાના દરદ, મુત્રપીંડના દરદથી થાય છે, પેટમાં અગર આંતરડામાં અનાજનો ભરાવો. **ચિન્હ**—આ દરદમાં જાનવર ઘેનમાં હોય તેમ જણાય છે, આંખ ઘેરાએલી હોય છે, ચાલતાં લથડીઆં ખાય છે, ખાતું નથી અને ઝાડો કબજ હોય છે, પેટ આફરી જાય છે. **ઉપચાર**—ખુલ્લી જગ્યામાં બાંધવું, વિલાયતી મીઠાનો જુલાબ આપવો. ૧ હીરાકસી ૨ ડ્રામ, ઝેરકોચલાનો ભુકો ૧ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. ૨. ઝેરકોચલું ૧ ડ્રામ, નવસાર ૧ ડ્રામ, સુરોખાર ૧ ડ્રામ, મીઠું ૨ ઔંસ મેળવીને દાણામાં આપવું. માથા ઉપર ટાઢું પાણી રેડવું, અથવા પલાસ્ટર મારવું.

મગજમાં લોહીનો જમાવ.

કારણ—ભારી શરીર, મગજના દરદ, લોહીના બીગાડથી થાય છે. ગરમી, બાદી, જાનવરને કામ નહી આપવાથી થાય છે. **ચિન્હ**—સુસ્તી, શરીરનો ભાગ ખોટો પડી જાય છે, આંખ ફાટી રહે છે, અને હાંફે છે, ખાઇ શકતું નથી, ઝાડો પેશાબ બંધ રહે છે, **ઉપચાર**—મગજ ઉપર બરફ ઘસવો, ટાઢું પાણી રેડવું, સખત જુલાબ આપવો, અળસી બાફીને ખવરાવવી, ફસ ખોલવી, સુરોખાર પાણીમાં ૨ ડ્રામ પાવો. ભુસું, ગદબ, ગાજર આપવાં.

INFLAMATION OF BRAIN. મગજનો સોજો.

કારણ—મગજ ઉપર માર, જખમ, ગોળી, બગડેલ લોહી, ગરમી, સખત શરદી, સખત હાંસડી પહેરાવવાથી, હૃદયના દરદ, અજીરણ, ખરાબ ખોરાક, ખરાબ પાણી, તથા મગજમાં જીવાતને

લીધે થાય છે. **ચિન્હ**—સુસ્તી, ઘેન, ચાલતાં લથડીઆં ખાય છે, દાંત કચડે છે, પગ ઠોકે છે, તાવ હોય છે, પગ પછાડે છે, જાગૃત થાય છે, ત્યારે માથું પછાડે છે, બુમો પાડે છે, છેવટે શરીર ખોટું પડી જાય છે. **ઉપચાર**—મગજ ઉપર પાણી છાંટવું, આંબલીનું પાણી પાવું, જુલાબ આપવો, છાંયાવાળી જગ્યામાં જાનવરને બાંધવું, વીગેરે ઉપચાર કરવા, જાનવરને ઝોળીમાં બાંધવું, અથવા સુવાડવું. ૧ ધંતુરાનો રસ ૧ ઔંસ, પાણી ૨૦ ઔંસ મેળવીને પાવું. ૨ એક્ષટ્રેક્ટ બેલેડોના ૧ ડ્રામ આપવું.

PARAPLEGIA. પક્ષઘાત.

પક્ષઘાત બે જાતની થાય છે, માથાથી પુંછડી સુધીનો એક સઘળો અરધો ભાગ ખોટો પડી જાય છે, અને બીજા ભાગમાં કમર તથા પાછલા પગ ખોટા પડી જાય છે. **કારણ**—મગજ તથા બરડા ઉપર માર, સખત શરદી, અથવા ગરમી, મગજના દરદ, હૃદયના દરદ, નબળાઇ, વીગેરે કારણોથી થાય છે. ખરાબ ઘાસ, લોહીના બીગાડથી થાય છે. **ચિન્હ**—એકદમ એક બાજુનો ભાગ ખોટો પડી જાય છે, અથવા અમુક ભાગ ખોટો પડી જાય છે. ઝાડો તથા પેશાબ બંધ પડી જાય છે, ખાઇ શકતું નથી, ઉભું રહી શકતું નથી. **ઉપચાર**—જાનવરને ઝોળીમાં લટકાવવું, કારણ દુર કરવું. ૧. ઝેરકોચલાનો ભુકો ૧ ડ્રામ, ગોળ ૨ ઔંસ મેળવીને ખવરાવવો. પીઠ ઉપર અથવા મગજ ઉપર પલાસ્ટર મારવું. અથવા ડાંભ દેવા, દરરોજ માલેસ કરવું. વીજળી લગાડવી.

SUN STROKE. લુ લાગવી.

મોહટા શહેરમાં ઉનાળામાં કામ કરતાં જાનવરને લુ લાગે છે. **કારણ**—ખરાબ ગરમીવાળા તબેલાં, સખત હાંસડી પહેરાવવાથી, સખત કામ, ચરબી, ખરાબ ખોરાક, સખત ગરમીથી થાય છે. કબજીયતથી થાય છે. **ચિન્હ**—કામ કરતાં જાનવર એકદમ અટકી પડે છે, માથું નમી પડે છે, હાંફે છે અને તરફડીઆં મારે

છે, પરસેવો બહુ વળે છે, આંખ ફાટી રહે છે. **ઉપચાર**—માથા ઉપર તથા કમર ઉપર ટાઢું પાણી રેડવું. ૧. ડુંગળીનો રસ ૪ ઓંસ, ફટકડી ૨ દ્રામ, પાણી ૨૦ ઓંસ મેળવીને પાઇ દેવું. ૨. આંબલીનું પાણી ૧ પાઇન્ટ, સુરોખાર ૨ દ્રામ, ગોળ ૪ ઓંસ મેળવીને પાઇ દેવું ૩. છાશ ૨ પાઇન્ટ, મીઠું ૨ ઓંસ મેળવીને પાઇ દેવું, માથા ઉપર ટોપી પહેરાવવી, હાંસડી મ્હોટી વાપરવી, અને પુરી માવજત કરવી. ગદબ, ગાજર આપવાં.

DISEASES OF THE SKIN.

ચામડીના દરદો. (આળી ચામડી)

કારણ—ટાઢ, અજીરણ, ગંદકી અને ગરમીથી થાય છે. **ઉપચાર**—ચામડીને ઉના પાણીથી તથા સાબુથી સાફ કરવી, ચોખાનો આટો છોંટવો. વીલાયતી મીઠાનો અથવા તેલનો જુલાબ આપવો, ખોરાકની અંદર મીઠું નાંખી ખવરાવવું, સારી ઝુલ આઢાડવી, ચોખ્ખો સામાન વાપરવો, ચામડી બરોબર સુકવવી, કારબોલીક તેલ ચોપડવું માંખણ ચોપડવું, છાશ પાવી, લીલું ઘાસ ખવરાવવું. ૧ સોમલ ૫ ગ્રેન ગોળ ૪ ઓંસ મેળવીને ખવરાવવું.

ECZEMA. ખરજવું.

ચામડી સુજીને ફોડલા ઉઠે છે, અથવા આળી થઇ પાણી ઝરે છે. **કારણ**—અજીરણ, ખરાબ ખોરાક, ગરમી, ગંદકી, મેલ, સડેલ કંદમુળ, ખાવાથી થાય છે. **ચિન્હ**—કુતરામાં, સાથળમાં, ઘોડામાં, યાળ અને પુંછડી ઉપર આ દરદ થાય છે. પાણી ઝરે છે, વાળ ચોંટી જાય છે, અને લાલચોળ ભાગ થઈ જાય છે. **ઉપચાર**—વીલાયતી મીઠાનો અગર તેલનો જુલાબ આપવો, પાપડીયો ખારો પીવાના પાણીમાં નાંખવો, અથવા નવસાર નાંખવો, તમાકુના પાણીથી અથવા કારબોલીક એસીડના પાણીથી ચામડીને ધોવી, કુતરામાં કારબોલીક એસીડ વાપરવું નહી, કારણ કે તે ચાટવાથી ઝેર ચડે છે. ૧ કપુર ૧ ઓંસ, ગંધક ૧ ઓંસ, માખણ ૮ ઓંસ, મેળવીને

ઘસવું. ૨. મોરથુથું ૨ ડ્રામ, ગંધક ૧ ઔંસ, ઘી ૪ ઔંસ, મે-ળવીને લગાડવું. પીવાના પાણીની અંદર સોમલનું પાણી ૧ ઔંસ નાંખીને પાવું, અથવા સોમલ ૫ ગ્રેન અને ગોળ ૪ ઔંસ મેળવી ગોળી કરી ખવરાવવી. ત્યાર પછી ચામડીને ગરમ પાણીથી તથા સાબુથી ધોઇ નાંખવી, યાળના અને પુંછડીના લાંબા વાળ કાપી નાંખવા, અને જેમ બને તેમ સફાઇ રાખવી. ગ્યાસલેટ તેલ ચોપડવું. ૧. કોપરેલ ૮ ઔંસ, ગંધક ૧ ઔંસ, ઝીંકઓક્ષાઇડ ૧ ઔંસ મેળવીને ચોપડવું.

GREASE. ગ્રીઝ.

કારણ—પગના ગાળામાં કાદવથી, મેલથી, તથા ધોવાથી, અજીરણથી, ગંદકીથી, કાદવમાં પગ રાખવાથી ચીરીયો પડી જાય છે. **ચિન્હ**—ચામડી સુજી જાય છે, પાણી ઝરે છે, અને ફોડલા થાય છે, વખતે રાતા દાણા ઉપસી આવે છે. **ઉપચાર**—કારણ દુર કરવું, સુરોખાર પાણીમાં પાવો. ૧ હીરાકસી ૨ ડ્રામ, નવસાર ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસમેળવીને ખવરાવવો. પગ ઉપર પાટા બાંધવા, અને ફટકડીનું પાણી છાંટવું, કારબોલીક તેલ ચો-પડવું. ૨. હીરાકસી ૨ ડ્રામ, મોરથુથુ ૧ ડ્રામ, ઘી ૨ ઔંસ મેળવીને લગાડવું. કાતરથી વાળ કાપી નાંખવા. ૩. લોબાનના ફુલ ૨ ડ્રામ, કપુર ૨ ડ્રામ, ઘી ૪ ઔંસ મેળવીને લગાડવું, ડામર ચોપડવાથી પણ ફાયદો થાય છે. ટંકણ ખાર ચોપડવો.

PRURIGO. પ્રરીગો.

કારણ—ખરાબ ઘાસ તથા ખરાબ દાણા ખવરાવવાથી, ખરાબ તબેલામાં બાંધવાથી, ગરમીથી થાય છે. **ચિન્હ**—ચળ એટલી બધી આવે છે કે જાનવર તોફાન કરી મેલે છે. **ઉપ-ચાર**—જુલાબ આપવો, લીલુ ઘાસ ખવરાવવું, મોરથુથુનું પાણી ઘસવું, પાપડીઓ ખારો પાણીમાં નાંખીને પાવો. ૧. સોમલ ૫ ગ્રેન, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવો. ગ્યાસલેટ તેલ ચોપડવું. ૨. ગંધક ૧ ઔંસ, બોરીક એસીડ ૪ ડ્રામ, માખણ ૪ ઔંસ મેળવીને ચોપડવું. ટીંક્ચર આયોડીન ચોપડ

વાળ ખરી પડવા.

કારણુ—આ દરદમાં ખરજથી તથા ચામડીના દરદમાં વાળ ખરી પડે છે, અજીરણુ, ખરાબ ઝુલ અને મેલથી વાળ ખરી પડે છે, નબળાઇ તથા ખોરાક વગર વાળ ખરે છે. **ઉપચાર**—૧. રસકપુરનું પાણી ૧/૨૦૦૦ લગાડવું. ૨. ટીકચર આઇચોડીન તે ભાગ ઉપર ચોપડવું. મીઠું નાંખીને પાણી પાવું, સારો ખોરાક ખવરાવવો, સાફ રાખવું. ૩. ટોપરાનું તેલ ૪ ઔંસ, લીંબુનો રસ ૧ ઔંસ મેળવીને ચોપડવું. અરીઠાનું પાણી કરી ચોપડવું.

FOOT ROT. ફુટ રૅાટ.

ઘેટાંની અંદર આ દરદ ઘણું ચેપી છે, પગનો પાછલો ભાગ સડી જાય છે, અને ખરી ખરીપણુ પડે છે, કીચડમાં, મુત્રમાં તથા ભેજવાળી જગ્યામાં ઘેટાં બેસાડવાથી થાય છે. **ચિન્હ**—પગના ગાળાનો સોજો થાય છે, ચીરી પડે છે, અને છેવટે ખરીની ઉપર મસા થાય છે, ધીમે ધીમે ખરી પોચી પડી ખરી જાય છે. **ઉપચાર**—સુકી કોરી જમીન ઉપર ઘેટાંને અથવા બકરાંને લઇ જવાં. ૧. મોરથુથુ ૧ ઔંસ, પાણી ૧૦ ઔંસ, મેળવીને તેમાં ઘેટાંના પગ બોળવા. ૨. હીરાકસી ૧ ઔંસ, ફટકડી ૧ ઔંસ. પાણી ૧૦ ઔંસ, મેળવીને તેમાં ઘેટાંના પગ બોળવા, ડામર ચોપડવો, કળીચુનો પગ ઉપર છાંટવો, જરૂર હોય તો પોટીસ બાંધવી. સારાં જાનવરને જુદાં બાંધવાં.

ITCHES. ખસ તથા ખરજ.

કારણુ—આ દરદ ગંદકીથી, મેલથી, બેદરકારીથી, ખરાબ લુગડાંથી, મોહટા વાળ વધી જવાથી અને સાફ નહી રાખવાથી ઝીણી જીવાદો થઇ કરડે છે, અને તે ખણુવાથી ચામડી આળી થઇ ફોડલા ઉપડે છે, બધા જાનવરોમાં આ દરદ થાય છે. નબળાઇ, ગરમી અને ટાઢમાં પણુ થાય છે. **ચિન્હ**—ઘણી ખરજ આવે છે, અને પરસેવો વળે છે, તે જગ્યાએ વારે વારે થાય છે, ચામડી ઘસવાથી કઠણુ થઇ જાય છે, અને ફોડલા ઉપડે છે

ઉપચાર—જુલાબ આપવો, સારો ખોરાક ખવરાવવો, સાબુથી અને ગરમ પાણીથી દરદી ભાગ સાફ કરવો અને ત્યાર પછી ૧. ગંધક ૧ ઔંસ, કપુર ૨ ડ્રામ, ડામર ૧ ઔંસ, મીણુ ૧૦ ઔંસ, મેળવીને લગાડવું, અને તડકામાં જાનવરને ઉભું રાખવું. ૨. તમાકુ ૪ ઔંસ, પાપડીઓ ખારો ૪ ઔંસ, પાણી ૨૦ ઔંસ, મેળવી ઉકાળીને દરદી ભાગ ઉપર ઘસવું, અથવા ઘણાં જાનવરને દરદ થયું હોય તો વધારે દવા કરવી અને બકરાં તથા ઘેટાંનાં વાળ કાપી સાફ કરી પછી બકરાં અથવા ઘેટાંને મોઢેથી પકડી તૈયાર કરેલ દવાના પાણીની અંદર બોળવાં, પણ યાદ રાખવું કે તેના મોઢામાં અને આંખમાં દવા જાય નહી. પાંચ મીનીટ અંદર બોળી તરત તડકામાં ઉભું રાખવું. ૩. ગંધક ૧ ઔંસ, ડામર ૧ ઔંસ, માખણ ૪ ઔંસ મેળવીને લગાડવું. દરદી જાનવરને સારી જગ્યામાં બાંધવાં, તથા તમામ સર સામાન સાફ રાખવા. ચેપ નાબુદ કરવાના નિયમો પાળવા. સારાં જાનવરને જુદાં રાખવાં. ગંધક ખવરાવવો.

ચાંચડ, ઈતડીયો તથા જુ.

ઉપચાર—ઇતડીયો ને ચાંચડને કાઢી ઉપર કારબોલીક તેલ અથવા ગંધકનો મલમ લગાડવો, ઘાસલેટ તેલ ચોપડવાથી ફાયદો થાય છે. જગ્યા સાફ રાખવી. નવી માટી અને ચુનો મેળવીને જમીન ઉપર છાંટવું. ઝુલ સાફ રાખવી.

ERYSEPALUS. રતવા.

કારણ—શરીર ઉપર એકદમ સોજો થઇ આવે છે, ખરાબ હવા, લોહીનો બીગાડ, ખરાબ ખોરાક, નબળાઇ, ઝેરી ઘાસ વીગેરેથી થાય છે. **ચિન્હ**—તાવ શરૂ થાય છે, ખાતુ નથી, લાલચોળ પેસાબ થાય છે અને સુજેલી ચામડીમાં ચળ આવે છે, ચકચકીત દેખાય છે, અને તેમાંથી પાણી ઝરે છે, આ દરદ ચેપી છે, છેવટે ચામડી સડીને ખરાબ ચાંદાં પડી રહે છે, દરદ વધી જાય છે તો જાનવર મરી જાય છે. **ઉપચાર**—વીલાયતી મીઠાનો

અથવા તેલનો જુલાબ આપવો. ૧. હીરાકસી ૨ ડ્રામ, નવસાર ૨ ડ્રામ, ગોળ ૪ ઔંસ, મેળવીને ખવરાવવું. ચામડી ઉપર ગરમ પાણીનો શેક કરવો. ૨. હીરાકસી ૨ ડ્રામ, કપુર ૧ ડ્રામ, આયડોફોર્મ ૦ાા ડ્રામ, માખણ ૪ ઔંસ મેળવીને લગાડવું. જો પરૂ થયું હોય તો ફોડી નાંખી, પરૂં કાઢી સાફ કરી, ૩. હીરાકસી ૨ ડ્રામ, આયડોફોર્મ ૧ ડ્રામ, તેલ ૪ ઔંસ, મેળવીને ચોપડવું. બોરીકલોશનથી ધોવું, મોરથુથુ અથવા અરજનટાઇ નાઇટ્રાસ લગાડવું.

WOUNDS. જખમો.

જખમ ઘણી પ્રકારના થાય છે, જેવા કે—(૧) સાદા કાપા, (૨) છોલાએલા અથવા કચરાએલા જખમ, (૩) ચુંથાએલા જખમ, (૪) ભોંકાએલા જખમ, વીગેરે જુદી જુદી જાતના જખમનાં નામ છે. **કારણ**—ઘસવાથી, કપાવાથી, દબાવાથી, ભોંકાવાથી, જેવા કે ચાકુ, છરીના જખમ, કચરના જખમ, ગોળીના જખમ, કાંટો, કાચ અથવા સોયો લાગવાથી જખમ થાય છે. ઝેરી જખમ ભયંકર છે. **ચિન્હ**—જખમ થાય છે ત્યારે ચામડી આળી થઇ જાય છે, બળે છે, અને ધીમે ધીમે સોજો થાય છે, ઉંડા કાપ હોય તો લોહી નીકળે છે, ભારે જખમ હોય તો લંગડું થઈ જાય છે, અને વધારે સોજો થઇને પરૂ થાય છે. મગજ ઉપર જખમ હોય તો જાનવર મરી પણ જાય છે. **ઉપચાર**—સાદા જખમ, એકદમ કુદરતી રીતે જખમની બંને બાજુ મળી જઇ રૂઝાય છે. પણ આવું પરીણામ સારા બાંધાના જાનવરમાં આવે છે, જખમ થાય છે કે તરતજ લોહી વહે છે, અને તે બંધ કરવાના ઇલાજ તરીકે ૧. ટાઢું પાણી છાંટવું, ૨ નાડીને પકડી દોરાવતી ગાંઠ બાંધવી, અથવા ઉંનું લોઢું કરી નસનો કપાએલો ભાગ બાળી નાંખવો, ફટકડીનું પાણી, કાંદાળુમાયુ, વીગેરે ઘણી ચીજો લોહી બંધ કરવામાં ઉપયોગી છે. લોહી બંધ કર્યો પછી તપાસ કરવો કે હથીયારની અણી, ગોળી, કાંટો અથવા કાચ વીગેરે ચીજ હોય તો કાઢી નાંખી જખમને સાફ કરી

જરૂર જણાય તો ટેભા મારવા, ઉંડા જખમ હોય તો ધ્યાનમાં રાખવું કે, જખમને તળીએથી રૂઝાવા દેવો, અને પરૂ નીકળવાનો અનુકુળ રસ્તો રાખવો. ટેભા રૂપાના તારના તથા કેટગટના દેવાયાં આવે છે, જખમને શીવતી વખતે ચામડી ઉપરના વાળ અસ્તરેથી મુંડી નાંખવા. એટલે ચાડીની કોરો વેહલી સંધાય છે, જખમને જેમ બને તેમ સાચવવો, અને જેમ વહેલો રૂઝાય તેવો યોગ્ય બંદોબસ્ત કરવો, પગના, પેટના અને છાતીના જખમ હોય તો જાનવરને ઝોળીમાં ટાંગવું. જખમને દરરોજ અથવા એકાંતરે તપાસતા રહેવું કે જખમમાં શું ફેરફાર થાય છે, જેમ બને તેમ જખમમાં પરૂ ઓછું થવા દેવું. અને વહેલું રૂઝાય તેમ કરવું. જખમ ઉપર રૂ અથવા શણ મુકી પાટો બાંધવામાં આવે છે, જખમને ઉઘાડો મુકવો નહી. કારણ કે માખી વીગેરે જંતુ જખમને નુકશાનકારક છે, સડી ગએલ ભાગ ઉપર પોટીસ મુકવી, અથવા કાપી કાઢવો, ઝેરી જખમને કાસ્ટીકથી અથવા લોઢું તપાવીને બાળી નાંખવો. નાસુર તથા ભગંદર ઉપર પોટીસ બાંધવી, અને પરૂ નીકળવાનો અનુકુળ રસ્તો કરવો, જરૂર જણાય તો તેને ચીરી નાંખી સાદા જખમ પ્રમાણે દવા કરવી. જખમ રૂઝવવાને સારૂ રાળ, કારબોલીક તેલ, દીકામાલી, સીંધુર, કપુરનું તેલ, મીઠાનું પાણી, આયડોફોર્મ, બોરીક પાઉડર, કાથો, ફટકડી વીગેરે વપરાય છે, જખમમાં જીવાદ પડી હોય તો ટરપેનટાઈન તેલ ચોપડવું અને જીવાદ બધી કાઢી નાંખવી.

BURNS. દાઝવું અથવા બળવું.

કારણ—ગરમ પાણી, વરાળ, ગરમ ચીજ, દેવતા, આસીડ, વીગેરે ચીજોથી ઉપલી અસર થાય છે. ચિન્હ—જાનવર દાઝયું હોય ત્યારે ચામડી લાલચોળ થઇ જાય છે, બળતરા બળે છે, જાનવર બેચેન જણાય છે, બળેલું હોય તો ચામડી ઉખડી જાય છે, અને માંઉસ ખુલ્લું જણાય છે. ઉપચાર—દાઝયું હોય ત્યારે ચુનાનું પાણી, ફટકડીનું પાણી છાંટવું, અને તેના ઉપર ચાક, આટો તથા કારબોલીક પાઉડર છાંટવો, બળી ગએલ હોય

ટરપેનટાઇન તેલ ચોપડી ઉપર રાળનો મલમ લગાડવો, ફોડલા હોય તો ફોડી નાંખવા, ચુનાનું પાણી અને અળસીનું તેલ અડધો અડધ મેળવીને ચોપડવું, જેમ બને તેમ સાફ રાખવું, અને વહેલું રૂઝાવા દેવું. ચામડી ઘણી બળી ગઇ હોય તો બીજા જાનવરની ચામડી કાપી લઇ દરદી જાનવર ઉપર ચોટાડવી, તેથી જખમ વહેલો રૂઝાય છે.

DISEASES OF BONES, MUSCLES AND JOINTS.

હાડકાં—સાંધા—અને માંઉસના લોચાના દરદો.

કારણ—આ દરદમાં જાનવર થોડું અથવા વધારે લંગડું થાય છે, જાનવરના એક અથવા વધારે પગમાં દરદ થાય છે, દરદી પગ ઉપર ભાર મુકતું નથી, અને તે પગ શરીરથી આગળ મુકે છે, આગલો પગ વાળેલો હોય છે, અને પગ ઉપર અથવા પગની ખરીના આગલા ભાગ ઉપર ટેકો દે તો ખભામાં દરદ થાય છે એમ સમજવું. જાનવર ઉભા રહેવા કરતાં સુઇ જવાનું વધારે પસંદ કરે છે. ફેરવવાથી જાનવર લંગડું છે કે નહી તે તરત ખબર પડી આવે છે. જાનવરને દોડાવવાથી તરત ખબર પડે છે કે દરદવાળો પગ તે ચોળે છે, અને સારા પગ ઉપર ભાર મુકે છે, માથું દરદી પગ મુકતી વખતે ઝોંકાવે છે, બંને આગળના પગમાં લંગ હોય તો બંને પગ ટુંકા ઉપાડે છે, પાછલા પગમાં લંગડું હોય તો લંગડી બાજુ તરફ પુંઠું રાખે છે, અને પગ ઉપર બોજો થોડો મુકે છે, બંને પાછલા પગમાં લંગ હોય તો આગલા પગ પાછળ લાવે છે, કેટલીક જાતની લંગના ચિન્હ તબેલામાંથી નીકળતી વખતે જણાય છે, અને કેટલીક લંગના ચિન્હ દોડાવવાથી જણાય છે, જાનવરને દોડાવવાને કઠણ જમીન પસંદ કરવી, ગાડીની દોડ પ્રમાણે દોડાવવું. લગામ ઢીલી રાખવી એટલે ચોખું જણાશે.

DISEASES OF BONES. હાડકાનાં દરદો.

હાડકાનો સોજો—હાડકાનો સોજો અંદર તથા બહારના

પડનો થાય છે. કારણ—હાડકા ઉપર માર, ઓજારનો જખમ, પડી જવાથી, નાના જાનવરમાં આ દરદ વધારે થાય છે, ખરાબ બાંધો, ખરાબ મહાવજત, લોહીનો બીગાડ, સંધીવા, અને વારસામાં પણ ઉતરે છે. ચિન્હ—પગમાં દરદ હોય તો જાનવર લંગ કરે છે, તે ભાગ સુજેલો ગરમ જણાય છે, દબાવવાથી દુઃખે છે, વખતે તાવ પણ આવે છે, શરૂઆતમાં સોજો થઇ હાડકાની અંદર રસ ઉતરે છે, અને તેમાંથી જો પરૂ થાય તો હાડકુ સડવા માંડે છે, સાધારણ રીતે જખમ ઉઘાડો ન હોય તો પરૂ થતું નથી, પણ હાડકા ઉપર ગાંઠ બંધાય છે, હાડકું સડયાની ખાતરી કરવી હોય તો રૂપાની સળી અંદર નાંખવાથી, કાળી પડી જાય છે અને હાડકાનો ભાગ કઠણને બદલે પોચો લાગે છે, અને તેમાંથી પરૂ નીકળે છે. ઉપચાર—સોજો વધતો અટકાવવો, તે ખાસ ધ્યાનમાં રાખવું, જાનવરને પથારી કરીને સુંવાડવું, અથવા ઝોળીમાં ટાંગવું, દરદી ભાગને પુરો આરામ આપવો. એક શેર તેલ અથવા મીઠાનો જુલાબ આપવો, ત્યારબાદ સુજેલા ભાગ ઉપર ગરમ પાણીનો સેક કરવો, ગરમ પટી બાંધવી, અથવા ટાઢું પાણી રેડ રેડ કરવું, સોજો કમી થાય કે તરતજ ૧ આયોડીન ૧ ડ્રામ, ચરબી ૧ ઔંસ મેળવીને તે ભાગ ઉપર ઘસવું. ૨ થોરનું દુધ લગાડવું. રૂનો પાટો બાંધવો.

૩ બીન આયોડાઇડ ઓફ મરકયુરી ૧ ડ્રામ, ચરબી ૧ ઔંસ મેળવીને તે મલમ માલેસ કરવો. આસપાસના ભાગ ઉપર તેલ ચોપડવું. મલમ લગાડેલો હોય તે ભાગ ઉપર તેલ ચોપડવું, વાળ મહોટા હોય તો મલમ લગાડતી વખતે વાળ કાતરી નાંખવા, પલાસ્ટર બરોબર ઉપડે ત્યારે તેને ગરમ પાણી અને સાબુથી ધોઇ નાંખી તેલ અગર ચરબી ચોપડવી, કેટલીકવાર ડાંભ દેવામાં આવે છે. પુરો આરામ આપવો.

FIRINGS. ડાંભના પ્રકાર.

૧ ગોળ ચાંડલીઆ ડાંભ, ૧ આડી લીંટીઓ, ૨ ઉભી લીંટીઓ, અથવા ત્રીશુળ આકારના ડાંભ દેવાય છે, જો પરૂ થતું

હોય તો પરૂનો રસ્તો કરવો. હાડકું સડી ગએલ હોય તો ચીમટાથી સડી ગએલ ભાગ કાઢી લેવો. હાડકાના બહારના પડનો સોજો હોય તો હાડકાનાં બહારના પડને ચાકુથી ચીરવામાં આવે છે, એટલે ભેગો થએલો રસ નીકળી જાય છે. આ વખતે જાનવરને પુરેપુરો આરામ આપવો, લીલું ઘાસ, ગાજર, ભુસું, ગહબ વિગેરે ખાવા આપવું, શરીરને પુરેપુરૂ માલેસ કરવું અને શક્તિ સાચવી રાખવી. સુરોખાર પાણીમાં પાવો.

હાડકાંનું ભાંગવું.

હાડકું ચુરો થઈ જાય છે, ઉભું ફાટે છે, આડુ ફાટે છે, અથવા તડ પડે છે. **કારણ**—પડી જવાથી, મારથી, તોફાનથી, પથ્થરવાળી જમીન ઉપર કુદાવવાથી, લાત મારવાથી, સખત બાંધવાથી વિગેરે કારણથી થાય છે. **ચિન્હ**—પગના હાડકાં ભાંગ્યા હોય તો પગ ટુંકો પડી જાય છે, ભાર મેલી શકતું નથી, ચાલી શકતું નથી, પગ ધુજે છે. સોજો થાય છે, દરદી પગ ગરમ લાગે છે, અને જખમથી હોય તો લોહી નીકળે છે. **ઉપચાર**—દરદી જાનવરને એકદમ શાન્ત કરવું, ઝોળીમાં ટાંગવું અથવા સુવાડી દેવું. હાડકું બરાબર સરખું બેસાડવું અને સ્પીલન્ટ અગર વાંસની ખપાટા બાંધી પાટો બાંધવો જરૂરનું છે.

INFLAMATION OF THE JOINT.

સાંધાનો સોજો.

કારણ—માર, લચક, જખમ, કાંટો, સોઈ વિગેરે. હથીઆરના જખમથી, સંધીવા, ક્ષય, લોહીનો બીગાડ, પડી જવાથી તથા પરૂથી થાય છે. **ચિન્હ**—સાંધા ઉપર સોજો ચડે છે, લંગ શરૂ થાય છે, ચાલી શકતું નથી, અને ગરમ લાગે છે. તાવ આવે છે, સાંધો વળેલો હોય છે, જાનવર સુઇ જાય છે, ખાતું નથી, હાંફે છે, અને સાંધાની ચામડી ફાટે છે, અને પરૂ થાય છે, જો પરૂ ન થાય તો સાંધામાં ગાંઠ પડી જાય છે, સંધીવામાં સાંધો હલાવવાથી કડકડ અવાજ થાય છે. **ઉપચાર**—જાનવ-

રમે ઝોળીમાં ટાંગવું અથવા સુવાડવું: ગરમ પાણીનો શેક કરવો અને દરદ નરમ પડે કે તરતજ. ૧ બીન આઇયોડાઇ ઓફ મરક્યુરી ૧ ડ્રામ, ચરબી ૧ ઔંસ, મેળવીને મલમનું બ્લીસ્ટર મારવું. ધ્યાનમાં રાખવું કે બ્લીસ્ટર મારેલા ભાગની નીચે તેલ ચોપડવું. કેટલાક ડાક્ટરોનો અભીપ્રાય એવો છે કે દરદી ભાગ ઉપર ડામ દઈ ન્ર્દ્દ પ્રમાણનું ઉપર બતાવ્યા પ્રમાણેનું બ્લીસ્ટર ચોપડવું. દરદવાળા સાંધાને જેમ બને તેમ હલવા દેવો નહી, તથા લગાડેલી દવાની અસર જોતા રહેવું. ત્રીજે દીવસે ગરમ પાણી અને સાબુથી મારેલ પલાસ્ટર ધોઈ નાંખી, તેના ઉપર કારબોલીક તેલ ચોપડવું અને માંખી બેસવા ન દેવી. માટે તે ભાગને કપડાથી ઢાંકી રાખવો. પણ જો સાંધો સજ્જડ થઇ જવાની બીક લાગતી હોય તો સાંધાને લાંબો અથવા ટુંકો વાળવો અને ઉપર બતાવ્યા પ્રમાણે બ્લીસ્ટર મારવું. છેવટે જો સાંધામાં પરૂ માલુમ પડે તો પરને ટ્રોકાર અને કેન્યુલાનો ઉપયોગ કરી પરૂ બહાર કાઢી લેવું, અને ચાંપતા ઉપાય સારૂ કરવાના લેવા. સાંધાનો સોજો શરૂ થાય કે તરતજ વિલાયતી મીઠાનો અગર એક શેર મીઠું પાઈ દેવું, પાણીની અંદર દરરોજ ૨ ડ્રામ સુરોખાર નાંખી પાવું. શક્તિ સાચવવાનો બનતો પ્રયાસ કરવો. જેવાં કે ગાજર, ખોળ, ગદબ, અળસી વિગેરે ખાવા આપવું, આરામ આપવો. સાંધાની સ્થીતી ઉપર આધાર રાખવો, અફીણનો અર્ક ૧ ઔંસ પાણીમાં પાવું.

ખુલ્લો જોઇન્ટ. OPEN JOINT.

કારણ—હથીયારથી, કાંટાથી, કાચ અથવા ઝીણી વસ્તુ ભોંકવાથી, જખમથી અને બીજા ઘણા કારણોથી સાંધો ઉઘાડો પડે છે. ચિન્હ—સાંધામાંથી શરૂઆતમાં પીળું પાણી નીકળે છે. તેને (સાંધાનું તેલ) કહે છે. જાનવર ચાલી શકતું નથી, સાંધો સુજી જાય છે, દરદ થાય છે, તેથી તાવ આવે છે. ખાતું નથી, રદી પગ ઉપર જરા પણ ટેકો દઈ શકતું નથી. આખો પગ

તેથી સુજે છે. **ઉપચાર**—કાંટો, કાચ અગર બીજી કાંઇ પણ અણીદાર વસ્તુ માલમ પડે તો સાચવીને ખેંચી કાઢવી, પણ જખમની અંદર સોયો અથવા સળી નાંખી તપાસવું નહી. ગરમ પાણીથી જખમને સાફ કરવો, અને જખમની ચામડીને સીવી લેવી. જાનવરને ઝોળીમાં ટાંગવું, પગને હલવા દેવો નહી. ખપાટીયાં અગર પાટો બાંધવો. પહેલાં જો સાંધો સુજેલ ન હોય તો ટાઢા પાણીનો પાટો બાંધી ટાઢુ પાણી રેડ રેડ કરવું. અને જો સોજો થયો હોય તો ગરમ પાણી રેડવું, અથવા પોટીસ બાંધવી. જખમ રૂઝાવાને ફટકડીનો ભુકો, ઘઉંનો લોટ, કાંસાઆંજણ વીગેરે જખમ ઉપર છાંટવાં, સાંધા ઉપર કપડું બાંધવું, એટલે માંખી, ધુડ અને કચરો પેસે નહી. દરદી જાનવરની શક્તિ સાચવવી, ભુસુ, લીલું ઘાસ, રાબ, ઘેંસ, દુધ વીગેરે આપવાં. જો છેવટે પરૂ થાય તો પર કાઢવાને તજવીજ કરવી. અને કારબોલીક તેલ અને આઇડોફોર્મ છાંટવું. છેવટે સાંધો ખોટો પડી જાય છે. સાંધા ઉપર બ્લીસ્ટર મારવામાં આવે છે. જખમની આસપાસ તેલ ચોપડવું. સુરોખાર ૨ ડ્રામ પાણીમાં નાંખીને પાવું, અફીણ ૧ દ્રામ ખવરાવવું.

SYNOVITIS. સાઇનોવાઇટીઝ.

સાંધાની વચ્ચે સાંધાની ગતી સહેલી તથા એક સરખી રહે તે સારૂ તેલની ભરેલી કોથળી કુદરતે પુરી પાડેલી છે, અને તે તેલને લીધે સાંધા સુંવાળા રહેછે. અને હલે છે. **કારણ**—સખત કામથી, હાડકાના દરદથી, જખમથી, સંધીવાથી, લોહીના બીગાડથી કુદવાથી, સોજો આવે છે. **ચિન્હ**—સાંધા ઉપર સોજો આવે છે. દબાવવાથી પોચું લાગે છે. પરૂ થયું હોય તો આ તેલ બહાર નીકળી જાય છે, અને સાંધો સજ્જડ થઈ જાય છે. **ઉપચાર**—આરામ આપવો, ઠંડા પાણીનો પાટો બાંધવો જુલાબ આપવો, અને સોજો ઉતર્યો પછી બીન આયોડાઇડ ઓફ મરકયુરીનું બ્લીસ્ટર મારવું. ૧ લીનીમેંન્ટ એમોનીયા એટ સેપોનીસ માલેસ કરવું. ૨ લીનીમેન્ટ આયોડીન મસળવાથી ફાયદો થાય

છે. પરૂ થયુ હોય તો તેમે સાચવીને કાઢવું, અને કારબોલીક તેલ અથવા કપુરનું તેલ લગાડવુ.

INFLAMATION OF MUSCLES.
માંઉસના લોચાનો સોજો.

કારણ—સંધીવા, જખમ, માર, ગોળી લાગવાથી, ભાલું ભોંકાવાથી થાય છે. **ચિન્હ**—દુઃખે છે, સોજો થાય છે, અને વખતે પરૂ પણ થાય છે. **ઉપચાર**—ગરમ પાણીનો શેક કરવો, રાઈનું તેલ મસળવું. જખમ હોયતો તેને સાફ કરી કારબોલીક તેલ ચોપડવું. આરામ આપવો, તથા શક્તિ સાચવવી. પ્લમ્બી એસીટાસનું પાણી છાંટવું, ફટકડીનું પાણી પણ છંટાય છે. ચ્યાસલેટ અથવા ટરપેનટાઇન તેલ માલેશ કરવું.

SPRAIN. લચક.

સ્નાયુ બંધન, અને સંધી બંધનના લચકના બનાવો ઘણા બને છે. જેવાં કે ગોઠણ–મુઠીયુ. ખભા વિગેરે સાંધામાં થાય છે. **કારણ**—લાંબી ફલાંગ મારવાથી, ઘણું કામ કરાવવાથી, ઉંચો નીચો પગ પડવાથી, ખરાબ નાળ બંધીથી, ઉંચી નીચી જમીન, વાડ કુદાવવાથી, થાકી જવાથી, નસો ઘણી ખેંચાવાથી, પગના ખરાબ બાંધાથી, દોરડાંમાં પગ ભરાવાથી થાય છે. **ચિન્હ**—જાનવર લંગડું થઈ જાય છે, પગ ઉપાડી શકતુ નથી, દબાવવાથી દુઃખે છે, સોજો આવે છે, અને ચાલતાં ખોડાંગે છે. અને દરદી પગ ઉપર ભાર મુકતું નથી. **ઉપચાર**—જાનવરને આરામ આપવો. પગ નીચે રેતી અથવા ધુડ નાંખવી, સખત દરદ હોય તો ઝોળીમાં જાનવરને ટાંગવું. નાળ હોય તો કાઢી નાંખવા, વિલાયતી મીઠાનો અથવા તેલનો જુલાબ આપવો. અફીણનો અર્ક ૧ ઔંસ પાવો. ટાઢા પાણીનો પાટો બાંધવો, પીવાના પાણીમાં સુરોખાર ૨ ડ્રામ નાંખી પાવું, ગરમી ઓછી થાય કે તરતજ દરરોજ માલેશ કરવું. ૧ કપુર ૧ ઔંસ, લાઈકર એમોનીયા ૧ ઔંસ, તેલ ૪ ઔંસ, સ્પીરીટ ૧ ઔંસ મેળવીને માલેસ કરવું. જરૂર

જણાય તો બ્લીસ્ટર મારવું, જાનવરને આસ્તે આસ્તે ફેરવવું. બે, ત્રણ મહીના સાધારણ કામ લેવું, દરદને અનુસરતી નાળ મારવી. ટરપેનટાઇન તેલ અથવા રાઈનું તેલ માલેશ કરવું, ગરમપટી પગે બાંધવી. કોટનવુલની પટી સારો ફાયદો કરે છે.

સ્નાયુ બંધન અને સંધી બંધનનું સંકોચન.

ઘણીવાર લચક થવાથી છેવટે સ્નાયુ બંધન જાડાં થઇ ટુંકા થઇ જાય છે. **ઉપચાર**—હલકું કામ આપવું, લંગડું હોય તો બ્લીસ્ટર મારવું. છેવટે જરૂર જણાય તો સ્નાયુ બંધનને થોડાક કાપી પગ પુરો લાંબો કરવો પડે છે. આમ કરવાથી સ્નાયુ બંધન થોડું ઘણું લાંબુ થાય છે, પણ આ કામ ડાકટરના હાથે કરાવવું. સ્ટીમ્યુલેટીંગ લીનીમેંન્ટ માલેશ કરવું. નસ માલેશ કરવી, શરૂઆતમાંથી બરાબર સંભાળ લેવાય છે તો પરિણામ સારૂ આવે છે.

નીચલું જડબુ ઉતરી જવું.

કારણ—ઘોડામાં, તથા કુતરામાં મોંઢુ ફાડીને ગોળી ખવરાવતાં, બગાસું ખાતાં થાય છે. **ઉપચાર**—નીચલાં જડબાને પકડી નીચે ખેંચી ઉપર હડસેલવાથી જડબું ઠેકાણે તરતજ બેસી જશે, અને જાનવર સહેલાઇથી ખાવું શરૂ કરશે.

BURSATI. આંખ ઉપર વરસાદી.

આંખના ખુણા ઉપર વરસાદ રૂતુમાં માંખીઓ બેસવાથી જખમ થઇને ગાંઠ બંધાઇને જખમ રૂઝાતું નથી. **ઉપચાર**—છાશ તથા મોરથુથું ભેળું કરીને ચોપડવું, રસકપુરના ૧/૨૦૦૦ ના ભાગ પાણીથી આંખ દરરોજ ધોવી. ફટકડીનો ભૂકો ઉપર દબાવવો, અગર મોરથુથુથી બાળી નાંખવું. ૧. ફટકડી, ગળી, કળીચુનો, મીશ્ર કરીને લગાડવું. કોસ્ટીકથી બાળી નાંખવું.

FISTULA. ખભા ઉપર નાસુર અથવા ભગંદર.

જે ઠેકાણે જીન મુકવામાં આવે છે ત્યાં નાસુર ગફલતથી પડે છે. **ઉપચાર**—નાસુરને ચાકાથી કાપી નાંખવું, પરૂ કાઢી નાંખીને જખમને કારબોલીક લોશન અગર મીઠાના પાણીથી ધોઈ

નાંખવો, હાડકું સડતું હોય, તો કાઢી નાંખવું. કારબોલીક તેલ અને સણ ભરવી, જખમ જલદી રૂઝાય તેમ પુરતું ધ્યાન આપવું, આયડોફોર્મ ઉપર છાંટવું, ગળી અને ધોયેલ ઘી સારી અસર કરે છે. ટીંક્ચર આયોડીન ભરવું.

પીઠનું અથવા કડકાનું હાડકું ભાંગવું.

કારણ—પછાડ, માર, ખરાબ બેઠકની સ્વારી, પાછલા પગથી લપસવું, વિગેરે કારણથી થાય છે. **ચિન્હ તથા ઉપચાર**—જાનવર લંગડે છે, અથવા લંગડતું નથી, પણ બેસી જઇને ઉઠી શકવામાં ઘણીજ મુસીબત પડે છે. માટે સ્વારી કરવી નહી, દોડાવવું નહી, હાડકું બરાબર બેસાડી આરામ આપવો એ સારૂ છે. બ્લીસ્ટર મારવું. માલેસ કરવું.

SPRAINED BACK. પીઠની તથા પુઠાની લચક.

કારણ—ઠંડી, પાછલા પગથી લપસવું, ઘણો ભારે બોજો ખેંચવાથી, સંધીવા, પછાડ, માર વિગેરેથી થાય છે. **ચિન્હ**—જાનવર ફરી શકતુ તથા પાછું હઠી શકતુ નથી, દબાવાથી દુઃખે છે, સ્વારી કરવાથી ભાર ખમી શકતું નથી. પેશાબ કરી શકતું નથી. **ઉપચાર**—જાનવરને સુવાડવું અથવા ઝોળીમાં ટાંગવું. ગરમ પાણીનો સેક કરવો, પછીથી ડુંગળીનો રસ, રાઈનું તેલ માલેસ કરવું. ગરમ ઝુલ ઓઢાડવી. સુરોખાર ૨ ડ્રામ પાણીમાં નાંખીને પાવો. લીલું ઘાસ, ગાજર, ગદબ, ભુસું, ખવરાવવું. બરાબર માલેશ કરવાથી ઘણો ફાયદો થાય છે.

WOUND IN THE CHEST. છાતીમાં જખમ.

કારણ—પાંસળી ભાંગવાથી, ભાલુ ભોંકાવાથી, ચાકાથી કાંટાથી થાયછે. **ચિન્હ**—છાતીમાં કાણું પડેલ જણાય છે, વધારે જખમ ઉંડો પડેલ હોય તો જોખમકારક છે. **ઉપચાર**—જેમ બને તેમ જલદીથી, કાંટો વીગરે વસ્તુ કાઢી લઇને જખમ બંધ કરી દેવો, તથા શળની પટી મારવી, કાંટાઝુમાસુ, ફટકડી અને ચોખાનો આટો છાંટવો. સોજો અટકાવવો જરૂરતું છે.

SHOULDER SPRAIN. **ખભાની લચક.**

કારણ—લાંબો પગ પડવાથી, સરતમાં દોડવવાથી, પગ લપસી જવાથી, મારથી, જખમથી, અથવા ચકર ફેરવવાથી લચક થાય છે. **ચિન્હ**—ખભો દબાવાથી દુખે છે, પગ ઊપાડી શકતું નથી, ચાલે છે ત્યારે જમીન ઉપર પગ ઘસડાય છે, અને જયારે જાનવરને ફેરવવામાં આવે છે ત્યારે પગ ઊંચો લટકાવી રાખે છે, ખરીના આગલા ભાગ ઉપર ભાર મેલે છે, અને પગ વાળેલો રાખે છે. **ઉપચાર**—જાનવરને આરામ આપવો, ઝોળીમાં ટાંગવું, અથવા પથારી ઉપર સુવાડવું, ગરમ પાણીનો શેક કરવો ત્યાર બાદ રાઇનું તેલ ચોળવું, જરૂર જણાય તો બ્લીસ્ટર મારવું, દેશી લોકો આ દરદમાં ગોળ પૈડાના આકારનો તે જગ્યા ઉપર ડાંભ દેછે. જુલાબ આપવો અને પગને આરામ આપવાનો ઊંચી એડીનો નાળ મારવો. થોડો આરામ શરૂ થવા માંડે ત્યાર બાદ ધીમે ધીમે જાનવરને બહાર ફેરવવું. ટરપેનટાઇન તેલ ચોપડવું.

ખભા ઉપર ગાંઠ.

કારણ—ગાડીના પોલ ઘસાવાથી અથવા જીન ઘસાવાથી ખભા ઉપર ગાંઠો ઉપડે છે. **ચિન્હ**—ખભા ઉપર ગોળ કઠણ ગાઠ દેખાય છે. વખતે પરૂ થઇને ગાંઠ ફુટે છે. **ઉપચાર**—ગરમ પાણીનો શેક કરવો, અને ગાંઠ મોટી હોય તો કાપી કાઢવી, પણ જો પરૂ થયું હોય તો ટ્રોકાર ભોંકીને પરૂ કાઢવું. ત્યાર પછી સાફ કરી કારબોલીક તેલ ચોપડવું. આયડોફોર્મ અને ટેનીક એસીડ ભભરાવવી.

SPRAINED BACK TENDORS. **બેકટેન્ડન્સની લચક.**

કારણ—આ સ્નાયુ બંધન ગોઠણની પાછળથી શરૂ થઇ પગ સુધી જાય છે, તે સ્નાયુ બંધનો પગને ઉંચો નીચો કરવાને તથા લાંબો ટુંકો કરવાને મોટા સાધન તરીકે છે. આ સ્નાયુ બંધનો ઘણાં મજબુત છે. તેથી શરીરનો આખો બોજો, પગ તેમની મદદથી ટકાવી શકે છે, આ સ્નાયુ બંધનોની લચક જાનવરને ઘણું દોડાવવાથી, ઘણો બોજો અથવા ભારે ગાડીએ

ખેંચવાથી, લપશી જવાથી, ખોટો પગ પડવાથી, ખરાબ નાળ બંધ થવાથી દરદ થાય છે. **ચિન્હ**—જાનવર લંગડું ચાલે છે, દરદી પગ ઉપર ભાર દઈ શકતું નથી, પગ વાળેલો રાખેછે, દોડી શકતું નથી અને નસો દબાવવાથી દુખે છે, તથા સોજો માલુમ પડે છે; ગોઠણ વાળી શકતું નથી. **ઉપચાર**—જાનવરને એકદમ આરામ આપવો, ઉંચી એડીનો નાળ મારવો, સખ્ત લચક હોય તો ઝોળીમાં ટાંગવું, જુલાબ આપવો અને પગ ઉપર ગરમ પાણીનો શેક કરવો, સોજો નરમ પડે કે તરતજ બ્લીસ્ટર મારવું અને પગ માલેસ કરવો. માલેસ કર્યા બાદ પગ ઉપર ગરમ પાટો બાંધવો, આરામ થયા બાદ આસ્તે આસ્તે બહાર ફેરવવા કાઢવું, અને મહિના દોઢ મહિના પછી કામ લેવું, નવસાર અને સુરાખારનું મીશ્રીત પાણી પગે રેડવું. ખોરાક કમતી કરવો, અને જાનવરની તંદુરસ્તી બરોબર સાચવવી. થોરનું દુધ ચોપડવું, આયોડીનનો મલમ લગાડવો, તથા ડાંમ પણ દેવા પડે છે.

INFLAMATION OF THE KNEE.

ગોઠણનો સોજો.

કારણ—પડી જવાથી, જખમથી, મારથી, લાતથી, સંધીવાથી, વીગેરે કારણથી થાય છે. **ચિન્હ**—ગોઠણ ગરમ થયેલો માલુમ પડે છે, ગોઠણ વાળી શકતો નથી, પગ ઉપાડી શકતું નથી અને ખરી ઉપર ચાલે છે, ખરીનો પાછલો ભાગ વધારે ઘસાય છે. **ઉપચાર**—નાળ કાઢી નાંખવી, આરામ આપવો, ગરમ પાણીનો શેક કરવો, અને જરૂર જણાય તો જુલાબ આપવો. જાનવરને ઝોળીમાં ટાંગવું અને છેવટે બ્લીસ્ટર મારવું, અથવા ડાંમ દેવા, આ વખતે ગોઠણને જરા પણ ઈજા પહોંચવા દેવી નહિ. પગ નીચે માટી નાંખવી અને ઉંચો રાખવો.

BROKEN KNEE. ગોઠણ ભાંગવો.

કારણ—પડી જવાથી, લાકડા અથવા પથર સાથે ગોઠણ અથડાવાથી થાય છે વાળ ઘસાઈ જઈને ઉપલી ચામડી છોલાય છે, ચામડી છોલાય જઈ લોહી નીકળે છે. સાંધો ખુલો પડી જાય છે અને હાડકાં દેખાય છે ગોઠણના હાડકાં ભાંગી જાય છે. **ઉપચાર**—જાનવરને ઝોળીમાં બાંધવું અને ગોઠણને વાળી ન શકે તે માટે ખપાટીઆં બાંધવાં,

થોડી ધ્રુજા હોયતો જખમને સાફ કરી, ૧ ચાક ૪ આઉંસ, રાળનો ભુકો ૪ ઔંસ અને આયોડોફાર્મ ૧ ઔંસ મેળવીને ગોઠણ ઉપર છાંટવું. ૨. કાંટાળુ માયુ, ફટકડી, અને ચાક સરખે ભાગે મેળવીને છાંટવું. પણ જો જખમ વધારે ઊંડો હોય અને પરૂ થયું હોયતો સાફ કરી, જખમની આસપાસ હલકું બ્લીસ્ટર મારવું, સાંધાના જખમ કોઈ પણ દીવસ બહુ ચુથવા નહી, અને સળી નાંખવી નહી. દરદને અનુસરી ચાંપતા ઉપાય લેવા. જાનવરને તરતજ જુલાબ આપવો, અને છેવટ સુધી શક્તિ ટકી શકે તેવો ખોરાક આપવો. દરદ થતું હોય તો અફીણનો અર્ક ૧ ઔંસ પીવાના પાણીમાં નાંખવો. સુરોખાર ૨ ડ્રામ દરરોજ પાણીમાં પાવો, લીલું ઘાસ, ગાજર, ગદબ ખવરાવવું.

SPLINT---બેરહડી.

કારણ—ગોઠણની અંદરની બાજુ હાડકુ સુજેલ હોય છે. અથવા હાડકા ની અને પાછલી સ્નાયુ વચ્ચે બેરહડી માલમ પડે છે. કારણ—વારસામાં બચ્ચાને ઉતરે છે, સખત કામ, ખરાબ નાળબંધી, ખરાબ બાંધો, ટુંકા ગાળાનાં ઉભા મુડીયાં, કઠણ જમીન ઉપર કામ કરાવવાથી પણ થાય છે, ચિન્હ—કઠણ સુજેલ ભાગ દાબવાથી જણાય છે, લંગડાય છે, કામથી વધારે લંગડાયછે અને પગ ઉંચો રાખે છે. એકટેન્ડસ અથવા સસ્પેનસરી લીગામેન્ટની વચ્ચે હોયછે તો બહુજ ખરાબ છે. ઉપચાર—આરામ આપવો, ઉંચી એડીનો નાળ મારવો, ઠંડુ પાણી સુજેલ ભાગ ઉપર રેડવું, પારાનું બ્લીસ્ટર પંદરેક દીવસ પછી મારવું. ડાંભ દેવાથી પણ વખતે સારૂ થાય છે. માટે ઝીણા ગોળ ડાંભ દેવા. કામ શરૂ કરાવતી વખતે સાદા નાળ મારવા. કામ કરવાથી જાનવર વધારે લંગડાય છે માટે સારૂ થયાં બાદ કામ લેવું. જ્યારે દરદ મટતું નથી ત્યારે હાડકાનું ઉપલું પડ ચીરીને બેરહડી કાપી કાઢવી પડે છે, પણ તે કામ દાક્તરને હાથે કરાવવું, પહેલાં જુલાબ આપવો, ત્યાર બાદ હમેશાં અરધુ ભુસુ તથા દાણા મેળવીને ખવરાવવા. સુરોખાર પાણીમાં પાવો. લીલુ ઘાસ, ગાજર ગદબ ખવરાવવું.

SPRAIN OF THE SUSPENSORY.

સ્પ્રેઇન ઓફ ધી સસ્પેન્સરી લીગામેન્ટ.

કારણ—જાનવરને કુદકો મરાવવો, વાડ કુદાવવી, શરત દોડાવવી, ખેતરમાં અથવા જંગલમાં ખાડામાં પગ પડવો. ખરાબ નાળબંધીથી, લાંબા

ગાળાવાળા મુઠીયાથી પણ થાય છે. **ચિન્હ**—જાનવર લંગડાય છે. પગ સીધો રાખે છે. ચાલતાં પગ ઠોકરાય છે. મુઠીયું નીચે નમેલ લાગે છે. વખતે મુઠીયું જમીનને અડે છે. **ઉપચાર**--જાનવરને આરામ આપવો. ઉંચી એડીનો નાળ મારવો; પારાનું બ્લીસ્ટર મારવું, ટાઢા પાણીનો પાટો બાંધવો, ગરમ પાણીનો શેક કરવો, દાંભ પણ દેવા, સુરોખાર પાણીમાં પાવો. ગદબ, લીલું ઘાસ ખવરાવવું, ગરમ પટી બાંધવી.

INFLAMMATION OF THE FETLOCK.

મુઠીયાનો સોજો.

કારણ—પગ ઉંચો નીચો પડવાથી, ખરાબ નાળબંધી, કઠણ જમીન ઉપર દોડાવવાથી, કટિો લાગવાથી થાય છે. **ચિન્હ**--મુઠીયું ગરમ સુજેલું માલમ પડે છે. લંગડાય છે; અને પગ ઉપર સોજો ચડે છે, **ઉપચાર**—ગરમ પાણીનો શેક કરવો, લીનીમેન્ટ એમેનીયા, મુઠીયા ઉપર ચોપડવું. સોજો ઉતરે એટલે પારાનું બ્લીસ્ટર મારવું, અને જરૂર હોય તો ડાંભ દેવા, ખોરાક અરધો કરવો. આરામ પુરો આપવો.

મુંઠીયાની અંદરની બાજુ નેવલ લાગવી.

કારણ--ખરાબ ચાલ, ખરાબ હાંકણી, ખરાબ નાળબંધી, થાક, ખોટો પગ પડવો, ખરાબ પગના બાંધાથી થાય છે. **ચિન્હ**—સામેની પગ મુઠીયાની અંદર બાજુ લાગવાથી છોલાય છે, અને સંભાળ ન લેવાય તો મુઠીયું સુજી આવે છે, લંગડાય છે. **ઉપચાર**—નાળબંધી સુધારવી, જખમ ઉપર પાટો બાંધવો, ચામડાનાં તૈયાર બુટ આવે છે તે બાંધવાં, રબરની પગમાં નાંખવાની-ગોળ રીંગો આવે છે તે વાપરવી. જખમ ઉપર આયડોફોર્મ છાંટવું, ફટકડી, કાંટાળુમાયુ, વિગેરે દબાવવું-સોજો હોય તો શેક કરવો. આરામ આપવો, શકતી આવે તેવો ખોરાક ખવરાવવો.

ચક્રાવળ RINGBONE.

કારણ--ઘણું કામ કરાવવું. ખરાબ નાળબંધી, કઠણ જમીનમાં દોડાવવું. વારસામાં ઉતરે છે, ખરાબ પગનો બાંધો, વિગેરે કારણથી થાય છે. જખમથી થાય છે. **ચિન્હ**—જાનવર લંગડાય છે. હીલ ઉપર ચાલે છે, ચલાવવાથી વધારે દુખે છે, દબાવવાથી દુખે છે. ખરીના ઉપલા ભાગ ઉપર કઠણ સોજો જણાય છે, બંને પગ સરખાવવાથી-દરદી પગ જલદી માલમ પડે છે, મુઠીયું વાળતાં ચકરાવળ તરત જણાય છે. **ઉપચાર**—

જાનવરને આરામ આપવો-ઉંચી એડીનો નાળ બાંધવો, ગરમ પાણીનો શેક કરવો. સોજો ઉતર્યા બાદ-બ્લીસ્ટર અથવા ડાંભ દેવામાં આવે છે, એક બે મહીનામાં આરામ થયા બાદ ગાડીનું અથવા સાધારણ કામમાં લેવું. જાનવરની ઓલાદ લેવી નહીં.

જાંગનું હાડકુ ભાંગવું. BROKEN THIGH BONE.

કારણ—કુતરામાં આ સાધારણ દરદ છે, મારલાગવાથી-પછડાવાથી થાય છે. ચિન્હ—પગ ટુંકો થાય છે, લંગડાય છે, પગ હલાવવાથી કડ-કડ અવાજ સંભળાય છે. ઉપચાર—હાડકાને બરાબર બેસતું કરીને પ્લાસ્ટર ઓફ પેરીસનો પાટો બાંધવો. જાનવરને દોડવા અથવા કુદવા દેવું નહીં, શક્તી સાચવવી, હાડકાના ચુરા થયા હોય તો જોખમવાળું છે.

પટેલા નામનું હાડકું એકકોર ખસી જવું.

કારણ—જાનવરને ઉઠતાં કેટલીકવાર થાય છે, આળસ ખાતાં, પગ લાંબો ટુંકો કરતાં થાય છે. પગ સરકવાથી પણ થાય છે. ચિન્હ—ખરીની ઠોકર ઉપર જાનવર પગ ટેકવે છે. ચાલી શકતું નથી, હાડકુ તપાસવાથી ખસેલું જણાશે તથા તે જગ્યા ઉપર ખાડો માલમ પડે છે. ઉપચાર—જાનવરને એકદમ-દોડાવવાથી હાડકું ચડી જાય છે, અથવા જાનવરના પગને ઉંચો કરીને આગળ લાવવો, કેટલીકવાર મુઠીયામાં રસી બાંધી પગને આગળ એકદમ ખેંચવાથી અને હાડકાને હાથે દબાવવાથી બેસે છે, લાંબી ઠોકરવાળો નાળ બાંધવો. જાનવરને આરામ આપવો. ટરપેનટાઈન તેલ માલેશ કરવું-આયોડીનનો મલમ ચોપડવો.

SPAVIN. સ્પેવીન "મોતરો".

કારણ—સખત કામ, પગ ઉપર બોજો, વારસામાં ઉતરે છે. કઠણ જમીન ઉપર દોડાવવું, ખરાબ નાળ બંધી-ખરાબ મગનો બાંધો વિગેરે કારણોથી થાય છે. ચિન્હ—સાંધાના નીચેના ભાગનો સોજો થાય છે, દુખે છે, લંગડાય છે, ઠોકર ઘસાય છે, પગ વાળી શકતું નથી, ફરી શકતું નથી, પાછું હઠી શકતું નથી, એડી ઉંચી રાખે છે. ઉપચાર—આરામ આપવો, ઉંચી એડીનો નાળ બાંધવો, શેક કરવો, જુલાબ આપવો, સોજો ઉતર્યા પછી, બ્લીસ્ટર મારવું સારૂં છે, ડાંભ પણ દેવાય છે. હલકુ કામ કરાવવું. ઠોકરવાળા નાળ બાંધવા, તેથી ઠોકર કમતી ઘસાય છે.

PRICK મેખ તળીયામાં ભોંકાવી.

કારણ—નાળબંધી કરતાં મેખ જીવતા પગમાં વખતે ઉતરે છે. કાચ આગર ખીલા રસ્તામાંથી ભોંકાય છે. કાંટા ખેતરમાંથી ભોંકાય છે. ચિન્હ——જાનવર લંગડાય છે. પગ ઉપાડીને તળીયું દબાવવાથી દુખે છે. તથા પોચુ જણાય છે. છેવટે પરૂ થઈને ફુટે છે. ઉપચાર—પુરો તપાસ કરી તળીયામાંથી ખીલો, કાંટા જે હોય તે કાઢી નાંખવું. પછી પગ ઉપર ગરમ જુસ્સુ કરીને પોલટીસ બાંધવી. આરામ આપવો, ડામર પગે ચોપડવો. પરૂ થયું હોય તો તળીયાને છોલીને પરૂ જવાનો રસ્તો કરવો. સાફ રાખવું.

CORNS. કોર્ન્સ.

કારણ—ખરાબ નાળબંધીથી પગની અંદરના ભાગ ઉપર સખત દબાણ થવાથી આળું થઇ જાય છે. નાળની અંદરની બાજુએ છેડા ઉપર તળીયાની બાજુએ તપાસતાં તથા દાબતાં દુ:ખે છે. કઠણ રસ્તા ઉપર જાનવર પાસે કામ કરાવવાથી થાયછે. ઉપચાર—કારણ દુર કરવું, ખરાબ નાળ કાઢી નાખવી, પોણી નાળ બાંધવી; ધારીયાથી પગ કાપવો નહીં, પણ કાનસથી ઘસવો. જો પરૂ થયું હોય તો આરામ આપવો. પોલટીશ બાંધવી, અને પછી ચાકાથી તે ભાગ કોરી કાઢી પરૂનો રસ્તો કરવો ત્યારબાદ કારબોલીક તેલ, આયડોફોર્મ અને સણ ભરવાં થોડા દીવસમાં આરામ થાશે, નાળ બંધી વખતે–ચામડાનો કટકો નાળ અને પગ વચ્ચે મુકવો.

SANDCRACK. સેન્ડક્રેક.

કારણ--આ દરદમાં ખરીની દીવાલ ઉપર ચીરી પડે છે, દીવાલ સુકી થવાથી, કાચુ સીંગડુ આવવાથી, નાળબંધીમાં દીવાલ ઘસવાથી, પૂતળી કાપવાથી, કઠણ જમીન ઉપર દોડાવવાથી, પણ થાયછે. ચિન્હ—જાનવર વખતે લંગડાય છે. તપાસતાં ચીરી માલમ પડે છે. વધારે સખત હોય તો જાનવર લંગડાયછે અને લોહી પણ દેખાયછે. ઉપચાર—ખરીની દીવાલના ઉપલા ભાગ ઉપર બ્લીસ્ટર મારવું, ચીરીની ઉપર અને નીચે ઉના લોઢાના સળીયાથી આંકા કરવા કે જેથી ચીરી ઉપર વધે નહીં, નાળ કાઢી નાંખવી. અને ચીરીની સીધી લીટીમાં ખરીના નીચેના ભાગમાં ખાડો કોતરવો તેનાથી ખરીનો તે ભાગ જમીન ઉપર નહીં દબાવાથી ચીરીને ઈજા પહોંચતી નથી. ફરીથી નાળ જડવો. જાનવરને આરામ આપવો, અને ફેરવવું. ખરી મજબુત થાય તેમ કરવું. અરધીયુ નાળ મારવી પ્રસંદ કરવા જેવું છે.

THRUSH. થ્રશ.

આ દરદમાં પગની પૂતળી પોચી પડે છે. અને ગંધાય છે. અને વખતે પરૂ પણ થાય છે. કારણ—ખરાબ તબેલા, કીચડમાં જાનવર રાખવાં, સાફ ખરી કરવી નહી અને કામ કરાવવું નહી, ઉંચી એડીના નાળ વાપરવાથી, પૂતળી કાપવાથી પણ થાય છે. ચિન્હ—પૂતળી પોચી પડી જાય છે, ગંધાય છે, જાનવર લંગડુ ચાલે છે, દાબવાથી દરદ થાય છે, પાણી ઝરે છે. ઊપચાર—સુકી જમીન ઉપર જાનવરને બાંધવું, પૂતળી દરરોજ સાફ કરવી, ડામર લગાડવો, દરદ થતું હોયતો પોલટીસ બાંધવી, નાળ કાઢી નાંખવી. કેલોમલ ૨ ડ્રામ, ચાક ૧ ઔંસ મેળવીને પૂતળીમાં દબાવવું, જાનવરને થોડુ થોડુ ફેરવવું, અરધી નાળ બાંધવી, પૂતળી કદી કાપવી નહીં. કળીચુનો ૪ ઔંસ, મોરથુથુ ૨ ડ્રામ મેળવીને લગાડવાથી સારી અસર કરે છે. નેવીક્યુલર ડીસીઝથી દરદ હોયતો જા થુંકનું દરદ મટતું નથી.

CANKER.—કેંકર.

આ દરદમાં તળીયુ તથા પૂતળી બગડી જાય છે. કારણ—થ્રશથી, જુલાબથી, પેટનાં દરદથી, ગાડીના ઘોડામાં વિશેષ થાય છે. ખરાબ તળીયાંથી પણ થાય છે. ચિન્હ—જાનવર લંગડાય છે. પગ પોચા પડી જાય છે, ગંધાય છે, ચીકણો પરૂવાળો પદાર્થ નીકળે છે. ઉપચાર—તળીયું તથા પૂતળી તદન કાપીને સાફ કરવાં, નાઇટ્રીક એસીડ ચોપડવી, પછી સણ બરાબર મુકી પગને બાંધી દેવો. ચાંમડાનું બુટ ચડાવવું, પગ સાફ રાખવા, ત્રીજે દીવસે પગ તપાસીને મોરથુથુનું પાણી અથવા ફટકડીના પાણીથી પગ ધોવો, સાફ કર્યાં બાદ સ્વચ્છ સણ મુકીને પાટો બાંધવો. સુકી પથારી, ચોખ્ખી જમીન, હવાવાળા તબેલા અવશ્ય જરૂરના છે. જાનવરને છુટું રાખવું, શક્તી સાચવવી, હલકો, સારો ખોરાક આપવો. કારબોલિક એસીડ, ક્લોરાઇડ ઓફ્ઝીંક, કળીચુનો અને ડામરથી પણ ફાયદો થાય છે. ડાક્તરની સલાહ જરૂર લેવી. કારણકે ગફલતથી જાનવર નકામું થાય છે.

NAVICULAR DISEASE. નેવીક્યુલર ડીસીઝ.

ખરીની પછવાડે પુતળીની ઉપર એક નાનું હાડકુ આવેલ છે, તેનો સોજો થાય છે. કારણ—સંધીવા, વારસામાં દરદ ઉતરે છે, ખરાબ નાળ બંધી, સખત જમીન ઉપર કામ કરાવવું, થ્રશ, ખીલો ભોંકાવો, વિગેરે કારણથી થાય છે. ચિન્હ—જાનવર એકદમ લંગડું માલમ પડે છે, થોડા

વખત પછી જાનવર સારૂં થયું હોય તેમ જણાય છે. ઠોકર ઉપર પગ ટેકવે છે, ટુંકી ચાલ ચાલે છે, શરૂમાં જાનવર પણ લંગડું હોય છે પણ કામ કરવાથી લંગ ઓછી થાય છે, પુતળીનો ભાગ સુકાતો જાયછે. ઉપચાર—નાળ કાઢી નાંખવી, કીચડની અંદર લાંબો વખત જાનવરને ઉંચું રાખવું. પોલટીસ બાંધવી, જુલાબ આપવો, ખરીના ઉપલા ભાગ ઉપર બ્લીસ્ટર મારવું. જાનવરને સુવા દેવું. "સીટન" નાંખવામાં આવે છે "ન્યુરોટોમી" કરવાથી કેટલીક વખત સારૂ થાય છે, પોચી જમીન ઉપર જાનવર ઠીક ચાલે છે, શકતી સાચવવી,

LAMINITIS. લેમીનાઈટીઝ.

આ દરદ પગની અંદરની સુંવાળી જગ્યામાં સોજો થવાથી થાય છે. કારણ—વારસામાં ઉતરેછે, સખત જુલાબથી, લાંબો વખત બાંધી રાખવાથી થાય છે, નબળા, પહોળા પગને લીધે થાય છે. ચિન્હ—પગ ઉપર ભાર મુકી શકતું નથી, પગ ગરમ લાગે છે. ઘણું દરદ થાય છે, તાવ આવે છે, પગ આગળ રાખે છે, જાનવર સુઇ જાય છે. ઉપચાર—વિલાયતી મીઠાનો જુલાબ આપવો, ગુદામાં ગરમ પાણીની પીચકારી મારવી, નાળ કાઢી નાંખવી, પગ ઉપર ગરમ પાણીનો શેક કરવો, ઝોળીમાં જાનવરને ટાંગવું પડે છે. સુરોખાર પાણીમાં નાંખીને પાવો. ટીંકચર એકોનાઈટ પાણીમાં નાંખીને પાવું. લીલું ઘાસ, ગાજર, ગદબ, ખાવા આપવું. ખરી ઉપર ચાકાથી છરકા કરીને લોહી કાઢવું, કીચડમાં જાનવરને ઉંચુ રાખવું, "રેકીંગ બારશુ" લગાડવો, દરદ નરમ પડયા પછી બ્લીસ્ટર ખરીના ઉપલા ભાગ મારવું, ઘઉં ખવરાવવા નહી.

સાઇડ બોન્સ.

ખરીની અંદરની બાજુએ કારટીલેજ રહે છે. તે સ્પ્રીંગનુ કામ કરે છે. પગ વખતો વખત નાનો મોટો થાય છે, ત્યાં હાડકાં બંધાય છે.

કારણ—ખરાબ નાળ બંધી, કઠણ જમીન ઉપર કામ, પુતળી તથા તળાયુ કાપવાથી, સીધું મુઠીયુ, ખરાબ પગનો બાંધો, વિગેરેથી થાય છે. ચિન્હ—જાનવર લંગડાય છે, પડી જાય છે. ખરીનો પાછલો ભાગ કઠણ જણાય છે. ઉપચાર— આરામ આપવો, બ્લીસ્ટર મારવું, ડાંભ દેવા, બારશુ લગાડવો. કેટલીકવાર હાડકાં કાપી નંખાય છે. પણ હુશીઆર માણસનું કામ છે.

ક્રોલ્સ કવાર્ટર.

આ દરદમાં ખરીની દીવાલનું શીગડુ તદન પોલું નીકળે છે.

કારણ—ખરી નીકળવાની જગ્યા ખોટી પડેલી, તે જગ્યા ઉપર વખતો વખત સોજો, કવીટર, સેન્ડકેક, ખરી ઉપર ઇજા, અને સોજાથી થાય છે. ચિન્હ—જાનવર લંગડાય છે, હથોડીથી ઠોકવાથી, પોકળ અવાજ આવે છે. ખરીના ભાગમાં તફાવત જણાય છે. ઉપચાર—જાનવરને જુલાબ આપવો, પોલીટીસ પગે બાંધવી, ચીરીમાંથી કચરો કાઢી નાંખવો, બ્લીસટર મારવું, "પોણીયું" નાળ મારવો. આરામ આપવો, ચીરીમાં ડામર તથા સણ ભરવાં. સીડીટો.—આ દરદ પગની ઠોકરમાં થાય છે. કારણ—ખરી જુદી પડતી જાય છે, ઠોટળ વાળી નાળ બાંધવાથી, ખરીના અંદરના ભાગના સોજાથી, સખત જુલાબ, બદહજમીયતથી, થાય છે. ચિન્હ—પગ ઉપાડીને ઠોકવાથી, બોદો પોકળ અવાજ સંભાળાય છે, લંગડાય છે. ઉપચાર—નાળ કાઢી નાંખવી, ખરાબ ભાગ કાપી નાંખવો, ખરીના ઉપલા ભાગ ઉપર બ્લીસ્ટર મારવું, નાળ વગર જાનવરને ચલાવવું સારૂ છે, અને પૂરો આરામ આપવો. તળીયાના ભાગ ઉપર રબર અથવા ગટા પરચાના પેડ મુકવાથી, તળીયુ, વિશેષ કઠણ થવા સંભવ છે. સાદી નાળ બાંધવી,

CANCER OF THE HORN. કમ્બોઇ.

કારણ—બળદ તથા ગાયમાં આ દરદ સાધારણ છે. શીંગડુ કુટતી વખતે માખી જખમ ઉપર લાળ મુકેછે. ખરાબ પાણી પીવાથી, જીવાદ નાકમાં જવાથી થાય છે, ચિન્હ—શીંગડુ નમતુ જાય છે અને મુળ ખવાય છે. જાનવરને પીડા થાય છે. સુસ્ત જણાય છે. છેવટે શીંગડુ ખરી પડે છે, અને લોહી વહે છે. ઉપચાર—શરૂઆતમાં સંભાળ ઘણી રાખવી. પણ દરદ થયું એમ માલમ પડે છે તો તકમરીયાનો પાલો બાંધે છે. છેવટે શીંગડુ કાપવું પડે છે અને ડાંભી નાખવું. હીશાકશી, સોમલ અને ડામર પણ ઉપયોગી છે.

SIMPLE FEVER. તાવ.

લોહીની હમેશની ગરમી કરતાં, તાવમાં વિશેષ ગરમી જણાય છે. કારણ—હવામાં ફેરફાર, ખરાબ પાણી, ઝેરી પાલા, ભેજ, સરદી, ગંદકી

બદહજમી, પીતનો ભરાવો, ઝેરી જખમ અને દરદને લીધે તાવ આવે છે. ચિન્હ—શરીર વધારે ગરમ જણાય છે. મોઢું સુકુ જણાય છે, ઝાડો, પેશાબ કમતી થાય છે, સુસ્તી, વાગોળતુ નથી, આંખ લાલ જણાય છે. ચામડી સુકી દેખાય છે, આંખમાંથી તથા નાકમાંથી પાણી ટપકે છે. ટોળામાંથી જુદું પડી જાય છે, બેસી જાય છે, અને શકતી ઘટે છે. ઉપચાર—કારણ શોધી કાઢવું. જુલાબ આપવો, ગરમ પાણીનો શેક કરવો, વિલાયતી મીઠું ૪ ઔંસ. સુરોખાર ૨ દ્રામ પાણીમાં નાંખીને પાવું. છાશ પાણી, ફટકડી ૪ દ્રામ, ગોળ ૪ ઔંસ ખવરાવવું. વછનાગ ½ તોલો, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવી. મહુવડાં બાફીને ખવરાવવાં કાંજી–ભુસુ, અળસી, ગદમ. લીલું ઘાસ, વિગેરે આપવાં. ૧ ફીનેસીટીન ૧ ડ્રામ, ગોળ ૪ ઔંસ મેળવીને ખવરાવવું. માંમેજવો એક જાતનું ઘાસ છે તે ઘણું સારૂ છે ૨. કરીઆતુ ½ ઔંસ. કડું ૨ દ્રામ, પાણી ૨૦ ઔંસમાં ઉકાળીને પાવું. ૩. લાઈકર એમોનીયા એસીટાસ ૪ ઔંસ, સુરોખાર ૨ દ્રામ. વીલાયતી મીઠું ૮ ઔંસ, પાણી ૨૦ ઔંસ મેળવીને પાવું. ૪. એસીડ કારબોલીક ૪૦ ટીપાં, તેલ ૧૬ ઔંસ મેળવીને પાવું. ગરમ પટી બાંધવી તથા ઝુલ ઓઢાડવી.

SURRA. સરા.

આ દરદ ઘોડા, બળદ, ઉંટ વીગેરેમાં થાય છે. કારણ—લોહીની અંદર બીગાડ, ખરાબ પાણી, ભૂખમરો, દુકાળ, નબળાઈ વીગેરેથી થાય છે. માખી અથવા મચ્છર કરડવાથી થાય છે. ચિન્હ—જાનવર દીવસે દીવસે નબળું થતું જાય છે. તાવ આવે છે અને ઉતરે છે. આંખ અને ચામડી પીળી પડતી જાય છે. સુક્ષ્મયંત્રથી લોહી તાવ હોય ત્યારે તપાસવાથી જંતુઓ માલમ પડે છે. આખરે નબળું થઈ જાનવર મરી જાય છે. ઉપચાર—પહેલાં બીમાર જાનવરોને યુરોપીઅન ડાકટરો મારી નાખતા પણ થોડા વખત થયાં આ તાવનો ઇલાજ હાથ લાગેલ છે. સોમલની બનાવટ આ દરદમાં અકસીર ઇલાજ માલમ પડેલ છે અને જાનવરોને ગોળીથી મારી નાખવાનો ઘાતકી રીવાજ ત્રણ વરસ થયાં સરકાર તરફથી બંધ કરવામાં આવેલ છે. ઉમેદ છે કે ઘણાં જાનવરો અજ્ઞાનતાને લીધે ડાકટરો હજી પણ અખતરાઓ કરવામાં મારે છે તેનો અટકાવ થવાની જરૂર છે.

વિષ પ્રકરણ. POISONS.

વિષ ત્રણ પ્રકારના થાય છે. ખનીજ ઝેર, વનસ્પતી ઝેર, અને પ્રાણી ઝેર. ઇલાજ—ઝેરનો ઈલાજ કરવામાં ૧ શરીર માંહેથી કાઢી નાખવું. ૨ તેની અસર થતાં અટકાવવી, ૩ થયેલ અસર મટાડવી. દાહક વિષ.—સલફ્યુરીક, નાઈટ્રીક અને હાઇડ્રોક લોરીક એસિડ આવેછે. પ્રમાણ ઉપરાંત પીવાથી, અથવા પીવરાવવાથી, મોઢામાં, ગળામાં તથા પેટમાં બળતરા થાય છે. ઉલટી થાય છે. પહેલાં સફેદ છારી વળે છે, અને પછી તે ભાગ સડવા માંડે છે. ઇલાજ—ક્ષાર, જેવાકે માગનીસીયા, સોડા, પાપડ ખાર ખાવા સરૂ કરવા. પુસ્કળ પાણી પાવું. તેલ પણ પવાય છે. Mineral Poisons ખનીજ વિષ. સોમલ—ઉલટી તથા ઝાડા વાટે નીકળી જાય તેમ કરવું. મીઠું અગર રાઇ નાખીને પાણી પાવું, તેલ પાવું. લાકરફેરીમાં લીકરએમોન્યા મેળવવાથી, હાઇડ્રેટેડ ઓક્ષાઈડ ઓફ આયર્ન અકસીર ઈલાજ છે. તે પાવો. ઘી પાવું. એન્ટીમની-ઉપચાર-સોમલના ઝેર જેવાં ચિન્હ જણાય છે. દુધ, ગુંદનું પાણી, હરડાં, બેડાં આમળાની ભુકી ખવરાવવી. Mercury & its Preparations. પારો તથા તેની બનાવટ. ચિન્હ—મોઢામાંથી લાળ નિકળે છે, શરીર ધ્રુજે છે, ઝાડામાં લોહી પડે. ઇલાજ-ઘઉંનો લોટ, લોઢાનો કાટ, ગુંદનું પાણી, ચોખાનું મોણ, અને મુળા ખવરાવવાથી, પારાનું ઝેર ઉતરેછે. ત્રાંબાનું ઝેર-ઘઉનો લોટ, ગુંદરનું પાણી, છાશ પાવી, ઉલટી કરાવવી. ઘી પાવું. ભીલામાં—ખવરાવવાથી સોજો આવે છે. કોપરેલ તેલ લગાડવું, કોપરેલ તેલ પાવું. તેલ પાવું. છાશ પાવી. નેપાળો તથા થોરના ઝેરમાં ઘી પાવું, તેલ, છાશ પાવી. કાકમારી તથા કણેર—ઉલટી કરાવવી તથા જુલાબ આપવો. ઝેરકોચલુ-ઈલાજ-જુલાબ આપવો, કાંટાળુ માયુ ખવરાવવું, કલોરલહાઇડ્રાસ આપવાથી ઝેરની અસર મટે છે. ધંતુરો તથા અફીણના ઇલાજ—કારબોનેટ ઓફ એમોનીયા આપવું, ઠંડુ પાણી છાંટવું, જુલાબ આપવો, ઝેરકોચલુ ખવરાવવું. લીલો જુવાર—ના મીણામાં, છાશ પાવી, કારબોનેટ ઓફ એમોનીયા અથવા ડુંગળીનો રસ પાવો, જુલાબ આપવો. ભાંગ, ગાંજો, ઇલાજ,-નિસ્સો ચડે છે જુલાબ આપવો, એમોનીયા અગર ડુગળીનો રસ પાવો.

બહેડાંના ચિન્હ—અફીણના ઝેરને મળતાં છે. ચાહ પાવી, જુલાબ આપવો. વછનાગનો ઇલાજ—જુલાબ આપવો. દારૂ પાવો, શરીર દાબવું. તમાકુનો ઈલાજ—ચાહ, દારૂ વીગેરે પાવું. ઝેરકોચલુ ખવરાવવું અફી-

નુનો ઇલાજ—ઉલટી કરાવવી, ખું‍ઢની ભુકી ખવરાવવી, ઠંડુ પાણી છાંટવું. દારૂ, ઇથર, કેલોરોફાર્મ, કલોરલ હાઇડ્રેટના ઝેરમાં ઉલટી કરાવવી, ઠંડું પાણી છાંટવું, ડુંગરીનો રસ પાવો. જશતના ફુલના ઝેરમાં દુધ પાવું, કાંટાળુમાયુ, ખવરાવવું. શીશાના ઝેરમાં વીલાયતી મીઠું પાવું. અળસીના તેલનો જુલાબ આપવો, જમાલગોટાના ઝેરમાં અફીણ આપવું, અળશીનું તેલ પાવું કેલોરોફોર્મના ઝેરમાં ખુલી હવા, ઠંડુ પાણી છાંટવું.

જાનવરની તંદુરસ્તી વખતે લોહીની ગરમી ફેરનાઇટ ઘોડાની ૧૦૦, બળદની ૧૦૧, બકરાની ૧૦૩, કુતરાંની ૧૦૧, બીલાડાની ૧૦૦, સસલાની ૧૦૧, હાથીની ૯૭, ઉંટની ૯૯, લોહીની ગરમી હોય છે. હવા, ખોરાક, ઉમર, મહેનત, જાત, વગેરેથી ફેરફાર એકાદ બે ડીગ્રી સુધીનો રહે છે.

જાનવરની ઉમરનું કોષ્ટક. AGE.

જન્મતી વખતે ઉપર તથા નીચે મળી ૪ આગલા વચલા દુધીયા દાંત, જડબામાં ૧૨ દુધીયા દાઢો, દોઢ મહીને ૪ પડખેના દુધીયા દાંત, ૯ મહીને ૪ ખુણાના દુધીયા દાંત ૧ વરસની ઉમરે જડબાંની ૪ થી પાકી દાઢ. ૧ વરસ ને ૯ મહીને ૫ મી પાકી દાઢ ૨ વરસને ૬ મહીને ૪ આગલા પાકા દાંત ૧–૨ પાકી દાઢ ૩ વરસ ને ૬ મહીને ૪ પડખેના દાંત પાકા, ૩ જી પાકી દાઢ. ૪ વરસ ને ૬ મહીને ૪ ખુણાના દાંત પાકા. ૬ ઠી દાઢ પાકી. ૬ વરસની ઉમરે વચલા દાંતની કાળી નીશાની ઘસાય છે. ૭ વરસે પડખેના દાંતની નીશાની ખવાય છે. ૮ વરસે ખુણાના દાંતની કાળી નીશાની ખવાય છે. આઠ વરસ પછી દાકતર અગર અનુભવી માણસ ઉમર આંકી શકે છે. બળદ—જન્મતી વખતે ૪ આગલા દાંત દુધીયા ૧–૨–૩ દાઢ દુધીયા. ૧ વરસ ૩ મહીને ૪ થી ૫ મી દાઢ પાકી આવે છે. ૧ વરસ ને ૯ મહીને ૨ વચલા દાંત પાકા. ૨ વરસ ને ૩ મહીને ૨ પડખેનાં દાંત પાકા, ૬ ઠી દાઢ પાકી, ૧–૨ દાઢ પાકી. ૨ વરસ ને ૯ મહીને પડખેના દાંત પાકા, ૩ જી દાઢ પાકી, ૩ વરસ ને ૩ મહીને ખુણાના દાંત પાકા. હાથીની સરાસરી ઉમર ૨૦૦ વરસની, ઉંટની ઉમર ૬૦ વરસની ઘોડાની ઉંમર ૩૦ વરસ, કુતરાની ઉમર ૧૫ વરસ, ગાયની ઉંમર ૩૦ વરસ, ઘેટાંની ઉંમર ૧૦ વરસની હોય છે.

FOOD & FODDER RESERVE.

Indian corns are largely exported and since ten years the prices have been abonormally increased. It is the main question to decide what food is most suitable to destitutes & depressed cattle in Famine times. Jooware, Bajree, Maize & other grains are suitable to the poor people than rice. Rangoon rice does not suit the depressed people in Famine.

The question of expense is a matter of great consideration in maintaing the Relief works & Cattle Camps. Cultivators & cattle generally depend upon the grain crops, they sow seeds in monsoon and on failure of the crops, they become helpless. The condition of Indiau Cultivators is meagre & they are generally helpless to meet up all the necessities of daily life & they find it difficult to maintain themselves or their cattle in Famine times. Indian cultivators still prefer joint family system & inspite of every inconvenience they maintain their family members. It is reasonable to maintain joiut family because they are helping hands in field work in good season. Labour & wages become dearer & the labourers prefer to go abroad for securing better wages. Labour is quite cheap in India in proportion to foreign countries. Famine wages are too meagre in proportion to daily labour wages, & so the labourer in famine time becomes helpless & loses his strength & flesh and at the end his health becomes most pitiable. It is to be fully considered to fix such a scale of wages that the labourer may maintain himself with ease & comfort. In famine cattle are neglected & no

grains or cotton seeds are given as food. Grass alone is not sufficient to maintain the health of cattle. Plough cattle are liberally fed by cultivators in good season & even in the scarcity. Cattle may be liberally treated as they are to be utilised in fieldwork just after famine. No doubt daily ration may be proportionately reduced when no work is exacted, but grass alone is quite insufficient. Salt is very useful to men & animals. Green Vegetables & grass are essential to maintain the weak ones. Pure milk is badly wanted for sick children. Cotton & woolen clothes are required to protect them from the severe cold. Men & animals having been domesticated they are in need of protection. The western rulers manage most things to their ideals. Condensed milk was greatly utilised in the year 1900. It has been found necessary to keep in stock grass for plough cattle & many proposals have been brought forward. Indian system of storing grass is not expensive but the same grass can not be preserved for many years. Ensilage is more expensive & it can only be successful if properly carried out by Government experts. Grains are well preserved in India by merchants for a year or so, but requires proper packing, if kept for a longer period than a year grains get spoiled. Indians generally use the following articles to preserve grains for a year or more under good season. I. Castor oil for wheat. II. Cow dung ash & mercury for Bajri & Jowari. III. Nimb tree leaves for Rice. IV. Chillies & ash for gram & other leguminous grains. All these corns should be properly cleaned & well packed up in dry cells. Gir & Songad jungles were found useful in Famine of 1911.

"The quality of mercy is not strained;
It droppeth as the gentle rain from heaven
Upon the place beneath; it twice blest,
It blesseth that gives, and him that takes."

Dr. H. A. Shah of Rajkot has recently published a book on Famine, Fodder and other cognate Subjects. It is a most useful work and is written from his personal experience and observation. As famines occur and recur a book of this character, which is also full of details, will be found of great assistance to those engaged in the actual work of famine relief, be it official or voluntary and also to benevolent gentlemen sympathising with our common human sufferings and distress arising from famine. As such it will surely appeal to a large circle of Indians in the Presidencies and therefore deserves generous support.

Hornby Road. Sd. D. E. Wacha,

Bombay 25th February 1914.

No. 3342 of 1912. Revenue Department.

Bombay Castle, 4rth April 1912.

In reply to his letter dated 17th February 1912, Mr. H. A. Shah, Veterinary Practitioner Bombay, is referred to the director of Agriculture, to whom the instructions of Government on the subject thereof have been communicated. Sd.

Under Secretry to Government.

Below Mr. H. A. Shah's appliication dated 8th November 1913, addressed to the Director of Agriculture, Poona.

No. 2274 of 1913.

Camp Thasra, 12th November 1913.

Forwaded with compliments to the Director of Agriculture as requested by Mr. Shah.

2. I have already expressed my opinion on Mr. Shah's book and it is published therein. I think the book will prove useful to cultivators.

Sd. P. R. Mehta.
Superintendent, Land records and
Registration, Northern Division.

OPINION.

Your book is the first of its kind written in Gujarati. It treats of the diseases of domesticated animals in language intelligible to all. It should

prove of use in the hands of intelligent cultivators and cattle owners.

Ahmedabad, (Sd.) P. R. Mehta,

29—9—04. M. R. A. C.

Deputy Director of Agriculture.

AHMEDABAD, 18-8-1902.

I have known Mr. H. A. Shah who is now practising as a veterinary graduate in Ahmedabad for nearly three years.

I first made his acquaintance in the Ist Great Famine in Gujarat in 1899-1900 When he did useful work as an officer in charge of famine cattle camps.

He has since then been of much service to me both officially and unofficially and I can confidently recommend him to my successors, a useful practical man who could turn his hand to most things in the veterinary line.

Should any need arise for the employment by Government of a man with his qualifications I think that he would justify his selection.

Sd. Frederick Pratt I. C. S.
Collector of of Ahmedabad.

No. 4947 of 1911.
RAJKOT: 22nd August 1911.

MEMO

In reply to his letter dated the 10th instant

Mr. H. A Shah is informed that copy of his letter has been forwarded to the Political Agents of Districts and the Agency Engineer Kathiawar, and shown to the statees.

Sd. Agent to the Governor, Kathiawar.

GOVERNMENT HOUSE.

NAGPUR. 4-11-1904

Dear Dr. Shah,

Your book seems to me unpretending and useful and I thank you for the compliment you propose to pay me.

Yours truly,
F. S. P. Lely
Chief Commissioner C. P.

THE TIMES OF INDIA.

BOMBAY, 24 Jany 1905.

The following review appeared in the " Timis of India " of this day's issue.

A valuable little work on the veterinary treatment of domestic animals has been written and published by Mr. H. A. Shah, Veterinary Surgeon of Ahmedabad.

It is printed in Gujarati and is the first book in this language to be written by a graduate of the Bombay Veterinary College. The volume deals with

the many diseases which all kinds of animals, particularly in India, are heir to, and specially treats of Foot and Mouth disease and Rinderpest. There are illustrative cases, with diagnoses and systems of treatment, and a comprehensive list of Indian and English drugs is also given. The book is dedicated to the Hon'ble F. S. P. Lely. Chief commissioner of the C. P.

AHMEDABAD:—Shahibagh,
No. 3560 of 1911.
8th Sepember 1911.

Memorandum:

In reply to his letter dated the 3rd August 1911 Mr. H. A. Shah of Bombay is informed that his letter with the book has been circulated to the Collectors of Gujarat with an intimation that they have authority to buy the book for their Mamlatdars and Aval Karkuns if they think fit.

Sd. J. Sladen,
Commissioner N. D.

Private Secretary to the Governor of Bombay.
Camp Ahmedabad,
7th February 1912.

Dear Sir,

I am desired by His Excellency the Governor to thank you for your book entitled "Pashu Vaidak Shastra" which you sent with your letter of the 5th instant. His excellency thinks that knowledge of this

kind is much needed in India and hopes that it will be widely read.

Yours truly,
Sd. C. C. Watson.

AHMEDABAD. *29th July 1900.*

Dr. Harakhchand Amulakh Shah having ceased to hold the office of itinerating Veterinary officer in virtue of which he used to attend the Panjrapole institution. We feel bound to place on record our appreciation of the most valuable services, rendered by him to this institution, especially in this famine time. The number of cattle which in ordinary time used to be 1500 had risen to 9000 nine thousand.

Dr. Shah introduced system aud order which has rendered the working easy and effective. The seperation of milch cattle and of Bullocks, and other animals according to class and size, the establishment of sick wards, the arrangement of feeding stalls, the systemetic administration of food of differnt sorts to animals according to condition and at prescribed times, and the judicious treatment of sick which has saved so many lives are matters for which the institution is indebted to Dr. Shah's untiring energy and advice.

The outbreaks of Rinderpest aud Foot and Mouth disease were successfully checked and controlled by him and were entirely stamped out in a wondorfully short space of time.

He was most useful in sorting out cattle for deportation to grazing grounds and the present satisfactory condition of the institution may safely be attributed to his skilful arrangements and valuable advice.

Copy forwarded with compliments to the Collector of Ahmedabad for favour of delivery to Dr. Shah.

Sd. જમનાભાઇ ભગુભાઇ　　Sd. ચમનભાઇ નગીનદાસ

Sd. વાડીલાલ લલ્લુભાઇ

No. F. 4985 of 1900.　　AHMEDABAD,

12th August 1900.

Memorendum,

The collector of Ahmedabad has the honour to forward herewith the certificate in original given by Messrs Jamnabhai Bhagubhai, Chimanlal Nagindas and others to Mr. H. A. Shah.

Sd. M. C. Gibb I. C. S.
Collector.

To,　　Mr. Harakhchand A. Shah　Ahmedabad.

No. 10220 of 1911.

Palanpur, 11th November 1911.

MEMO:

With reference to his letter dated 15th August 1911 Mr. Harakhchand Amulakh Shah is requested to supply four copies of the book called Pashu Vaidak-Shastra to the Huzur Deputy Assistant Political Agent, Palanpur direct by V. P. P.

Lt. Colonel,
Sd. Political Agent, Palanpur.

The Maharaja Gaekwar's Secretary's Office No. 749
Baroda, 27-2-1912.

Dear Sir,

I am directed to acknowledge receipt of your letter of the 22nd instant and of your book entitled 'PashuVaidakShashtra;' and to thank you for the same. The letter with the book in qnestiou is being brought to the notice of the Minister of Education and the Director of agriculture here, to whom you may apply direct in the matter of obtaining the State patronage to the same.

His Highness hopee that the book may prove to be a useful publicaton on the subject.

Yours faithfully
Baldevji Dhru
Asst. Secretary.

Two hundred books were purchased by the public of Bombay for distributing in the famine destricts in 1912 and is found very useful.

Over Six hundred books were utilised by the officers of the Government of Bombay. Baroda State, and other Natives States of the presidency in 1912.

The undersigned hopes that the second Edition which is in the press will be widely circulated in the Indian Empire as it is the first of its kind published in English and Vernaicular languages.

Camp Rajkot
C/o Post Master
5-3-1914.

H. A. Shah,
Late Lecturer Agricultural
College Nagpur.